श्रीमद् वेदव्यास प्रणीत महाभारतनुं

विराटपर्व.

સ્વ૦ રા. રા. મણિશંકર મહાનંદ, એમણે

રા. રા. ભાઈશંકર નાનાભાઈ સોલીસીટરની

સાહાય્યથી પ્રસિદ્ધ કરેલું ભાષાન્તર.

छपावी प्रसिद्ध कर्ता

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની—મુંબઈ.

આખું પુરું રૂ. ૨—૮—૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजरातनी कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૦૩૮૪ वर्गांक

पुस्तकनुं नाम વિરાટપર્વ

विषय ૭૬૪:૬

ॐ

श्रीमद् वेदव्यास प्रणीत महाभारतनुं

विराटपर्व.

स्व० रा. रा. मणिशंकर महानंद, एमणे

रा. रा. भाईशंकर नानाभाई सोलीसीटरनी

साहाय्यथी प्रसिद्ध करेलुं भाषान्तर.

छपावी प्रसिद्ध कर्त्ता

एन. एम. त्रिपाठीनी कंपनी तरफथी,

नरहरिराम माधवराम त्रिपाठी.

ठक: कालबादेवी रोड, प्रिंसेस स्ट्रीट—मुंबाई.

वि. सं. १९७८ ई. स. १९२२

आवृत्ति ४ थी. प्रत. १०००.

कींमत रु. २—०—०

આ પુસ્તક સંબંધી સર્વ હક પ્રસિદ્ધ કર્તા એન. એમ. ત્રિપાઠી, એન્ડ કંપનીએ સ્વાધીન રાખ્યા છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૧૦૩૯૪

અમદાવાદ—શહાપુર વનમાળી વાંકાની પોળમાં પટેલ હરીભાઇ દલપતરામે પોતાના 'ગ્રન્થોદય' પ્રિ. પ્રેસમાં છાપ્યું.

અનુક્રમણિકા.

श्रीमन्महाभारत

विराटपर्व.

અધ્યાય ૧ લો. યુધિષ્ઠિરનું કંક રૂપે થવું.

जनमेजय उवाच—कथं विराटनगरे मम पूर्वपितामहाः
अज्ञातवासमुषिताः दुर्योधनभयार्दिताः ॥

જનમેજય પૂછ્યું કે—દુર્યોધનના ભયથી પીડાયલા મારા પૂર્વ પિતામહ પાંડવો વિરાટ નગરમાં કેમ છુપા રહ્યા તે કહો? અને દુઃખિત, શ્રીકૃષ્ણના કીર્તનમાં તત્પર તથા મ્હોટા ભાગ્યવાળાં પતિવ્રતા દ્રૌપદીએ પણ ત્યાં છુપો વાસ કેવી રીતે કર્યો તે પણ કહો? વૈશંપાયન કહે છે—હે નરાધિપ! તારા પૂર્વ પિતામહ પાંડવો ત્યાં કેવી રીતે છુપા રહ્યા, તે હું કહું તે સાંભળ. ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ, ઉદાર ચિત્તવાળા અને ધર્મના પુત્ર યુધિષ્ઠિર રાજાએ છુપા રહેવાનું વરદાન પામી, બનેલું વૃત્તાંત બ્રાહ્મણો પાસે કહીને, તે બ્રાહ્મણોને અગ્નિહોત્રનાં પાત્ર પાછાં આપ્યાં. પછી તેમણે પોતાના સર્વ ભાઈઓને એકઠા કરીને કહ્યું કે, આ બાર વર્ષ આપણે વનમાં રહ્યા પણ હવે તેરમું વર્ષ પરમ કષ્ટરૂપ છુપા વાસનું આવ્યું છે, તેમાં એવી રીતે રહેવું જોઈએ કે કોઈપણ આપણને ઓળખી શકે નહીં, માટે એવી કયી જગોએ તમને રહેવું રૂચે છે તે કહો. એવું યુધિષ્ઠિરે કહ્યું તે સાંભળી અર્જુન બોલ્યો કે—હે મનુષ્યના રાજા! ધર્મરાજના વરદાનથી નિશ્ચય આપણને કોઈ ઓળખી નહીં શકે, તોપણ ઘણા અન્નવાળા, છુપા અને રમણીય એવા કુરૂપાંચાલ, ચેદી, મત્સ્ય, શૂરસેન, પટચ્ચર, દશાર્ણ નવરાષ્ટ્ર, મલ્લ, શાલ્વ, યુગંધર, કુંતીરાષ્ટ્ર, સુરાષ્ટ્ર, અને અવંતિ એટલા દેશો છે, તેમાંથી જે દેશ આપને રૂચતો હોય તે કહો, કે ત્યાં જઈ આપણે છુપાઈ રહીએ. તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે હે મહાબાહો! ધર્મરાજાએ મને કહ્યું છે તે વૃથા થવાનું નથી. તેથી અવશ્ય આપણે વિરાટના શહેરમાં છુપાઈ રહેવું, તે રાજા બળવાન, ધર્મશીલ, ઉદાર તથા આપણે વિષે પ્રીતિમાન્ છે. તેનાં આપણે કેવી રીતનાં કામ કરવાં તે મને કહો. તે સાંભળી અર્જુને કહ્યું કે હે મનુષ્યના રાજા! દુઃખને લાયક નહીં એવા, કોમળ હૃદયવાળા, લજ્જાવાન, ધર્મિષ્ઠ અને સાચા પરાક્રમવાળા તમે, ત્યાં રાજાનું શું કામ કરશો તે કહો. તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હે ભાઈયો! ત્યાં વિરાટના નગરમાં જે કામ હું કરીશ તે કહું છું સાંભળો. પાસાના તત્વને જાણનાર તથા ક્રીડા જેને પ્રિય છે એવો હું, કંક નામનો બ્રાહ્મણ થઈને તે મહાત્મા રાજાનો સભાસદ થઈશ: અને અનેક રંગની જેમાં સોગઠી છે એવી પાસાની રમતથી બંધુ તથા કારભારી સહિત તે રાજાને પ્રસન્ન રાખીશ, પણ કોઈ મને ઓળખી શકશે નહીં. કદી તે રાજા મને પૂછશે તો તેને હું કહીશ

કે, પૂર્વે યુધિષ્ઠિર રાજા પાસે હું રહેતો હતો, ને તેનો પ્રાણપ્રિય મિત્ર હતો. હે ભાઇયો ! જેવી રીતે હું ત્યાં વર્તીશ તેવી રીતે આ મેં તમને કહ્યું. હવે હે ભીમસેન ! તું ત્યાં કેવી રીતે રહીશ તે કહે ?

इत्येतद्वो मयाख्यातं विहरिष्याम्यहं यथा
वृकोदर विराटे त्वं रंस्यसे केन हेतुना ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पाण्डवप्रवेशपर्वणि युधिष्ठिरादिमंत्रणे गुर्जरभाषायां प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો. ભીમ ને અર્જુનના છુપાવેષ.

भीमसेन उवाच—पौरोगवो ब्रुवाणोऽहं बल्लवो नाम भारत
उपस्थास्यामि राजानं विराटमिति मे मतिः ॥

ભીમસેન કહે છે—હે ભારત ! બલ્લવ નામે હું રસોઇ કરનારમાં શ્રેષ્ઠ છું, એમ કહીને વિરાટ રાજા પાસે જઇશ એવી મારી મતિ છે, કારણ પાક ક્રિયામાં હું કુશળ છું, તેથી એ રાજાને દાળ આદિ પદાર્થો અતિ ઉત્તમ કરી આપીશ ચટણી, શાક વિગેરે પદાર્થો, જે તેના રસોઇ કરનારાએ પ્રથમ કરી રાખેલા હશે, તેથી પણ ઉત્તમ તેજ પદાર્થો બનાવીને હું રાજાને પ્રસન્ન કરીશ. વળી પાકસ્થાનમાં રસોઇ વાસ્તે કાષ્ટના મ્હોટા ભારા એકદમ ઉપાડી લાવીશ, જે જોઇને રાજા મને સારી રીતે રાખશે. હું તેના બીજા રસોઇ કરનારાઓમાં મુખ્ય કહેવાઇશ વળી બળવાન હસ્તિઓ તથા મહા બળવાન બળદોને પણ તેના કહ્યાથી વશ કરીશ. તેમ કોઇ યુદ્ધ કરનારા યોદ્ધાઓ સામે આવશે, તેમની સાથે યુદ્ધ કરીને પણ રાજાને પ્રસન્ન કરીશ. યુદ્ધ કરનારને પાડી નાંખીશ, પણ મરણ નહીં પમાડું. એવી રીતે અમાનુષ કર્મ કરીશ, તેથી રાજાના બીજા ચાકરો જેવી રીતે રાજાને માને તેવી રીતે મને પણ માનશે. કદી રાજા પૂછશે તો કહીશ કે, યુધિષ્ઠિર રાજાને ત્યાં હું રસોઇ કરવી, હાથી સાથે રમવું, બળદને વશ કરવા તથા યુદ્ધ કરવું, એ કામ કરતો હતો તેથી સૌ જાણું છું. એવી રીતે કહી મારા આત્માને છુપો રાખીને વિરાટના શહેરમાં હું રહીશ. હે રાજન ! જે તમોએ પૂછ્યું હતું તે મેં તમને કહ્યું. પછી યુધિષ્ઠિરે કહ્યું કે, પૂર્વે જ્યારે ખાંડવ વન બાળવાની ઇચ્છાથી અગ્નિ પણ, બ્રાહ્મણના રૂપે શ્રીકૃષ્ણ સહિત અર્જુનની પાસે આવી ઉભો રહ્યો, ત્યારે એક રથે કરી જેણે ઇંદ્રને જીતી ખાંડવ વન બાળી, સર્પ તથા રાક્ષસોને મારી અગ્નિને તૃપ્ત કર્યો અને સર્પના રાજા વાસુકીની બહેન ઉલૂપી જેણે પોતાના સૌંદર્યથી હરણ કરી, તે યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ મહા બળવાન અર્જુન શું કરશે ? પાંચ વર્ષ સ્વર્ગમાં ઇંદ્રના ઘરમાં રહીને, જેણે અસ્ત્રયોગ સંપાદન કર્યો, દિવ્ય અસ્ત્રો મેળવ્યાં, જેના સરખા તથા લાંબા હાથમાં ધનુષ્યની પ્રત્યંચાના આંટણ પડેલા છે, અને જેને હું બારમો રૂદ્ર, તેરમો સૂર્ય, નવમો વસુ તથા દશમો ગ્રહ માનું છું, તે અર્જુન ત્યાં શું કરશે ? તપનારાઓમાં જેમ સૂર્ય, બે પગવાળાઓમાં બ્રાહ્મણ, સર્પોમાં આશીવિષ, તેજવાળાઓમાં અગ્નિ, આયુધોમાં વજ્ર, બળદોમાં કાંધવાળો બળદ, નદ માત્રમાં સમુદ્ર, વરસાવનારાઓમાં મેઘ, નાગ માત્રમાં ધૃતરાષ્ટ્ર, હસ્તિઓમાં ઐરાવત, પ્રિય

વસ્તુમાં પુત્ર, અધિક હિતેચ્છુમાં સ્ત્રી, પર્વતોમાં હિમાલય, દેવતાઓમાં ઇંદ્ર, વસુમાં અગ્નિ મૃગ માત્રમાં સિંહ અને પક્ષિ માત્રમાં જેમ ગરૂડ શ્રેષ્ઠ છે તેમ યુદ્ધ કરનારાઓમાં તથા ધનુષ ધારણ કરનારાઓમાં સર્વથી શ્રેષ્ઠ ગાંડિવ ધનુષવાળા અને ઇન્દ્ર સરખા પરાક્રમવાળા આ અર્જુન ત્યાં શું કરશે ? અર્જુને કહ્યું કે હે પૃથ્વીના રાજન ! હું પાવૈયો છું, એમ ત્યાં કહીશ અને મારા હાથમાં જે ધનુષની પ્રત્યંચાનાં આંટણ છે તે કંકણ પહેરીશ એટલે દેખાશે નહીં. અને કાનમાં અગ્નિ સરખાં તેજવાળાં કુંડળ પહેરીશ, કેશની વેણી ગૂંથીશ તથા બૃહન્નલા નામે પ્રસિદ્ધ થઇશ. સ્ત્રી ભાવે કરીને પૂર્વ રાજાઓનાં ચરિત્રો ગાઇશ. એવી રીતથી રાજા તથા અંતઃપુરના મનુષ્યોને પણ પ્રસન્ન કરીશ, અને વિચિત્ર પ્રકારનાં નૃત્ય કરી ગીત ગાઇ તથા વિવધ પ્રકારનાં વાદ્ય વગાડી વિરાટના શહેરની સ્ત્રીઓને શિખવીશ, અને પ્રજાનાં સારા કર્મનાં ઘણાંક વખાણ કરીશ. હે જ્યેષ્ઠ બંધુ ! એવી રીતે હું મારા આત્માને છુપો રાખીશ. કદાચ રાજા પૂછશે તો કહીશ કે, યુધિષ્ઠિર રાજાને ત્યાં દ્રૌપદીની દાસી થઇને હું રહી હતી. હે રાજન ! એ વિધિથી, ઢાંકેલા અગ્નિની પેઠે હું સુખે કરીને વિરાટના ગૃહમાં રહીશ.

एतेन विधिना छन्नः कृतकेन यथानलः
विहरिष्यामि राजेंद्र विराटभवने सुखं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि युधिष्ठिरादि मंत्रणे गुर्जरभाषायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો. નકુલ સહદેવ ને દ્રૌપદીના છુપાવેષ.

वैशंपायन उवाच--इत्येवमुक्त्वा पुरुषप्रवीरस्तथार्जुनो धर्मभृतां वरिष्ठः
वाक्यं तथासौ विरराम भूयोनृपापरभ्रातरमाबभाषे ॥

વૈશંપાયન કહે છે—હે ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ ! પુરૂષોમાં અત્યંત શૂરવીર અર્જુન એવી રીતે કહી બોલતો બંધ રહ્યો ત્યાર પછી યુધિષ્ઠિરે બીજા ભાઇને કહ્યું કે હે નકુળ ! સુંદર અંગવાળો, શૂર તથા સુખને લાયક એવો તું તે રાજાના રાજ્યમાં કેવી રીતે વર્તિશ તે કહે ! નકુળે કહ્યું કે, વિરાટ રાજાનો ગ્રંથિક નામે હું ચાબુકસ્વાર થઇશ, અને તેના ઘોડાઓની રક્ષા, ઘોડાઓને ચાલ્ શિખવવી, તથા તેમનું ઔષધ કરવું, એ કામ સારી રીતે કરીશ, કારણ તે કર્મ મને ઘણું પ્રિય છે, તેમ તેમાં હું કુશળ પણ છું હે કુરૂકુળના રાજા ! ઘોડા જેવા આપને પ્રિય છે તેવાજ મને પણ પ્રિય છે. શહેરના કોઇ માણસ મને પૂછશે તો કહીશ કે, પૂર્વે પાંડવોએ ઘોડાની ચાકરી ઉપર મને રાખ્યો હતો, તેથી તે વિદ્યા હું જાણું છું. હે રાજન ! વિરાટના શહેરમાં એવી રીતે હું છુપો રહીશ. પછી યુધિષ્ઠિરે બીજા ભાઇને પૂછ્યું કે હે સહદેવ ! તું છુપો કેવી રીતે વર્તિશ ? તે સાંભળી સહદેવે કહ્યું કે, ગાયોને પાળવામાં હું કુશળ છું, તેથી તંતિપાળ નામે હું વિરાટ રાજાનો ગોવાળ થઇને ગાયો દોહીશ; અને પૂર્વે આપે ગાયોમાં મને રાખ્યો તો તેથી તે કામમાં મારી કુશળતા આપ પણ જાણો છો. વળી મંગળરૂપ ગાયોનાં લક્ષણ પણ હું જાણું છું. ઉત્તમ લક્ષણવાળા બળદોને પણ

જાણું છું, જેનું મૂત્ર સુંઘેથી વંધ્યાને પણ પ્રસવ થાય. એ કામ મને હમેશ પ્રિય છે તેથી એવી રીતે ત્યાં છુપાઇ રહીને રાજાને ખુશી કરીશ. તે સાંભળી ફરીથી યુધિષ્ઠિરે કહ્યું કે, ગાયની પેઠે પાળવા લાયક, પાર્વતીની પેઠે પૂજવા લાયક તથા જે બીજી સ્ત્રિઆની પેઠે કંઇપણ કામ કરવું જાણતી નથી એવી સુકુમાર અંગવાળી, બાળક, રાજાની કન્યા, નિર્મળ યશવાળી, પતિવ્રતા, મોટા ભાગ્યવાળી, ઉત્પન્ન થઇ ત્યારથીજ માલ્યગધાદિ તથા વિવિધ પ્રકારનાં વસ્ત્રોના ભોગનેજ જે જાણે છે તથા ક્લેશ જેણે જોયો નથી એવી પ્રાણથી પણ અધિક પ્રિય આપણી આ સ્ત્રી દ્રોપદી ત્યાં શું કર્મ કરશે ? તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે હે ભારત ! હું તે રાજાના અંતઃપુરની સૈરંધ્રિ નામે દાસી થઇને, તેની ઉત્તમ યશવાળી સુદેષ્ણા સ્ત્રીના કેશ સમા કરવા, ઇત્યાદિ કામ કરીશ. તેથી તે સ્ત્રી મારી રક્ષા કરશે એવી રીતે મારા આત્માને છુપો રાખીને હું રહીશ, રાજા પૂછશે તો કહીશ કે યુધિષ્ઠિર રાજાને ઘેર હું દ્રૌપદીની દાસી હતી; માટે એ ચિંતાથી આપે દુઃખિત થવું નહીં યુધિષ્ઠિરે કહ્યું કે હે ભામિનિ, તું સત્કુળમાં ઉત્પન્ન થયેલી તથા રૂડા વ્રતવાળી સતી છે તેથી કલ્યાણરૂપ ઉત્તમ વચન બોલે છે. પાપને તો તું જાણતી પણ નથી તોપણ હે કલ્યાણિ ! દુષ્ટ હૃદયવાળા પાપીઓ તને ઓળખી ન શકે ને દુઃખ ન દે તેવી રીતે તું સાવધાન થઇને રહેજે.

यथा न दुर्हृदः पापा भवंति सुखिनः पुनः
कुर्यास्तत्त्वं हि कल्याणि लक्षयेयु ने ते तथा ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि युधिष्ठिरादि मंत्रणे गुर्जरभाषायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો. રાજા પાસે કેમ રહેવું.

युधिष्ठिर उवाच—कर्माण्युक्तानि युष्माभि र्यानि यानि करिष्यथ
मम चापि यथाबुद्धि रुचिता विधिनिश्चयात् ॥

યુધિષ્ઠિર કહે છે—હે ભાઇઓ ! તમે જે જે કામ ત્યાં કરવાનાં કહ્યાં તે દૈવની ઇચ્છાથી મને પણ ઠીક લાગે છે. રસોઇ કરનારાઓ તથા રસોઇના અધ્યક્ષો સહિત આ આપણા ગોર ધૌમ્ય, દ્રુપદ રાજાને ઘેર જઇ અગ્નિહોત્રનાં પાત્ર સાચવે, ને આ ઇંદ્રસેનાદિક કેવળ રથોને લઇને જલદીથી દ્વારકાં પ્રત્યે જાય. આ દ્રૌપદી પાસે રહેનારી સ્ત્રીઓ તથા સર્વ દાસિયો રસોઇ કરનારાઓ સહિત પંચાલદેશ પ્રત્યે જાઓ. પણ ત્યાં જઇને તેમણે એવી રીતે કહેવું કે, “ અમોને મૂકીને પાંડવો દ્વૈતવનમાંથી નાશી ગયા, અને તેઓ ક્યાં ગયા તે જાણવામાં પણ નથી આવતું.” વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે પાંડવોએ પરસ્પર વિચાર કરી પોતાના ગુરૂ ધૌમ્યની આજ્ઞા માગી ત્યારે ધૌમ્યે તેઓને કહ્યું કે હે ભારત ! બ્રાહ્મણોની સેવા તથા અગ્નિમાં હોમ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે તમે કરો છો, સંબંધિયો ઉપર સ્નેહ રાખો છો, યુદ્ધ તથા જય કેવી રીતે કરવો તે તમારા જાણવામાં છે અને લોકનું વૃત્તાંત કેવી રીતે છે તે પણ તમે જાણો છો, તો પણ કંઇક સ્નેહથી હું તમને આ કહું છું તમારે તથા અર્જુને દ્રૌપદીની રક્ષા કરવી. સ્નેહિયોએ સ્નેહથી પોતાના સ્નેહિ વિદ્વાન્ હોય તોપણ તેને સારી શિક્ષા આપવી, જેથી તેના ધર્મ, અર્થ, અને કામ, એ ત્રણ

પુરૂષાર્થ સિદ્ધ થાય છે માટે હું પણ, હે રાજપુત્રો! રાજાઓ પાસે કેવી રીતે રહેવું તે તમોને કહું છું. એ રીતે વર્તવાથી રાજા પ્રસન્ન રહેશે, અને તમે માનથી અથવા અપમાનથી એક વર્ષ ત્યાં અજ્ઞાત વાસ કરી ચૌદમા વર્ષમાં સુખ પામશો. હવે ત્યાં રહેવાનો વિધિ કહું તે સાંભળો. હે પાંડવો! રાજાઓને પોતાનો પણ વિશ્વાસ હોય નહીં, તેથી "હું રાજાનો માનીતો છું" એમ જાણી કોઇપણ વખતે દ્વારપાળ પાસે પૂછાવ્યા વગર તેની પાસે જવું નહીં. કોઇ બીજા માણસને બેસવાનું આસન હોય તેપર પોતે બેસવું નહીં, કારણ તેની સાથે વૈર થાય. પારકાં વાહન શય્યા, હસ્તિ તથા રથ, એઓની ઉપર પણ "હું રાજાનો માનીતો છું" એમ જાણી બેસવું નહીં. વળી જે જે ઠેકાણે રાજાનાં દ્યૂતાદિક સ્થાનોમાં દુષ્ટ ચાકરો ફરતા હોય, તે તે સ્થાનકે જવું નહીં. એમ જે વર્તે તે રાજા પાસે રહી શકે, અને તેના પૂછ્યા વગર ક્યારે પણ "તમે આ રીતે કરો" એવું કંઇ બોલે નહીં. વળી રાજા કંઇ પરાક્રમ કરે તે વખતે જે તેની પ્રશંસા કરે તે તેની પાસે રહી શકે. વળી રાજાની સેવા કરનારે અસત્ય પણ બોલવું નહીં, કારણ જુઠું બોલનાર પોતાના મંત્રીઓનો પણ રાજાઓ તિરસ્કાર કરે છે. તેમ રાજાની સેવા કરનારાએ ક્યારે પણ તેની સ્ત્રીઓ સાથે મિત્રાઇ કરવી નહિ, તેમજ તેના અંતઃપુરના મનુષ્યો સાથે, તેને જેની ઉપર દ્વેષ હોય તેની સાથે અને તેના જે શત્રુ હોય તેની સાથે પણ મિત્રાઇ કરવી નહીં. વળી રાજાની સમક્ષ કોઇ વખતે હલકું કામ હોય તોપણ કરવું, જેથી રાજા પ્રસન્ન થાય છે, તેમાં કામ કરનારની ક્ષતિ થતી નથી. વળી હમેશ જે રાજા પાસે સારે સ્થાનકે બેસતો હોય, તોપણ જે વખતે તે રાજા પાસે જઇને ઉભો રહે, તે વખતે જ્યાં સુધી રાજાએ બોલાવ્યો ન હોય, તથા સ્થાનકે બેસવાની આજ્ઞા ન આપી હોય ત્યાં સુધી પોતાના આસનને જાણે દેખતો જ ન હોય તેવી રીતે તેણે ઉભા રહેવું, કારણ તેની આજ્ઞા વિના બેસવાની મર્યાદા નથી. મર્યાદા ઉલ્લંઘન કરનાર પોતાનો પુત્ર હોય ભાણેજ હોય અથવા ભાઇ હોય, તો તેનો પણ રાજા સત્કાર નથી કરતો. માટે અગ્નિ તથા દેવની પેઠે યત્નથી રાજાની સેવા કરવી, સત્યતાથી વર્તવું અને જે તે આજ્ઞા કરે તેને અનુસરવું, સાવધાન રહેવું, અને શૌર્યાદિકનો ગર્વ તથા ક્રોધ રાખવો નહીં. જે વખતે "આ કામ કરવા લાયક છે કે નહીં" એમ રાજા પૂછે તે વખતે તેને સમય વરતી જવાબ દેવો, તેમાં જે તેને પ્રિય લાગે તથા તેનું હિત પણ થતું હોય તે કહેવું, અને કોઇ વખત તેને અપ્રિય લાગે પણ તેમાં તેનું હિત હોય તે કહેવું. વળી અર્થનાં સાધનોમાં હમેશ તેને અનુકૂળ રહેવું, કોઇ વખતે પણ પ્રતિકૂળ રહેવું નહીં. "હું એનો પ્રિય છું" એમ જાણી ગાફલ રહેવું નહિ. સદા સાવધાનપણાથી તેની સેવા કરવી અને તેનું પ્રિય તથા હિત કર્યા કરવું. રાજાને અપ્રિય વસ્તુ હોય તેનું સેવન કરવું નહીં, તેના શત્રુ સાથે બોલવું નહીં, તથા તેના આપેલા આસનપરથી ખસવું નહીં. પંડિત પુરૂષે તેની ડાબી વા જમણી બાજુએ બેશી નાના પ્રકારની કથાઓ કહી તેનું મન રંજન કરવું અને શસ્ત્ર ધારણ કરનાર અથવા રક્ષકોએ તેની પાછળ બેસવું. પંડિત વા શૂર પુરૂષે રાજા સામે મોટા આસન ઉપર બેસવું નહીં. રાજાની સમક્ષ પગાર વહેંચાતો હોય, તો બોલાવ્યા વગર જઇને, "મારો પગાર લાવો" એમ કહેવું નહીં કારણ સાધારણ મનુષ્યને પણ એમ કરવું પ્રિય લાગે નહિ ત્યારે રાજાઓને તો કેમજ લાગે! રાજાએ ઘરમાં કંઇ અસત્ય ભાષણ કરેલું હોય, તે બહાર સેવકોએ પ્રકાશ કરવું નહીં,

કારણ તે સાંભળી બીજા રાજાઓ તે રાજાની નિંદા કરે છે. "હું શૂર તથા વિદ્વાન્ છું" એમ જાણી પોતે મદોન્મત્ત થવું નહીં ને નમ્રતાથી હંમેશ રાજાનું પ્રિય કરવું, જેથી રાજા પ્રસન્ન થઈ તેને સારી રીતે પોતાની પાસે રાખે. રાજાથી ઘણું ઐશ્વર્ય પામી તથા પ્રિય વસ્તુ પામીને પણ નિરંતર તેના પ્રિય તથા હિતમાં સાવધાન રહેવું, કારણ તેનો કોપ મહા બાધ કરનાર અને તેનો પ્રસાદ મહા ફળરૂપ છે માટે તેથી સુખ પામી તેના પ્રિય તથા હિતમાં કોણ સાવધાન ન રહે ! રાજા પાસે બેસી ઓઠ દબાવવા નહીં, હાથ પછાડવા નહીં, ગોઠણ જોડવા નહીં, જોરથી વચન બોલવું નહીં, વાસરવું તથા થૂંકવું નહીં પણ બીજા ન જાણે તેમ ધીરેથી તે કરવું. હાસ્ય પ્રસંગની વાતો નિકળે તે વખતે અત્યંત ખુશી થવું નહીં, તેમ ઉન્મત્તની પેઠે હસવું પણ નહીં. બીજા જંણ જાણે તેમ કિંચિત્ માત્ર હસવું. લાભથી ઘણા ખુશી થવું નહીં, તિરસ્કારથી ખેદ પામવો નહીં, અને રાજ સેવામાં નિરંતર સાવધાન રહેવું. એવી રીતે રહેવાથી રાજા પાસે રહી શકાય છે. રાજા તથા રાજપુત્રોને જે અનુસરી ચાલે તે પ્રધાન થઇ હંમેશ તેની પાસે રહે છે. જે મંત્રિને રાજાએ વગર કારણે પકડી દંડ્યો હોય, તે પણ જો તે રાજાની નિંદા ન કરે તો ફરીને તેને મંત્રીપદ છે અને પાછી સંપત્તિ પણ તેને પ્રાપ્ત થાય છે. જે રાજાના દેશમાં પોતે રહેતો હોય, અથવા તેની વૃત્તિ ખાતો હોય, તે રાજાની સમક્ષ વા પરોક્ષ તેના ગુણ વર્ણન કરવા. જે કારભારી રાજાને કોઇ પણ મિષે કરી લોકોને દંડવાની સલાહ આપે છે, તે ઘણા મનુષ્યના વિરોધને લીધે રાજાને પ્રિય હોય, તોપણ તેની પ્રધાનતા ઘણો વખત સુધી સ્થિર રહેતી નથી, ને તે પ્રાણ સંકટને પામે છે. રાજા પાસેથી જેને ધનાદિકનો લાભ થયો હોય, તેણે બીજા પુરૂષને રાજા પાસે લઇ આવવો નહીં, અને યોગ્ય ઠેકાણે રાજાની અધિક પ્રશંસા કરવી, જેથી રાજા પ્રસન્ન રહે. હંમેશ કામ કરવામાં ઉત્સાહવાન. બુદ્ધિબળયુક્ત, શૂરવીર, સત્યવાદિ, કોમળ વાણીવાળો તથા જીતેંદ્રિય પુરૂષ, જો પોતાની છાયાની પેઠે હંમેશ રાજાને અનુસરે તો રાજા પાસે રહી શકે. વળી કોઇ કામ વાસ્તે રાજા બીજા પુરૂષને બોલાવે તેટલામાં તે આવ્યા અગાઉ જલદીથી "મહારાજ શું આજ્ઞા છે !" એમ કહી રાજા પાસે, જે હાથ જોડી ઉભો રહે, તે રાજા પાસે રહી શકે છે. તેમ ધન તથા સ્ત્રિયોના રક્ષણ વાસ્તે રાજાએ આજ્ઞા કરી હોય, તો તે વખત જે સંશય તથા ભયને મૂકી કામ કરે છે તે રાજા પાસે રહી શકે છે. વળી જે ઘરથી બહાર નિકળી સ્ત્રી પુત્રાદિકના સુખને નથી સંભારતો, ને પ્રવાસાદિક દુઃખને સહન કરે છે, તે રાજા પાસે રહી શકે છે. તેમ જે સેવક રાજાથી વસ્ત્રાલંકારાદિક હલકાં પહેરે, ઘણું પાસે રહે નહીં તથા અનેક તરેહથી તેનો બુદ્ધિભેદ ન કરે, તે રાજાને પ્રિય થાય. કોઇ વખત રાજા ધન સંબંધી કામ આપે પણ જે તેમાંથી કંઇ ચોરે નહીં અને જે વાહન વસ્ત્રાલંકાર રાજાનું આપેલું હોય તે હંમેશ ધારણ કરે, તે રાજાને પ્રિય થાય. હે પાંડુ રાજાના પુત્રો ! એ રીતે ચિત્ત નિયમમાં રાખી યત્નથી વર્ષ પર્યંત સારા શીળથી ચાલજો, ને વર્ષ પછી પોતાના દેશમાં જઇ ઇચ્છા પ્રમાણે રહેજો. તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે હે ધૌમ્ય ! તમારૂં કલ્યાણ થાઓ કારણ અમારી માતા કુંતી તથા મહા બુદ્ધિમાન્ વિદુરજી, જેવો અમને સદુપદેશ કરે, તેવો જ તમે અમારા હિતનો ઉપદેશ કર્યો, કોઇપણ બીજું આમ કહે નહીં. હે મહારાજ ! અજ્ઞાતવાસનું દુઃખ જેથી અમો તરી જઇએ, પ્રસ્થાન કરીએ તેમાં કંઇ વિઘ્ન ન આવે, ને શત્રુનો જય કરીએ એવું જે કર્મ હોય તે

તમે આ વખત અમોને કહો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એવી રીતે જ્યારે યુધિષ્ઠિરે કહ્યું ત્યારે બ્રાહ્મણમાં ઉત્તમ ધૌમ્ય ઋષિએ અગ્નિને પ્રદીપ્ત કરીને, વિધિથી મંત્ર ભણી તેમાં હોમ કર્યો. જે કર્મ ચાલવા વખતે કર્યાથી, ચાલનારાઓને સમૃદ્ધિની વૃદ્ધિ, લાભ અને પૃથ્વીનો જય થાય છે. પછી અગ્નિ તથા તપરૂપી ધનવાળા બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરી, દ્રૌપદીને આગળ કરીને, શૂરવીર પાંડવો ત્યાંથી ચાલ્યા જપ કરનારાઓમાં શ્રેષ્ઠ ધૌમ્ય ઋષિ અગ્નિહોત્રનાં પાત્ર લઇને પંચાલ દેશમાં ગયા. વળી ઈંદ્રસેનાદિક પણ પાંડવોના કહેવા પ્રમાણે દ્વારકાંમાં યાદવો પાસે જઇને, તેમના રથ તથા ઘોડાઓને સાચવતા ત્યાં સુખેથી રહેવા લાગ્યા.

इंद्रसेनादयश्चैव यथोक्ता प्राप्य यादवान्
रथानश्वांश्च रक्षंत: सुखमूषु: सुसंवृता: ॥

इति श्रीमहाभारत विराटपर्वणि पांडवप्रवेशपर्वणि धौम्योपदेशे गुर्जर-भाषायां चतुर्थोऽध्याय: ॥ ४ ॥

અધ્યાય ૫ મો. વિરાટપુર પ્રતિ પ્રસ્થાન.

वैशंपायन उवाच—ते वीराबद्धनिस्त्रिंशा स्तथाबद्धकलापिन:
बद्धगोधांगुलित्राणा: कालिंदीमभितो ययु: ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે જેણે ખડ્ગ તથા બાણના ભાથા બાંધેલા હતા તથા ધનુષ્યની પ્રત્યંચા હાથમાં ન વાગે માટે ચર્મના મોજા હાથની કોણી સુધી પહેરી લીધા હતા એવા શૂરવીર પાંડવો યમુના ઉપર થઇને જવા લાગ્યા. નિવૃત્ત થયો છે વનવાસ જેમનો એવા, પર્વત તથા વનના વિકટ સ્થાનોમાં વસનારા, ધનુષ્ય ધારણ કરનારા, મ્હોટા બળવાળા, વિવર્ણ થઈ ગયેલા શરીરવાળા તથા દાઢીના વાળ જેઓને વધેલા છે એવા પાંડવો મૃગોને મારતાં કોઇ પૂછે તો તેને "અમે મત્સ્ય રાજાના પારધિ છીયે" એમ કહેતા કહેતા યમુનાના દક્ષિણ તટ ઉપર આવ્યા. ત્યાંથી આગળ ચાલતાં તેમને ઉત્તર બાજુએ દશાર્ણ દેશ તથા દક્ષિણ બાજુએ પાંચાળ દેશ રહ્યા અને મધ્ય ભાગમાં યકૃલોમ તથા શૂરસેન દેશ આવ્યા. એવી રીતે પગથી ચાલતાં ચાલતાં પાંડવો વિરાટના દેશમાં આવી પહોંચ્યા, એટલે દ્રૌપદીએ યુધિષ્ઠિરને કહ્યું કે, આ જુઓ! ખેતરોમાં જવાના નાના માર્ગો દેખાય છે, પણ હજી મ્હોટા માર્ગો દેખાતા નથી, તેથી હું જાણું છું કે વિરાટની રાજધાની દૂર છે અને મને શ્રમ ઘણો થયો છે માટે આજની રાત્રિ અહિંજ રહી જાઓ. તે સાંભળી યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે હે ભારત! હે ધનંજય! સાવધાન થઇ આ પાંચાળીને તેડી લ્યો, જેથી આપણે આ વનમાંથી નીસરી રાજધાનીમાં જઇ શકિયે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! તે સાંભળીને અર્જુને મ્હોટા હાથીની પેઠે દ્રૌપદીને તેજ વખતે પોતાના ખભા ઉપર બેસાડી લીધાં. પાંચે પાંડવો ત્યાંથી પછી ચાલવા લાગ્યા. વિરાટના શહેરની પાસે આવ્યા એટલે અર્જુને પોતાના ખભા ઉપરથી તેને હેઠે ઉતારી. પછી યુધિષ્ઠિરે અર્જુનને પૂછ્યું કે હે ભાઇ! હવે આપણે આપણાં આયુધો ક્યહિં મૂકીને શહેરમાં જઇશું. કદી આયુધ સહિત જઇશું તો શહેરનાં મનુષ્યો આપણને

જોઇને ભય પામશે એમાં સંશય નથી. વળી આ તારૂં મ્હોટા ગાંડીવ ધનુષ્યને મનુષ્યો ઓળખે છે તેથી તે લઇને જો શહેરમાં જઇશું તો લોકો આપણને ઓળખશે, એટલે વળી ફરીને બાર વર્ષ વનમાં રહેવું પડશે. કારણ આપણે એવી રીતે પ્રતિજ્ઞા કરેલી છે કે, જો અજ્ઞાત વાસમાં આપણામાંથી એકને પણ કોઇ ઓળખે, તો ફરીથી આપણે પાછાં બાર વર્ષ વનમાં રહેવું જોઇએ. તે સાંભળી અર્જુને કહ્યું કે હે મનુજેશ્વર ! આ ટેકરીના શિખર ઉપર ભયંકર જેની શાખાઓ છે તથા જેની ઉપર જઇ શકાય નહીં એવો મ્હોટો તથા ઉંચો શમીનો વૃક્ષ છે. આડ માર્ગે મૃગ તથા સર્પો જેમાં વસે છે એવા વનમાં શ્મશાનની પાસે છે તેથી અહીં કોઇ મનુષ્ય પણ છે નહીં કે જે આપણને શસ્ત્રો મૂકતાં દેખે. માટે હે ભારત ! આ શમી ઉપર શસ્ત્રો મૂકી આપણે શહેરમાં જઇએ અને આપણા વિચાર પ્રમાણે રહીએ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે યુધિષ્ઠિર રાજાને કહીને અર્જુને, જેણે કરી મનુષ્ય, દેવતા તથા સમૃદ્ધિવાન કેટલાક દેશોનો એક રથે કરી જય કર્યો હતો તે મ્હોટા શબ્દવાળું, સમર્થ, પરસૈન્યને મારનાર તથા અત્યંત ભયંકર ગાંડીવ નામનું પોતાનું ધનુષ્ય પ્રત્યંચા રહિત કર્યું. પછી પારકાને તપાવનાર શૂરવીર યુધિષ્ઠિર રાજાએ પણ, જેણે કરી કુરૂક્ષેત્રની રક્ષા કરી હતી એવા ધનુષ્યની પ્રત્યંચા છોડી નાખી. પછી સમર્થ ભીમસેને, જેથી પંચાળ દેશનો જય કર્યો હતો, દિગ્વિજયમાં પણ કેટલાક શત્રુને જીત્યા હતા, જયદ્રથને ભયભીત કર્યો હતો, તથા સુરંગ મૂકેલા પર્વત તથા વજ્રપાત સરખો ભયંકર જેનો શબ્દ સાંભળી શત્રુઓ સંગ્રામમાંથી ભાગી જતા હતા એવા ધનુષ્યની પ્રત્યંચા ઉતારી નાંખી. પછી મ્હોટા હાથવાળા, થોડું બોલનાર, યુદ્ધ કરવામાં શૂરવીર તથા તામ્ર સરખા વર્ણવાળા માદ્રીના પુત્ર રૂપવાન નકુળે પણ જે ધનુષ્યથી પશ્ચિમ દિશાનો જય કર્યો હતો તે ધનુષ્યની દોરી છોડી. તે પછી સમર્થ તથા શૂરવીર સહદેવે, જે ધનુષ્યથી દક્ષિણ દિશાનો જય કર્યો હતો તે ધનુષ્યની પ્રત્યંચા ઉતારી નાંખી. પછી તેમણે પ્રકાશમાન મ્હોટા ખડ્ગો તથા બાણના ભાથાઓ અને તીક્ષ્ણ બાણોને ધનુષ્યની સાથે બાંધ્યાં. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પછી યુધિષ્ઠિર રાજાએ નકુળને કહ્યું કે હે વીર ! આ શમી ઉપર ચઢીને શસ્ત્રો મૂકી આવ. તે સાંભળીને નકુળે શમી ઉપર ચઢીને તેના પોલમાં જ્યાં વર્ષાદનું પાણી પડે નહીં ત્યાં સારી રીતે દૃઢ પાશથી તે શસ્ત્ર બાંધ્યાં. પછી કોઇ મૂવેલા માણસનું શરીર ત્યાં શ્મશાનને લીધે પડ્યું હશે, તે પણ શસ્ત્રો સાથે શમીમાં બાંધી દીધું. કારણ આ શબ છે, અને ખરાબ ગંધ આવે છે, એમ જાણીને કોઇમાણસ શમીની પાસે ન આવે. વળી શત્રુને મારનાર પાંડવોએ ત્યાં શમીની પાસે ગાય તથા બકરા ચારનારાઓને જોઇને તેઓને કહ્યું કે, આ અમારી એકસો એંશી વર્ષની માતા છે. આ રીતે બાંધવાની અમારી કુળ પરંપરાથી રીતિ ચાલી આવી છે. એમ કહીને પાંડવો વિરાટની રાજધાની પ્રત્યે ગયા. તે વખતે યુધિષ્ઠિર રાજાએ પોતાના પાંચ ભાઇયોને બોલાવવાનાં બીજાં છુપાં નામ ઠરાવ્યાં, તે એવી રીતે કે—જય, જયંત, વિજય, જયત્સેન અને જયદ્બલ પછી તેરમું વર્ષ કોઇ ન ઓળખે તેવી રીતે રહેવા ઇચ્છતા પાંડવો પોતાના ઠરાવ પ્રમાણે વેષ લઇ વિરાટના મ્હોટા શહેરમાં પેઠા.

ततो यथा प्रतिज्ञाभिः प्राविशन्नगरं महत्
अज्ञातचर्यां वत्स्यंतो राष्ट्रे वर्षं त्रयोदशं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि पुरप्रवेशे .ज्ञसस्यापने गुर्जरभाषायां पंचमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો. યુધિષ્ઠિર કૃત દુર્ગાસ્તુતિ.

वैशंपायन उवाच—विराटनगरं रम्यं गच्छमाने युधिष्ठिरः
अस्तुवन् मनसा देवीं दुर्गां त्रिभुवनेश्वरीम् ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! મનોહર વિરાટના શહેરમાં જતી વખતે યુધિષ્ઠિર રાજાએ, મને કરીને ત્રિલોક નિયંતી દુર્ગા દેવીની સ્તુતિ કરી. તે આવી રીતે કે, પોતાના સર્વ ભાઇયો સહિત દેવીના દર્શનની અપેક્ષા છે જેને એવા યુધિષ્ઠિર રાજા દેવી પ્રત્યે કહેવા લાગ્યા કે—હે દેવિ ! હે વરદાન આપનારી ! હે કુમારી ! હે બ્રહ્મચારિણી ! હે ઉગતા સૂર્યના સરખા તેજવાળી ! હે ચંદ્ર સરખા મુખવાળી ! હે ચાર ભુજાવાળી ! હે ચાર મુખવાળી ! હે સુંદર અંગવાળી ! હે બાજુબંધ તથા મુકુટ ધારણ કરનારી ! જેવી નારાયણની સ્ત્રી લક્ષ્મી શોભે છે, તેવી તું શોભે છે. હે આકાશમાં ફરનારી ! તારૂં સ્વરૂપ તથા બ્રહ્મચર્ય ઘણું ઉત્તમ છે. કૃષ્ણના જેવું ઘનસ્યામ તારૂં સ્વરૂપ છે. સંકર્ષણના સરખું તારૂં મુખ છે. હે યશોદાના ગર્ભથી ઉત્પન્ન થયેલી નારાયણની શ્રેષ્ઠ સ્ત્રી ! નંદગોપના કુળમાં ઉત્પન્ન થઇ કલ્યાણરૂપ કુળને વધારનારી, કંસને મારનારી; અસુરોનો ક્ષય કરનારી, કંસે શિલા ઉપર પછાડેલી, આકાશમાં જનારી, વાસુદેવ ભગવાનની બહેન, મનોહર માલતીનાં ફૂલ જેણે પહેર્યા છે, એવી દિવ્ય વસ્ત્ર ધારણ કરનારી અને હે ખડ્ગ તથા ઢાલ ધારણ કરનારી ! તું દુઃખ વખતે તારૂં સ્મરણ કરનારના દુઃખને ટાળનારી છે. હે મ્હોટા હાથવાળી ! એ હાથે કરી તું વર તથા અભય આપનારી અને બીજા હાથોથી પાત્ર, કમળ, ઘંટા, પાશ, ધનુષ્ય તથા ચક્રાદિ કેટલાંક દિવ્ય આયુધોને ધારણ કરનારી છે. વળી તું કુંડળથી કાન જેના શોભે છે એવી, કટિસૂત્ર તથા મયૂર પિચ્છની ધજાવાળી, તથા કૌમારવ્રત ધારણ કરી સ્વર્ગની રક્ષા કરનારી છે તેથી દેવતા તારી નિરંતર પૂજા તથા સ્તુતિ કરે છે. હે ત્રિલોકની રક્ષા વાસ્તે મહિષાસુરને મારનારી ! હે દેવતાઓમાં શ્રેષ્ઠ ! મારી ઉપર દયા કરી પ્રસન્ન થઇ મારૂં કલ્યાણ કર. તું જય તથા વિજયરૂપ છે, તથા સંગ્રામ વિષે જય દેનારી છે, માટે સદા વરદાન દેનારી તું આ વખતે મારો જય કર હે દેવિ ! પર્વતમાં શ્રેષ્ઠ વિંધ્યાચળમાં તારૂં સદા સ્થાનક છે. હે મદ્યમાંસ તથા પશુ જેને પ્રિય છે એવી ! તથા ઇચ્છા પ્રમાણે ફરનારી, તને બ્રહ્માદિક દેવતાઓ પણ અનુસરી ચાલે છે. પૃથ્વીને વિષે દુઃખ વેળાએ સવારમાં ઉભા રહી જે તારૂં સ્મરણ કરે છે તથા તને પ્રણામ કરે છે: તેનું દુઃખ ટળી જાય છે. પુત્ર તથા ધન તેને કંઇ દુર્લભ નથી. વિકટ સ્થાન થકી તું માણસોની રક્ષા કરે છે, તેથી તેઓ દુર્ગા એવું તારૂં નામ કહે છે. કોઇ વખતે ગાઢા વનમાં કોઇ ભૂલા પડી જાય, મહા સમુદ્રમાં ડુબવા લાગે, ચોર પકડી પર્વતની ગુફામાં કોઇને રૂંધી મૂકે, એવે સંકટ વખતે પણ હે મહાદેવિ ! તે જો તારૂં સ્મરણ કરે તો તે મહા સંકટથી પણ મુક્ત થાય માટે કીર્તિ, લક્ષ્મી, ધૃતિ, સિદ્ધિ, લજ્જા, વિદ્યા, સંતતિ, મતિ, સંધ્યા, રાત્રિ, પ્રભા નિદ્રા, જ્યોત્સ્ના, કાંતિ, ક્ષમા, દયા, એ સૌ તારારૂપ છે. વળી જેઓ તમારી પૂજા કરે

છે તેને બંધનથી મુક્ત કરો છો, અને પુત્ર, ધન તથા નિર્ભયતા આપો છો. હે સુરેશ્વરી! હે કમળપત્ર સરખાં નેત્રવાળી હે સત્યરૂપ! રાજ્યથી ભ્રષ્ટ થયેલો હું મસ્તકથી પ્રણામ કરી આ વખતે તમારે શરણે આવ્યો છું. હે દુર્ગા! હે શરણ થવા લાયક! હે ભક્ત જેને પ્રિય છે એવી! તમો આ વખતે મારી સહાયતા કરો. એવી રીતે યુધિષ્ઠિરે સ્તુતિ કરી ત્યારે દેવીએ પ્રસન્ન થઈ યુધિષ્ઠિર રાજાને દર્શન દીધાં, અને કહ્યું કે હે મ્હોટા હાથવાળા સમર્થ રાજા! હું તને કહું તે સાંભળ. થોડા વખતમાં સંગ્રામમાં તારો જય થશે. મારા પ્રસાદથી તું કૌરવની સેનાને મારી ચક્રવર્તી રાજ્ય પામી ફરીથી પૃથ્વી ભોગવીશ, અને ભાઇયો સહિત હર્ષને પામીને, મારી દયાથી સુખ તથા આરોગ્યને પણ પામીશ. બીજા પણ જે સાવધાન થઇને મારી સ્તુતિ કરશે, તેને પણ હું રાજ્ય, આયુષ, સારૂં શરીર, તથા પુત્ર આપીશ. પ્રવાસમાં શહેરમાં, સંગ્રામમાં ઇત્યાદિ શત્રુના સંકટ વિષે તથા ગાઢા વનમાં, સમુદ્રમાં, અને ગાઢા પર્વતમાં સંકટની વખતે તારી પેઠે જે કોઇ મારૂં સ્મરણ કરશે, તે સંકટથી મુક્ત થશે. તેને કંઈ પણ વસ્તુ આ લોકમાં દુર્લભ નહીં રહે, અને તેનાં સર્વ કામ સિદ્ધ થશે. હે પાંડવો! તમે જે આ મારી સ્તુતિ કરી એટલા સ્તુતિના શ્લોકને જે ભક્તિથી સાંભળશે વા પાઠ કરશે, તેનાં સર્વ કામ સિદ્ધ થશે. વિરાટના નગરમાં રહેલા તમોને મારા પ્રસાદથી કૌરવો તથા તે શહેરના માણસો કોઈ પણ ઓળખી નહીં શકે એવી રીતે વરદાન આપનારી દેવી, શત્રુને દમન કરનાર યુધિષ્ઠિર રાજાને કહી પાંડવોની રક્ષા કરી અંતર્ધ્યાન થયાં.

न प्रज्ञास्यंति कुरवो नरा वातन्निवासिनः
इत्युक्त्वा वरदा देवी युधिष्ठिरमरिंदमं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि दुर्गास्तवे गुर्जरभाषायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો. યુધિષ્ઠિરનું વિરાટસભામાં જવું.

वैशंपायन उवाच—ततो विराटं प्रथमं युधिष्ठिरो राजा सभायामुपविष्टमाव्रजत्
वैदूर्यरूपान् प्रतिमुच्य कांचनानक्षान् सकक्षे परिगृह्य वाससा ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી પ્રથમ યુધિષ્ઠિર રાજા, વૈદૂર્યમણિ તથા સુવર્ણ ઇત્યાદિના સરખો જેનો રંગ છે એવી અનેક રંગની સોગઠીઓ, બાજી રમવાનો પટ તથા પાસાઓ, એ સર્વ રમવાની સામગ્રી વસ્ત્રથી બાંધી કાખમાં રાખી સભામાં બેઠેલા વિરાટની પાસે જવા લાગ્યા. કૌરવના વંશને વધારનાર, મ્હોટા યશવાળા, મ્હોટો જેનો પ્રભાવ છે એવા, તીક્ષ્ણ વિષવાળા સર્પની પેઠે અસહ્ય, બળ તથા રૂપે કરી દેવ સરખા, વાદળાંથી વિંટાયલા ચંદ્ર સરખા મુખવાળા અને પરાક્રમી યુધિષ્ઠિર રાજા સભામાં વિરાટની પાસે ગયા. તેમને જોઇને વિરાટ રાજા સભામાં બેઠેલા પોતાના કારભારીઓ, બ્રાહ્મણો, વૈશ્યો તથા શૂદ્રાદિક બીજા જે કોઈ સભામાં હતા તેઓને પૂછવા લાગ્યા કે, આ કોઇ દિવસ આવેલો નહીં એવો, કમલિની પ્રત્યે હસ્તિ જેમ જાય તેમ નિર્ભય ચિત્તથી મારી પાસે આવ્યો આવે છે તે કોણ છે? વેષ તો બ્રાહ્મણ સરખો છે, પણ એ બ્રાહ્મણ જેવો

નથી લાગતો. એ કોઈ પૃથ્વીપતિ રાજા હોય એમ મને લાગે છે જુઓ! એની પાસે કોઇ ચાકર, હસ્તિ, રથ કંઇપણ નથી, તોપણ ઇંદ્ર સરખો લાગે છે; અને આજાનુબાહુ ઇત્યાદિ શરીરનાં ચિન્હોએ કરીને તો કોઇ ચક્રવર્તી રાજા હોય એમ મને લાગે છે. વૈશંપાયન કહે છે—એવી રીતે રાજા અનેક તરેહના તર્ક કરે છે એટલામાં તો યુધિષ્ઠિર રાજા તેમની પાસે આવ્યા, અને કહ્યું કે હે વિરાટ રાજા! જતું રહ્યું છે સર્વસ્વ જેનું એવો હું બ્રાહ્મણ, નિર્વાહ માટે તારી પાસે આવ્યો છું. તારી આજ્ઞા પ્રમાણે વર્તી તારી પાસે રહેવા ઇચ્છું છું. એ સાંભળી પ્રસન્ન થઇ વિરાટે કહ્યું કે તમે ભલે આવ્યા. તમારે જે જોઇએ તે મારી પાસેથી લ્યો. એમ કહી પોતાની પાસે બેસાડી પૂછ્યું કે તમો કયા રાજા પાસે રહેતા હતા? કયા દેશથી આવ્યા છો? તમારૂં નામ શું? તમારૂં ગોત્ર કયું? તથા શું વિદ્યા સંપાદન કરી છે? એ સર્વ મને યથાર્થ કહો. યુધિષ્ઠિરે કહ્યું કે, પૂર્વે હું યુધિષ્ઠિર રાજાનો મિત્ર હતો, અને કંક એવું મારૂં નામ છે. હું બ્રાહ્મણ છું, વ્યાઘ્રપાત ગોત્રમાં ઉત્પન્ન થયો છું અને બૃહદશ્વ ઋષિનો શિષ્ય છું, તેથી પાસા રમનારાઓમાં કુશળ છું. તે સાંભળી વિરાટે કહ્યું કે તમારી જે ઇચ્છા હોય તે વર માગો જે હું તમને આપીશ. મરજી હોય તો મારા મત્સ્ય દેશની તમો રક્ષા કરો. હું તમારે વશ થઇને રહું. દ્યુત પાસાના રમનારાઓ મને ઘણા પ્રિય છે, માટે તે વિદ્યાને લીધે તમે મને ઘણાજ પ્રિય લાગશો, પણ દેવની ઉપમા જેને આપીએ એવા તમે તો રાજ્યને લાયક છો યુધિષ્ઠિરે કહ્યું કે હે રાજા! જો તું મને વર આપતો હોય, તો હું એજ વર માગું છું કે સત્યનો ગંધ જેમાં નથી એવી પાસાની રમત કલહરૂપ છે તેમાં રમતાં જેનો પરાજય થાય, તે પ્રથમના ઠરાવ પ્રમાણે ખોટો કલહ કરી ધન ન આપે તો, તમારે અપાવવું. તે સાંભળી વિરાટે કહ્યું કે હે કંક! જે તારૂં અપ્રિય કરશે તેને હું મારી નાંખીશ. તારૂં અપ્રિય કરનાર કદી બ્રાહ્મણ હશે તો, તેને મારા દેશમાંથી કાઢી મૂકીશ. એમ કહી રાજાએ, સર્વ સભામાં બેઠેલાઓ સંભળાવતાં કહ્યું કે હે દેશના માણસો! જે હું કહું છું તે તમે સર્વ સાંભળો. મારા દેશમાં જેટલી મારી સત્તા છે, તેટલીજ હવેથી આ કંકની પણ છે; અને એ મારો મિત્ર છે, માટે એને મારા સરખાં વાહન તથા અન્નપાનાદિ વસ્ત્રો આપવાં. એમ કહીને રાજાએ કહ્યું કે હે કંક! મારા અંતઃપુર, સૈન્ય તથા બગાચાઓમાં ચોતરફ જાઓ. તમને કોઇપણ જગ્યાએ જવાની બંધી નથી. વૃત્તિ જેની લોપ થઈ હશે એવા બ્રાહ્મણાદિક તમારી પાસે આવીને ફરિયાદ કરે, તે તમારે મને કહેવું, તો તેજ વખતે હું તેમની વૃત્તિ છુટી કરી આપીશ. તમારે કોઇ વખતે પણ મારી પાસે આવવામાં શંકા ન રાખવી. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે વિરાટ રાજા સાથે સમાગમ કરી તથા વરદાન પામી, રાજાએ સત્કાર જેનો કર્યો છે એવા ધૈર્યવાન યુધિષ્ઠિર રાજા સુખે કરીને ત્યાં રહ્યા, પણ ત્યાં કોઇ તેમને ઓળખી શકયું નહીં

एवं स लब्ध्वा तु वरं समागमं विराटराजेन नरर्षभस्तदा
उवास धीरः परमार्चितः सुखी न चापि कश्चिच्चरितं बुबोध तत् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पाडवप्रवेशपर्वणि युधिष्ठिरप्रवेशोनाम गुर्जरभाषायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮ મો. ભીમનું રસોઈ કરવા રહેવું.

वैशंपायन उवाच—अथापरो भीमबलश्रियाज्वलन्नुपाययौ सिंहविलासविक्रमः खजां च दर्वीं च करेण धारयन्नसिं च कालांगमकोशमव्रणं ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ત્યાર પછી ભયંકર જેનું બળ છે, એવો સિંહ સરખો પરાક્રમી, અને શોભાયમાન ભીમસેન પણ કડછો, રવાઇ, તથા માંસાદિક કાપવાનો છરો હાથમાં લઇ ત્યાં આગળ આવ્યો. રસોઇયાનો વેષ જેણે લીધો છે, તથા પર્વત સરખું દઢ જેનું શરીર છે એવો, તથા મેલું વસ્ત્ર જેણે ધારણ કર્યું છે, એવો પોતાના ઘણાજ તેજથી સૂર્યની પેઠે આ લોકને પ્રકાશ કરનારો ભીમસેન, વિરાટ રાજાની પાસે આવીને ઉભો રહ્યો. તેને જોઇને પોતાની પાસે બેઠેલા માણસોને રાજાએ કહ્યું કે, સિંહના સરખા ઉંચા ખભાવાળો, અત્યંત રૂપવાન, કોઇ દિવસે પૂર્વે જોયેલો નહીં એવો આ સૂર્ય સરખો કોણ જુવાન પુરૂષ છે ! હું ઘણોજ વિચાર કરૂં છું પણ આ કોણ હશે તેનો મને નિશ્ચય થતો નથી, અને એના ચિત્તમાં શું છે તે પણ મને જણાતું નથી. મેં તો એને જોઇને જ જાણ્યું કે આ તે કોઇ ગંધર્વનો રાજા કે ઇંદ્ર હશે ! માટે હે મારી પ્રજા ! તમે આ મારી સામું જોઇને ઉભો છે એ કોણ છે તે નિશ્ચય કરો, અને જે એને ઇચ્છા હોય તે જલદી આપો. એવી રીતે વિરાટનાં વચન સાંભળીને મનુષ્યોએ જલદીથી ભીમસેન પાસે જઇ તેને રાજાના કહેવા પ્રમાણે પૂછ્યું. ત્યારે ઉદાર મનવાળા પાંડુના પુત્ર ભીમસેને વિરાટની પાસે જઇ, આવી રીતે ગંભીર વચન કહ્યાં કે હે રાજન ! હું બલ્લવ નામે રસોઇયો છું. શાક, ચટણી વગેરે ભોજનના પદાર્થો ઘણા સારા કરી જાણું છું, માટે આપ તે કામ વિષે મને આજ્ઞા આપો. તે સાંભળી વિરાટે કહ્યું કે હે બલ્લવ ! તું કહે છે કે હું રસોઇ કરનાર છું, પણ મને વિશ્વાસ આવતો નથી. કારણ તું ઇંદ્ર સરખા તેજવાળો, રૂપવાન, શોભાયમાન તથા મહા પરાક્રમી જણાય છે, માટે કોઇ રાજા હોય એમ લાગે છે. તે સાંભળી ભીમસેન બોલ્યો કે હે રાજન ! હું તારો રસોઇયો છું. દાળ, કઢી ઇત્યાદિ પદાર્થો હું ઘણાં સારાં કરી જાણું છું, જે પૂર્વે યુધિષ્ઠિર રાજાએ ચાખેલાં છે. હે રાજન ! બળવાન પણ મારા સરખો બીજો કોઇ છે નહી. હમેશ યુદ્ધ પણ કરીશ, હાથી તથા સિંહ સાથે પણ રમીશ, એ રીતે હમેશ તારૂં પ્રિય કરીશ. વિરાટે કહ્યું કે જે કર્મ મનુષ્યથી ન થાય એવું કર્મ કરવાનું તું કહે છે, તેથી સમુદ્ર પર્યંત પૃથ્વીને યોગ્ય છે. તારા સરખું કર્મ કોઇ કરી શકે એમ નથી, માટે હે બલ્લવ ! રસોડામાં જઈ જેવી રીતે કહે છે તેવી રીતે તારી ઇચ્છા પ્રમાણે કર, જે પૂર્વના મારા રસોઇયા છે તેઓનો હું તને અધિપતિ કરૂં છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે ભીમસેન રસોઇના કામમાં રહ્યો, તેથી વિરાટ રાજાને અત્યંત પ્રિય થયો. એવી રીતે તે પણ વિરાટના રાજ્યમાં રહ્યો, પણ તેને તે રાજાના ચાકરો અથવા બીજા હલકા માણસો ઓળખી શક્યા નહીં.

तथा स भीमो विहितो महानसे विराटराज्ञो दयितोऽभवद्दृढं
उवास राज्ये न च तं पृथक् जनो बुबोध तत्रानुचराश्च केचन ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पाण्डवप्रवेशपर्वणि भीमप्रवेशे गुर्जर-भाषायामष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો. દ્રૌપદીનું અંતઃપુરમાં રહેવું.

वैशंपायन उवाच—ततः केशान् समुत्क्षिप्य वेल्लिताग्राननिंदितान्
कृष्णान् सूक्ष्मान् मृदुन् दीर्घान् समुद्ग्रथ्य शुचिस्मिता ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ત્યાર પછી પવિત્ર હાસ્યવાળી દ્રૌપદી, અગ્રભાગમાં અંકોડી પડે છે એવા સુંદર, કાળા અતિ ઝીણા, કોમળ તથા લાંબા કેશની વેણી બનાવી, જમણે પડખે તેને સંતાડી, અત્યંત મલીન મ્હોટું એક વસ્ત્ર પહેરી, રાજાના અંતઃપુરની દાસીનો વેષ લઇ દુઃખિતની પેઠે ગામમાં ફરવા લાગી. તેને જોઇ કેટલાક પુરૂષો તથા સ્ત્રીઓ તેની પછવાડે પછવાડે ફરવા લાગ્યાં; અને તેને પૂછવા લાગ્યાં કે, તું કોણ છે. અને શું તારી ઇચ્છા છે ? તે સાંભળી તેણે કહ્યું કે હું રાજાના અંતઃપુરની દાસી છું, અને તેના અંતઃપુરનુ કામ કરવાને ઇચ્છુ છું. જો રાજા તે કામમાં મને રાખે તો મારે રહેવું છે. એવી રીતે તેણે તેમને કહ્યું. તેનું અનુપમ રૂપ, વેષ અને મનોહર વાણી જોઇને "આ અજા વાસ્તે આવેલી રાજાના અંતઃપુરની દાસી હશે," એમ તેઓના માનવામાં આવ્યું નહિ. પછી વિરાટ રાજાની ઉદારમનના કૈકય દેશની સુદેષ્ણા નામની સ્ત્રીએ પોતાના મહેલમાંથી, એક વસ્ત્ર જેણે પહેરેલું છે એવી, અત્યંત રૂપવાળી તથા અનાથ દ્રૌપદીને જોઇને પોતાની પાસે બોલાવી લીધી; અને પૂછ્યું કે હે કલ્યાણિ ! તું કોણ છે ને શું કામ કરવા ઇચ્છે છે ? તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે હું રાજાના અંતઃપુરની દાસી છું, અને રાજસ્ત્રીઓના કેશ સમા કરવા તથા ચંદન ઘસવું ઇત્યાદિ કામમાં કુશળ છું; અને તે કામ કરવા અહિં આવી છું. પણ રાજા મને તે કામમાં રાખશો ખરા. તે સાંભળી સુદેષ્ણાએ કહ્યું કે હે ભામિનિ ! મારા ધારવામાં તો એમ આવે છે, કે તું અનેક દાસ તથા દાસિયોને હુકમ કરનારી છે, કારણ તારૂં રૂપ તથા ચિન્હ જોતાં તું પારકી દાસી હોય નહીં. આ જો તારા પગની ઘુંટીઓ પણ દેખાતી નથી ! તરા સાથળ મળેલા તથા સરખા છે ! બુદ્ધિ, નાભિ તથા શબ્દ ગંભીર છે ! હાથ પગનાં તળાં, નેત્રના અંત ભાગ, ઓઠ, જીભ અને નખ રક્ત છે ! તું હંસના સરખું મધુર બોલે છે. કાશ્મીર દેશની ઘોડીની પેઠે લક્ષણે કરી સંપન્ન છે, નેત્રની પાંપણ જેના વાંકી છે, મધ્ય ભાગ જેનો સૂક્ષ્મ છે, નાડિયો જેની દેખાતી નથી તથા શંખના સરખી ત્રણ રેખા જેના કંઠના અગ્ર ભાગમાં છે એવી તું. પૂર્ણ ચંદ્ર સરખા મુખવાળી જુવાન, સુંદર કેશવાળી તથા રૂડા કટિપશ્ચાદ્ ભાગવાળી છે ! વળી રૂપે કરીને તું શરદ્ ઋતુના કમળ સરખાં નેત્ર તથા ગંધવાળી અને શરદ્ ઋતુના કમળને સેવનારી લક્ષ્મી સરખી છે ! તેથી હે કલ્યાણિ ! કોઇ રીતે પણ તું દાસી થવા યોગ્ય નથી. માટે તું કોણ છે તે ખરેખરૂં બોલ. કોઇ યક્ષની કે ગંધર્વની સ્ત્રી છે ! કોઇ અપ્સરા, દેવકન્યા, નાગકન્યા, અથવા નગરની દેવતા વા વિદ્યાધર તથા કિન્નરની સ્ત્રી, વા ચંદ્રની સ્ત્રી રોહિણી છે ! અલંબુષા, મિશ્રકેશી, પુંડરિકા, માલિની, એ અપ્સરાઓ, ઇંદ્રની અથવા વરૂણની સ્ત્રી, ત્વષ્ટા તથા પ્રજાપતિની સ્ત્રી, એવી રીતે દેવતાઓની પ્રસિદ્ધ સ્ત્રીઓ છે, તેઓમાંથી હે સુંદરિ ! તું કોણ છે ને કહે. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે ગંધર્વ, દેવ, અસુર, રાક્ષસ, એમાંથી કોઇની પણ હું સ્ત્રી નથી રાજાના અંતઃપુરની સૈરંધ્રી એટલે દાસી છું એ વાત હું સત્ય કહું છું. સ્ત્રીઓના કેશ સમા કરવાનું હું જાણું છુ, તથા સારી રીતે ચંદન ઘસી જાણું છું. માલતી, કમળ તથા ચંપાની વિચિત્ર પ્રકારની ઉત્તમ માળા પણ ગુંથી જાણું છું. શ્રીકૃષ્ણની પ્રિય સ્ત્રી

સત્યભામા તથા પાંડવની સ્ત્રી દ્રૌપદી, તેઓની હું સેવા કરતી હતી. ત્યાં મને સારી રીતે ભોજન મળતું, અને વસ્ત્ર પણ ઘણાંક મળતાં હતાં, તેથી ત્યાં હું ખુશીથી રહેતી હતી. તેમણે મારૂં માલિની એવું નામ પાડ્યું હતું. હે સુદેષ્ણા ! આ વખતે હું તારી સેવા કરવા વાસ્તે તારી પાસે આવી છું. તે સાંભળી સુદેષ્ણાએ કહ્યું કે, હું તને મારા મસ્તક ઉપર રાખીશ એમાં સંશય નથી; પણ જો રાજા તને ન રાખે તો. મને તો એમ લાગે છે કે રાજા તને જોઇ તનેજ સ્ત્રી કરી રાખશે ! કેમકે રાજાના કુળમાં જેટલી સ્ત્રીઓ છે, તેઓ તને જોઇને મોહ પામી ગઇ છે ! ત્યારે બીજો કોણ તને જોઇને મોહ નહીં પામે ! જો આ મારા ઘરમાં જે જે વૃક્ષો છે, તે પણ તને જોઇને સ્તબ્ધ થઇ ગયાં છે ! ત્યારે પુરૂષ કોણ મોહ નહીં પામે ! હે ચંચળ તથા મ્હોટાં નેત્રવાળી ! હે સુંદરિ ! હે રૂડા કટિ. પશ્ચાદ્ ભાગવાળી ! તારૂં સૌંદર્ય એવું છે કે જે વખત આસક્ત પુરૂષને તું જુએ, તેજ વખતે તે કામવશ થાય, અને તને જે જુએ તે પણ કામને વશ થાય ! માટે વિરાટ રાજા તારૂં અમાનુષ શરીર જોઇને મારો ત્યાગ કરશે ! અને તને ઇચ્છશે એમ મારૂં ચિત્ત શંકાયુક્ત થાય છે ! કારણ જેમ પુરૂષ પોતાના મરણ માટેજ ઝાડ ઉપર ચડે છે અને જેમ કર્કટી નામનો જંતુ પોતાના મૃત્યુરૂપ ગર્ભને ધારણ કરે છે, એટલે કે તે જંતુનો ગર્ભ પેટમાં મ્હોટો થાય ત્યારે તેનું પેટ ફાડી તેને મરણ પમાડી બહાર નિકળે છે તેમ હે પવિત્ર હાસ્યવાળી ! મારા ઘરમાં તારો નિવાસ પણ હું અહિતરૂપ માનું છું. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે હે ભામિનિ ! કયારે પણ વિરાટ રાજાએ અથવા બીજા કોઈ પુરૂષે પણ સ્પર્શ કરી શકાય નહીં એવી હું છું. કારણ કોંઇ મહા સત્યવાન ગંધર્વ રાજાના યુવા અવસ્થાવાળા પાંચ ગંધર્વ પુત્રો મારા સ્વામિયો છે તેઓ મારી નિરંતર રક્ષા કરે છે, અને હું પણ તીક્ષ્ણ વ્રતવાળી છું તેથી સિંહની સ્ત્રીની પેઠે કોઇથી મારૂં ગ્રહણ થાય એમ નથી. જેના ઘરમાં હું રહું છું તે પણ પોતાનું ઉચ્છિષ્ટ મને આપે નહીં, તથા પોતાના પગ મારી પાસે ધોવરાવે નહીં, એવી રીતે રહેવાથી મારા સ્વામિ ગંધર્વો પ્રસન્ન રહે છે. બીજી પ્રાકૃત સ્ત્રીઓની પેઠે જો કોઈ પુરૂષ મારો સ્પર્શ કરે તો તે રાત્રિમાંજ તે મરણ પામે હે સુદેષ્ણા ! માટે કોઇ પણ મને ચલાયમાન કરી શકે એમ નથી. બળવાન તથા આ વખતે દુઃખી ગયેલા મારા પતિ ગંધર્વો મને પ્રિય છે, અને હે પવિત્ર હાસ્યવાળી સુદેષ્ણા ! તે મારા પતિ ગંધર્વો છુપા રહીને હંમેશ મારી રક્ષા કરે છે. પછી સુદેષ્ણાએ કહ્યું કે જ્યારે એમ છે, ત્યારે હે સુખને દેવાવાળી ! હું તને ખુસીથી મારી પાસે રાખીશ, અને કોઇ વખત પગ તથા ઉચ્છિષ્ટનો સ્પર્શ નહીં કરાવું વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે વિરાટ રાજાની સ્ત્રીએ જેની સાંત્વના કરી છે, એવી તથા પતિવ્રત ધર્મમાં તત્પર દ્રૌપદી વિરાટના શહેરમાં રહી, પણ તેમાં કોઇએ તેને ઓળખી નહીં.

उवास नगरे तस्मिन् पतिधर्मवती सती
न चैनां वेद तत्रान्य स्तत्त्वेन जनमेजय ॥

इति श्रीमहाभारत विराटपर्वणि पांडवप्रवेशपर्वणि द्रौपदिप्रवेशे गुर्जरभाषायां नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો. સહદેવનું ગોવાળ થવું.

वैशंपायन उवाच—सहदेवोपि गोपानां कृत्वा वेषमनुत्तमं
भाषां चैषां समास्थाय विराटमुपयादय ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! હવે સહદેવ પાંડવ પણ ઉત્તમ ગોવાળીયાનો વેષ ધારણ કરીને, તેનાજ જેવી ભાષા બોલતો વિરાટના શહેરમાં આવ્યો. ત્યાં રાજાના ઘરની પાસે ગાયોના રહેવાના સ્થાન પ્રત્યે જઇ ઉભો. તેને જોઇને આશ્ચર્યથી રાજાએ તેને બોલાવવા સારૂ પોતાના માણસોને કહ્યું કે, આ ગોવાળ સરખો ઉત્તમ પુરૂષ કોણ છે તેને બોલાવી લાવો ત્યારે તે માણસોએ રાજાના કહેવા પ્રમાણે જઇ તેને કહ્યું. સહદેવ રાજાની પાસે આવ્યો, પછી રાજાએ પૂછ્યું કે હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! તું કોનો પુત્ર છે, ક્યાંથી આવ્યો છે, અને શું કામ કરવા ઇચ્છે છે ? તે યથાર્થ કહે. એવી રીતે રાજાનાં વચન સાંભળી મેઘના સરખી ગંભીર વાણીથી સહદેવે કહ્યું કે, હું વૈશ્ય છું, પૂર્વે પાંડવોની ગાયોની રક્ષા કરતો હતો. હાલ તે રાજાઓમાં સિંહરૂપ પાંડવોને હું જાણતો નથી; તેથી હું તમારી પાસે આવ્યો છું; કારણ કે ઉદ્યમ કીધા વગર જીવાય નહિ અને તે વાસ્તે તમ વિના બીજો રાજા મને રૂચતો નથી. તે સાંભળી વિરાટે કહ્યું કે તું બ્રાહ્મણ, ક્ષત્રિય, વા પૃથ્વીનો કોઇ રાજા છે, એમ મને લાગે છે· માટે જે ખરેખરૂં હોય તે કહે. આ વૈશ્ય કર્મ તારે યોગ્ય નથી, એમ હું જાણું છું. તથાપિ તારે તે કામ કરવું હોય તો કહે કે તું ક્યા રાજાના દેશમાંથી અહિં આવ્યો ? અને શું કામ કરવામાં તું કુશળ છે ? તથા કેવી રીતે અમારી પાસે રહીશ, ને શું પગાર લઇશ તે પણ કહે. તે સાંભળી સહદેવે કહ્યું કે તંતિપાળ નામે હું, પાંડુરાજાના પાંચ પુત્રોમાં મ્હોટા ભાઇ યુધિષ્ઠિર રાજાની અગિયાર લાખ ગાયોના, એકેક સોના જુદા જુદા વર્ગોને પાળતો હતો તથા તેમની પરીક્ષા પણ કરતો હતો. દશ યોજનમાં તેઓનું ભૂત, ભવિષ્ય, વર્તમાન કંઇ પણ મારાથી છુપું રહેતું નહીં. એ મારા ગુણ મહાત્મા યુધિષ્ઠિર રાજા સારી રીતે જાણતા હતા; તેમ મેં પણ એમનેજ જોયા હતા. વળી હે વિરાટ રાજા ! થોડા વખતમાં ગાયોનો વધારો થાય અને તેઓને કંઇ પણ રોગ થાય નહીં એવી રીતનાં સાધનો હું જાણું છું. હે રાજન ! બળદોનાં પણ ઉત્તમ લક્ષણો હું જાણું છું. જે લક્ષણવાન બળદોનાં મૂત્ર સુંઘવાથી વંધ્યાને પણ પ્રસવ થાય. તે સાંભળી વિરાટે કહ્યું કે મારી એક લક્ષ ગાયો, એક વર્ણની તથા મિશ્રિત વર્ણની મળીને છે, ને તે પાળનારા સહિત હું તને સોપું છું, માટે હવે મારા પશુને તારો આશ્રય છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એવી રીતે પ્રજાના પાળક રાજાએ ગુણ જેના જાણ્યા છે એવો મનુષ્યમાં શ્રેષ્ઠ સહદેવ, સુખે કરી ત્યાં વિરાટને ઘેર રહ્યો. તેની ઇચ્છા પ્રમાણે રાજાએ પગાર પણ તેને ઠરાવી આપ્યો, પણ કોઈ મનુષ્યોએ તેને ઓળખ્યો નહીં.

तथा स राज्ञो विदितो विशांपते उवास तत्रैव सुखं नरोत्तमः
न चैनमन्योपि विदुः कथंचन प्रादाच्च तस्मै भरणं यथेप्सितं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि सहदेवप्रवेशे गुर्जरभाषायां दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો. અર્જુન પાવૈયો બન્યો.

वैशंपायन उवाच—अथापरो दृश्यतरूपसंपदा स्त्रीणामलंकारधरो बृहत्पुमान्
प्राकारवप्रे प्रतिमुच्य कुंडले दीर्घे च कंबु परिहाटके शुभे ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ત્યાર પછી જેણે સ્ત્રીના સરખા અલંકાર ધારણ કર્યા છે, કાનમાં મ્હોટાં કુંડળ પહેર્યાં છે તથા હાથમાં ચૂડા તથા સુવર્ણનાં કડાં જેને શોભે છે એવા મ્હોટા પુરૂષને કિલ્લા ઉપરથી લોકોએ જોયો: જેના ચાલવાથી પૃથ્વી કંપાયમાન થવા લાગી. તે હસ્તિ સરખો પરાક્રમી, અત્યંત તેજવાળો કોઇ મિષથી છુપું છે સ્વરૂપ જેનું એવા, તથા શત્રુને દમન કરનાર, મ્હોટા હાથવાળો ઇંદ્રનો પુત્ર અર્જુન, કેશ છુટા મૂકી, હાથ લાંબા રાખી, વિરાટ રાજાની સભા આગળ ઉભા. તેને જોઇને સભામાં બેઠેલા પોતાના માણસોને વિરાટે પૂછ્યું કે, મેં પૂર્વે સાંભળ્યો પણ નથી એવો આ પુરૂષ ક્યાંથી આવે છે? તે સાંભળી સર્વ સભાસદો અર્જુનને કંઇપણ પૂછી શક્યા નહીં ત્યારે આશ્ચર્ય પામી રાજાએ તેને પૂછ્યું કે, બળવાન, દેવની જેને ઉપમા અપાય એવો, શ્યામ યુવાવસ્થાવાન, હાથમાં ચૂડા તથા કંકણ જેણે પહેર્યાં છે, કુંડળ પહેરવાથી કાન જેના શોભે છે, તથા માથાના કેશ જેના છુટા છે એવો તું, જેમ ધનુષ્ય બાણ ધારણ કરનાર શોભે, તેમ શોભે છે. માટે વાહન ઉપર બેસી મારા સરખો અથવા મારા પુત્ર સરખો થઇને આ મારા રાજ્યમાં રહે. કારણ કે હું વૃદ્ધ થયો છું, તેથી રાજ્ય કારભારીઓને સોંપવાનો છું; માટે તુંજ હવેથી સમસ્ત મત્સ્ય દેશની રક્ષા કર. મારા મનને તો એમજ છે કે આવા તેજસ્વી પુરૂષો પાવૈયા હોયજ નહીં. તે સાંભળી અર્જુન બોલ્યો કે હે નરેંદ્ર! નૃત્ય તથા ગાયનમાં હું કુશળ છું. તેથી ગાઇશ, નૃત્ય કરીશ, વાદ્ય વગાડીશ માટે તમો તમારી કન્યા ઉત્તરાને આજ્ઞા આપો એટલે હું તેને નૃત્ય શીખવાડું. આ રૂપ મને જે કારણથી પ્રાપ્ત થયું છે, તે તમોને કહીને શું કરવું? કારણ જે કહ્યાથી કંઇ ફળ ન થાય, તો તે કહેવા શું ફળ? ઉલટો મનને શોક ઉત્પન્ન થાય. હે નરેંદ્ર! બૃહન્નલા નામે મને માબાપ વગરનો પુત્ર વા પુત્રી જાણ. તે સાંભળી વૈરાટે કહ્યું કે હે બૃહન્નલા! હું તને વર આપું છું. મારી કન્યા ઉત્તરાને તથા બીજી પણ તેની સખીયો જે હોય, તે સર્વને નૃત્ય શિખવ. પણ આ કામ તને યોગ્ય નથી, કારણ તું સમુદ્ર પર્યંત પૃથ્વીના રાજ્યને લાયક છે. વૈશંપાયન કહેછે—હે જનમેજય! નૃત્ય વાદિત્ર તથા સંગીતમાં કુશળ બૃહન્નલાને જોઇ, મંત્રીયો સાથે વિચાર કરીને પછી રાજાએ, તેની પાસે સ્ત્રિયો મોકલી, તેની પરીક્ષા કરી તેનું સ્થિર નપુંસકપણું જાણીને, તેને કન્યા પાસે અંતઃપુરમાં જવાનો હુકમ આપ્યો, જેથી તે અંતઃપુરમાં જઇ ઉત્તરાને, તેની સખિયોને તથા દાસીઓને પણ નૃત્ય, ગીત તથા વાદિત્ર વગાડતાં શિખવવા લાગ્યો. જેથી તે કન્યાઓની પણ તેની ઉપર પ્રીતિ થઇ એવી રીતે છુપા વેષથી, મન જેનું વશ છે એવો અર્જુન તે કન્યાઓ સહિત રાજાનું પ્રિય કરતો ત્યાં રહ્યો, પણ બહારના તથા અંતઃપુરના કોઇપણ મનુષ્યો તેને ઓળખી શકયા નહીં.

तथा स सत्रेण धनंजयो वसन् प्रियाणि कुर्वन् सहताभिरात्मवान्
तथा च तं तत्र न जज्ञिरे जना बहिश्चरावाप्यथ चांतरेतरा: ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि अर्जुनप्रवेशो नाम गुर्जरभाषाया मेकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો. નકુળ અશ્વપાળ બન્યો.

वैशंपायन उवाच—अथापरो दृश्यत पांडवःप्रभुर्विराटराजं तरसा समेयिवान्
तमा पतंतं ददृशे पृथग्जनो विमुक्तमभ्राद्विव सूर्यमंडलं ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! હવે બીજો સમર્થ નકુળ નામનો પાંડવ વેગથી વિરાટ પાસે આવવા લાગ્યો. તેને ગરીબ લોકોએ વાદળ માંથી નિકળતા સૂર્યમંડળ સરખા તેજવાળો જોયો. પછી ચાબુકસ્વારના જેવો વેષ છે જેનો એવો નકુળ પાંડવ, તે શહેરમાં ફરતો ફરતો વિરાટ રાજાની અશ્વશાળા પાસે જઇને, ચોતરફથી ઘોડાઓને જોવા લાગ્યો. તેને જોઇને વિરાટ રાજાએ પોતાના ચાકરોને પૂછ્યું કે, દેવની ઉપમા અપાય એવો આ પુરૂષ ક્યાંથી આવે છે? એ સારી રીતે મારા ઘોડાઓને જુએ છે, માટે નિશ્ચે ઘોડાઓને ઓળખવામાં વિચક્ષણ હશે, તેથી તે શૂરવીર દેવ સરખા પુરૂષને જલદીથી મારી પાસે બોલાવી લાવો. તે સાંભળી તરત જ ચાકરોએ તેને જઇને કહ્યું કે તમને અમારા રાજા બોલાવે છે. એવી રીતનાં તે ચાકરોનાં વચન સાંભળી મહા શૂરવીર શત્રુને જીતનારા નકુળે તેજ વખતે રાજા પાસે આવી કહ્યું કે હે પૃથ્વીના પતિ! તારૂં કલ્યાણ થાઓ. હે રાજા! હું ઘોડાઓને શિખવવામાં ઘણો કુશળ છું તેથી આપની ઇચ્છા હોય તો ઘોડાઓને શીખવવા વાસ્તે, તથા તેમની પરીક્ષા વાસ્તે, આપનો ચાબુકસ્વાર થઇને રહું. તે સાંભળી વિરાટે કહ્યું કે હું તને વાહન, ધન તથા રહેવાનું સ્થાનક આપું છું. કારણ તું ઘોડાઓની રક્ષા કરવા યોગ્ય છે. પણ હું તને પૂછું છું કે, તું ક્યાંથી આવ્યો છે, કોનો પુત્ર છે, શું યથાર્થ વિદ્યા જાણે છે અને તારૂં અહીં આવવું કેમ થયું? તે યથાર્થ કહે. તે સાંભળી નકુળે કહ્યું કે હે શત્રુનો નાશ કરનાર! પાંડુ રાજાના પાંચ પુત્રોમાં મ્હોટા યુધિષ્ઠિર રાજાએ ઘોડાઓના કામમાં મારી યોજના કરી હતી. તેથી હું ઘોડાઓની જાતને ઓળખું છું, તેઓને શિક્ષા કરી જાણું છું તથા કોઇ ખરાબ ઘોડા હોય તેના દોષ ટાળવાનો ઉપાય તથા તેઓનો રોગ ટાળવાનો ઉપાય પણ જાણું છું. મારૂં શિખવેલું વાહન ક્યારે પણ ભય પામે નહીં. મારી શિખવેલી ઘોડી કોઇ ખરાબ હોય નહીં, ત્યારે ઘોડા તો ક્યાંથીજ ખરાબ હોય! તેથી પાંડવ એવા યુધિષ્ઠિર રાજા, ગ્રંથિક એટલે અશ્વશાસ્ત્ર જાણનાર, એ નામથી મને બોલાવતા હતા. તે સાંભળી વિરાટે કહ્યું કે, જે જે મારા ઘોડાઓ તથા વાહનો છે તે આજથી તારે આધીન છે, ને જે મારા ઘોડાઓના પ્રાચીન શિક્ષકો તથા સારથિયો છે. તે સર્વનો હું તને અધિષ્ઠાતા કરૂં છું. એ રીતે કહી ફરીથી વિરાટે કહ્યું કે, હે દેવની ઉપમા લાયક! મને તો તું રાજા જેવો લાગે છે, તેથી અશ્વ સંબંધી કામ તને યોગ્ય નથી. તથાપિ તે તને ઇષ્ટ હોય તો શું દરમાયો લઇશ? તે કહે. તને જોયાથી યુધિષ્ઠિર રાજાને જોયા જેટલો મને આનંદ થાય છે. તે પ્રશંસા કરવા લાયક પાંડવ યુધિષ્ઠિર, ચાકર વગર કેવી રીતે વનમાં રહેતા હશે? વૈશંપાયન કહે છે—હે જનમેજય! વિરાટ રાજાએ પ્રસન્નતાથી જેનો સત્કાર કર્યો છે એવો ગંધર્વ સરખો રૂપવાન તથા યુવાવસ્થાવાન નકુળ, પ્રસન્ન થઇ ત્યાં રહ્યો, પણ કોઇએ તેને ઓળખ્યો નહીં. એવી રીતે સફળ જેનું દર્શન છે એવા, સમુદ્ર પર્યંત પૃથ્વીના પતિ, તથા અતિ દુઃખિત પાંડવોએ સાવધાન થઇને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વિરાટના શહેરમાં અજ્ઞાતવાસ કર્યો.

एवं हि मत्स्यं न्यवसंत पांडवा यथा प्रतिज्ञाभिरमोघदर्शना:
अज्ञातचर्यां व्यचरन् समाहिता: समुद्रनेमीपतयोतिदु:खिता: ॥

इति श्रीमहाभारते विराटपर्वणि पांडवप्रवेशपर्वणि नकुलप्रवंशे गुर्जर-भाषायां द्वादशोऽध्याय: ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો. ભીમ જિમૂતનું મલ્લયુદ્ધ.

समयपालनपर्व.

जनमेजय उवाच—एवं ते मत्स्यनगरे प्रच्छन्ना: कुरुनंदना:
अत ऊर्ध्वं महावीर्या: किमकुर्वंत वै द्विज ॥

જનમેજય પૂછે છે—હે વૈશંપાયન ઋષિ! એવી રીતે વિરાટના શહેરમાં છુપો વાસ જેમણે કર્યો છે એવા મહા પરાક્રમી પાંડવોએ ત્યાં રહી શું કર્યું? તે તમે મને કહો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે વિરાટના શહેરમાં તેને ખુશી કરતા અને છુપો વાસ કરનારા પાંડવોએ ત્યાં શું કર્યું? તે સાંભળ—તૃણબિંદુના તથા મહાત્મા ધર્મરાજાના પ્રસાદથી વિરાટના શહેરમાં પાંડવો છુપો વાસ કરીને રહ્યા, અને કેવી રીતે ત્યાં વતવા લાગ્યા, તે કહું છું. હે જનમેજય! યુધિષ્ઠિર રાજા તો પુત્ર સહિત વિરાટ રાજાના તથા તેના પ્રધાનોના પણ પ્રિય એવા સભાસદ થયા. પાસાના તત્વને જાણનાર યુધિષ્ઠિર, પાસાની વિદ્યામાં પોતાની ઈચ્છા પ્રમાણે જેમ સૂત્રથી બાંધેલાં પક્ષિયોને રમાડે તેમ તેઓને રમાડતા. વળી પુરૂષમાં સિંહરૂપ યુધિષ્ઠિર, વિરાટ રાજા ન જાણે તેમ પાસાની રમતમાં ધન મેળવીને, ભાઇયોને યોગ્યતા પ્રમાણે આપતા હતા. ભીમસેન પણ, વિરાટને પીરસતાં વધેલા નાના પ્રકારના લાડુ આદિ પકવાનો તથા માંસ વિગેરે યુધિષ્ઠિરને આપતા હતા. તેમજ અર્જુન પણ, અંતઃપુરમાંથી મળેલાં જુનાં વસ્ત્રો વેચીને સર્વ ભાઇયોને ધન આપતા હતા અને જેણે ગોપનો વેષ ધારણ કર્યો છે એવો સહદેવ પાંડવ પણ દહીં, દૂધ, ઘી ઇત્યાદિ પદાર્થો ભાઇયોને આપતો હતો. નકુળ પણ, ઘોડાઓનું કામ કરે તેથી પ્રસન્ન થઇ રાજા ધન આપે તે ભાઇયોને આપતો. વળી તપસ્વિની દ્રૌપદી પણ, પોતાના સ્વામિયોને જોતી કોઇ ન જાણે તેવી રીતે ત્યાં રહેતી હતી, એ રીતે પરસ્પર એક બીજાનું કાર્ય કરતા અને છુપું રહેવાથી તથા પારકી નોકરીના શ્રમથી ફરીથી ગર્ભમાં રહ્યા હોય તેની પેઠે દુઃખિત એવા મહારથિ પાંડવો, વિરાટના શહેરમાં ફરતા હતા. ત્યાં પણ દુર્યોધનથી ભય પામીને ચાલતા હતા; અને છુપી રીતે દ્રૌપદીની તપાસ રાખતા હતા. હવે પાંડવો ત્યાં રહ્યા પછી ચોથે મહિને, તે મત્સ્ય દેશના પુરૂષોએ માનેલો બ્રહ્માનો મ્હોટો ઉત્સવ આવ્યો. હે જનમેજય! જેમ બ્રહ્માના સમાજમાં બ્રહ્મલોકને વિષે તથા શિવના સમાજમાં કૈલાસને વિષે દેવતાઓ આવે, તેમ તે ઉત્સવમાં મ્હોટી કાયાવાળા, મહા પરાક્રમી, કાલખાંજ નામના અસુરો સરખા, બળથી ઉન્મત્ત, સિંહના સરખા છે ખભા, કેડ તથા ડોક જેની તથા શરીરમાં મેલ જેને છે નહીં એવા પ્રસન્ન મનવાળા તથા રાજાની સાનિધ્ય વારંવાર જય પામેલા હજારો મલ્લ ચારે દિશામાંથી ત્યાં આવ્યા તેઓમાં જીમૂત નામે પ્રખ્યાત પરાક્રમવાળો એક મ્હોટો મલ્લ હતો, તે યુદ્ધસ્થાનમાં જઇને બોલ્યો કે અરે! કોઇ મારી

સામે આવો. તે સાંભળી હજારો મલ્લમાંથી કોઇ પણ તેની સામો જઇને ઉભો નહીં. ત્યારે વિરાટ રાજાએ કહ્યું કે આપણા રસોઇયાને એની સાથે યુદ્ધ, કરાવશું એમ કહી તેને બોલાવ્યો. ત્યારે ભીમસેનનું મન, રાજાને ના પણ કહી શકાય નહીં અને કદી યુદ્ધમાં મલ્લને મારીશ તેથી કોઇ ઓળખી જશે, એવા વિચારથી બહુજ દુઃખિત થયું. પણ તેનું સમાધાન કરી પુરૂષોમાં પરાક્રમી ભીમસેન, સિંહની પેઠે ધીરેથી ચાલતો ચાલતો યુદ્ધસ્થાનમાં આવ્યો, અને વિરાટને કહ્યું કે હે મહારાજ ! આપના હુકમથી હું યુદ્ધ કરવા આવ્યો છું. એમ કહી કચ્છ બાંધવા લાગ્યો. તેને જોઇ ત્યાં બેઠેલા માણસો હસવા લાગ્યા જે, આ રસોઇ કરનાર તે શું લડશે ! પછી વૃત્રાસુર સરખા જીમૂત નામના મલ્લને યુદ્ધસ્થાનમાં ઉભા રહી ભીમસેનને બોલાવ્યો એટલે ત્યાં તેજ વખતે તે આવી ઉભો રહ્યો. પછી પરમ હર્ષિત, પરસ્પર જયની ઇચ્છાવાળા, મ્હોટો જેઓને ઉત્સાહ છે એવા, સાઠ વર્ષના મદોન્મત્ત હસ્તિની પેઠે મોટી કાયા તથા ભયંકર પરાક્રમવાળા તથા મનુષ્યમાં સિંહરૂપ તે બેઉ જણા બાહુ યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે વજ્ર તથા પર્વતના સંબંધથી જેવો ભયંકર શબ્દ થાય તેવો શબ્દ થવા લાગ્યો. એવી રીતે તે બેઉ જણા પરસ્પર પેચ કરવા, તેથી મૂકાવવું, એક બીજાના હાથ ઝાલવા, અંગ લગાડવું, પાછું જૂદા થવું, પૃથ્વી ઉપર પાડીને મસળવું ઉભા થઇને સામાના અંગનું મથન કરવું, હડથાં સ્થાન ઉપરથી છેટે ફેંકવું, છાતીમાં બે હાથે કરી મુક્કી મારવી, મસ્તક હેઠે રહે તેવી રીતે ખભા ઉપર ચઢાવી હેઠે પછાડવું, વજ્ર સરખી થપાટ મારવી, આંગળીઓ પરસ્પર મેળવવી, સરખી દૃઢ આંગળી રાખી તેના નખ મારવા, સામે જઇને પાટુ મારવા, ઘુંટણમાં ઘુંટણ તથા માથામાં માથું મારવું, ખેંચીને પોતાની આગળ લઈ આવવો, સ્હેજમાં ઝાલીને ઉભા ઉભા એક બીજાને પછાડવા તથા પડખે ફેરવવા, વેગથી પછવાડે પાડી નાખવું તથા પરસ્પર ખેંચવું ઇત્યાદિ મલ્લવિદ્યાની ક્રિયાઓથી, પરસ્પર મ્હાંટા શબ્દોથી તિરસ્કાર કરતા યુદ્ધ કરતા હતા. તેમાં જે વખતે એકનો જય દીઠામાં આવે, ત્યારે જોનાર માણસો મ્હોટો શબ્દ કરી જોવા ઉભા થતા હતા. એવી રીતે શૂરવીર પુરૂષોના સમાજની સમક્ષ, લોઢની ભોગળ સરખા હાથથી શસ્ત્ર વગરનું બેઉનું યુદ્ધ, વૃત્રાસુર ને ઇંદ્ર સરખું ભયંકર થતું હતું. પછી શત્રુને મારનાર ભીમસેને, મ્હોટા શબ્દ કરનાર હસ્તિને જેમ સિંહ પકડે, તેમ તે જીમૂતને બે હાથથી ઝાલીને ખેંચ્યો, અને ફરીથી તેને ઝાલીને ફેરવ્યો. તે જોઇને બીજા મલ્લ તથા રાજાઆદિ મત્સ્ય દેશના મનુષ્યો પણ આશ્ચર્ય પામ્યા. વળી ફરીથી સો વખત ફેરવીને, ભીમે તેને પૃથ્વી ઉપર પછાડ્યો અને મસળ્યો તેથી તે મલ્લ જ્ઞાન રહિત તથા અચેતન થઇ ગયો. એવી રીતે શૂરવીર અને લોકમાં વિખ્યાત જીમૂતને ભીમસેને માર્યો, તેને જોઇ બાંધવો સહિત વિરાટ રાજા ઘણા ખુશી થયા. પછી ઉદાર ચિત્તવાળા વિરાટે, ત્યાં રંગસ્થાનમાંજ પોતાની રસોઇ કરનાર ભીમસેનને કુબેરની પેઠે ઘણુંક ધન આપ્યું. એવી રીતે ભીમસેને બીજાપણ કેટલાક મલ્લો તથા મહા બળવાન પુરૂષો માર્યા હતા, તેથી વિરાટ રાજા તેની ઉપર ઘણાજ ખુશી રહેતા હતા. પછી તેના સરખો પુરૂષ તો કોઇ તેની સાથે યુદ્ધ કરનાર રહ્યો નહીં, ત્યારે વાઘ, સિંહ તથા હસ્તિયો સાથે વિરાટ રાજા તેને લડાવતા હતા. હવે અર્જુન પણ, ગાવું, નૃત્ય કરવું ઇત્યાદિ કળામાં કુશળતાથી, વિરાટ રાજા તથા અંતઃપુરની સ્ત્રીઓને પ્રસન્ન કરતા હતા. નકુળે પણ ઘોડાઓને સારી રીતે સુધાર્યા તે જોઇ વિરાટ રાજાએ તેને પણ ઘણુંક ધન આપ્યું.

સહદેવે બળદોને સુધાર્યા, એટલે તે વિનયવાન બળદોને જોઇને રાજાએ તેને પણ અનેક પ્રકારનું ધન આપ્યું પણ દ્રૌપદી મહારથિ એવા પોતાના સ્વામિયોને કલેશ પામતા જોઇને, દુ:ખિત મનથી નિશ્વાસ નાખતી હતી. એ રીતે પુરૂષોમાં શ્રેષ્ઠ પાંડવો વિરાટ રાજાનાં કામ કરતાં ત્યાં છુપા રહ્યા હતા.

एवं ते न्यवसंस्तत्र प्रच्छन्नाः पुरुषर्षभाः
कर्माणि तस्य कुर्वाणा विराट नृपतेस्तदा ॥

इति श्रीमहाभारते विराटपर्वणि समयपालनपर्वणि जीमूतवध गुर्जर-भाषायां त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો. દ્રૌપદી જોઈ કીચકને લાગેલી મોહિની.

कीचकवधपर्व.

वैशंपायन उवाच—वसमानेषु पार्थेषु मत्स्यस्यनगरे तदा
महारथेषुच्छन्नेषु मासादशसमत्ययुः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ પ્રમાણે વિરાટના શહેરમાં છુપી રીતે પાંડવોને રહેતાં દશ માસ વીતિ ગયા. હવે ચાકર તથા દાસિયોને લાયક દ્રૌપદી, દુ:ખે કરીને વિરાટની સ્ત્રીની એવી રીતે સેવા કરતી હતી કે, જેથી રાણી સુદેષ્ણા તથા બીજી અંત:પુરની સ્ત્રિયો પણ હંમેશ તેની ઉપર ખુશી રહેતી. પછી વર્ષ પૂરૂં થવા આવ્યું, તેટલામાં વિરાટનો સેનાધિપતિ મહા બળવાન કીચક દેવ ગર્ભ સરખી દ્રૌપદીને જોઇને, કામદેવના બાણુથી પીડાતો થકો તેની કામના વરતે સુદેષ્ણા પાસે જઇને, આવી રીતે કહેવા લાગ્યો કે, હે સુદેષ્ણા! પૂર્વે ક્યારે પણ આ સુંદર સ્ત્રી મેં વિરાટના ઘરમાં જોઇ ન હતી, તે ગંધે કરીને ઉત્તમ મદિરાની પેઠે પોતાના રૂપથી મને ઉન્માદ કરતી હોય નહીં જાણે, એવી હૃદયને ગમનારી અને દેવતા સરખી રૂપવાળી કોણ છે? અને ક્યાંથી આવી છે? એ મારા ચિત્તને મંથન કરી મને વશ કરે છે માટે આ રોગનું એ સ્ત્રી વિના બીજું કાંઇ પણ ઓંષધ નથી હે સુદેષ્ણા! આ ઉત્તમ રૂપવાળી તારી દાસી છે એમ મને ભાસે છે, પણ એને દાસીપણું કરવું યોગ્ય નથી તેથી એ મને આગ્રા કરે તો, હાથી ઘોડા, રથ, માણસો તથા સમૃદ્ધિવાળું, ખાવા પીવાનું જેમા ઘણું છે તથા સોનાનાં વિચિત્ર પ્રકારનાં ભૂષણો જેમાં છે એવું મનોહર મારૂં ઘર આવીને શોભાવે આ પ્રમાણે સુદેષ્ણાને કહી, તેને પૂછી, દ્રૌપદી પાસે જઇને, જેમ શિયાળ સિંહની કન્યાની ઇચ્છા કરે, તેમ તેની સાંત્વના કરતાં કહેવા લાગ્યો કે,—હે શ્રેષ્ઠ મુખવાળી! હે સુંદરી! તું કોણ છે અને ક્યાંથી આ વિરાટના શહેરમાં આવી છે? તે મને કહે. તારૂં રૂપ, કાંતિ તથા સુકુમારપણું ઘણું ઉત્તમ છે; અને કાંતિએ કરીને તારૂં નિર્મળ મુખ ચંદ્ર સરખું શોભે છે. હે રૂડી ભ્રકુટીવાળી! તારાં નેત્ર મોટા કમળપત્ર સરખાં છે, તારૂં વચન પણ કોકિલના સરખું મધુર છે. હે સુંદરી! હે રૂડા કટિપ્રદેશ ભાગવાળી! તારા સરખા રૂપવાળી કોઇ પણ સ્ત્રી પૂર્વે પૃથ્વીમાં મેં જોઇ નથી. હે શ્રેષ્ઠ મુખવાળા! હે રૂડા મધ્ય ભાગવાળી! કમળપર રહેનારી લક્ષ્મી, વિભૂતિ, લજ્જા, કીર્તિ તથા કાંતિ, એમાંથી તું કોણ છે! તું ચંદ્રમાની કાંતિ સરખી અ-

ત્યંત શોભે છે, કાંતો કામદેવની સ્ત્રી રતિ છે! અને કંઇક પાંપણ ઉઘાડવારૂપી ચંદ્રિકાથી શોભતો, દિવ્ય કાંતિવાળો, તથા જેને કોઇની ઉપમા અપાય નહીં એવું તારૂં મુખચંદ્ર જોઇને, સર્વ જગતમાં કોણ કામને વશ ન થાય! હે સુંદર હાસ્યવાળી! હાર તથા અલંકારને યોગ્ય, અત્યંત શોભાયમાન, ઉન્નત વર્તુલાકાર તથા કમળના કોશ સરખા તારા ગાઢા સ્તન, કામદેવના ચાબખાની પેઠે મને દુઃખ આપે છે. હે સૂક્ષ્મ મધ્ય ભાગવાળી! ત્રિવલ્લીથી શોભિતું, સ્તનના ભારે નમેલું. તથા અતિ સૂક્ષ્મ તારૂં મધ્ય શોભે છે. હે ભામિનિ! નદીના તટ સરખા વિસ્તીર્ણ તારા કટિપશ્ચાદ્ભાગ જોઇને, કામરૂપી અસાધ્ય રોગ મને પીડે છે. તારા સમાગમના સંકલ્પથી વૃદ્ધિ પામેલો કામાગ્નિ દાવાનળની પેઠે નિર્દય થઇ મને બાળે છે, તેને તારા આત્માના દાનરૂપી વૃષ્ટિઓ અને તારા સમાગમ રૂપી મેઘથી સમાવ. હે ચંદ્ર સરખા મુખવાળી! મારા ચિત્તને ઉન્માદ કરનારા અને તારા સમાગમની આશાથી અતિ તીક્ષ્ણ કામદેવનાં બાણ મારા હૃદયને ભેદ કરી અંદર પેઠાં છે. તેને તું તારા આત્માના દાનવડે તથા સંભોગથી ઉદ્ધાર કરવાને લાયક છે. હે વિલાસિની! વિચિત્ર પ્રકારનાં વસ્ત્રો તથા પુષ્પની માળાઓ ધારણ કરી, સર્વ આભરણ પહેરી, ઇચ્છા પ્રમાણે મારી સાથે વિલાસ કર. સુખને લાયક તું દાસીપણાના દુઃખને સેવવા યોગ્ય નથી. હે ગજગામિનિ! તું મારા થકી ઉત્તમ સુખ ભોગવ. હે ભામિનિ! તું અમૃત સરખા મધુર કેટલાક પીવાના પદાર્થો, વિચિત્ર પ્રકારના ભોગ, ઉત્તમ સૌભાગ્ય તથા સર્વ વસ્તુને મારા ઘરમાં રહ્યાથી પામીશ. હે ભામિનિ! આ તારી યુવાવસ્થા આ ટાણે નિષ્ફળ જાય છે, હે સુંદરી! ઉત્તમ ફૂલની માળાની પેઠે, કોઇએ ધારણ કર્યા વગરની તું શોભતી નથી, માટે મારા ઘરમાં આવ. હું પૂર્વની સ્ત્રિયોને ત્યાગ કરૂં, અને તેઓ તારી દાસિયો થઇને રહે. હે શ્રેષ્ઠ મુખવાળી! હું પણ તારો દાસ થઇને સદા તારે વશ રહીશ. એવાં તેનાં વચન સાંભળીને દ્રૌપદીએ કહ્યું હે સૂતપુત્ર! હું હલકી જાતની, રાજસ્ત્રીના કેશ સમા કરનારી દાસી છું, તેથી તારે ઇચ્છા રાખવા લાયક નથી; અને વળી પરસ્ત્રી છું, તેથી પણ તારે ઇચ્છા રાખવી યોગ્ય નથી. તારૂં કલ્યાણ થાઓ! તારે આમ કહેવું યોગ્ય નથી! કારણ સર્વ પ્રાણિયોને પોતાની સ્ત્રીઓ પ્રિય છે માટે ધર્મ શું છે તે સમજ. પરસ્ત્રીને વિષે ક્યારે પણ કોઈ રીતે તારે બુદ્ધિ કરવી નહીં. કારણ ન કરવા લાયક કર્મ ત્યાગ કરવું, એજ રૂડા પુરૂષોનું વ્રત છે; અને કોઇ પાપી મોહથી ખરાબ કામ કરે છે, તો તે જગતમાં મ્હોટા અપયશને પામે છે, વખતે મરણ પણ પામે છે. વૈશંપાયન કહે છે-હે જનમેજય! એ રીતે સૈરંધ્રીનો વેષ ધારણ કરનાર દ્રૌપદીએ તેને કહ્યું, અને પોતે પણ પરસ્ત્રીને સ્પર્શ કરવામાં પ્રાણને હરનાર તથા સર્વ લોકોએ નિંદા કરેલા કેટલાક દોષો છે, એમ જાણે છે, તો પણ કામ વશ થયેલો તથા ઇંદ્રિયો જેણે જીતી નથી એવો અત્યંત દુર્બુદ્ધિમાન કીચક, ફરીથી દ્રૌપદીને કહેવા લાગ્યો કે હે સુંદરી! કામ વશ તથા પ્રિય વચન બોલનાર એવો હું, તેને તું નિષેધ કરવા યોગ્ય નથી. કદી આ વખત મારો નિષેધ કરીશ, પણ પછી તને નિશ્ચય પશ્ચાત્તાપ થશે. કારણ આ વિરાટના રાજ્યનો પણ અધિષ્ઠાતા તથા ચલાવનાર હું છું, અને મારા જેવું પરાક્રમ, રૂપ તથા સૌભાગ્ય પૃથ્વીમાં ક્યાંય પણ નથી. તેમ નાના પ્રકારના ભોગ ભોગવનાર પણ મારા સરખો કોઇ પુરૂષ નથી. હે કલ્યાણિ! તને યોગ્ય નહીં તેવું દાસીપણું શું કરવા કરે છે? માટે મને ભજ અને ઉત્તમ ભોગ ભોગવ. આ રાજ્ય પણ તારૂંજ છે એમ જાણ. એ રીતે કીચકે કેટલાંક અશુભ વચનો

કહ્યાં, ત્યારે સતી દ્રૌપદી, તેના વચનની નિંદા કરતી તેને કહેવા લાગી કે,—હે સૂતપુત્ર ! તું મોહ મૂકી દે, નહીં તો તારૂં જીવિત ભંગ થશે; કારણ ભયંકર એવા પાંચ જણ હંમેશ મારી રક્ષા કરે છે, તેથી હું તને પ્રાપ્ત થાઉં એમ નથી. વળી તેઓ મારા પતિ ગંધર્વો કોપશે તો તને મારી નાંખશે, માટે ફોકટ મરણ શું કરવા માગી લે છે? પુરૂષોથી જઇ શકાય નહીં એવા માર્ગ પ્રત્યે તું જવાને ઇચ્છે છે ! જેમ શક્તિ વગરનો બાળક, નદીના તીર ઉપર ઉભો રહી તીર પ્રત્યે જવાને ઇચ્છે છે, તેમ મંદ બુદ્ધિવાળો તું પણ તેમ કરવાને ઇચ્છે છે ! પૃથ્વીની નીચે વા ઉપર અથવા સમુદ્ર ઉલ્લંઘન કરી પેલે પાર જઇશ, તોપણ અત્યંત વિરોધી દેવતાના પુત્ર, આકાશમાં ફરનાર ગંધર્વો તને છોડશે નહીં માટે હે કીચક ! તું મોહ મૂકી દે. જેમ માના ખોળામાં સૂતેલો છોકરો ચંદ્રને લેવાની ઇચ્છા કરે, તેમ તું મને ઇચ્છે છે ! વળી જેમ કોઇ નજીક આવેલો કાળરાત્રિને ઇચ્છે, તેમ તું આ વખતે મારી અત્યંત પ્રાર્થના શું કરે છે ! તે પ્રસિદ્ધ ગંધર્વની હું સ્ત્રી છું તેથી મારી પ્રાર્થના કરીશ, તો તેઓ પૃથ્વી તથા સ્વર્ગમાં જ્યાં તું જઇશ ત્યાં આવી તને મારી નાં-ખશે. ત્યાં પણ કોઇ તારૂં રક્ષણ કરી નહીં શકે, માટે હું કહું તેમ કર, જેથી તારા જીવિ-તનો બચાવ થાય. નહીં તો તે ખરાબ કામથી તું મરણ પામીશ.

तेषां प्रियां प्रार्थयतो न ते भुवि गत्वा दिवं वा शरणं भविष्यति
न वर्तते कीचक ते दृशा शुभं याते न संजीवनमर्थयेतसा ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि कीचककृष्णासंवादे गुर्जरभाषायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો. સુદેષ્ણા ને દ્રૌપદી.

वैशंपायन उवाच—प्रत्याख्यातो राजपुत्र्या सुदेष्णां कीचकोऽब्रवीत्
अमर्यादेन कामेन घोरेणाभिः पारप्लुतः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે રાજપુત્રી દ્રૌપદીએ વાર્યો ત્યારે ભયંકર અને મર્યાદા રહિત કામે કરી વ્યાપ્ત થયેલો એવો કીચક, સુદેષ્ણા પ્રત્યે કહેવા લાગ્યો કે હે સુદેષ્ણા ! જે રીતે હસ્તિના સરખી ચાલવાળી સૈરંધ્રા મારી પાસે આવે, અને મને ભજે એવો ઉપાય કર, નહીં તો મોહ થકી હું મારો પ્રાણ ત્યાગ કરીશ વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે કીચક ઘણુંક બોલવા લાગ્યો, ત્યારે તેનાં વચન સાંભળી વિરાટની સ્ત્રી સુદેષ્ણાએ દયાયી પોતાના મનમાં તે વિષે વિચાર કરી કીચકને કહ્યું કે, કોઇ પર્વણીને વિષે સુદેષ્ણા વાસ્તે આ હું કરાવું છું એમ કહી અન્ન તથા મદિરા તૈયાર કરાવી મને ખબર કરજે, એટલે મદિરા લેવા વાસ્તે હું એને તારી પાસે મોકલીશ. ત્યારે તું જ્યાં કોઇ મનુષ્ય ન હોય એવે સ્થાનકે જો તે માને તો, તારી ઇચ્છા પ્રમાણે સાં-ત્વના કરી તેને સમજાવજે વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે પોતાની બહેન સુદેષ્ણાએ કહ્યું, ત્યારે કીચકે રાજાને યોગ્ય એવી સુરા તૈયાર કરાવી, તથા નાના પ્રકારનાં કેટલાંક અન્ન પણ, પાકકર્મમાં કુશળ એવા રસોઇયાને બોલાવી તૈયાર કરાવીને, સુદેષ્ણાને કહેવરાવ્યું. ત્યારે સુદેષ્ણાએ દ્રૌપદીને કહ્યું કે હે સૈરંધ્રિ ! હે કલ્યાણિ ! ઉઠી થા ને કીચ-

કને ઘેર જા, અને ત્યાંથી મને તૃષા લાગી છે, માટે મદિરા લઇ આવ. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે હે રાજપુત્રિ! હું તેના ઘર પ્રત્યે નહીં જાઉં, કારણ તે નિર્લજ્જ છે, તે તું સારી રીતે જાણે છે માટે હે સુંદર અંગવાળી! હું તારા ઘરમાં રહું છું, પણ ઇચ્છા પ્રમાણે વર્તનારી અને વ્યભિચાર કરનારી નહીં થાઉં. હે ભામિનિ! જે વખત હું આ ઘરમાં આવી, તે વખતજ મેં ઠરાવ કરેલો છે તે તું જાણે છે. માટે હે સુંદરિ! કામને વશ તથા મૂઢ કીચક મને જોઇ મારો તિરસ્કાર કરશે, તેથી હું ત્યાં જાઇશ નહીં. હે રાજપુત્રિ! તારે વશ એવી ત્યાં મોકલવા લાયક ઘણીક સ્ત્રીઓ છે, માટે ત્યાં બીજીને મોકલ. તારૂં કલ્યાણ થાઓ! મને તે તિરસ્કાર કરશે! તે સાંભળી સુદેષ્ણા બોલી કે, અહિંથી હું તને મોકલું છું તેથી તે તિરસ્કાર નહીં કરે, એમ કહી તેણે ઢાકણા સહિત સોનાનું પાત્ર તેના હાથમાં આપ્યું. પછી ભયયુક્ત થયું છે અંતઃકરણ જેનું તથા દૈવને શરણ થયેલી દ્રૌપદી રૂદન કરતી કીચકના ઘર પ્રત્યે જવા લાગી. જતાં જતાં રસ્તામાં મન સાથે બોલી કે હે મારા સ્વામિયો વગર કોઇ પણ પુરૂષને હું જાણતી નથી, એ મારી સત્યતાથી, ત્યાં ગયાથી પણ તે કીચક મને વશ ન કરો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી બે ઘડી સુધી તેણે રસ્તામાં સૂર્યનું ઉપસ્થાન કર્યું. તેથી સૂર્યે તેના મનનો અભિપ્રાય જાણીને તેની રક્ષા વાસ્તે એક રાક્ષસને મોકલ્યો, તે કોઇના જોવામાં ન આવે તેવી રીતે દ્રૌપદીની સાથે રહ્યો હતો. હવે ને મૃગલીની પેઠે અત્યંત ત્રાસ પામતી અને પાસે આવીને ઉભેલી દ્રૌપદીને જોઇને, નાવ પામી સમુદ્ર પાર ગયેલાની પેઠે હર્ષિત થઇ કીચક ઉભો થયો.

तां मृगीमिव संत्रस्तां दृष्ट्वा कृष्णां समीपगां
उदतिष्ठनमुदासूतो नावं लब्ध्वेव पारगः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीसुराहरणे गुर्जरभाषायां पंचदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો. દ્રૌપદીએ વિરાટને કરેલી અરજ.

कीचक उवाच—स्वागतं ते सुकेशांते सुव्युष्टा रजनी मम
स्वामिनीत्वमनुप्राप्ता प्रकुरुष्व मम प्रियं ॥

કીચક કહે છે—હે રૂડા કેશના અગ્ર ભાગવાળી! ભલે તું આવી, આજ મારી રાત્રી સારી જશે. કારણ તું મને સ્વામિની પ્રાપ્ત થઇ માટે મારૂં પ્રિય કરજે. આ સુવર્ણની માળાઓ, કડાં મ્હોટા શહેરોમાં બનાવેલાં સુવર્ણનાં કુંડળ શ્વેત કુંડળ, મણિજડિત સુંદર રત્ન, કેટલાંક રેશમી વસ્ત્ર, મૃગનાં ચર્મ અને તારે વાસ્તે તૈયાર કરાવેલી આ ઉત્તમ મારી શય્યા છે; માટે મારી સાથે શય્યામાં આવ અને મહુડાંની મદિરાનું પાન કર. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે મને તો સુદેષ્ણાએ મદિરા લેવા માટે તારી પાસે મોકલી છે, ને કહ્યું છે કે મને તૃષા લાગી છે, તેથી જલદી લઇ આવ. તે સાંભળી કીચકે કહ્યું કે હે કલ્યાણ! સુદેષ્ણાના કહેવા પ્રમાણે મદિરા બીજી સ્રિયો લઇ જશે, એમ કહી તેના જમણા હાથને તેણે સ્પર્શ કર્યો. ત્યારે દ્રૌપદી બોલી કે, જો હું ક્યારે મને કરીને પણ વ્યભિચાર ન

કરતી હોઉં તો તે મારી સત્યતાથી, આ મને ખેંચનારા પાપીને વશ ન થાઉં ! વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી કીચકે, મ્હોટાં નેત્રવાળી તથા પોતાનો તિરસ્કાર કરતી દ્રૌપદીને જોઇને, તેના ખભા ઉપરનું વસ્ત્ર ઝાંલ્યું. ત્યારે કંપાયમાન જેનું શરીર છે એવી તથા વારંવાર નિઃશ્વાસ મૂકતી તે રાજકન્યા દ્રૌપદી વેગથી તેના હાથમાંથી પોતાનું શરીર છોડાવી, જ્યાં યુધિષ્ઠિર રાજા બેઠેલા હતા, ત્યાં સભાની શરણે આવી, અને તે પાપી કીચકના ભાગવા વખતેજ દ્રૌપદીએ ઠેસો માર્યો, તેથી મૂળ કાપેલા વૃક્ષની પેઠે ત્યાં પડી ગયો પણ પાછો ઉઠી તેણે સભામાં આવી રાજાની સમક્ષ, દ્રૌપદીના કેશ ઝાલી તેને પૃથ્વી ઉપર પાડી નાંખી, અને લાત મારી ત્યારે હે જનમેજય ! તેની રક્ષા વાસ્તે સૂર્યનો મોકલેલો જે રાક્ષસ હતો, તેણે વાયુને રૂપે વેગથી કીચકને છેટો લઇ જઇને મૂળ કાપેલા વૃક્ષની પેઠે પછાડયો, પણ ત્યાં બેઠેલા ભીમસેન તથા યુધિષ્ઠિર બેઉ જણાએ, કીચકથી દ્રૌપદીનો પરાભવ સહન ન થયો તોપણ જોયા કર્યું. પછી દુરાત્મા કીચકને મારી નાંખવાને ઇચ્છતા ભીમસેને, ક્રોધથી દાંત કચકચાવ્યા અને હાથે કરી લલાટનું મર્દન કર્યું. તે વખતે ક્રોધથી ઉંચી પાંપણ જેની થઇ ગઇ છે, એવાં તેનાં નેત્ર પણ અંધીભૂત થઇ ગયાં; અને લલાટે પસીનો આવ્યો, જેથી ભ્રકુટિ ભિંજાઇ ગઇ. એ રીતે ક્રોધાવિષ્ટ ભીમસેન, જેમ મદોન્મત્ત હસ્તિ વનસ્પતિને જોઇને ઊભો થવા ઇચ્છે, તેમ તે તે જોઇ ઊભા થવાની ઇચ્છા કરવા લાગ્યો તે વખતે યુધિષ્ઠિર પોતાના હાથના અંગુઠે કરી પોતાના હાથનો અંગુઠો મર્દન કર્યો એમ કરી ભીમસેનને સૂચના કરી કે આ વખતે તેને મારવા ઉભા નહી થશો, કારણ આપણને કોઇ ઓળખશે અને તેને કહ્યુ કે હે રસોઇ કરનાર ! શું લાકડાં વાસ્તે વૃક્ષ જુઓ છો ? જો રસોઇ વાસ્તે લાકડાં જોઇતાં હોય તો બહારનાં ઝાડ ભાગો. તે સાંભળી, યુધિષ્ઠિરે અજ્ઞાત રહેવાની પ્રતિજ્ઞા કરીને, વાસ્તે પોતાની આકૃતિને છુપી રાખતી દ્રૌપદી, દીન જેનું ચિત્ત છે એવા પોતાના સ્વામિઓને જોતી, ભયંકર ચક્ષુથી જાણે બળી ગઇ હોય તેની પેઠે રોતી, રોતી, સભાના દ્વાર પાસે આવી. વિરાટ રાજાને કહેવા લાગી કે અરે ! જેઓનો શત્રુ પાંચ દેશ આડા હોય અને છઠ્ઠા દેશમાં રહેતો હોય, ત્યાં પણ નિદ્રા કરી શકે નહીં ! તેઓની માનેલી સ્ત્રી હું તેને સૂતના પુત્રે લાતે મારી. જે પારકાઓને આપે, પણ યાચના ન કરે, બ્રાહ્મણ જેમને વ્હાલા છે, સત્ય બોલનારા અને જેઓની પ્રત્યંચાનો શબ્દ નગારા સરખો હંમેશ સંભળાય છે, તેઓની માનેલી સ્ત્રી હું, તેને સૂતના પુત્રે લાતે મારી. જેઓ તેજસ્વિ, બાહ્યેંદ્રિયોનો નિગ્રહ કરનારા બળવાન, અત્યંત માની, ધર્મના પાસે બંધાએલા તથા સર્વ લોકને મારી નાંખે એવા છે, તેઓની માનેલી સ્ત્રી હું, તેને સુતના પુત્રે લાતે મારી. આશ્રય માગનારાઓ ને આશ્રય દેનારા, મહારથિ તેઓ આ વખતે ક્યાંય પણ લોકમાં છુપા ફરે છે, નહીંતર ઘણા પરાક્રમી અને બળવાન તેઓ સૂત પુત્રે પોતાની પ્રિય સ્ત્રીને મારી, એ નપુંસકની પેઠે કેમ સહન કરે ? માટે આ વખતે તેઓનો ક્રોધ, પરાક્રમ તથા તેજ ક્યાં છે ? નહીં તો દુષ્ટ મતિવાળા કીચકે મને મારી તોયે કેમ મારી સહાય કરે નહીં ? જ્યાં વિરાટ રાજા પોતાનો શું ધર્મ છે, એ જોતા નથી, ત્યાં મારાથી શું કરી શકાય ? કારણ નિરપરાધી એવી હું, તેને કીચકે મારી તે તમણે જોયું, તોપણ સહન કરી ગયા અને કંઇપણ તેને કહ્યું નહીં. તેથી વિરાટ રાજા છે, પણ કીચક વિષે રાજાની પેઠે ચાલતા નથી માટે હે મત્સ્ય રાજા !

ચોરના સરખો તમારો ધર્મ આ સભામાં શોભતો નથી. હે રાજન! તમારી સમક્ષ કીચક મને મારવા યોગ્ય નથી. તેનો અન્યાય સભાસદોએ પણ જોયો. એ રીતે કીચક ધર્મને નથી જાણતો, તેમ વિરાટ રાજા પણ પોતાના ધર્મને નથી જાણતા, અને તેની સભામાં બેસે છે તેથી તેના સભાસદો પણ ધર્મને નથી જાણતા. વૈશંપાયન કહે છે—એ પ્રમાણે રડતી દ્રૌપદીનાં વચન સાંભળીને વિરાટ રાજાએ કહ્યું કે, તમારો બેઉનો કજીયો મારાથી પરોક્ષ થયો, તે કેવી રીતે થયો, એ જાણ્યા વગર મારાથી સારૂં નરતું કોને કહેવાય? પછી સભાસદો, દ્રૌપદીની નીતિ જોઇ તેની વારંવાર પ્રશંસા કરતા અને કીચકને નિંદતા કહેવા લાગ્યા કે, આ સુંદર શોભિત અંગવાળી તથા મ્હોટાં નેત્ર છે જેનાં એવી સ્ત્રી, જેમની હોય તેને પરમ લાભ છે, અને કયારે તેને શોચ કરવો પડે તેમ નથી. કારણ આવી સ્ત્રી કોઇ પણ સુંદર અથવા નીતિવાળા મનુષ્યમાં અમે જોઇ નથી. તેથી અમે તો એને દેવી માનીએ છીએ. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એવી રીતે સભાસદો દ્રૌપદીની પ્રશંસા કરતા હતા, એટલામાં યુધિષ્ઠિર રાજાને ક્રોધથી લલાટે પસીનો આવી ગયો. પછી કુંતીના પુત્ર યુધિષ્ઠિરે, રાજકન્યા તથા પોતાની પ્રિય સ્ત્રી દ્રૌપદીને કહ્યું કે, હે સૈરંધ્રિ! અહીં સભામાં હવે ઉભી માં રહે, સુદેષ્ણાના ઘર પ્રત્યે જા. સ્વામિની પછવાડે દુઃખી થનારી વીર પુરૂષોની સ્ત્રિયો કલેશ પામે છે. હાલ સૂર્ય સરખા તેજવાળા તારા પતિ ગંધર્વોને ક્રોધ કરવાનો વખત નથી, તેથી દોડીને તારી પાસે આવતા નથી; એમ હું માનું છું. હે સૈરંધ્રિ! તું વખતને જાણતી નથી તેથી નટની સ્ત્રીની પેઠે લજ્જા મૂકીને ફરે છે, ને રાજાની સભામાં રમનારાઓને વિઘ્ન કરે છે. હે સૈરંધ્રિ! તું જા, ગંધર્વો તારૂં પ્રિય કરશે, અને જેણે તને દુઃખ દીધું છે, તે દુઃખ દેનારને જરૂર મારી નાંખશે. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે અત્યંત દયાળુ ગંધર્વોને વાસ્તેજ હું ધર્માચરણ કરૂં છું. જેઓમાં મ્હોટો પાસાનો રમનાર છે, માટે તે પ્રત્યેક ગંધર્વ મારા શત્રુને મારવા લાયક છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી ક્રોધથી રાતાં થયેલાં છે નેત્ર જેનાં એવી દ્રૌપદી, કેશ સમા કરીને સુદેષ્ણાના ઘર પ્રત્યે ગઇ. ત્યારે ઘણીવાર રડેલી દ્રૌપદીનું મુખ, વાદળાં વગરના આકાશમાં જેવું ચંદ્ર મંડળ શોભે તેવું શોભતું હતું. હવે સુદેષ્ણાએ, દ્રૌપદી પોતાની પાસે આવી ત્યારે તેને રોતી જોઇને પૂછ્યું કે, હે સુંદરી! તને કોણે મારી? શું કરવા રૂવે છે? કોણે તારૂં અપ્રિય કર્યું? તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે, તમારે વાસ્તે હું મદિરા લેવા ગઇ હતી, ત્યાં પછવાડે દોડી કીચક મને જેમ નિર્જન વનમાં મારે, તેમ રાજાની સમક્ષ બેશરમ થઇને મારી. તે સાંભળી સુદેષ્ણાએ કહ્યું કે હે રૂડા કેશવાળી! હું કીચકને મરાવી નાંખીશ, એ તું ખરૂ જાણજે. કારણ જે કામાંધ થઇ દુર્લભ એવી તું તેનો તિરસ્કાર કરે છે. તેનાં વચન સાંભળી દ્રૌપદીએ કહ્યું કે તમારે એને મરાવવો નહીં પડે. બીજાઓ એને મારશે. જેઓનો એણે અપરાધ કર્યો છે તેથી હું એમ માનું છું કે ખચિત આજ તે યમલોક પ્રત્યે જશે.

अन्ये चैनं वधिष्यंति येषामागःकरोति सः
अन्यै चैवाद्य सुव्यक्तं यमलोकं गमिष्यति ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीपरिभवे गुर्जरभाषायां षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો. દ્રૌપદીનું ભીમ પાસે જવું.

વૈ[illegible]पायन उवाच—सा हता सूतपुत्रेण राजपुत्री यशस्विनी
वधं कृष्णापरीप्संती सेनावाहस्य भामिनी ॥

વૈશંપાયન કહે છે—હે જન્મેજય ! ત્યાર પછી સૂતના પુત્ર સેનાપતિ કીચકે મારી તેથી તેના મરણને ઇચ્છતી, ઉત્તમ યશવાળી તથા સૂક્ષ્મ અંગવાળી રાજપત્નિ દ્રૌપદી, પોતાને રહેવાના સ્થાનક પ્રત્યે ગઈ; અને ત્યાં જઇ સ્નાન કરી વસ્ત્ર ધોયા પછી, ન્યાય પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરી, રોતી રોતી મનમાં વિચાર કરવા લાગી કે, શું કરૂં અને ક્યાં જાઉં ? આ દુઃખ મારૂં કેમ ટળે ? એમ વિચાર્યા પછી મનમાં નિશ્ચય કર્યો કે, ભીમસેન વગર આ વખતે મારા મનનું પ્રિય કરનાર બીજો કોઇ નથી માટે ભીમસેન પાસેજ જાઉં. એમ વિચારી સૂવું મૂકી રાત્રિએ ઉઠીને, મ્હોટાં નેત્રવાળી પતિવ્રતા, તથા પાંડવો જેના સ્વામિયો છે એવી દ્રૌપદી, સ્વામિને ઇચ્છતી દુઃખિત મને કરી જલદીથી ભીમસેનના રહેવાના ઠેકાણા પ્રત્યે આવી અને કહેવા લાગી કે, જેણે લાતથી આજ મને મારી, તે મારો દ્વેષી પાપિષ્ટ સેનાપતિ કીચક જીવે છે અને તમે કેમ નિદ્રા કરો છો. વૈશંપાયન કહે છે—હે જન્મેજય ! એવી રીતે બહારથી બોલીને, જ્યાં ભીમસેન સિંહની પેઠે શ્વાસોચ્છ્વાસ લેતો સૂતો હતો ત્યાં શાળામાં આવી. તે વખતે મહાત્મા ભીમસેનની તે શાળા પણ, તેના રૂપ તથા તેજે કરી અધિક શોભાને પ્રાપ્ત થઇ હોય, તેમ શોભવા લાગી. પછી જળમાં રહેનાર બગલી જેમ કામાતુર થઇ પોતાના પતિ પાસે અને જેમ યુવાવસ્થા પ્રાપ્ત થયેલી ત્રણ વર્ષની ગાય કામાતુર થઇને સાંઢ પાસે જાય, તેમ પુષ્પિણીપણાએ કરી જાણે કામાતુર થઇ હોય નહીં એવી દ્વેષાતુર દ્રૌપદી ભીમસેનને જોઇ તેની પાસે જઇ બેઠી. પછી ગોમતીના તીર ઉપર થયેલા મ્હોટા અને પ્રફુલિત સાગના વૃક્ષને જેમ લતા અને મ્હોટા હાથીને જેમ હસ્તિની આલિંગન કરે, તેમ તે પવિત્ર દ્રૌપદી, ભીમસેનને આલિંગન કરીને, વિકટ વનમાં સૂતેલા સિંહને તેની સ્ત્રી સિંહણ જગાડે, તેમ જગાડવા લાગી; અને ગાંધાર સ્વરને મૂર્છના કરતી મધુર શબ્દવાળી વાણીની પેઠે મનોહર વાણીથી કહેવા લાગી કે, હે ભીમસેન ! ઉભા થાઓ ! ઉભા થાઓ ! મરી ગયેલાની પેઠે શું સૂતા છો ! તેમ ન હોય તો જીવતાની સ્ત્રીને સ્પર્શ કરી તે સ્પર્શ કરનાર પાપી જીવે નહીં. એ રીતે દ્રુપદકન્યા દ્રૌપદીએ કહીને ભીમસેનને જગાડ્યો. જે મેઘના સરખા કાંતિવાળો, તળાઇ પાથરેલી શય્યા ઉપરથી બેઠો થયો અને રાજકન્યા પોતાની પ્રિય સ્ત્રી દ્રૌપદી પ્રત્યે કહેવા લાગ્યો કે, શા કામ માટે ઉતાવળથી મારી પાસે આવી છે ? તારો વર્ણ કેમ ફીકો પડી ગયો છે ? તું દુર્બળ કેમ લાગે છે ? માટે હું જાણું તેમ બધું વિસ્તારથી મને કહી દેખાડ. સુખ દુઃખ, દ્વેષ કરવા લાયક અથવા તારૂં અપ્રિય જે તને કંઇ હોય તે મને તરત કહી દે, એટલે હું તેનો ઘટતો ઉપાય કરૂં. હે દ્રૌપદિ ! સર્વ કામમાં હું તારે વિશ્વાસ કરવા લાયક છું, કારણ વારંવાર આપત્તમાંથી હું તારો બચાવ કરૂં છું, હવે જે કામ તારે મને કહેવું હોય, તે જલદીથી કહીને કોઇ ન જાણે તેમ પાછી તારે ઠેકાણે જઇ સૂઇ રહે.

शीघ्रमुक्त्वा यथाकामं यत्ते कार्यं विवक्षितं
[illegible] वै शयनायैवं पुरानान्येन बुध्यते ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीभीमसंवादे गुर्जरभाषायां सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮ મો. ભીમ દ્રૌપદી સંવાદ.

द्रौपद्युवाच—अशोच्यत्वं कुतस्तस्या यस्याभर्ता युधिष्ठिरः
जानन् सर्वाणि दुःखानि किं मां त्वं परिपृच्छसि ॥

દ્રૌપદી કહે છે—જેના સ્વામિ યુધિષ્ટિર રાજા છે તે સ્ત્રીને શોક રહિતપણું ક્યાંથી ? હે ભીમસેન ! સર્વ દુઃખ તમો જાણો છો, ને વળી મને શું પૂછો છો ? જુઓ કે જુગટા વખતે દુઃશાસન મને, "તું મારી દાસી છે" એમ કહીને, સભામાં મનુષ્યના સમાજની વચમાં લઇ આવ્યો હતો, એ હું સંભારૂં છું ત્યારે મારૂં હૃદય બળે છે. હે સમર્થ ! મારા સરખી રાજાની કન્યા, એવાં દુઃખનો અનુભવ કરીને મારા વિના બીજી કોણ જીવે ? તે પછી વનવાસમાં દુષ્ટ બુદ્ધિવાળા જયદ્રથે બીજી વખત મારો સ્પર્શ કર્યો તે કોણ સહન કરે ? વળી હાલ ધૂર્ત વિરાટ રાજાની સમક્ષ કીચકે મારો સ્પર્શ કર્યો. એટલાં દુઃખ અનુભવી મારા સરખી બીજી કોણ જીવે ? હે ભીમસેન ! એ રીતે અનેક તરેહના કલેશે કરીને કલેશ પામતી હું, તેને તમો જાણતા નથી ત્યારે હવે જીવવાથી મને શું ફળ ? હે પુરૂષમાં સિંહરૂપ ! જે વિરાટનો સેનાપતિ તથા પરમ દુર્બુદ્ધિવાળો કીચક નામે સાળો છે, તે સૈરંધ્રીના વેષે કરીને રાજાના ઘરમાં રહેનારી હું તેને દરરોજ કહે છે કે, તું મારી સ્ત્રી થા. માટે હે શત્રુને મારનાર ! મારી નાંખવા લાયક તે, દરરોજ એ રીતે મારી પ્રાર્થના કરે છે, તેથી પાકેલ ફળ જેમ કાળે કરીને ફાટી જાય તેમ મારૂં હૃદય ફાટી જાય છે, પણ એમાં કોને વાંક દઇએ એમ નથી. જુગટું રમનાર તમારા મ્હોટા ભાઈજ નિંદવા લાયક છે. કારણ જેનાં કર્મે કરી આવા અનંત દુઃખને હું પ્રાપ્ત થઇ છું, તે તમારા મ્હોટા ભાઈ વિના, પોતાનું રાજ્ય તથા શરીરે સહિત સર્વસ્વ મૂકીને ચાલી નીકળવા વાસ્તેજ કોણ જુગટે રમે ? જે દરરોજ સોનાની હજાર મહોરોનું પણ કરીને સાયંકાળ તથા પ્રાતઃકાળે ઘણાંક વર્ષ સુધી જુગટું રમત, અથવા બીજું પણ કંઇ ઉત્તમ ધન, સોનું, રૂપું, વસ્ત્ર, વાહન, રથ, ગાડાં, ઘોડા, ખચ્ચર, બકરાં તથા ઘેટાં ઈત્યાદિનું પણ કરી કેટલાંક વર્ષ જુગાર રમત, તોપણ ક્યારે ક્ષય ન પામત, તે આ યુધિષ્ઠિર રાજા દ્યૂત પ્રસંગે કરી લક્ષ્મીથી ભ્રષ્ટ થયાથી પોતાનાં કર્મ સંભારી મુનિની પેઠે ચૂપ થઈ બેઠા છે. સોનાની માળાઓ જેણે પહેરી છે એવા દશ હજાર હાથી તથા તેટલાજ ઘોડા જેની સ્વારી પછવાડે ચાલતા હતા, તે આ રાજા હાલ જુગારથી જીવે છે. જેની પાસે મહા પરાક્રમી રાજાઓના એક લાખ રથ તો ઇંદ્રપ્રસ્થમાં રહેતા હતા, જેના રસોડામાં એક લાખ દાસિયો, હાથમાં પાત્ર લઇને દિવસ રાત્રિ અતિથિયોને જમાડતી, અને જે હજારો સોનાની મહોરોનું દાન આપતા હતા, તે આ રાજા આ વખતે જુગટાથી જીવે છે. જેની સભામાં આવી, સ્વચ્છ મણિનાં કુંડળ જેણે પહેર્યાં છે એવા રૂડા સ્વરવાળા સૂત માગધ ઇત્યાદિ લોકો સાયંકાળ તથા પ્રાતઃકાળે જેનો યશ ગાતા હતા, તપ તથા શાસ્ત્ર સંપન્ન સર્વ કામનાથી પૂર્ણ હજારો ઋષિયો જેના સભાસદો હતા, ત્રીસ ત્રીસ એક એકના ઘરમાં દાસી છે જેને તથા બ્રહ્મચર્ય પાળીને પછી

ગૃહસ્થાશ્રમી થયેલા અડયાશી હજાર બ્રાહ્મણોને જેઓ પાળતા, તથા કોઇનો પતિગ્રહ ન કરે તથા ઉંચું જેનું વીર્ય છે, એવા દશ હજાર સન્યાસિયોને પણ જે પાળતા હતા, તે આ કોમળ વચન બોલનાર, પ્રાણિમાત્ર ઉપર દયા રાખનાર, સર્વને જમાડયા પછી પોતે જમનાર યુધિષ્ઠિર રાજા આ વખતે આની રીતે વર્તે છે. સત્ય પરાક્રમી, ધૈર્યવાન, ક્રોધ રહિત, સૌ સૌને વિભાગ કરી દેવાનું જેને મન છે એવા, પોતાના દેશમાં અંધ, વૃદ્ધ, અનાથ તથા બાળકોનું પણ પોષણ કરનાર યુધિષ્ઠિર. દુઃખી થઇ વિરાટના પરિચારક થઇ, હું કંક છું, એમ કહી તેની સભામાં પાસા રમી જીવે છે. જે ઇન્દ્રપ્રસ્થમાં વસતા ત્યારે બીજા સર્વ રાજાઓ જેના નિમેલા વખત ઉપર નજરાણાં લઇ સામા આવી ઉભા રહેતા, તે યુધિષ્ઠિર આજ બીજાથી પોતાના પોષાણને ઇચ્છે છે. પૃથ્વીના પાળનારા રાજાઓ જેને વશ હતા, તે રાજા પોતે હાલ પારકાઓને વશ છે. તેજે કરીને સૂર્યની પઠે પૃથ્વી જેણે તપાવી, તે આ યુધિષ્ઠિર આ વખતે વિરાટ રાજાના સભાસદ છે. હે ભીમસેન ? સભામાં ઋષિયો સહિત રાજાઓ જેને સેવતા હતા, તે પાંડવ યુધિષ્ઠિર આ વખતે બીજાને સેવે છે. તેને સભામાં બેઠેલા, પારકાનું પ્રિય બોલનાર અને તેને સેવનાર જોઇને મને અત્યંત ક્રોધ ચઢે છે. કારણ તે કામને લાયક નહીં એવા વિવેકી, ધર્માત્મા યુધિષ્ઠિરને જીવિત વાસ્તે વિરાટ પાસે રહેલા જોઇને કોને દુઃખ ન થાય ? હે ભીમસેન ! જે યુધિષ્ઠિરને, પોતાની સભામાં સમસ્ત પૃથ્વી આવીને સેવતી હતી, તે આ વખતે બીજાને સેવે છે, તેને જુઓ ! હે ભીમ ! એ રીતે ત્રિવિધ પ્રકારનાં દુઃખે કરી અનાથની પેઠે પીડાયલી અને શોક સમુદ્રમાં પડેલી જે હું, તેને શું તમે નથી જોતા ?

एवं बहुविधैर्दुःखैः पीड्यमानामनाथवत्
शोकसागरमध्यस्थां किं मां भीम न पश्यसि

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीभीमसंवादे गुर्जरभाषायामष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો. સૌ ભાઇઓના દુઃખની પરાકાષ્ટા.

द्रौपद्युवाच—इदं तु ते महद्दुःखं यत्प्रवक्ष्यामि भारत
नमेऽभ्यसूयाकर्तव्या दुःखादेतद् ब्रवीम्यहम् ॥

દ્રૌપદી કહેછે—હે ભીમ ! આ મ્હોટું દુઃખ તમને કહું છું તેથી તમારે મને નિંદવી નહીં, કારણ હું દુઃખથી બેલુ છું. હે ભરત કુળમાં શ્રેષ્ઠ ! યોગ્ય નહીં એવું તમામ હલકું રસોઇયાનું કર્મ કરતાં તમે " હું બલ્લવ નામે રસોઇયો છું " એમ કહો છો, તે સાંભળી કોને શોક વધે નહીં ? તમોને લોકો વિરાટ રાજાના દાળ, કઢી વિગેરે પદાર્થોના કરનાર જાણે છે. એ રીતે ચાકરપણાને પ્રાપ્ત થયા તેથી અધિક બીજું દુઃખ શું ? જ્યારે રસોઇ તૈયાર થાય ત્યારે વિરાટ પાસે આવીને તમે કહો છો કે, " હું રસોઇ કરનાર બલ્લવ છું." તે સાંભળી મારૂં મન ખેદ પામે છે. વળી જ્યારે રાજા તમોને પ્રસન્ન થઇને હાથીઓ સાથે યુદ્ધ કરાવે છે, ત્યારે અંતઃપુરની સ્ત્રિયો હસે છે, અને મારૂં મન ખેદ પામે છે. સિંહ, પાડા, વ્યાઘ્ર, એઓની સાથે ઘરમાં જ્યારે સુદેષ્ણાની સમક્ષ તમે યુદ્ધ કરો છો, ત્યારે મને

દુઃખ થાય છે. તે જોઇને યુદ્ધ થઇ રહ્યા પછી સુદેષ્ણા અને તેની સર્વ દાસિયો પરસ્પર આવી રીતે કહે છે કે, " મહા પરાક્રમી રસોઇ કરનારને યુદ્ધ વખતે જોઇને, આ સૈરંધ્રી શોચ કરે છે, તેથી એવું ભાસે છે કે, આ રૂડાં હાસ્યવાળી સૈરંધ્રી જેમ કલ્યાણરૂપ તથા સુંદર અંગવાળી છે, તેમજ આ રસોઇ કરનાર પણ સુંદર છે; એ રીતે બેઉ સરખાં રૂપવાળાં છે, તેમ રાજાના કુળમાં પણ એક કાળે રહેલાં છે, માટે સૈરંધ્રીને હંમેશ ભેળું રહેવાથી રસોઇ કરનારની ઉપર સ્નેહ તથા દયા છે; કારણ સ્ત્રિયોનું ચિત્ત કોઇના જાણવામાં આવતું નથી. " વળી સુદેષ્ણા તો એવાં વચન કહી હંમેશ મારો તિરસ્કાર કરે છે એ રીતે તમારે વિષે મારો શક આણી કહે છે, તેથી અને તમે તથા યુધિષ્ઠિર દુઃખી હોવાથી મ્હોટા દુઃખ સમુદ્રમાં બૂડેલી હું જીવવાને ઇચ્છતી નથી. અરે ! જેણે દેવ સહિત સર્વ મનુષ્યનો એક રથે કરી જય કર્યો હતો, તે યુવાવસ્થાવાન અર્જુન આ વખતે વિરાટની કન્યાને નૃત્ય શિખવે છે. હે ભીમસેન ! વળી જેણે ખાંડવ વનને વિષે અગ્નિને તૃપ્ત કર્યો હતો, તે અર્જુન આ વખતે છુપા અગ્નિની પેઠે અંતઃપુરમાં છુપીને બેઠા છે અને જેથી હંમેશ શત્રુઓને ભય રહેતો, તે હાલ લોકોએ નિંદા કરેલા વેષે વર્તે છે. જેના હાથ ધનુષ્યની પ્રત્યંચાના ઘસાવાથી કઠિન ભોગળ સરખા શોભતા, તે હાલ ચૂડાથી ભરેલા હાથે કરી શોચ કરતા વર્તે છે. જેના ધનુષ્યની પ્રત્યંચાના શબ્દથી શત્રુઓ કંપતા, તે આ વખતે સ્ત્રિયોને ગીત ગાઇને પ્રસન્ન કરે છે. જેના મસ્તકને વિષે સૂર્ય સરખું તેજ છે એવો મુગટ શોભતો તે હમણાં વેણીથી વિકૃત કેશ જેના થયા છે, એવી રીતે વર્તે છે. હે ભીમ ! ભયંકર ધનુષવાળા તથા કન્યાઓથી વિંટાયલા અર્જુનને, વિકૃત જેનો વેષ છે એવા જોઇને મારૂં મન ખેદ પામે છે. જે મહાત્મા વિષે સમસ્ત દિવ્ય અસ્ત્રો રહેતાં, અને સર્વ વિદ્યાનો જે આશ્રય હતો, તેણે આ વખતે સ્ત્રીની પેઠે કુંડળ ધારણ કર્યાં છે. જેમ મહાસમુદ્ર મર્યાદાની ઉપર આવી શકે નહીં, તેમ સંગ્રામમાં, જેના તેજની ઉપમા બીજાઓને ન અપાય એવા હજારો રાજાઓ જેની ઉપર આવી શકતા નહીં હતા, તે અર્જુન છુપા વેષે કરી હાલ કન્યાના પરિચારક થઇ રહ્યા છે. હે ભીમ ! જેના રથના શબ્દથી પર્વત, વન, અને સ્થાવર તથા જંગમ સહિત પૃથ્વી કંપાયમાન થતી હતી, તથા જે મ્હોટા ભાગ્યવાળો ઉત્પન્ન થયો ત્યારથી કુંતીનો શોક ટળી ગયો હતો, તે તમારો નાનો ભાઇ અર્જુન આજ મારો શોચ કરે છે, જેના સરખો પૃથ્વીમાં ધનુષ વિદ્યા જાણનાર બીજો કોઇ પણ નથી, તે અર્જુનને સ્ત્રીના અલંકાર, સોનાનાં કુંડળ, સોનાનાં કડાં તથા ચૂડા પહેરેલો જોઇને મારૂં મન ખેદ પામે છે. વળી ધર્મ, શૌર્ય તથા સત્ય બોલવામાં જેના સરખો બીજો કોઇ નથી એવા અર્જુનનો વિકૃત વેષ જોઇને મારૂં મન ખેદ પામે છે. જ્યારે વિંટાયલા મદોન્મત્ત હસ્તિની પેઠે કન્યાઓથી વિંટાયલો દેવ સરખા રૂપવાળો અર્જુન મૃદંગાદિક ચાર પ્રકારના વાજીંત્રની વચમાં ઉભેલો હોય અને તેની પાસે ઉભા રહી ધનનો પતિ મત્સ્ય દેશનો રાજા વિરાટ જોતો હોય, ત્યારે મારી આંખને શોકથી અંધારાં આવી જાય છે. મારી સાસુ કુંતી આવી રીતે દુઃખિત થયેલા અર્જુન તથા યુધિષ્ઠિરને જાણતી નથી. હે ભીમસેન ! ગોવાળનો વેષ જેણે ધારણ કર્યો છે એવો ગાયોની રક્ષા કરનાર તમારો નાનો ભાઇ સહદેવ વિરાટની ગાયો ચારે છે, તેને જોઇને મારૂં શરીર શ્વેત વર્ણ થઇ જાય છે. અને તેના વ્રતને વારંવાર યાદ કરૂં છું, તેથી મને નિદ્રા પણ આવતી નથી ત્યારે સુખ તો ક્યાંથીજ આવે ? હે મ્હો-

ટા હાથવાળા ! સાચા પરાક્રમી સહદેવનું કંઈપણ પાપ હું જાણુતી નથી; તોપણ એને આવું દુઃખ કેમ આવી પડયું છે. હે ભીમસેન ! વિરાટે ગાયો વિષે રાખેલો મ્હોટા બળદ સરખો તમારો પ્રિય ભાઇ સહદેવ ગાયો ચારે છે, તે જોઇ મને ખેદ થાય છે. વળી ગેરૂઆદિથી રંગેલાં વસ્ત્ર જેણે પહેર્યાં છે, ગોવાળોમાં અગ્રણી તથા વિરાટનાં વખાણુ કરનાર સહદેવને જોઇને મને સંતાપ થાય છે. જે શૂરવીર સહદેવની, મારી સાસુ કુંતીએ વનમાં જવા વખતે પ્રશંસા કરી મને કહ્યું હતું કે, "હે યાજ્ઞસેનિ ! કુળવાનની જેને સોબત છે એવો, શીળવાન, રૂડા વ્રતવાળો, લજ્જાવાન તથા મધુર છે વાણી જેની એવો ધર્મિષ્ઠ સહદેવ મને ઘણો પ્રિય છે, માટે વનમાં રાત્રિએ પણ તારે એને સાચવવો અને જમાડવો. કારણુ એ સુકુમાર અંગવાળો, મ્હોટા ભાઇની પૂજા કરનાર, તથા શૂરવીર છે" એ રીતે વનમાં જવા વખતે, તેને મળી રૂદન કરી, પુત્રની રક્ષાને ઇચ્છતિ કુંતીએ મને કહ્યું હતું. હે ભીમસેન ! જેની એ રીતે મને સાસુએ ભલામણુ આપી હતી તે યુદ્ધ કરનારાઓમાં શ્રેષ્ઠ સહદેવને ગાયો ચારતો તથા રાત્રિએ વાછરડાના ચામડા ઉપર સૂતેલો જોઈને હું કેવી રીતે જીવું ? કાળનું વિપરીતપણું તો જુઓ ! વળી જે રૂપ, અસ્ત્રવિદ્યા તથા ધારણાવાળી બુદ્ધિ, એ ત્રણથી નિરંતર સંપન્ન, નકુળ આ વખતે વિરાટનો ચાબુક સ્વાર થયો છે. વળી જેને જોઇ શત્રુઓનાં ટોળાં ભાગી જતાં હતાં તે નકુળ હાલ વિરાટ રાજાની સમક્ષ તેની પાસે ઉભા રહી તેને ઘોડાઓ દેખાડે છે હે શત્રુને તપાવનાર ભીમસેન ! હું સુખી છું એમ શું માનો છો ? હું તો યુધિષ્ઠિર નિમિત્તથી એ રીતે હજારો દુઃખે કરી વિંટાયેલી છું. હે ભારત ? એથી પણ અધિક બીજાં ઘણાંક દુઃખો મારે વિષે છે. હે કુંતિના પુત્ર ! તે પણ હું કહું તે સાંભળો. નાના પ્રકારનાં દુઃખો તમે ભોગવો છો, જે મારૂં શરીર શોષણ કરે છે એથી બીજું દુઃખ શું ?

युष्मासुम्रियमाणेषु दुःखानि विविधान्युत
शोषयंति शरीरं मे किंनुदुःखमतःपरम् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीभीमसंवादे भाषायामेकोनविंशोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો. પતિ સ્થિતિનો શોચ.

द्रौपद्युवाच—अहं सैरंध्रिवेषेण चरंती राजवेश्मनि
शौचदास्मि सुदेष्णाया अक्षधूर्तस्य कारणात् ॥

દ્રૌપદી કહે છે—વળી સૈરંધ્રીના વેષે કરી રાજાના ઘરમાં રહેનારી હું, યુધિષ્ઠિરના જુગટાં રમવાના કારણથી, સુદેષ્ણાને પવિત્રતાનાં સાધન માટી, પાણી, ઇત્યાદિ દેવા વાળી થઇને રહી છું હે શત્રુને તપાવનાર ! રાજકન્યા હું કેવી વિકૃતિને પામી છું તે તો જુઓ ! પણ દુઃખી થયેલા માણસો દુઃખનો પણ અંત આવે એમ જાણી પાછી પોતાના ઉદય કાળની ઇચ્છા રાખે છે, તેથીજ તેના દિવસો જાય છે, તેમજ હું પણુ, જય પરાજય તથા પોતના કાર્યની સિદ્ધિ હંમેશ રહેતી નથી, એમ માની અને દુઃખ તથા નાના પ્રકારની સમૃદ્ધિયો ચક્રની પેઠે ચોતરફ ફર્યાં કરે છે એમ જાણી, ધીરજથી સ્વામિયોના ઉદયની વાટ જોઇ દિવસ નિર્ગમન કરૂં છું, અને જે કાળ હાલ આપણને પ્રતિકૂળ તથા દુર્યોધનાદિકને અનુ-

કૂળ છે, તેજ પાછો આપણુને અનુકૂળ તથા તેને પ્રાતિકૂળ થશે એવી વાટ જોઇ બેઠી છું. હે ભીમસેન ! હું મરેલી સરખી થઇ ગઇ છું, તેને શું તમે નથી જાણુતા ? વળી મેં આ રીતે સાંભળ્યું છે કે, દાન આપનારાઓ કાળે કરી દરિદ્ર થાય છે, ને બીજાઓ પાસે યાચના કરે છે; અને જે બીજાઓને મારનાર તથા પાડનાર પુરૂષો હોય છે, તેમનેજ કાળે કરી બીજાઓ મારે છે તથા પાડે છે. માટે દૈવ જ્યારે અનુકૂળ થાવ ત્યારે મનુષ્યનું સારૂં થતાં વાર લાગતી નથી, તેમ જ્યાં સુધી તે પ્રતિકૂળ હોય છે ત્યાં સુધી તેને કોઈ ઉલ્લંઘન પણ કરી શકતું નથી, તેથી આપણુને જે દુઃખ થયું છે તે પણ દૈવાધીન છે, એમ જાણીને હું શોચ કરતી નથી. જ્યાં પૂર્વે પાણી હોય છે ત્યાં ફરીથી પણ પાણી જાય છે, તેમ આપણો ઉદય પણ કાળે કરીને થશે, એમ હું માનું છું. જ્ઞાતા પુરૂષે સારી રીતે સંચય કરેલું ધન દૈવની પ્રતિકૂળતાથી નાશ પામે, પણ તેને દૈવ અનુકૂળ થાય ત્યારે પાછો ધન સંપાદન વિષે યત્ન કરે છે. આ મેં જે તમોને આટલાં વચન કહ્યાં, તેનું પ્રયોજન દુઃખિત પાંડવોની સ્ત્રી અને દ્રુપદની કન્યા જે હું તેને પૂછો, એટલે કહી દેખાડું. હે શત્રુને મારનાર ! આ અવસ્થાને પામી મારા વગર બીજી કોણ સ્ત્રી જીવવાને ઇચ્છે ? હે ભારત ! ભરી સભામાં દુઃશાસને મારા કેશ ઝાલ્યા તથા પહેરવાનું વસ્ત્ર ઉતારી લીધું, ઇત્યાદિ તેના કર્મથી પાંડવ એવા તમોને પ્રાપ્ત થયેલો જે ક્લેશ, તે ભીષ્માદિકને તથા દ્રુપદાદિકને પણ ક્લેશ છે. ભાઇયો, સસરા, પુત્ર તથા બંધુઓથી વિંટાયલી તથા ઉદય પામેલી મારા વિના બીજી કયી સ્ત્રી દુઃખિત થાય ? હે ભારત ! નિશ્ચય બાળપણામાં વિધાતાનું મેં અપ્રિય કર્યું હશે, નહીં તો આવું દુઃખ મને કેમ પ્રાપ્ત થાય ? હે પાંડવ ! જુઓ ! આ મારૂં શરીર, પરતંત્રતાથી કેવું કાંતિહીન થઈ ગયું છે ? વનમાં દુઃખ હતું પણ સ્વતંત્રતા હતી, તેથી આવું કાંતિહીન શરીર થયું નહોતું. હે ભીમ ! મને સર્વે સુખ હતું તે તમે જાણો છો. તે હું આ વખતે દૈવની ઇચ્છાથી દાસીપણાને પ્રાપ્ત થઇ છું, તેથી પરવશ થઇ શાંતિને પામતી નથી પણ આપણુને જે આ દુઃખ પડયું છે, તે દૈવ કૃત્ય છે એમ હું માનું છું. કારણ એમ ન હોય તો, ભયંકર ધનુષ જેનું છે એવો, મ્હોટા હાથવાળો તથા ઢાંકેલા અગ્નિ સરખો અર્જુન જ્યાં હોય ત્યાં દુઃખ કેમ સંભવે છે ? પણ પ્રાણિયોના કર્મની ગતિ મનુષ્યોથી જાણી શકાતી નથી. આ પરાભવ તમોને પણ નહીં ધારેલો આવી પડયો એમ હું માનું છું. જે ઇંદ્ર સરખા તમો તેનું મુખ જોનારી સતી હું બીજી હલકી સ્ત્રીઓનું મુખ જોઊં છું. હે પાંડવ ! કાળની ગતિથી તમો દુઃખને પામ્યા અને આ યોગ્ય નહીં એની અવસ્થા મારી પણ જુઓ ! સમુદ્ર પર્યંત પૃથ્વી જેને વશ હતી, તે હું આજ સુદેષ્ણાને વશ છું અને તેથી ભય પામું છું. જેની આગળ તથા પછવાડે ચાકરો ચાલતા હતા તે હું આજ સુદેષ્ણાની આગળ તથા પાછળ ચાલું છું. હે કુંતિના પુત્ર ! તમારૂં કલ્યાણ થાઓ ! આ દુઃખ મારાથી સહન થતું નથી. જે કહું તે સાંભળો-કુંતી વગર મારા પોતાના શરીર વાસ્તે પણ, જે હું કયારે પણ ચંદનાદિક ઘસું નહીં, તે હું આ વખતે બીજા વાસ્તે ચંદન ઘસું છું. હે કુંતિના પુત્ર ! જુઓ ! આ મારા હાથ પૂર્વે આવા ન હતા. વૈશંપાયન કહે છે—એમ કહી કામ કરવાથી જેમાં આટણુ પડી ગયા છે એવા પોતાના બેઉ હાથ દ્રૌપદીએ ભીમસેનને દેખાડયા અને કહ્યું કે હું, કુંતી વા તમથકી પણ કયારે બીહું નહી, તે આ વખતે વિરાટ આગળ બ્હીતી તેની દાસી થઇને રહી છું. બીજાનું ઘસેલું ચંદન વિરાટને ગમતું નથી. તેથી ચંદન

સારૂં ધસાયું હશે કે નહીં ? વિરાટ મને શું કહેશે ? એ રીતે બીન્યા કરૂં છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એવી રીતે દ્રૌપદી, ભીમસેન પાસે પોતાનાં દુઃખ કહેતી કહેતી ભીમસેન સામું જોઈ ધીરેથી રોવા લાગી, તથા વાંરવાર નિઃશ્વાસ મૂકતી, તેના હૃદયને કંપાવતી હોય નહીં તેની પેઠે ગદ્‌ગદ્ વાણીથી તેને કહેવા લાગી કે હે પાંડવ ! પૂર્વે દેવતાઓના અપરાધ મેં કંઇ થોડા નથી કર્યા. કારણ નિર્ભાગ્ય હું જ્યાં મરવું જોઇએ ત્યાં જીવું છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી શૂરવીર તથા શત્રુને મારનાર તે ભીમસેન, પોતાની સ્ત્રી દ્રૌપદીના નાના અને આંટણ પડી ગયેલા હાથ ઝાલી, પોતાના મોઢા આગળ લઇને રોવા લાગ્યા. એ રીતે કુંતીના પુત્ર પરાક્રમી ભીમસેન તેના બે હાથ ઝાલી અત્યંત દુઃખથી પીડાતા આવું વચન કહેવા લાગ્યા.

> तौ गृहित्वा च कौंतेयो बाष्पमुत्सृज्य वीर्यवान्
> ततःपरमदुःखार्त इदं वचनमब्रवीत् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीभीमसंवादे गुर्जरभाषायां विंशोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો. દ્રૌપદીની સાંત્વના.

> भीमसेन उवाच—धिगस्तु मे बाहुबलं गांडीवं फाल्गुनस्य च
> यत्तेरक्तौपुराभूत्वा पाणीकृतकिणांविभौ ॥

ભીમસેન કહે છે—આ મારા બાહુબળને, તથા અર્જુનના ગાંડીવ ધનુષને પણ ધિક્કાર છે. કારણ જે આ તારા હાથ પૂર્વે લાલ હતા તે આ વખતે આંટણ પડેલા થઇ ગયા. હું તો તેજ વખતે વિરાટની સભામાંજ કેટલાકનો નાશ કરી નાંખત, પણ યુધિષ્ઠિરે મને સૂચના કરી કે ધૈર્ય રાખ નહી તો આપણને કોઇક ઓળખી કાઢશે એ કારણથી હું બોલ્યો નહીં, નહીં તો તે વખતે ઐશ્વર્યના મદથી ઉન્મત્ત કીચકનું મસ્તક મ્હોટા હસ્તિની પેઠે લાતથી કચરી નાંખત. હે દ્રૌપદી ! જે વખતે કીચકને, તને લાત મારતાં જોયો, તેજ વખતે હું મત્સ્ય દેશના સૌ માણસોને મારી નાંખત, પણ તે વખતે પણ યુધિષ્ઠિરે કટાક્ષથી મને વાર્યો, તેથી હું બેસી રહ્યો. દેશ થકી ભ્રષ્ટ થઇ વનવાસ કર્યો, કૌરવોનો વધ ન કર્યો, તથા દુર્યોધન, કર્ણ, સુબળનો પુત્ર શકુનિ તથા પાપરૂપ દુઃશાસન, તેઓનાં મસ્તક ન કાપ્યાં તેથી હૃદયમાં શલ્ય પેઠું હોય ને તે જેમ સંતાપ કરે, તેમ મારા શરીરમાં સંતાપ થાય છે. હે રૂડા કટિપશ્ચાદ્ ભાગવાળી ! હે મ્હોટી મતિવાળી ! તેમ તું પણ ધર્મને માં મૂક અને ક્રોધ મૂકી દે. કારણ હે કલ્યાણિ ! તારાથી આ નિંદાની વાત યુધિષ્ઠિર રાજા સાંભળશે તો તે પોતાનું જીવિત ત્યાગ કરશે. તેમ અર્જુન, નકુળ તથા સહદેવ પણ સાંભળશે તો તેમજ કરશે. એ રીતે તે સર્વ ભાઇયો જીવિત ત્યાગ કરે તો હું પણ જીવી શકું નહીં. જો પૂર્વે ચ્યવન ઋષિની સુકન્યા નામે સ્ત્રી હતી. તે વનમાં રાફડો જેને માથે થઈ ગયો છે એવા પોતાના સ્વામિને અનુસરતી હતી. તેમજ નારાયણની કન્યા ઇંદ્રસેના નામે જો તેં સાંભળી હોય તો રૂપે કરી વિખ્યાત હજાર વર્ષના પોતાના વૃદ્ધ સ્વામિને અનુસરતી હતી. વળી જનક રાજાની કન્યા જેને વૈદેહિ કહે છે તે સીતા પણ જો તેં સાંભળી હોય તો

મહા અરણ્યમાં રહેનાર પોતાના સ્વામીને અનુસરતી હતી, રામની પ્રિય સ્ત્રીને રાવણ નામના રાક્ષસે ક્લેશ પમાડી હતી, તોપણ તે પોતાના સ્વામીનેજ પ્રાપ્ત થઇ. હે ભય પામનારી! રૂપ તથા અવસ્થાએ કરી લોપમુદ્રા નામની અગસ્ત્ય ઋષિની સ્ત્રી પણ, પોતાની અમાનુષ સર્વ કામના મૂકીને, પોતાના સ્વામીનેજ અનુસરતી હતી. દ્યુમત્સેનનો શૂરવીર એવો સત્યવાન પુત્ર હતો તેની શુદ્ધ એવી સાવિત્રી નામની સ્ત્રી હતી તે યમલોક પ્રત્યે પોતાના પતિની પછવાડે એકલી ગઇ હતી. હે કલ્યાણિ! એવી પતિવ્રતા અને રૂપવાળી સ્ત્રિયો મેં તને કહી, તેમ તું પણ સર્વ ગુણે કરી યુક્ત છે, માટે દોઢ માસ ક્ષમા કર. હવે દુઃખનો ઘણો કાળ નથી. કારણ આ તેરમું વર્ષ પૂરૂં થશે એટલે તો પાછી તું રાજાઓની રાણી થઇશ. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે હે ભીમ! દુઃખનો પાર ન જાણી અત્યંત પીડિત થઇને મેં અશ્રુ પાડ્યાં, પણ રાજાને નહીં કહ્યું. હે ભીમસેન! હે મહા બળવાન! જે વાત ગઇ તે હવે કહે કરીને શું? જે નજીક કામ આવ્યું છે, તેમાં સાવધાન થાઓ. હે ભીમ! સુદેષ્ણા પણ મારા રૂપની શંકાથી નિરંતર "રાજા આ પ્રત્યે કેમ નહીં જાય." એમ ખેદ પામે છે. તેનો અભિપ્રાય જાણી દુષ્ટ બુદ્ધિવાળો કીચક હંમેશ મારી પ્રાર્થના કરે છે. ત્યારે કોપેલી હું કોપને નિયમમાં રાખીને તેને કહું છું કે, હે કીચક! કામથી મૂઢ તારા આત્માની રક્ષા કર, કારણ હું પાંચ ગંધર્વોની પ્રિય સ્ત્રી છું, તેથી તે શૂરવીર સાહસ કરનાર ગંધર્વો કોપશે, તો તને મારી નાંખશે. એવી રીતે હું કહું. ત્યારે તે દુષ્ટ બુદ્ધિવાળો કીચક, આવી રીતે મને કહે છે કે "હે સૈરંધ્રિ! હે સુંદર હાસ્યવાળી! હું ગંધર્વોથી બ્હીતો નથી અને, કરોડ ગંધર્વો સંગ્રામમાં આવે તોપણ હું તેઓને મારી નાંખું, માટે તું મારો સ્વીકાર કર." એમ ઉન્મત્ત તથા કામાતુર તે મને કહે છે. ત્યારે ફરીથી હું તેને કહું કે, તું મ્હોટા યશવાળી શીલથી સંપન્ન છે અને કોઇને મરાવવા ઇચ્છતી નથી તેથી હે કીચક! તું જીવે છે. એમ કહ્યું ત્યારે દુષ્ટ બુદ્ધિવાળો તે મ્હોટેથી હસનો. પછી કોઇ વખતે સુદેષ્ણાએ સ્નેહથી તેની પાસે મને મોકલી. તે એવી રીતે કે, કીચકના કહેવાથી ભાઇનું પ્રિય કરવાની ઇચ્છા સારૂ સુદેષ્ણાએ મને કહ્યું કે, "હે કલ્યાણિ! જા મારે સારૂ કીચકને ઘેરથી મદિરા લઇ આવ" તે સાંભળી હું કીચકને ત્યાં ગઇ. ત્યારે તે મને જોઇ મારી સાંત્વના કરવા લાગ્યો, પણ તેમાં નિષ્ફળ થયો, એટલે ક્રોધથી તેણે મારો સ્પર્શ કરવાની ઇચ્છા કરી. દુરાત્મા કીચકનો સંકલ્પ જાણીને, હું વેગથી દોડતી દોડતી સભામાં રાજાને શરણે ગઇ, ત્યાં પણ મારી પછવાડે દોડી આવીને, તેણે મારો સ્પર્શ કરી મને પાડી નાંખીને લાત મારી. વિરાટ, કંક અને બીજા પણ રથ તથા હસ્ત ઉપર બેસનારા તથા શહેરના માણસોએ જોયું, પણ કોઇ બોલ્યું નહીં ત્યારે મેં રાજાની તથા કંકની પણ વારંવાર નિંદા કરી, તોપણ તેને રાજાએ વાર્યો નહીં, તેમ ઠપકો પણ દીધો નહીં. કારણ તે ક્રૂર તથા ત્યાગ કર્યો છે ધર્મ જાણે એવો કીચક, રાજાના યુદ્ધમાં સહાયતા કરનારો તથા તેની સ્ત્રીનો ભાઇ છે. તે શૂરવીર, અભિમાની, પાપ બુદ્ધિવાળો, સર્વ કામમાં મૂઢ સરખો, તમારી સ્ત્રીનો સ્પર્શ કરનાર, ઘણુંક ધન મેળવનાર, પારકા માણસનું ધન હરી તેમને રડાવનાર, અસન્માર્ગે ચાલનાર, ધર્મને નહીં જાણનાર, પાપરૂપ, પાપી મનવાળો, કામવશ, વિનય રહિત અને રાજાનો માનીતો કીચક, જ્યારે મને દેખે, ત્યારે હું નિષેધ કરૂં એટલે મને મારે. ત્યારે મારે પ્રાણ ત્યાગ કરવો પડે, તો હે મોટા ભાગ્યવાળા! ધર્મથી ચાલનારા તમારો ધર્મ

નાશ થાય, માટે એને તો તમારે મારીજ નાંખવો, જેથી મારો બચાવ થાય. એ રીતે મારી રક્ષાથી મારી પ્રજાની પણ રક્ષા થશે, તેથી તમારા આત્માનીજ રક્ષા થશે કારણ સ્રીને વિષે પતિ પુત્રરૂપે કરી પોતેજ ઉત્પન્ન થાય છે. તેથી વિદ્વાનો જાયા એવું તેનું નામ કહે છે. મારા ઉદરમાં ભર્તાનોજ આવિર્ભાવ થાય છે એમ જાણીને, ભર્તાએ ભાર્યાની રક્ષા કરવી યોગ્ય છે. વળી બ્રાહ્મણોના મુખથી વર્ણ ધર્મ પણ મેં સાંભળ્યા છે, તેમાં ક્ષત્રિયોનો શત્રુને મારવાના જેવો બીજો ધર્મ નથી. હે મ્હોટા બળવાળા ભીમસેન ! તોપણ આવા વખતે યુધિષ્ઠિર તથા તમારી સમક્ષ કીચકે મને લાત મારી, માટે તેને તમારે મારવોજ જોઇએ. જુઓ ભયંકર જટાસુર થકી પણ તમે મારી રક્ષા કરી હતી. તેમ જયદ્રથને પણ ભાઇયો સહિત તમે જીત્યો હતો, માટે હે ભારત ! તે પાપી કીચકને પણ મારો. કારણ જે રાજાનો પ્રિય હોવાથી મારો તિરસ્કાર કરાવનાર અને મને શોક કરનાર છે, પત્થર ઉપર જેમ ઘડો ભાગે, તેમ કામથી મદોન્મત્ત કીચકને મારો; જે મને ઘણા અનર્થોનું કારણ છે. તે જીવતે છતે જો પ્રાતઃકાળે સૂર્ય ઉદય થશે તો હું વિષ ઘોળીને પી જઇશ; પણ એ કીચક પાસે નહીં જાઉં. હે ભીમસેન ! તમારી પાસે મારે મરવું તેથી મારૂં કલ્યાણ છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એટલાં વચન કહીને દ્રૌપદી ભીમસેનની છાતીએ પોતાનું મસ્તક લગાડી રોવા લાગી. ત્યારે ભીમ, અત્યંત પીડાયલી રૂડા મધ્યભાગવાળી દ્રૌપદીને મળીને, યથાર્થ યુક્તિવાળાં વચનથી તેને સાંત્વના કરી, તેનું અશ્રુથી વ્યાપ્ત મુખ પોતાના હાથથી લુછીને, જીભથી બે ઓઠના વચલા ભાગને ચાટતાં, કીચકને મનથી સંભારી ક્રોધયુક્ત થઇ, દુઃખથી પીડાયલી દ્રૌપદીને આવી રીતે કહેવા લાગ્યા.

प्रमृज्य वदनं तस्याः पाणिनाश्रुसमाकुलं
कीचकं मनसा गच्छन् सृक्किणी परिसंलिहन् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि द्रौपदीसांत्वने गुर्जरभाषायामेकविंशोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો. કીચક વધ.

भीमसेन उवाच—तथा भद्रे करिष्यामि यथा त्वं भीरु भाषसे
अद्य तं सदयिष्यामि कीचकं सहबांधवं ॥

ભીમસેન કહે છે—હે કલ્યાણિ ! હે ભીરૂ ! જે રીતે તું કહે છે તે રીતે હું કરીશ. આજજ બાંધવ સહિત કીચકનો નાશ કરીશ, પણ હે સુંદર હાસ્યવાળી દ્રૌપદી ! તું આવતી રાત્રિના આરંભ વખતે સાયંકાળે ક્રોધ તથા શોક છુપાવીને, એ કીચક સાથે સંભાષણ કરજે, અને કહેજે કે, " આ વિરાટ રાજાએ જે નૃત્યશાળા કરાવી છે, તેમાં દિવસે કન્યાઓ નૃત્ય શીખે છે અને રાત્રિએ પાછી ઘર પ્રત્યે જાય છે; ત્યાં દૃઢ અંગવાળી સુંદર શય્યા પણ છે, ત્યાં હું આવીશ, " એમ તેને કહેજે એટલે એ ત્યાં આવશે, કે હું એને એના મરી ગયેલા દાદાઓને દેખાડી આપીશ. હે કલ્યાણિ ! કોઇ પણ દેખે નહી તે રીતે એની સાથે સંકેતની વાત કરી, જે રીતે એ ત્યાં આવે તેમ કરજે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે પરસ્પર કહીને, તે બેઉ જણાં આંખમાંથી દુઃખને લીધે અશ્રુ પાડી

છુટાં પડયાં, ને તે રાત્રિ કંઇક પછવાડે અવશિષ્ટ રહી હતી, તે તેમણે અત્યંત દુઃખિત હૃદયથી કાઢી. હવે કીચક, તે રાત્રિ ગયા પછી સવારમાં ઉઠીને, રાજકુળ પ્રત્યે આવી દ્રૌપદીને કહેવા લાગ્યો કે, તને સભામાં રાજાની સમક્ષ પાડીને મેં લાતથી મારી, અને તું આપદ્‌ને પામી, પણ હજી કોઇ બળવાને તારી રક્ષા તો કરી નહીં. દેશનાં મનુષ્યો આ વિરાટને રાજા કહે છે, પણ એ તો નામનોજ રાજા છે, ખરો તો મત્સ્ય દેશનો રાજા તથા તથા સેનાધિપતિ હુંજ છું. હે ભીરૂ ! માટે તું મને પ્રાપ્ત થા જેથી તને સુખ થશે અને હું પણ તારો દાસ થઇને રહીશ. હે રૂડા કટિપશ્ચાદ્‌ભાગવાળી ! જો આપણો સમાગમ થાય તો સો મહોર તને ખરચવાને હમણાંજ આપું, તારી સેવામાં સો દાસી તથા દાસ રાખી આપું. વળી ખચ્ચરની સ્ત્રીઓથી જોડેલો રથ તારે બેસવા વાસ્તે આપું. એવાં તેનાં વચન સાંભળી દ્રૌપદીએ કહ્યું કે હે કીચક ! આજ હું તને સંકેત કહું, તે તું સ્વીકાર કરે તો મારી સાથે તારો સમાગમ થાય; પણ તે તારો ભાઇ વા મિત્ર કોઇ પણ જાણે નહીં. મ્હોટા યશવાળા ગંધર્વોને ખબર પડે તેથી હું ઘણી બીહું છું. તેમ કોઇ બીજાને પણ ખબર પડે તો નિંદા થાય, માટે તેમ ન થાય તો હું તારે વશ થઇને રહું. તે સાંભળી કીચક બોલ્યો કે હે રૂડા કટિપશ્ચાદ્ ભાગવાળી ! હું તારા કહ્યા પ્રમાણે કરીશ. હે કલ્યાણિ ! હે રંભોરૂ ! જે રીતે સૂર્ય સરખા તેજવાળા ગંધર્વો તને નહીં જુએ, તે રીતે કામને વશ થયેલો હું, તારા સમાગમ વાસ્તે, જ્યાં કોઇ નથી એવા તારા રહેવાના સ્થાનકે આવીશ. તે સાંભળી દ્રૌપદીએ કહ્યું કે, વિરાટે જે નૃત્ય વાસ્તે ઘર બંધાવેલું છે, તેમાં દિવસે તો કન્યાઓ નૃત્ય કરે છે પણ રાત્રિએ તે સર્વ પોતપોતાને ઘેર જાય છે; માટે અંધારામાં ત્યાં તારે આવવું, કારણ ગંધર્વો તે સ્થાનને નથી જાણતા. તેથી ત્યાં આવેથી કોઈ પણ આડી અડચણ નહીં આવે, એમાં સંશય નથી.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે કીચકની સાથે સંકેતની વાત કરતી દ્રૌપદીને તે દિવસ એક માસ સરખો લાગ્યો. હવે તે વાત થઇ રહ્યા પછી કીચક તો ઘેર જઇ અત્યંત હર્ષિત થયો. પણ તે મૂઢ સૈરંધ્રીરૂપી મૃત્યુને જાણતો ન હતો. પછી સુગંધ તથા માલતિ આદિ લઇને ફુલની માળાઓમાં આસકત, કામદેવથી મોહિત તથા ઉતાવળ જેને છે એવા તે કીચકે, પોતાના આત્માનો શણગાર કર્યો. તે કામ કરતાં તેને જે વખત ગયો, તે ઘણો વખત ગયો હોય નહીં તેની પેઠે તેને લાગ્યું કારણ તે વિશાળ નેત્રવાળી દ્રૌપદીનુંજ ચિંતન કર્યા કરતો હતો, વાટને બાળી નાંખવાને ઇચ્છતા દીવાની, ઠરવા વખતે જેમ શોભા અધિક થાય, તેમ લક્ષ્મીને મૂકવા ઇચ્છતા કીચકના શરીરની શોભા પણ, નાશકાળ નજીક પ્રાપ્ત થયો તેથી તે વખતે વૃદ્ધિ પામી હતી. એ પ્રમાણે દ્રૌપદીનો કર્યો છે વિશ્વાસ જેણે એવો કામથી મોહિત કીચક તેના સમાગમનેજ ચિંતન કરતો હતો, તેથી દિવસ ગયો તે પણ તેના જાણવામાં ન આવ્યો. અને રૂડા કેશવાળી દ્રૌપદી તો, રસોઇ ઘરમાં જઇને કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા પોતાના સ્વામિ ભીમસેનની પાસે જઇ, ઉભા રહીને કહેવા લાગી કે, હે પરંતપ ! જેવી રીતે તમોએ મને કહ્યું હતું, તે પ્રમાણે ત્યાં નૃત્ય ઘરમાં સમાગમનું મેં કીચકને કહ્યું છે તેથી હે મહાબાહો ! તે શૂન્ય ઘરમાં રાત્રિએ એકલો કીચક આવશે ત્યારે હે કુંતીના પુત્ર ! હે પાંડવ ! સૂતના પુત્રને મદથી ગર્વિષ્ટ કીચકને, ત્યાં નૃત્યના ઘરમાં જઇને, તે નિર્જિવ થાય

તેવી રીતે મારી નાંખજો. હે મારનારાઓમાં શ્રેષ્ઠ ! એ સૂતનો પુત્ર ગર્વથી ગંધર્વોનો તિરસ્કાર કરે છે, માટે જેમ શ્રીકૃષ્ણે યમુનાના હૃદયમાંથી કાળી નાગનો ઉદ્ધાર કર્યો, તેમ એનો આ લોકમાંથી ઉદ્ધાર કરો. હે ભારત ! તમારૂં કલ્યાણ થાઓ ! દુઃખથી પરાભવ પામેલી જે હું તેનાં અશ્રુ લુછો, અને પોતાના કુળને માન આપો. તે સાંભળી ભીમસેને કહ્યું કે હે સુંદર કટિપશ્ચાદ્દભાગવાળી ! હે વરને વરનારી ! ભલે તું આવી અને મને તું પ્રિય જાણે છે, તેમ હું પણ કોઇની સહાયતાને નથી ઇચ્છતો. જે કીચકને મારવામાં તેં મને પ્રીતિ ઉપજાવી તેવીજ પ્રીતિ હિડંબાસુરને મારીને મને થઇ હતી. ભાઇઓ તથા ધર્મના સોગન ખાઇ હું તને સત્ય કહું છું કે જેમ વૃત્રાસુરને ઇંદ્રે માર્યો, તેમ કીચકને હું મારીશ. અંધકારમાં વા પ્રકાશમાં પણ કીચકને પછાડીશ, એમ કરતાં મત્સ્ય દેશવાળા બીજા પણ યુદ્ધ કરવા આવશે, તો તેને નિશ્ચે મારી નાંખીશ. પછી દુર્યોધનને મારી પૃથ્વીને પામીશ, અને કુંતીના પુત્ર યુધિષ્ઠિર તો મત્સ્ય રાજાની સેવા કર્યા કરે. તે સાંભળી ભીમસેને કહ્યું કે હે ભીરૂ ! જે રીતે તું કહે છે તજ રીતે હું કરીશ. આજજ તે કીચકને બાંધવો સહિત મારી નાંખીશ. હે દ્રૌપદિ ! રાત્રિએ કોઇ નહીં દેખે તેમ, અલભ્ય એવી તું તેની ઇચ્છા રાખનાર દુરાત્મા કીચકના મસ્તકને હાથી જેમ બીલાને લઇને પછાડે તેમ હું પછાડીશ.

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે રાત્રિએ પ્રથમથી નૃત્યશાળામાં જઇને, કોઇ દેખે નહીં તેમ મૃગની વાટ જોઇને જેમ સિંહ બેસી રહે, તેમ ભીમસેન કીચકની વાટ જોઇ બેસી રહ્યા. પછી કીચક પણ, ઇચ્છા પ્રમાણે શણગાર સજી દ્રૌપદીના કહેલા વખતસર તેના સમાગમની ઇચ્છાથી ત્યા નૃત્યશાળા પ્રત્યે આવ્યો, દ્રૌપદીના સંકેતને માનતો અંધકારવાળા તે ઘરમાં ગયો. પછી જેના પરાક્રમની કોઇને ઉપમા આપાય નહીં એવા ભીમસેન પૂર્વે આવીને જ્યાં એકાંતે સૂતેલા છે, ત્યાં તે દુર્બુદ્ધિવાળો કીચક આવ્યો. તેણે દ્રૌપદીના તિરસ્કાર નિમિત્તથી થયેલા કોપથી જ્વલયમાન તથા શય્યામાં સૂતેલા ભીમસેનનો સ્પર્શ કર્યો. પછી કામે મોહ પમાડેલો તથા હર્ષિત છે ચિત્ત અને આત્મા જેનો એવો કીચક, ભીમસેનની પાસે આવીને આવી રીતે કહેવા લાગ્યો કે, અનેક તરેહનું અનંત ધન ને દાસીઓ, તથા લાવણ્યયુક્ત સ્ત્રિયોથી શોભિતું, અને ભ્રકુટીવાળી સ્ત્રિયોની ક્રીડા તથા રતિથી કરી મનોહર ઘર તથા અંતઃપુર, એ બધું તને સોંપવું, એમ નિશ્ચય કરી જલદીથી હું અહિં આવ્યો છું. મારા ઘરમાં આવેલી સ્ત્રિયો મને જોતાવેંતજ મારી પ્રશંસા કરે છે. "જોવા લાયક રૂડા વસ્ત્રવાળો તારા સરખો કોઇપણ પુરૂષ નથી" તે સાંભળી ભીમસેન બોલ્યો કે, તું જોવા લાયક છે એ બહુ સારૂં અને પોતાની પ્રશંસા કરે છે તે પણ બહુ સારૂં. તેં આવો સ્પર્શ પુર્વે ક્યાંય પણ કર્યો નહીં હોય. તું ચતુર છે તેથી સ્પર્શને જાણે છે. કામ ધર્મમાં વિચક્ષણ છે, તેથી સ્ત્રિયોને હર્ષ પમાડનાર તારા સરખો કોઇપણ પુરૂષ નથી. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! મ્હોટા હાથ તથા પરાક્રમવાળા કુંતીના પુત્ર ભીમસેન, એટલું કહી જલદીથી ઉભા થઇ હાસ્ય કરી તેને કહેવા લાગ્યા કે, આજ સિંહે ખેંચેલા મ્હોટા હાથીની પેઠે, પર્વત સરખા અને પૃથ્વીમાં મે ખેંચેલા તને તારી બહેન જોશે. તને મારીશ ત્યારે સૈરંધ્રી સુખેથી ફરશે અને સૈરંધ્રીના પતિ પણ સુખેથી વિચરશે. એમ કહી મહા બળવાન ભીમસેને તેના ફુલ ગૂંથેલા કેશ પકડયા. ત્યારે

બળવાનમાં શ્રેષ્ઠ કીચકે વેગથી કેશ મૂકાવીને ભીમસેનના હાથ પકડયા. પછી વસંતઋતુમાં હાથણીવાસ્તે બે હાથીઓનું જેવું યુદ્ધ થાય અને પૂર્વે વાનરમાં સિંહરૂપ વાલી તથા સુગ્રીવ એ બે ભાઈઓના જેવું મનુષ્યોમાં સિંહરૂપ ભીમસેન તથા કીચકનું બાહુ યુદ્ધ થવા લાગ્યું. તેમાં પરસ્પર જય કરવાની ઇચ્છા છે જેને એવા, તથા ક્રોધથી તપેલા તે બેઉ જણા, ક્રોધરૂપી વિષથી ઉદ્ધત પાંચ મસ્તકવાળા નાગ સરખા હાથ ઉગામીને, નખરૂપી દાઢથી પરસ્પર મારવા લાગ્યા. તે વખતે તે બેઉ, મ્હોટા બળદ વઢતા હોયની તેની પેઠે શોભતા હતા. વળી નખ અને દાંતરૂપ છે આયુધ જેને એવા મદોન્મત્ત બે વઢના વાઘોની પેઠે તે બેઉના મહા દારૂણ પ્રહાર થવા લાગ્યો. પછી બેદાર્ક ગયું છે મદ નીકળવાનું સ્થાન જેનું એવા હાથીને, બીજો હાથી જેમ પકડે, તેમ ક્રોધથી કીચકે, ભીમસેનને સામે આવી બે હાથથી પકડીને ખેંચ્યો, તોપણ પરાક્રમી ભીમસેન પોતાના સ્થાનકથી એક પગલું પણ ખસ્યો નહીં, ને ઉલટો તેને પકડયો. પછી બળવાનમાં શ્રેષ્ઠ કીચકે તેને ફેંકયો. ત્યાં બળવાન તે બેઉ જણાના પરસ્પર હાથના વાગવાથી, વાંસના ફાટવાથી જેવો શબ્દ થાય તેવો ભયંકર શબ્દ થયો હતો. પછી બળવાન ભીમસેને, તેને પગની વચમાં પછાડીને, વેગથી વાયુ જેમ વૃક્ષને હલાવે, તેમ હલાવ્યો. ત્યારે દુર્બળ કીચક બળે કરી છુટી ભીમસેનને ખેંચવા લાગ્યો. તેથી કંઇ પીડત અને સ્થાનકથી ચલાયમાન ભીમસેનને જોઇને કીચકને તેને પૃથ્વી ઉપર ઘુંટણભર કરી નાંખ્યો. એ રીતે કીચકે પૃથ્વી ઉપર પાડયો, ત્યારે ભીમસેન, પાછો હાથમા દંડ છે જેને એવો જાણે કાળ હોય નહીં, તેની પેઠે વેગથી ઉભો થયો. પછી બળથી ઉન્મત્ત કીચક અને ભીમસેન એ બે જણ, સ્પર્ધાથી મનુષ્ય વગરના તે સ્થાનમાં અર્ધ રાત્રિને વખતે પરસ્પર લડવા લાગ્યા. તેથી તે નૃત્યાગાર મજબૂત હતું તોપણ વારંવાર કંપવા લાગ્યું. અને તે બેઉ જણ પરસ્પર ક્રોધથી ગર્જના કરવા લાગ્યા; તેટલામાં ભીમસેને પોતાના બે હાથની હથેળી તેની છાતીમાં મારી, તોપણ ક્રોધથી તપેલો બળવાન કીચક સ્થાનકથી એક પગલું પણ ચલાયમાન થયો નહીં એ રીતે ભીમના બળથી પીડાયલો કીચક, દુઃખથી સહન થાય નહીં એવા વેગને બે ઘડી સુધી સહન કરી, પછી બળહીન થઇ ગયો. ત્યારે મહા બળવાન ભીમસેને તેને બળહીન થયો જાણીને, વેગથી તેની નાભિ સાથે તેનું મસ્તક જડીને તેને બેભાન કરી પીસ્યો. પછી જય કરનારાઓમાં શ્રેષ્ઠ તથા ક્રોધાવિષ્ટ ભીમસેને નિશ્વાસ મૂકી, મજબૂતીથી તેના કેશ પકડયા તે વખતે માંસની જેને ઇચ્છા છે એવો વ્યાઘ્ર મ્હોટા મૃગને પકડીને જેમ શોભે, તેમ તેને પકડી ભીમસેન શોભતા હતા. પછી ભીમસેને તેને થાકેલો જાણીને, બે હાથથી દોરડાએ કરી તેને પશુની પેઠે બાંધ્યો, ત્યારે તે ભાગેલા ઢોલના સરખા મ્હોટા શબ્દ કરવા લાગ્યો તથા બળથી ક્ષીણ છે તોપણ બંધનથી છુટવા લાગ્યો. ત્યારે તેને બે હાથથી પકડી ઘણીકવાર ફેરવી, દ્રૌપદીના કોપની શાંતિ થવા માટે, ભીમસેને તેનો કંઠ દબાવ્યો અને ભાગી પડયાં છે સર્વ અંગ જેનાં તથા નેત્ર પણ જેનાં ખોટાં થઇ ગયાં છે એવા તે અધમ કીચકને તેની કેડ ઉપર ઘુંટણ રાખી યજ્ઞના પશુની પેઠે મારી નાંખ્યો. પછી પાંડુના પુત્ર ભીમસેન, તેને મરી ગયેલો જાણી પૃથ્વી ઉપર તેને ફેરવી કહેવા લાગ્યો કે, આજ હું, સ્ત્રીને હરણ કરનાર તથા સૈરંધ્રીને કાંટારૂપ કીચકને મારી ભાઈઓના ઋણથી મુક્ત થઇ પરમ શાંતિને પ્રાપ્ત થયો છું. એ રીતે કહી ક્રોધથી રાતાં જેનાં નેત્ર છે એવા પુરૂષમાં શ્રેષ્ઠ બળવાન ભી-

મસેને, વસ્ત્ર તથા આભરણ જેનાં ખસી ગયાં છે, એવા પ્રાણ રહિત કીચકને છોડી દીધો; અને પોતાના હાથથી હાથ પીસી તથા ઓઠથી ઓઠને દાબી કીચકની કાયામાં તેનાં પગ, હાથ, મસ્તક, તથા ગર્દન એ સર્વ અંગ, જેમ મહાદેવજીએ પશુનાં અંગ તેની કાયામાં ઘાલ્યાં હતાં તેમ ઘાલી દીધાં. એ રીતે મંથન કર્યા છે સર્વ અંગ જેનાં એવા કીચકને, માંસના પિંડ સરખો કરી, મહાબળ તથા તેજવાળા ભીમસેન, સ્ત્રિયોમાં શ્રેષ્ઠ દ્રૌપદીને ત્યાં બોલાવી કહેવા લાગ્યા કે હે પાંચાલી ! અહીં આવ અને આને જો ! આ પાપીના કેવા હાલ કર્યા છે ! હે જનમેજય ! એ રીતે કહીને, ભયંકર છે પરાક્રમ જેનું એવા ભીમસેને તે દુરાત્મા કીચકની કાયાને લાતે કરીને મારી. પછી અગ્નિ પ્રજ્વલિત કરી દ્રૌપદીને કીચક દેખાડી, તેને ભીમસેન કહેવા લાગ્યા કે હે ભીરૂ ! હે રૂડા કેશના અગ્રભાગવાળી ! તું ગુણ તથા શિલ સંપન્ન છે, તેથી તારી જે માગણી કરે તે આ કીચકની પેઠે નાશ પામીને શોભે. હે જનમેજય ! એ પ્રમાણે દુઃખે કરીને પણ બીજાઓથી બને નહીં એવું કર્મ કરી તથા દ્રૌપદીનું પ્રિય કરી, કીચકને મારી ક્રોધ સમાવી, દ્રૌપદીની આજ્ઞા લઇ, ભીમસેન જલદીથી રસોડા પ્રત્યે આવ્યા. સ્ત્રિયોમાં શ્રેષ્ઠ દ્રૌપદી તો કીચકને મરાવી સંતાપે રહિત તથા પ્રસન્ન થઇ, સભા પાળનારાઓને કહેવા લાગી કે, અરે ! આ પરસ્ત્રી કામનાથી મદોન્મત્ત કીચક, મારા પતિ ગંધર્વોથી મરણ પામી અહીં સૂતો છે. તેને આવીને જુઓ ! તે સાંભળી નૃત્ય ઘરના રક્ષા કરનાર હજારો ચાકર, હાથમાં મસાલો લઇ તે ઘરમાં આવી, પ્રાણ રહિત, રૂધિરથી વ્યાપ્ત, તથા પૃથ્વી ઉપર પડેલા કીચકને, હાથ પગ રહિત જોઇ અત્યંત દુઃખ પામી વિસ્મય પામ્યા. પછી એવી રીતે તેને પડેલો જોઇ તેમણે, "અરે ! આની ડોક કયાં ? પગ કયાં ? ને માથું કયાં ?" એમ વિચારી, તેને અમાનુષ કર્મ જાણી, આને ગંધર્વે મારેલ છે એવી પરીક્ષા કરી.

अमानुषं कृतं कर्म तं दृष्ट्वा विनिपातितं
क्वास्य ग्रीवा क्व चरणौ क्व पाणी क्व शिरस्तथा ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि कीचकवधे गुर्जरभाषायां द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો. કીચકના સો ભાઇઓનો વધ.

वैशंपायन उवाच—तस्मिन् काले समागम्य सर्वे तत्रास्यबांधवाः
रुरुदुःकीचकं दृष्ट्वा परिवार्य समंततः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! તે વખતે કીચકના બધા ભાઇઓ ત્યાં આવી તેને જોઇ ચોતરફથી વીંટીને રોવા લાગ્યા. અને કાચબાની પેઠે, તેનાં સર્વ અંગ સંકોચેલાં જોઇને, તેઓ રોમાંચિત શરીરવાળા તથા ભયભીત થયા. પછી જેમ ઇંદ્રે દૈત્યને પછાડયો હોય, તેમ ભીમસેને પછાડેલા તે કીચકને, સંસ્કાર કરવા વાસ્તે તેઓ બહાર લઈ જવાને તૈયાર થયા; તેટલામાં સુંદર અંગવાળી, એક થાંભાને આલિંગન કરીને ઉભેલી દ્રૌપદીને નજીક જોઇને તે બધા ભેગા થઇ કહેવા લાગ્યા કે, આ દુષ્ટ સૈરંધ્રીને મારી નાખો. કારણ

એજ વાસ્તે કીચક નાશ પામ્યો છે, અથવા એને મારવી નહીં પણ કીચક સાથે બાળી નાંખવી જેથી મરણ પામેલા કીચકનું પ્રિય થાય. પછી તે કીચકના ભાઇયો વિરાટ પાસે જઇ કહેવા લાગ્યા કે, સૈરંધ્રીને સારૂ કીચક મરણ પામ્યો છે, માટે તમો આજ્ઞા આપો તો એને કીચક સાથે બાળીએ. તે સાંભળી વિરાટ રાજાએ તેઓને મ્હોટા પરાક્રમી જાણી, દ્રૌપદીને કીચક સાથે બાળી દેવાની આજ્ઞા આપી, ત્યારે કમળપત્ર સરખાં નેત્રવાળી, ત્રાસ પામતી તથા મોહ પામતી તથા રૂડા મધ્ય ભાગવાળી દ્રૌપદીને, કીચકોએ ગ્રહણ કરી કીચકની સાથે બાંધીને શ્મશાન પ્રત્યે જવા માંડ્યું. એ રીતે પવિત્ર દ્રૌપદીને લઇ જવા માંડી, ત્યારે તે પોતાના પતિયોને ઇચ્છતી મ્હોટેથી પોકારવાં લાગી કે, જય, જયંત, વિજય, જયત્સેન તથા જયદ્બલ, એઓ મારી વાણીને સાંભળો. જે આ સૂત પુત્રો મને લઇ જાય છે. જે મહા વેગવાન ગંધર્વોનો ધનુષ્યની પ્રત્યંચાનો શબ્દ વજ્રપાત સરખો ભયંકર તથા રથોનો શબ્દ પણ તેવોજ સંભળાય છે, તે ગંધર્વો મારી વાણીને જાણજો જે આ સૂતના પુત્રો મને લઇ જાય છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે દ્રૌપદીની વિલાપયુક્ત કૃપણ વાણી સાંભળીને શયન થકી એકદમ ઉઠીને, ભીમસેન દોડ્યા અને કહેવા લાગ્યા કે હે ભીરૂ ! હે સૈરંધ્રિ ! તેં કહી તે વાણી મેં સાંભળી, માટે હવે સૂત પુત્રોથી તને ભય નથી. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે કહી મ્હોટા હૃદયવાળા ભીમસેને તેઓને મારવા વાસ્તે બગાસું ખાધું. પછી યત્નથી ગંધર્વના જેવો વેષ કરીને ભીમસેન આડે રસ્તે કિલ્લા ઉપરથી કુદી બહાર ગયા, ને વેગે કરી વૃક્ષ ઉપર ચઢી દ્રૌપદીને લઇ જવાનો માર્ગ જોઇ, જ્યાં કીચકો ગયા હતા ત્યાં શ્મશાનની સન્મુખ ચાલવા લાગ્યા. તે શ્મશાનની પાસે જ્યાં કીચકો ઉભા હતા, ત્યાં વેગથી જઇને ઉભા. પછી તેણે, ત્યાં ઉપલો ભાગ જેનો સૂકાઇ ગયેલો છે એવું, દશ વામ ઊંચું, મ્હોટી શાખા વાળું તથા તાલવૃક્ષ જેટલું ઊંચું એક વૃક્ષ જોયું. જેને નાની મ્હોટી ડાળો સોત પોતાના ખભા ઉપર લઇને, તે જેમ હાથમાં દંડ લઇને કાળ દોડે, તેમ કીચકો પ્રત્યે દોડ્યો. તેના સાથળના વેગથી વડ, પીપળ તથા ખાખરનાં કેટલાંક વૃક્ષોના સમૂહો પૃથ્વીમાં પડી સુઇ ગયાં એ રીતે ક્રોધિત સિંહની પેઠે આવતા ગંધર્વને જોઇને, ખેદ તથા ભયથી કંપતા કીચકો ત્રાસ પામી કહેવા લાગ્યા કે, આ બળવાન ગંધર્વ ક્રોધથી વૃક્ષ ઉગામીને આવે છે. માટે જેથી આપણને ભય પ્રાપ્ત થયું તે આ સૈરંધ્રીને જલદીથી મૂકી દ્યો, એમ કહી અને ભીમસેને ખેંચી કાઢેલા વૃક્ષને જોઇને તે કીચકો તો દ્રૌપદીને મૂકી શહેર પ્રત્યે ભાગ્યા. તેમને જોઇને હે રાજેંદ્ર ! ઇંદ્ર જેમ દૈત્યોને મારે, તેમ વાયુના પુત્ર બળવાન ભીમસેને, તે વૃક્ષે કરી એકસો ને પાંચ કીચકોને મારી યમ રાજાના ઘર પ્રત્યે મોકલ્યા. એ રીતે દ્રૌપદીને મૂકાવીને, મ્હોટા હાથવાળા તથા ક્રોધથી સહન થાય નહી એવા ભીમસેન, અશ્રુથી નેત્ર જેનાં ભરાઇ ગયાં છે એવી દીન દ્રૌપદીને, આશ્વાસના કરતા કહેવા લાગ્યા કે હે ભીરૂ ! નિરપરાધ એવી તને જે કલેશ પમાડે છે, તે આ રીતે નાશ પામે છે. હે દ્રૌપદિ ! હવે નિર્ભય થઇ તું શહેર પ્રત્યે જા, અને હું પણ બીજે રસ્તેથી વિરાટના રસોઇ ઘર પ્રત્યે જઇશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! જેમ કાપી નાખેલું મ્હોટું વન પડી ગયેલા વૃક્ષથી સૂતું હોય, તેમ ભીમસેને એકસો ને પાંચ ભાઇયોને મારીને સુવાડી દીધા. હે રાજન ! એ રીતે ભીમસેને એકસો છ માર્યા ત્યારે હે ભારત ! એકઠાં થયેલાં સ્ત્રીયો તથા પુરૂષો, તે મ્હોટું આશ્ચર્ય જોઇને પરમ વિસ્મયને પામ્યા અને કંઇ પણ બોલ્યા નહીં.

तं दृष्ट्वा महदाश्चर्यं नरानार्यश्च संगताः
विस्मयं परमं गत्वा नोचुः किंचन भारत ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि गुर्जरभाषायां त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

અધ્યાય ૨૪ મો. દ્રૌપદી સામે અણુગમો.

वैशंपायन उवाच—ते दृष्ट्वा निहतान् सूतान् राज्ञे गत्वा न्यवेदयन्
गंधर्वैर्निहता राजन् सूतपुत्र महाबला ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી મળેલા માણસોએ મારેલા કીચકોને જોઇને, રાજા પાસે જઇને કહ્યું કે, મહા બળવાન સૂતના પુત્ર કીચકોને ગંધર્વોએ મારી નાંખ્યા. જેમ પર્વતનું મ્હોટું મસ્તક વજ્રથી ભાગેલું હોય, તેમ કીચકો પૃથ્વી ઉપર પડેલા દેખાય છે અને સૈરંધ્રી દુઃખથી મુક્ત થઇ પાછી તારા ઘર પ્રત્યે આવે છે. હે રાજન! તારૂં આ બધું શહેર સારી રીતે સૂતેલું થઇ જશે; કારણ આ સૈરંધ્રી યથાર્થ રૂપવતી છે, ને ગંધર્વો મહા બળવાન છે અને પુરૂષોને વિષય પ્રિય છે એમાં સંશય નહીં, તેથી સૈરંધ્રીના દોષે કરી જેમ કીચકો નાશ પામ્યા, તેમ હે રાજન! તારૂં આ બધું શહેર જલદીથી નાશ પામશે; માટે આ વખતે જે યોગ્ય ન્યાય હોય તે કર. એવાં તે લોકોનાં વચન સાંભળી વિરાટ રાજા કહેવા લાગ્યા કે, મરણ પામેલા તે સૂતોની સારી રીતે ક્રિયા કરો અને વૃદ્ધિ પામેલા એકજ અગ્નિમાં, રત્ન તથા સુગંધી ચંદનાદિ કાષ્ઠથી તેમને જલદી બાળો એમ કહીને પછી ભયભીત વિરાટે પોતાની સ્ત્રી સુદેષ્ણાને કહ્યું કે, મારાં વચનથી, સૈરંધ્રી આવે એટલે તેને કહેજે કે "હે સૈરંધ્રિ! હે સુંદર મુખવાળી! તારૂં કલ્યાણ થાઓ અને હવે તારી ઇચ્છામાં આવે ત્યાં તું જા! કારણ તું રૂડા કટિપશ્ચાદ્ભાગવાળી! રાજા ગંધર્વના પરાભવથી બીહે છે, અને તું ગંધર્વોએ રક્ષા કરેલી છે, તેથી રાજા પોતે તને કહેવાને ઉત્સાહ નથી રાખતા. સ્ત્રિયોએ તારી પાસે બોલવામાં કંઇ દોષ નથી, માટે હું તને કહું છું." વૈશંપાયન કહે છે—હે જનમેજય! હવે સિંહે ત્રાસ પમાડેલી નાની મૃગલી હોય નહી, તેની પેઠે ત્રાસ પામેલી તથા ભીમસેને મૂકાવી તેથી ભય રહિત દ્રૌપદી, સૂત પુત્રોને મરાવી જલદીથી શરીર તથા વસ્ત્રો ધોઇ શહેર પ્રત્યે આવવા લાગી, તેને જોઇને હે રાજન! ગંધર્વોના ભયથી ત્રાસ પામેલા પુરૂષો દશે દિશામાં ભાગવા લાગ્યા, અને કેટલાક તેને જોઇને નેત્ર મીંચી ગયા. એ રીતે દ્રૌપદી શહેરમાં આવી ત્યાં મદોન્મત્ત હસ્તિની પેઠે રસોઇ ઘરના દરવાજામાં બેઠેલા ભીમસેનને જોઇ સંજ્ઞાથી તેને વિસ્મય કરતી ધીરેથી કહેવા લાગી કે, ગંધર્વના રાજાને હું નમસ્કાર કરૂં છું, જેણે મને મૂકાવી. તે સાંભળી ભીમસેને કહ્યું કે જે પુરૂષો આ વિરાટના શહેરમાં વર્ષ પર્યંત જેના ચાકર થઈ રહ્યા છે તે આવાં વચન સાંભળી અનૃણી થઇને ફરો. વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી દ્રૌપદીએ, નૃત્ય ઘરમાં વિરાટ રાજાની કન્યાને નચાવતા મ્હોટા હાથવાળા અર્જુનને જોયા. તેટલામાં અર્જુન સહિત તે કન્યાઓ, નૃત્ય ઘરમાંથી બહાર નિકળી અને નિરપરાધી ક્લેશ પામેલી દ્રૌપદીને પોતા તરફ આવતી જોઇને કહેવા લાગી કે, હે સૈરંધ્રિ! કીચકથી તું મુક્ત થઈ, તે ઘણું સારૂં થયું,

પાછી આવી તે પણ બહુ સારૂં થયું, અને અપરાધ વિના તને જે ક્લેશ પમાડતા હતા તે કીચકો મરણ પામ્યા, તે પણ બહુ સારૂં થયું. તેટલામાં બૃહન્નલાએ પૂછ્યું કે, હે સૈરંધ્રિ! તું કેમ મુક્ત થઈ અને તે પાપી કીચકોને કેવી રીતે માર્યા, એ બધી વાત યથાર્થ હું તારાથી સાંભળવા ઇચ્છું છું. તે સાંભળી સૈરંધ્રીએ કહ્યું કે, હે બૃહન્નલા! હે કલ્યાણિ! હવે તારે સૈરંધ્રીનું શું કામ છે? કારણ તું હંમેશ સુખથી કન્યાના અંતઃપુરમાં રહે છે, ને સૈરંધ્રી જે દુઃખ પામે છે, તે દુઃખ તે નથી પામતી. તેથી દુઃખિત એવી હું તેને જાણે હાસ્ય કરતી હોય નહીં તેની પેઠે પૂછે છે. તે સાંભળી બૃહન્નલાએ કહ્યું કે હે કલ્યાણિ! હે બાલે! બૃહન્નલા અત્યંત દુઃખ પામે છે. કારણ નપુંસકપણાને પ્રાપ્ત થયું છે શરીર જેનું એવી હું તેને તું જાણતી નથી. તારી સાથેજ હું પણ રહી છું, તેમ તું પણ સૌની સાથે રહી છે. હે રૂડા કટિપશ્ચાદ્ભાગવાળી! તું ક્લેશ પામે તેથી કોને દુઃખ ન થાય? પણ ક્યારે પણ કોઇનું હૃદય સારી રીતે કોઇથી જાણી શકાતું નથી, તેથી મારા દુઃખને તું જાણતી નથી. વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી ત્યાંથી કન્યાઓ સહિત દ્રૌપદી રાજાના ઘર પ્રત્યે આવી સુદેષ્ણા પાસે ગઇ, ત્યારે વિરાટના કહેવાથી રાજાની સ્ત્રીએ દ્રૌપદીને કહ્યું કે હે સૈરંધ્રિ! જ્યાં તારે જવાની ઇચ્છા હોય ત્યાં જલદીથી જા! કારણ હે કલ્યાણિ! ગંધર્વના પરાભવથી રાજા બીહે છે, કારણ હે રૂડી ભ્રકુટિવાળી! તું તરૂણ અવસ્થાવાળી અને જેના રૂપની પૃથ્વીમાં કોઇને ઉપમા અપાય નહીં એવી છે; અને પુરૂષોને વિષય સ્વભાવથી પ્રિય છે. તેમ ગંધર્વો ઘણા ક્રોધી છે. તે સાંભળી સૈરંધ્રીએ કહ્યું કે, હવે તેર દિવસ માત્ર રાજા ક્ષમા કરો, કારણ તેટલામાં પોતાનું કૃત્ય ગંધર્વો કરી લેશે એમાં સંશય નહીં, ને તે પછી મને પોતાની પાસે લઇ જશે; તારૂં પણ પ્રિય કરશે અને નિશ્ચય રાજા પણ બાંધવો સહિત કલ્યાણને પામશે.

ततो मामुपनेष्यंति करिष्यंति च ते प्रियं
ध्रुवं च श्रेयसा राजा योक्ष्यते सहबांधवैः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि कीचकवधपर्वणि कीचकदाहे गुर्जरभाषायां चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૫ મો. દૂતોને ભાળ લાગી નહિ.

गोहरणपर्व.

वैशंपायन उवाच—कीचकस्य तु घातेन सानुजस्य विशांपते
अत्याहितं चिंतयित्वा व्यस्मयंत पृथक्जना ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! હવે ભાઇયો સહિત કીચકનો નાશ થયો, તેથી ગરીબ લોકો, "આ તો મહા ભય આવ્યો" એમ ચિંતવન કરી વિસ્મયને પ્રાપ્ત થયા; અને વિરાટના શહેરમાં તથા દેશમાં મોટો હાહાકાર થઇ રહ્યો જે, "શૂરવીરપણાથી રાજાને પ્રિય, મહા બળવાન પરસ્ત્રીને સ્પર્શ કરનાર તથા પાપ બુદ્ધિવાળા દુષ્ટ પુરૂષ સેનાપતિ કીચકને ગંધર્વોએ માર્યો." પછી તે વાત બીજા દેશોમાં પણ ચોતરફ ફેલાઇ ગઇ. હવે દુર્યોધનાદિકે પાંડવોની શોધ માટે બહાર મોકલેલા ચાકરોએ, કેટલાક દેશો, ગામડાં તથા શહેરો

પ્રત્યે પાંડવોને ખોળ્યા, પણ કયાંય જડયા નહીં તેથી પોતાના દેશ પ્રત્યે પાછા આવવા માંડયું. તેટલામાં તેઓએ સાંભળ્યું જે વિરાટના શહેરમાં ગંધર્વોએ કીચકોને માર્યા. તે સાંભળી "આપણું કામ થયું" એમ માની તેઓ દુર્યોધન પાસે શહેરમાં ગયા અને ત્યાં દ્રોણ, કર્ણ, કૃપાચાર્ય, મહાત્મા ભીષ્મ, પોતાના ભાઇયો તથા ત્રિગર્ત દેશના મહારથી રાજા, એ બધાઓ સહિત સભાની વચમાં બેઠેલા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને જોઇ કહેવા લાગ્યા કે, હે મનુજેશ્વર ! જેમાં કોઇ મનુષ્ય નથી એવા, મૃગોથી સંકીર્ણ, નાના પ્રકારના વૃક્ષ તથા લતાઓથી સંકીર્ણ અને લતાનો ફેલાવ તથા નાના પ્રકારના ગુચ્છ જેમાં છે એવાં ગાઢા વનમાં પાંડવોને ખોળવા વાસ્તે અમે ઘણોક યત્ન કર્યો; અને જે માર્ગે પગલાં જોયાં તે માર્ગે તે પગોની પછવાડે અમે ફર્યા. પણ અત્યંત પરાક્રમી પાંડવો કયે રસ્તેથી ગયા તે અમારા જાણવામાં ન આવ્યું. હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! વળી ઊંચા પર્વતના શિખરો ઉપર, નાના પ્રકારના તથા ઘણા મનુષ્યોવાળા દેશોમાં, પર્વત પાસેના ગામમાં તથા શહેરમાં ચોતરફથી વારંવાર ખોળ્યા, તોપણ પાંડવો કયાંય પણ જોવામાં આવ્યા નહીં. તેથી કાંતો તે નાશ પામી ગયા જેથી તારૂં સારૂંજ છે. હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! હે રથિમાં શ્રેષ્ઠ ! રથ ચાલેલા માર્ગે પણ અમે તેઓનો શોધ કર્યો. પણ તેઓની ગતિ અથવા નિવાસ કયાંય પણ અમારા જાણવામાં આવ્યો નહીં. હે મનુષ્યના રાજા ! કેટલાક કાળ સુધી તેઓના ઇંદ્રસેનાદિક સારથિને અનુસરી યુક્તિથી પાંડવોને ખોળ્યા, પણ સારથિયો તો પાંડવો વિના દ્વારકાં પ્રત્યે ગયા. અને દ્વારકાંમાં તો મહા વ્રતવાળા પાંડવો તથા દ્રૌપદી કોઇપણ ન હતાં. હે ભરત કુળમાં શ્રેષ્ઠ ! ખચિત તે નાશ પામ્યા. તને નમસ્કાર કરીએ છીયે ! હે મનુષ્યના રાજા ! આટલા દિવસ અમે તેઓને શોધવામાં ફર્યા, પણ તેઓની ગતિ અથવા નિવાસ વા પ્રવૃત્તિ વા તેઓનું કરેલું કંઇ કર્મ પણ અમારા જાણવામાં આવ્યું નહીં. ફરીથી હવે એ ઉપરાંત પાંડવોને ખોળવામાં શું ઉપાય કર્તવ્ય છે, તે અમને આજ્ઞા કરો જે અમે કરીએ. હે વીર ! વળી આ પણ તમને પ્રિય તથા તમારા કલ્યાણરૂપ અમારી વાણી સાંભળો—જે બળવાન વિરાટના સેનાપતિ કીચકે મોટા સૈન્યથી ત્રિગર્ત રાજાઓને માર્યા, તે દુષ્ટ બુદ્ધિવાળા કીચકને ભાઇયો સહિત કોઇ ન જુએ તે રીતે રાત્રિમાં ગંધર્વોએ મારી નાંખ્યો. હે કૌરવ્ય ! આ પ્રિય વાકય સાંભળીને, હવે શત્રુનો પરાભવ થાય તે રીતે કૃતકૃત્ય તું જે કરવું હોય તે કર,

प्रियमेतदुप श्रुत्य शत्रूणां च पराभवं
कृतकृत्यश्चकौरव्य विधत्स्वयदनंतरं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि चारप्रत्यागमने गुर्जरभाषायां पंचविंशोऽध्यायः ॥ २५ ॥

અધ્યાય ૨૬ મો. ચાંપતી શોધ કરવાની કર્ણની સલાહ.

वैशंपायन उवाच—ततो दुर्योधनो राजा श्रुत्वा तेषां वचस्तदा
चिरमंतर्मना भूत्वा प्रत्युवाच सभासदः ॥

વૈશંપાયન કહે છે—પછી ચારોનાં વચન સાંભળીને દુર્યોધન રાજા, ઘણોક વખત પોતાના અંતરમાં વિચાર કરીને સભાસદોને કહેવા લાગ્યો કે. કાર્યનો છેવટ સુધી વિચાર

કરવો ઘણો દુર્ઘટ છે, વાસ્તે તમો સર્વ વિચાર કરો કે પાંડવો ક્યાં ગયા હશે ? તેઓને અજ્ઞાત વાસનું આ તેરમું વર્ષ ઘણુંક તો વિતી ગયું, બાકી કંઇક અવશિષ્ટ રહ્યું છે; માટે તે પણ જો વીતી જશે તો ઠરાવ જેનો પૂરો થઇ રહ્યો છે એવા, સાચા વ્રતમાં તત્પર તથા સર્પની જેને ઉપમા અપાય એવા પાંડવો, કોપાયમાન થઇ મદ જેને ઝરે છે એવા મ્હોટા હાથીયોની પેઠે કૌરવો પ્રત્યે આવી, નિશ્ચય દુઃખ દેનાર થશે. વખતને જાણનાર તથા કષ્ટ વખતનાં રૂપ જેણે ધારણ કર્યાં છે એવા ધર્મનિષ્ઠ પાંડવો ફરીથી જે રીતે વનમાં પ્રવેશ કરે, તે રીતે જલદીથી તેરમા વર્ષના જે અવશિષ્ટ દિવસ છે, તેમાં જઇ તેમને ઓળખી કાઢો તો આપણને સર્વ તરેહથી સંપન્ન તથા બીજાનો હુકમ જેમાં નથી એવું શત્રુ વગરનું રાજ્ય ઘણાક કાળ પર્યંત રહે. તે સાંભળી કર્ણ બોલ્યો કે—હે ભારત ! ધૂર્ત-પણામાં ચતુર તથા દેખાવમાં સાધુ સરખા ચારોને જલદીથી મોકલો. તેઓ ઓળખાય નહીં તે રીતે, સમૃદ્ધિવાન ઝાઝા મનુષ્યવાળા દેશો પ્રત્યે વિદ્વાનોની સભાઓમાં તથા મુનિ-યોના આશ્રમોમાં, રાજાઓના શહેરમાં તથા વિવિધ પ્રકારની ખાણો જયાં છે એવા દેશોમાં ચોતરફ ફરીને, તાર્કિક બુદ્ધિથી પાંડવોને જાણી લે. અને તે કામમાં તત્પર, નિપુણ, બુ-દ્ધિવાળા તથા સારી રીતે પાંડવોને ઓળખી શકે એવા વિવિધ પ્રકારના બીજા પણ ચારોને મોકલી નદી, કુંજ, તીર્થ, ગામ, શહેર, આશ્રમ તથા પર્વતની ગુફામાં પણ અ-જ્ઞાતવાસ કરી રહેલા પાંડવોની ખોળ કરાવો. તે પછી પાપ કર્મમાં જેને પ્રીતિ છે એવો દુઃશાસન પોતાના મ્હોટા ભાઇ દુર્યોધનને કહેવા લાગ્યો કે, હે મનુષ્યના રાજા ! જે ચારોનો આપણને વિશ્વાસ હોય, તે ચારો ફરીથી પોતાનો ચઢેલો પગાર લઇ પાંડવોને શોધવા જાય. અને જયાં ત્યાં જઇ પાંડવોને ખોળે એમ જે કર્ણે કહ્યું તે હું પણ ઇચ્છું છું, પણ આપણા ચારો અને ઘણાક બીજાઓ પણ વિધિથી પાંડવોને ખોળી આવ્યા, તોપણ તેઓની ગતિ, નિવાસ તથા પ્રવૃત્તિ કોઇથી જણાઇ નહીં, માટે કાંતો તેઓ અત્યંત એકાંતે છુપાઇ રહ્યા અથવા સમુદ્રને ઉલંઘન કરી પેલે પાર ઉતરી ગયા; વા શૂરવીરનું અભિમાન જેને છે એવા પાંડવોને મહા અરણ્યમાં સર્પનો દંશ થયો અથવા ઘણાંક વર્ષ દુઃખ પામી તેઓ નાશ પામ્યા. માટે હે કુરૂનંદન ! હે રાજન ! તારૂં મન તું ખુશી રાખ, ને જે કામ કરવાને ઇચ્છતો હોય, તે મ્હોટા ઉત્સાહથી કર.

अथवा विषमं प्राप्य विनष्टाः शाश्वतीः समाः
तस्मान् मानसमव्यग्रं कृत्वा त्वं कुरुनंदन ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि कर्णःदुःशासनवाक्ये गुर्जर-भाषायां षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો. પાંડવો અજય્ય હશેજ.

**वैशंपायन उवाच—अथाब्रवीन्महावीर्यो द्रोणस्तत्वार्थदर्शिवान्
न तादृशा विनश्यंति न प्रयांति पराभवं ॥**

વૈશંપાયન કહે છે—હે જનમેજય ? તે પછી તત્વના અર્થને જાણનાર મહા પરાક્રમી દ્રોણાચાર્ય કહેવા લાગ્યા કે, પાંડવો જેવા પુરૂષો નાશ પામે નહીં તેમ કોઇથી પરાભવ

પણ પામે નહીં. કારણ શૂરવીર. વિદ્વાન્, બુદ્ધિમાન્, જિતેંદ્રિય, ધર્મનિષ્ઠ તથા કર્યા ઉપકારને જાણનાર નાના ભાઇયો, નીતિ તથા ધર્મ અર્થના તત્વને જાણનારા, પિતા સરખા, સાચા ધૈર્યવાળા તથા ધર્મનિષ્ઠ મહાત્મા મ્હોટા ભાઇ યુધિષ્ઠિરને અનુસરે છે. તેમ યુધિષ્ઠિર મ્હોટા છે તોપણ સર્વ ભાઈયોને અનુસરે છે. માટે અત્યંત સાવધાન મહાત્મા ભાઇયોનું, તે નીતિમાન યુધિષ્ઠિર રાજા કેમ કલ્યાણ નહીં કરે ? વાસ્તે હાલ તો તેઓ યત્નથી પોતાના ઉદય કાળની વાટ જોતા હશે. નાશ તો પામ્યા નહીંજ હોય એમ મારી બુદ્ધિમાં આવે છે. હાલ જે કરવું હોય, તે સારી રીતે વિચાર કરીને વિલંબ ન લાગે તે રીતે જલદીથી કરો; અને સર્વ કામમાં સાવધાન ચિત્તવાળા પાંડવોનો હાલ નિવાસ કર્યો છે તે પણ વિચાર કરો, પણ તે તપસ્વી તથા શૂરવીર પાંડવો મહેનતથી પણ જાણવામાં આવે નહીં, તેમ પ્રાપ્ત પણ નહીં થાય એવા છે. વળી શુદ્ધ અંતઃકરણવાળો, ગુણવાન, સત્યવાદી, નીતિમાન, પવિત્ર ઉત્કૃષ્ટ તથા ઘણાક તેજવાળો યુધિષ્ઠિર, પ્રત્યક્ષ હોય તોપણ ઓળખાય નહીં, માટે વિચારીને કામ કરો. ફરીથી આપણે બ્રાહ્મણ, ચાકર અને તે કામમાં નિપુણ કોઇ બીજા હોય તેઓને મોકલી પાંડવોને શોધાવો.

विज्ञाय क्रियतां तस्मात् भूयश्च मृगयामहे·
ब्राह्मणैश्चारकैः सिद्धे र्येचान्येतद्विदोजनाः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि द्रोणवाक्ये चारप्रत्याचारे गुर्जरभाषायां सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

અધ્યાય ૨૮ મો. પાંડવો હશે ત્યાં લીલાલહેર હશે.

वैशंपायन उवाच—ततः शांतनवो भीष्मो भरतानां पितामहः
श्रुतवान् देशकालज्ञस्तत्वज्ञः सर्वधर्मवित् ॥

વૈશંપાયન કહેછે— હે જન્મેજય ! તે પછી કૌરવ તથા પાંડવોના પિતામહ, શાસ્ત્ર સંપન્ન અને દેશ, કાળ, તત્વ, તથા સર્વ ધર્મને જાણનાર શંતનુના પુત્ર ભીષ્મ, દ્રોણાચાર્ય બોલી રહ્યા ત્યારે તેનાં વાકયને અનુસરીને, કૌરવો પ્રત્યે તેમના હિત વાસ્તે, ધર્મજ્ઞ યુધિષ્ઠિરનું પણ સારૂં કહેનારી, ખરાબ માણસોને દુર્લભ, સત્પુરૂષોએ વખાણવા લાયક તથા પક્ષપાત વિનાની વાણી કહેવા લાગ્યા કે, આ સર્વ અર્થને જાણનાર દ્રોણાચાર્ય બ્રાહ્મણે કહ્યું જે, “ સર્વ લક્ષણ સંપન્ન, રૂડા વ્રતે કરી યુકત, વેદ તથા શાસ્ત્ર સંપન્ન વૃદ્ધની આજ્ઞા માનનાર, સાચા વ્રતમાં તત્પર, વખતને જાણનાર, પોતાના વખતની વાટ જોનાર, ક્ષત્રિયના ધર્મમાં તત્પર, શ્રીકૃષ્ણને અનુસરનાર તથા સત્પુરૂષોના ધર્મને પાળનાર મહા બળવાન્ મહાત્મા પાંડવો પરાભવ પામવા લાયક નથી; તેમ ધર્મ તથા પરાક્રમે રક્ષા કરેલા તેઓ નાશ પણ પામે નહીં ” એમજ મારી બુદ્ધિમાં પણ આવે છે, માટે હે દુર્યોધન ! પાંડવો પ્રત્યે જઇ તેમને ઓળખવા વાસ્તે હું વિચાર કરૂં છું, કારણ અત્યંત નીતિમાનની નીતિ ખોળવા અનીતિવાન પુરૂષો સમર્થ થતા નથી, માટે તેમને ઓળખવા વાસ્તે જે ખરો પ્રયોગ છે, તે હું તને કહું છું. કંઇ તમારા દ્રોહથી નથી કહેતો, આ જે નીતિ છે, તે મારા જેવાએ, દુર્જનને કયારે પણ કહેવી ન જોઇએ. સજ્જનને કહેવી પણ અનીતિ તો કદી કહેવી

નહીં. હે તાત ! વૃદ્ધની આજ્ઞા માનનાર, સાચા સ્વભાવવાળા તથા સત્પુરૂષની વચમાં બેસનારા ધીર પુરૂષે, ધર્મ વાસ્તે સર્વથા જે યોગ્ય હોય તે બોલવું તે તું પાંડવોના નિવાસ બીજા મનુષ્યોની પેઠે સાધારણ જાણતો નથી. આ તેરમા વર્ષમાં જ્યાં ધર્મરાજાનો નિવાસ હશે, ત્યાંના રાજાઓનું અકલ્યાણ ક્યારેય નહિ થાય. જે દેશમાં વા શહેરમાં યુધિષ્ઠિર રાજા હશે, ત્યાંના મનુષ્યો દાન, શિલ, ઉદાર, જીતેંદ્રિય તથા લજ્જાવાન થશે, એમાં સંશય નહીં. વળી જ્યાં યુધિષ્ઠિર રાજા હશે, ત્યાંના મનુષ્યો પ્રિય બોલનાર, ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર, સાચામાં તત્પર, હૃષ્ટપુષ્ટ, પવિત્ર, દાન આપનાર, ઇર્ષા રહિત પારકું રૂડું કહેનાર અને અભિમાન તથા મત્સર રહિત મનુષ્યો થશે. તેમ જે દેશમાં યુધિષ્ઠિર રાજા હશે તે દેશનાં ઘણાક વેદના શબ્દો, પૂર્ણ આહુતિયો, ઘણીક દક્ષિણાવાળા યજ્ઞો તથા મેઘ પણ સારી રીતે થશે; અને ઘણાક ધાન્યવાળી દુઃખ રહિત પૃથ્વી તથા ઘણા ગુણવાળાં ધાન્ય અને રસાળ ફળ થતાં હશે. વળી સુગંધવાળાં પુષ્પો, સુંદર શબ્દવાળી સરસ્વતી, સુખરૂપ જેનો સ્પર્શ છે એવો વાયુ, પાખંડ રહિત ધર્મ, બ્રહ્મના સ્વરૂપને જેવું તથા નિર્ભયપણું, એ બધા ગુણો જે દેશમાં યુધિષ્ઠિર રાજા રહેશે, અને જ્યાં યુધિષ્ઠિર વાસ કરશે ત્યાં હશે, બળવાન ગાયો, ઘણી મધુરતાવાળાં દૂધ, દહીં, તથા ઘી અને ઘણા ગુણ તથા સ્વાદવાળા ખાવા પીવાના પદાર્થો પણ ત્યાં હશે. વળી જે દેશમાં યુધિષ્ઠિર રાજા રહેશે, તે દેશમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ પણ ઘણા ગુણવાળા થશે, બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય પોતપોતાના ધર્મનું સેવન કરશે, ને પોતપોતાના ગુણોએ કરી સંયુક્ત રહેશે. તેમ બધા મનુષ્યો પ્રસન્ન રહી દેવતા અતિથિની પૂજા કરશે, દાન કરશે, તથા મ્હોટા ઉત્સાહથી રહેશે, અને ખરાબ કામ મૂકી સારાં કામ કરનાર, યજ્ઞને ઇચ્છનાર, પવિત્ર વ્રતવાળા, ત્યાગ કર્યું છે અસત્ય જેણે એવા, સારાં કલ્યાણરૂપ કર્મ કરનાર, રૂડા અર્થને ઇચ્છનાર તથા રૂડી બુદ્ધિવાળા થશે, એવા પ્રિય તથા સત્કર્મવાળા ધર્માત્મા યુધિષ્ઠિર રાજાને બ્રાહ્મણ, ક્ષત્રિય. વૈશ્ય પણ જાણવાને સમર્થ ન થાય તેને બીજા સાધારણ મનુષ્યો તો કેમજ ઓળખી શકે ? તે યુધિષ્ઠિરમાં સત્ય, ધૈર્ય, દાન, શાંતિ, ક્ષમા, લજ્જા, શ્રી, કીર્તિ, તેજ, સમતા તથા કોમળતા એ ગુણો હંમેશ સ્થિર રહે છે. માટે તે બુદ્ધિમાન્ પાંડવોનો નિવાસ છુપો તથા જવું પણ છુપું છે એમ તું જાણ. હું ખોટું બોલવાનો ઉત્સાહ રાખતો નથી. હે કૌરવ્ય ! જો મારાં વચન ઉપર શ્રદ્ધા હોય તો એ એમજ છે એમ વિચારીને, જે કરવાથી હિત માનતો હોઉં તે જલદી કર.

एवमेतत्तु संचिंत्य यत्कृते मन्यसे हितं
तत्क्षिप्रं कुरु कौरव्य यद्येवं श्रद्धासि मे ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि चारप्रत्याचारे भीष्म वाक्ये गुर्जरभाषायामष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો. કૃપાચાર્યનો મત.

वैशंपायन उवाच—ततः शारद्वतो वाक्य मित्युवाच कृपस्तदा
युक्तं प्राप्तं च वृद्धेन पांडवान् प्रतिभाषितं ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! તે પછી શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય આ રીતે કહેવા લાગ્યા કે, જે યુક્તિવાળું, વખતને લાયક, પાંડવોનો ઉદ્દેશ કરી ધર્મ તથા અર્થવાળું, મનોહર, કારણ સહિત તથા તત્વથી પાંડવોને માટે યોગ્ય વાક્ય ભીષ્મે કહ્યું, તેને અનુસરતી મારી પણ વાણી સાભળો. ચારો મોકલી, પાંડવો ક્યાં ગયા તથા તેમણે ક્યાં નિવાસ કર્યો, તે સારી રીતે જાણો. ને હાલ જેથી આપણું હિત થાય તેવી નીતિ ધારણ કરો. હે તાત ! સમર્થ થવાને ઇચ્છા કરનાર પુરૂષે, સાધારણ શત્રુ હોય તેની પણ ઉપેક્ષા કરવી નહીં, ત્યારે સંગ્રામને વિષે સર્વ શાસ્ત્રમાં કુશળ પાંડવોની તો કેમજ ઉપેક્ષા કરવી ઘટે ? વળી કપટથી બીજા વેષ ધારણ કર્યો છે જેણે એવા ગૂઢ અભિપ્રાયવાળા મહાત્મા પાંડવો ભાગી ગયા, તથા તેમણે પ્રતિજ્ઞા કરેલ વખત પણ હવે થોડો અવશિષ્ટ રહ્યો. વાસ્તે મિત્રોના દેશમાં તથા પોતાના દેશમાં પોતાનું સૈન્ય તથા સામર્થ્ય કેટલું છે તે જાણવું; અને પાંડવોનો ઉદય પણ કેવો છે, તે પણ વખત આવે જાણવો જોઇયે. કારણ પ્રતિજ્ઞા કરેલો વખત પૂરો થયેથી, મહા બળવાન તથા ઘણા પરાક્રમવાળા મહાત્મા પાંડવો, યુદ્ધ કરવામાં મ્હોટા ઉત્સાહવાન છે. તે કારણ માટે સૈન્ય તથા ભંડાર વધારો અને ચાકરોને પગાર આપવા તથા ચારો મોકલવા ઇત્યાદિ રાજનીતિ પણ કરવા માંડો જેથી વખત આવે પાંડવો સાથે સંધિ કરાય. હે તાત ! બુદ્ધિથી પણ પોતાનું બધું બળ કેટલું છે તે અને બળવાન તથા નિર્બળ મિત્રોને વિષે પણ નિશ્ચલ એવું કેટલું બળ છે તે જાણો. ઉચ્ચાદિ ભેદે કરી ત્રણ પ્રકારનું એટલે વિશેષ, ન્યૂન અને સમાન બળ જાણીને, શત્રુ સાથે ઘટતી સંધિ કરીએ. જો શત્રુ સરખા બળવાળો હોય તો સામ તથા ભેદથી કાર્ય કરવું. પોતાથી અધિક બળવાન ભાસે તો તેને કંઇ દઇને કાર્ય કરવું, અને પોતાનું આધિક્ય હોય તો તેને દંડ દેવો અથવા તેની પાસેથી વેરો લેવો. એમ છે માટે ન્યાય તથા બળથી બીજાઓને વશ કરી દુર્બળ તથા મિત્રોને સાંત્વના કરી, પોતાના પક્ષમાં લઇ, પોતાના સૈન્યનો સત્કાર કરી તેની સાથે વિચાર કરવો. એ રીતે ભંડાર તથા સૈન્યથી વૃદ્ધિ પામીશ તો સારી રીતે તારો જય થશે; કોઇ બીજા બળવાન શત્રુ આવીને ઉભા રહ્યા તો તેની સાથે યુદ્ધ કરીશ, ને પોતાના સૈન્ય તથા વાહનથી હીન પાંડવોની સાથે પણ યુદ્ધ કરી શકીશ. હે મનુષ્યના રાજા ! એ રીતે સર્વ ઉદ્યોગનો નિશ્ચય કરીને, સ્વધર્મથી વખતને અનુસરી ઘણા કાળ લગી સુખ પામીશ.

एवं सर्वं विनिश्चित्य व्यवसायं स्वधर्मत:
यथाकाले मनुष्येंद्र चिरं सुखमवाप्स्यसि ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि चारप्रत्याचारे कृपवाक्ये गुर्जरभाषायामेकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥

અધ્યાય ૩૦ મો. વિરાટ ઉપર ચઢાઈ.

वैशंपायन उवाच—अथ राजा त्रिगर्तानां सुशर्मा रथयूथप:
प्रातःकालमिदंवाक्यमुवाच त्वरितो बली ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પછી બળવાન રથના યૂથને પાળનાર ત્રિગર્ત

દેશનો સુશર્મા નામે રાજા, વખતને અનુસરતું આવી રીતે કહેવા લાગ્યો કે—હે પ્રભો ! વારંવાર પૂર્વે મત્સ્ય તથા શાલ્વના યોદ્ધાઓએ ત્રિગર્તના મનુષ્યોને છેતર્યા છે, તેમાં પણ મત્સ્ય રાજાના સૂત કીચકે તો વારંવાર છેતર્યા છે; અને બંધુ સહિત મને પણ બળાત્કારથી બાધ કર્યો છે. પછી ભીષ્મ જુએ છે તે રીતે કર્ણને પણ ઉદ્દેશ કરી દુર્યોધનને કહેવા લાગ્યો કે, વારંવાર પરાક્રમથી મારા દેશને વિરાટ રાજાએ બાધ કર્યો છે, પણ તેને પ્રેરણા કરનાર બળવાન કીચક હતો. તે પાપ કર્મ કરનાર, ક્રૂર સ્વભાવવાળા, ક્રોધી, દુષ્ટ બુદ્ધિવાળો તથા પૃથ્વીમાં પ્રખ્યાત છે પરાક્રમ જેનું એવા કીચકને ગંધર્વોએ માર્યો, ત્યારે હવે આશ્રય વગરનો ગર્વ રહિત વિરાટ રાજા ઉત્સાહ રહિત થયો હશે, એમ મારી બુદ્ધિમાં આવે છે. આપણે હાલ વિરાટપર ચઢાઇ કરવી એમ મારા વિચારમાં આવે છે. પણ તમોને, સર્વ કૌરવોને તથા મહાત્મા કર્ણને જો રૂચતું હોય તો એ કામ હાલ આપણે જરૂર કરવા યોગ્ય છે, એમ હું માનું છું. વિરાટ રાજાના ઘણાક ધાન્યવાળા દેશ પ્રત્યે જઇને, તેનાં નાના પ્રકારનાં રત્ન તથા ધન લઇ લઇયે, અને તેનાં ગામ તથા દેશો જીતી લઇ ભાગ પાડી લઇયે, તેમ બળાત્કારથી તેના શહેરને પીડીને તેની સુંદર હજારો ગાયો હરણ કરી લાવીએ. કૌરવો તથા ત્રિગર્ત, એ બધાઓ સહિત આપણે એકઠા થઇને હમણાંજ તેની ગાયોનું હરણ કરીએ. આપણી સેનાના બે વિભાગ કરી એના પરાક્રમને હણીએ, ને તેની સમગ્ર સેનાને નાશ પમાડી, તે રાજાને ન્યાયથી વશ કરી આપણે સુખે નિવાસ કરીએ. જરૂર તમારા સૈન્યની પણ વૃદ્ધિ થશે, એમાં સંશય નથી એવાં તે સુશર્માનાં વચન સાંભળી કર્ણ દુર્યોધન પ્રત્યે કહેવા લાગ્યો કે—હે નિષ્પાપ ! સુશર્માએ વખતને યોગ્ય આપણા હિતરૂપ સુંદર વાક્ય કહ્યાં. હવે જલદીથી સેના તૈયાર કરી આપણે નીકળીએ, અથવા સેનાનો વિભાગ કરી નીકળીએ, જેમ તમારી ઇચ્છા. કૌરવોમાં વૃદ્ધ, બુદ્ધિમાન તથા આપણા સર્વના દાદા ભીષ્મ, દ્રોણાચાર્ય તથા શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય, એ સર્વે જે રીતે કહે તે રીતે જવાનું કરો. વિચાર કરીને જલદીથી તે રાજાને વશ કરવાને જઇએ, ધન, બળ તથા પરાક્રમ વગરના પાંડવો સાથે હાલ આપણને શું પ્રયોજન છે ? હે રાજન ! પાંડવો તો અત્યંત ક્યાંક દૂર નીકળી ગયા અથવા યમલોક પ્રત્યે ગયા, માટે આપણે તો ચિત્તમાંથી ઉદ્વેગ તજીને વિરાટના શહેર પ્રત્યે જઇએ અને તેનાં વિવિધ પ્રકારનાં ધન તથા ગાયો હરણ કરીએ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! આ રીતે સૂર્યના પુત્ર કર્ણનાં વાક્ય ગ્રહણ કરીને દુર્યોધન રાજાએ, જલદીથી હંમેશ પોતાની આજ્ઞા પાળવામાં તત્પર નાના ભાઇ દુઃશાસન પ્રત્યે આ રીતે આજ્ઞા કરી કે—હે ભાઇ ! વૃદ્ધોની સાથે વિચાર કરીને જલદીથી સેનાને તૈયાર કર, એટલે સેનાના વિભાગ કરીને, ઉત્તર તથા દક્ષિણ દિશા પ્રત્યે યોગ્યતા પ્રમાણે જઇએ. તે એવી રીતે કે, મહારથી સુશર્મા ત્રિગર્ત દેશની ફોજ સહિત પ્રથમ મત્સ્યના દેશ પ્રત્યે જાય અને તેની પછવાડે બીજે દિવસે આપણે કૌરવો સહિત વિરાટના સમૃદ્ધિમાન દેશ પ્રત્યે એકઠા થઈ જઇશું એ સુશર્મા પ્રથમથી ત્યાં જઇને જલદીથી ગોવાળિઆઓને પકડીને ગાયોનું ઘણુંક ધન હરણ કરી લે અને સેનામાં કર્યા છે વિભાગ જેણે એવા આપણે પણ સુંદર તથા રૂડા રૂડા ગુણવાળી હજારો ગાયો હરણ કરશું વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી કવચ પહેરેલા રથી, પાયદળ સહિત, બળથી મહોન્મત્ત તથા ગાયોની ઇચ્છાવાળા, મહા બળવાન, ત્રિગર્ત્તદેશના યોદ્ધાઓએ દક્ષિણ દિશા પ્રત્યે જઇ પાછું વેર લેવાની ઇચ્છાથી, સુશર્માના કહેવા પ્રમાણે કૃષ્ણ પક્ષની સાતમીને દિને ગાયોનું હરણ કર્યું.

હે રાજન ! પછી બીજે દિવસે અષ્ટમીમાં તે બધા કૌરવોએ એકઠા થઇને હજારો ગાયોનાં ધેન હરણ કર્યા.

अपरेदिवस सर्वे राजन् संभूय कौरव
अष्टम्यां तेन्यगृण्हंत गोकुलानि सहस्रशः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि दक्षिणगोग्रहे सुशर्मादि-गुर्जरभाषायां त्रिंशोऽध्यायः ॥ ३० ॥

અધ્યાય ૩૧ મો. વિરાટની યૌદ્ધિક તૈયારી.

वैशंपायन उवाच—ततस्तेषांमहाराज तत्रैवामिततेजसां
छद्मलिंगप्रविष्टानां पांडवानां महात्मनां ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે વિરાટના ઉત્તમ શહેરમાં બ્રાહ્મણાદિ વેષે કરી રહેલા ઘણાક તેજવાળા મહાત્મા પાંડવોને, તેના શહેરમાં રહી તેનાં કામ કરતાં તેરમું વર્ષ વીતી ગયું. કીચકના મરણ પછી શૂરવીર શત્રુને મારનાર વિરાટ રાજા, કુંતીના પુત્ર યુધિષ્ઠિર રાજા વિષે "આ પણ કીચકની પેઠે મને સહાય કરનાર થશે, એમ સંભાવના કરતો હતો. હે જનમેજય ! હવે તેરમા વર્ષને અંતે ઘણુંક ગાયોનું ધન સુશર્માએ વેગથી ગ્રહણ કર્યું, ત્યારે મ્હોટા વેગથી કુંડળ તથા બાજુબંધ જેણે ધારણ કર્યાં છે એવો મંત્રી શૂરવીર યોદ્ધા, મંત્રિયો તથા મહાત્મા પાંડવોથી વિંટાઇ સભામાં બેઠેલા દેશ વધારનાર મહારાજ વિરાટને જોઇ, તેની પાસે આવી પ્રણામ કરી કહેવા લાગ્યો કે, બાંધવો સહિત અમને યુદ્ધમાં જીતી પરાભવ પમાડીને, ત્રિગર્ત દેશના યોદ્ધાઓ તમારી હજારો ગાયોને લઇ જાય છે. માટે હે રાજેંદ્ર ! તે પાછી લઇ આવવાની ઇચ્છા કરો. તમારાં પશુ દૂર માં જાઓ ! તે સાંભળી વિરાટ રાજા રથ, હસ્તિ, ઘોડા તથા પાયદળથી વ્યાપ્ત અને ધ્વજાઓ જેમાં છે એવી મત્સ્ય સંબંધી સેનાની યોજના કરવા લાગ્યો. રાજાએ તથા રાજપુત્રોએ પ્રકાશમાન તથા વિચિત્ર પ્રકારનાં કવચો પહેર્યાં તેમાં વજ્રની પેઠે અભેદ્ય લોઢાનો છે ગર્ભ જેનો એવું સોનાનું કવચ વિરાટના પ્રિય ભાઇ શતાનિકે ધારણ કર્યું; અને સર્વ શત્રુને પીડનાર તથા ઉપરથી સુવર્ણના પત્રાએ ઢંકેલું કવચ શતાનિકથી નાના ભાઇ મદિરાક્ષે બાંધ્યું. સૂર્ય, ચંદ્ર, બિંદુ તથા નેત્ર સરખાં ચકચકિત ચિન્હ છે જેમાં અને કોઇથી ભેદાય નહીં એવું બળવાન્ કવચ વિરાટ રાજાએ બાંધ્યું. તેમ શ્વેત રક્ત મિશ્રિત વર્ણવાળા સો કમળની પંક્તિ જેટલો જેનો વિસ્તાર છે એવું સુવર્ણના પત્રાથી જડિત તથા સૂર્ય સરખા તેજવાળું કવચ સૂર્યદત્તે ધારણ કર્યું. પછી લોઢાના ગર્ભવાળું, શ્વેત છે વર્ણ જેનો તથા નેત્ર સરખા આકારવાળા છે ચક્રો જેમાં એવું દૃઢ કવચ વિરાટના શંખ નામના શૂરવીર જ્યેષ્ઠ પુત્રે ધારણ કર્યું તેમ સંગ્રામમાં મારનાર દેવ સરખા રૂપવાળા બીજા હજારો મહારથિયોએ પણ કવચો ધારણ કર્યાં. પછી રથના જોડનાર મહારથિયોએ સુંદર પૈડાંવાળા મ્હોટા શ્વેત રથોમાં જૂદા જૂદા સોનાનાં ઘરેણાં પહેરેલા ઘોડાઓને જોડયા. તે વખતે સૂર્ય ચંદ્ર સરખા તેજવાળા સાત્ર સુવર્ણના વિરાટના દિવ્ય રથ વિષે અતિ ઉંચી ધ્વજા શોભતી હતી. પછી શૂરવીર બીજા પણ સર્વ ક્ષત્રિયો સુવર્ણથી શોભાયમાન વિચિત્ર પ્રકારની ધ્વજાઓ પોતપોતાના રથોમાં જોડવા લાગ્યો

તેટલામાં મત્સ્ય રાજા, પોતાના નાના ભાઈ શતાનિકને કહેવા લાગ્યા કે કંક, બલ્લવ, તંતિપાળ તથા પરાક્રમી અશ્વપાળ એઓ, પણ યુદ્ધ કરે એવો નિશ્ચય મારી બુદ્ધિમાં આવે છે. માટે તેઓને પણ ધ્વજા પતાકાવાળા રથો આપો, તથા વિચિત્ર પ્રકારનાં દૃઢ કોમળ કવચો તથા આયુધો પણ આપો, જે તેઓ શરીરે ધારણ કરે, કારણ તે શૂરવીર સરખાં જેનાં અંગ છે એવા તથા હાથીની સૂંઢ સરખા હાથવાળા પુરૂષો ખચિત યુદ્ધ કરશે, એમ ધારવામાં આવે છે. રાજાનાં એવાં વચન સાંભળી તેના નાના ભાઇ શતાનિકે જલદીથી પાંડવો વાસ્તે રથોનો હુકમ કર્યો. એટલે તેની આજ્ઞાથી યુધિષ્ઠિર, ભીમ, નકુળ તથા સહદેવ, એ ચારે જણ વાસ્તે રથ જોડી ઉભા રહ્યા ત્યારે, શત્રુને તપાવનાર તે ચારે પાંડવો. વિરાટના કહેવા પ્રમાણે કવચો અંગે ધારણ કરીને, ઘોડા જોડેલા રથો પ્રત્યે બેઠા. પછી શત્રુના સમૂહને મારનારા, વેગવાન, છુપાં જેનાં રૂપ છે એવા, યુદ્ધ કરવામાં ચતુર, સોનાના આફાવાળા રથમાં બેઠેલા, મહારથિ, સાચા પરાક્રમવાળા તથા શૂરવીર ચારે ભાઇયો પ્રસન્નતાથી રાજાની પછવાડે ચાલવા લાગ્યા. તેમજ ભયંકર, ભેદાયાં છે ગંડસ્થળ તથા મુખ જેનાં અને મદ જેને ઝરે છે એવા, માવત લોકોએ શિખવેલા તથા યુદ્ધમાં કુશળ પુરૂષો જેની ઉપર બેઠેલા છે એવા સાઠ વર્ષના રૂડા દાંતવાળા મદોન્મત્ત હસ્તિયો, જાણે ચાલતા પર્વતો હોય નહીં, તેની પેઠે વિરાટની પછવાડે ચાલવા લાગ્યા. વળી યુદ્ધ કરવામાં, ચતુર, મુખ્ય, પ્રસન્ન, તથા સારી આજીવિકાવાળા મત્સ્ય દેશના યોદ્ધાઓના આઠ હજાર રથ, હજાર હાથી તથા સાઠ હજાર ઘોડાઓ ચોતરફથી વિરાટની પછવાડે નીકળ્યા. હે રાજન! તે વખતે ગાયોના સ્થાનકને જોતું, દૃઢ આયુધવાળા મનુષ્યથી સંકીર્ણ અને હાથી, ઘોડા તથા રથથી સંકુલ વિરાટનું મુખ્ય સૈન્ય ચાલતાં શોભતું હતું.

संप्रयातं तदा राजन्निरीक्षंतं गवांपदं
तद्बलाग्र्यंविराटस्य संप्रस्थितमशोभत ॥
दृढायुधजनाकीर्णं गजाश्वरथसंकुलं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि दक्षिणगोग्रहणेमत्स्यराजेरणोद्योगे गुर्जरभाषायामेकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥

અધ્યાય ૩૨ મો. વિરાટની ગાયોનું હરણ.

वैशंपायन उवाच—निर्याय नगराच्छूरा व्यूढानीकाः प्रहारिणः
त्रिगर्तानस्पृशन् मत्स्याः सूर्ये परिणते सति ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી શહેરમાંથી નીકળીને વ્યૂહ રચનાથી ગોઠવાયલા, પ્રહાર કરનારા, શૂરવીર મત્સ્ય દેશના યોદ્ધાઓ, પાછલા પહોરે ત્રિગર્તની ફોજ પાસે ગયા, ત્યારે ક્રોધથી તપેલા યુદ્ધમાં દુર્મદ તથા ગાયોની સ્પૃહાવાળા મહા બળવાન ત્રિગર્ત તથા મત્સ્ય દેશના યોદ્ધાઓ પરસ્પર શબ્દ કરવા લાગ્યા. પછી શૂરવીર પુરૂષો જેની ઉપર બેઠા છે એવા ભયંકર મદોન્મત્ત હસ્તિયો, હુશિયાર માવત લોકોએ ભાલા તથા અંકુશથી પ્રેરણા કરી ત્યારે પરસ્પર મારવા લાગ્યા. તે વખતે શરીરમાં રોમ ઉભાં કરનાર, યમરાજાના દેશને વધારનાર અને દેવ તથા અસુરના સંગ્રામ સરખો તે પાયદળ તથા રથ, હસ્તિ અને

ઘોડાઓ ઉપર બેસનારનો ઘણો ભયંકર સંગ્રામ થયો. તેમાં પરસ્પર સામા આવી તેઓ એક બીજાને મારતા હતા, ત્યારે પૃથ્વીમાં રજ ઉડતી તેથી કંઇપણ જણાતું નહીં. સેનાથી ઉડતી તે રજે કરી વિંટાયલાં પક્ષિયો પૃથ્વી ઉપર પડતાં હતાં. અવિચ્છિન્ન ચાલતા બાણોએ કરીને સૂર્ય દેખવામાં આવતો નહીં, ને તે વખતે આકાશ આગીયા કીડાઓથી સંયુક્ત હોય તેની પેઠે શોભતું હતું. ડાબી તથા જમણી બાજુ બાણોને ફેંકનારા તથા લોકમાં શૂરવીર ધનુષધારી પુરૂષો પડતા. તેમના હાથમાંથી સોનાના પૃષ્ટ ભાગ છે જેના એવાં ધનુષ બીજા હાથ પ્રત્યે જતાં હતાં પછી રથમાં બેસનારા રથિયો સાથે, પાયદળ પાયદળો સાથે, સારથિયો સારથિયો સાથે, તથા હસ્તિયો ઉપર બેસનાર તે ઉપર બેસનારાઓ સાથે, ખડ્ગ, પટ્ટા, સાંગ, શક્તિ તથા ગુરંજ ઇત્યાદિ શસ્ત્રોએ કરી ક્રોધથી તપીને પરસ્પર મારવા લાગ્યા. વળી કેટલાક હાથમાં ભાલા લઇ સંગ્રામમાં પરસ્પર મારતા, પણ શૂરવીરોને વિમુખ કરવાને સમર્થ થતા નહીં. તે સમયે સંગ્રામમાં કપાઈ ગયા છે ઓઠ તથા કેશ જેનાં એવાં, સુંદર નાસિકાવાળાં, કુંડળ પહેરેલાં તથા રજે ભરાઇ ગયેલાં કપાયલાં મસ્તકો રણભૂમિમાં શોભતાં, તેમ બાણથી કપાયલાં ક્ષત્રિયોનાં શાલ વૃક્ષની શાખાઓ સરખાં અંગ પણ શોભતાં હતાં. વળી ચંદન ચોપડેલા શૂરવીરોના સર્પના શરીર સરખા હાથથી રણભૂમિ શોભતી હતી એ પ્રમાણે યોદ્ધાઓ મરણ પામ્યા તેથી નીકળેલા રૂધિરે કરી, પૃથ્વીમાંથી જે રજ ઉડતી હતી તે શાંત થઇ, ને શૂરવીર પુરૂષોને ભયંકર મૂર્છા આવી ગઇ. એ રીતે મર્યાદા રહી નહિ અને જે પક્ષિની ગત તથા દર્શન આકાશમાં થાય, તે પક્ષિયો આકાશમા બાણના સમુદાયથી અત્યંત ઉદ્વિગ્ન થઇ, ધ્વજાના અગ્ર ભાગાદિકમાં બેસવા લાગ્યા; કારણ આકાશમાં તેમની ગતિ તથા દર્શનનો બાણોએ રોધ કર્યો. પછી શતાનિકે સો યોદ્ધાને અને વિશાલાક્ષે ચારસોને માર્યા. અને મહારથિ તે બેઉ જણ ત્રિગર્તની મ્હોટી સેના પ્રત્યે પેઠા. તે બેઉજણ શૂરવીર તથા બળવાન છે, તોપણ તે મ્હોટી સેનામાં પેઠાથી મોહ પામી ગયા. પછી પરસ્પર કેશ ઝાલીને તથા પરસ્પર નખથી મારીને યોદ્ધાઓ યુદ્ધ કરવા લાગ્યા. એ રીતે ત્રિગર્તના રથના સમુદાય પ્રત્યે પ્રથમથી શતાનિક અને પાછળથી વિશાલાક્ષ બેઉજણ પેઠા, એમ જાણીને વિરાટ રાજા, ત્યાં સંગ્રામમાં પાંચસો રથ, આઠસો ઘોડા અને પાંચ મહારથિયોને મારીને, રથે કરી વિવિધ પ્રકારના માર્ગો પ્રત્યે ફરતાં, સોનાના રથવાળા ત્રિગર્ત દેશના રાજા સુશર્મા પાસે આવ્યા. ત્યારે તે મહા બળવાન, બેઉ જણા ગાયોના સ્થાનમાં જેમ સાંઢો પરસ્પર શબ્દ કરે, તેમ પરસ્પર ગર્જના કરવા લગ્યા. પછી યુદ્ધમાં દુર્મદ ત્રિગર્તનો રજા સુશર્મા, રથે કરી મત્સ્ય રાજાની પાસે આવ્યો. પછી રથમાં બેઠેલા ક્રોધી તે બેઉજણા રથે કરી પરસ્પર અતિક્રમણ કરવા લાગ્યા અને જલદીથી મેઘ જેમ જળની ધારાઓ નાખે તેમ પરસ્પર બાણ નાંખવા લગ્યા. એ રીતે ખડ્ગ, શક્તિ તથા ગદા ધારણ કરનાર, અસ્ત્ર જાણનાર તથા પરસ્પર ક્રોધથી તપેલા તે બેઉ, તીક્ષ્ણ બાણોથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. એટલામાં વિરાટ રાજાએ, દશ બાણે કરી સુશર્માને વિંધ્યો અને પાંચ પાંચ બાણે કરી તેના ચાર ઘોડાને વિંધ્યા. તેમજ પરમ અસ્ત્ર જાણનાર તથા યુદ્ધમાં દુર્મદ સુશર્માએ પણ પચાસ બાણ વિરાટ રાજા ઉપર નાંખ્યાં, ત્યારે હે મહારાજ! મત્સ્ય રાજા અને સુશર્મા રાજાનું સૈન્ય, સૈન્યથી ઉડેલી રજથી વિંટાઇ ગયું તેથી પરસ્પર એક બીજાને જાણ્યું નહીં.

ततः सैन्यं महाराज मत्स्यराज सुशर्मणोः
नाभ्यजानन्तदान्योन्य सैन्येन रजसावृतं ॥

इति श्रीमहाभारते विराटपर्वाणि गोहरणपर्वाणि दक्षिणगोग्रहणेविराटसुशर्मयुद्धे गुर्जरभाषायां द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥

અધ્યાય ૩૩ મો. વિરાટને સુશર્મા પાસેથી મુક્ત કરાવવો.

वैशंपायन उवाच—तमसाविप्लुते लोके रजसा चैव भारत
अतिष्ठन् वै मुहूर्तं तु व्यूढानीकाः प्रहारिणः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી અંધકાર તથા રજથી લોક વ્યાપ્ત થઈ ગયો, તેથી ચંદ્રોદય પર્યંત, મારનારનાં તે બેઉ સૈન્ય વ્યૂહ રચનાથી ઉભાં થઈ રહ્યાં. અને જ્યારે અંધકારને ટાળતો રાત્રિને નિર્મળ કરતો તથા સંગ્રામમાં ક્ષત્રિયોને ખુશી કરતો ચંદ્રમા ઉદય થયો, ત્યારે ફરીથી ભયંકર યુદ્ધ પ્રવર્તમાન થયું; જેમાં તે યોદ્ધાઓ પરસ્પર જોતા નહીં. તેટલામાં ત્રિગર્ત દેશનો સુશર્મા રાજા, પોતાના નાના ભાઇ સહિત રથના સમુદાયને લઈ, વિરાટ પ્રત્યે દોડ્યો. ક્રોધથી તપેલા ક્ષત્રિયમાં શ્રેષ્ઠ તે બેઉ ભાઇયો, રથમાંથી નીચે ઉતરી હાથમાં ગદાઓ લઇને, વિરાટના રથ પ્રત્યે ગયા, તેમજ તેમનાં કોપાયમાન સૈન્યો પણ તિક્ષ્ણ ધારવાળાં ગદા, ખડ્ગ, ફરશી, સાંગ, ઈત્યાદિ આયુદ્ધોથી પરસ્પર મારવા લાગ્યા. એ રીતે ત્રિગર્ત દેશના રાજા સુશર્મા તથા તેના ભાઇએ, સૈન્યને મંથન કરી જીતીને, બળવાન મત્સ્ય દેશના રાજા વિરાટ પ્રત્યે દોડી, તેની પડખે રહેનાર તથા તેના સારથિને મારીને, જીવવાને ઇચ્છનાર રાજાને પકડયો. પછી સુશર્મા, કામી પુરૂષ જેમ સ્ત્રીને મર્દન કરે તેમ તેને મર્દન કરી પોતાના રથમાં બેસાડી, વેગવાન રથથી જલદી જવા લાગ્યો. એ રીતે વિરથ તથા અત્યંત બળવાન વિરાટને સુશર્માએ ગ્રહણ કર્યો. ત્યારે ત્રિગર્ત દેશના યોદ્ધાઓથી માર ખાવેલા મત્સ્ય દેશના યોદ્ધાઓ ભાગવા લાગ્યા એ પ્રમાણે તેઓ ત્રાસ પામવા લાગ્યા, ત્યારે કુંતી પુત્ર યુધિષ્ઠિર, શત્રુને દમન કરનાર મહાબાહુ ભીમસેન પ્રત્યે કહેવા લાગ્યા કે હે મ્હોટા હાથવાળા ! ત્રિગર્ત દેશના સુશર્મા રાજાએ મત્સ્ય રાજાને પકર્યો છે, માટે શત્રુને વશ ન થાય તેમ જલદીથી તેને મૂકાવ; અને તેનું સર્વ સૈન્ય પણ, સર્વ કામનાથી પરિપૂર્ણ થઇ સુખે કરી છુટું થાય તે રીતે કર. કારણ તેના શહેરમાં આપણે રહ્યા, તેનો બદલો આપવો જોઇએ, તે સાંભળી ભીમસેને કહ્યું કે હે પાર્થ ! તમારી આજ્ઞાથી હું એની રક્ષા કરીશ, ને શત્રુ સાથે જે હું મ્હોટું યુદ્ધ કરૂં તે તમે જુઓ. હે રાજન ! પોતાના બાહુબળનો આશ્રય કરી ભાઇયો સહિત તમે ઉભા રહો, ને એકાંતમાં ઉભા રહીને મારૂં પરાક્રમ જુઓ. આ રૂડી શાખાઓવાળું ગદા સરખું મ્હોટો વૃક્ષ ઉભો છે, એ વૃક્ષ ઉપાડીને હું શત્રુને મારીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ત્યારે મદોન્મત્ત હસ્તિની પેઠે વનસ્પતિને જોતા શૂરવીર ભીમસેનને, ધર્મરાજ યુધિષ્ઠિર કહેવા લાગ્યા કે—હે ભીમ ! હે ભારત ! સાહસ ન કર, આ વનસ્પતિ કાયમ રહો ! કારણ વૃક્ષથી અમાનુષ કર્મ કરનાર તને, મનુષ્યો "આ ભીમ છે" એમ માં જાણે ! બીજું કંઇ પણ મનુષ્યો લાયક આ યુદ્ધ ગ્રહણ કર ! ધનુષ્ય, શક્તિ વા ખડ્ગ અથવા ફરશી, એ-

ઓમાંથી બીજાઓ જાણે નહીં તે રીતે મનુષ્યને યોગ્ય આયુધ ધારણ કરી, જલદીથી રાજાને મૂકાવ; અને મહા બળવાન નકુળ સહદેવ બેઉ તારા ચક્રની રક્ષા કરનાર થાય, એ રીતે સંગ્રામમાં ત્રણ ભાઇયો એકઠા થઇ મત્સ્ય રાજાને લઇ આવો. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એમ યુધિષ્ઠિરે કહ્યું ત્યારે મહા બળવાન ભીમસેન, વેગથી ઉત્તમ ધનુષ્ય ગ્રહણ કરીને, સજલ મેઘ જેમ અવચ્છિન્ન જળની ધારાનો વર્ષાદ કરે, તેમ બાણોનો વર્ષાદ કરવા લાગ્યા, અને ભયંકર કર્મવાળા સુશર્માની પછવાડે દોડી તેણે વિરાટને જોઇ તેને " હે સાધુ " એમ કહી સુશર્માને કહ્યું કે અરે ! ઉભો રહે ! ઉભો રહે ! તે સાંભળી સુશર્માએ વિચાર્યું કે, કાળે કરી નાશ કરનાર યમરાજાની જેને ઉપમા અપાય એવો અને " ઉભો રહે ઉભો રહે " એ રીતે પછવાડેથી બોલનાર આ પુરૂષ ભલે પરસ્પર યુદ્ધરૂપ મારૂં મ્હોટું કર્મ જુએ ! અને હું એને જોઉં ! પછી ભાઇયો સહિત સુશર્મા હાથમાં ધનુષ લઈ પાછો વળ્યો અને યુદ્ધ કરવા લાગ્યો. ક્ષણ માત્રમાં ભીમસેને વિરાટની સમક્ષ રથ, ઘોડા, હાથિયો તથા શસ્ત્ર ધારણ કરનાર હજારો શૂરવીર પુરૂષોને મારી નાંખ્યા. વળી મહાત્મા ભીમસેને, હાથમાં ગદા લઇને, સુશર્માની સેનાનાં હજારો પાયદળ પણ મારી નાંખ્યાં. એવું તે યુદ્ધ જોઇને, યુદ્ધમાં દુર્મદ સુશર્મા પોતાના મનમાં સેનાના થયેલા મ્હોટા વધને ચિંતન કરવા લાગ્યો, ને " મારો બીજો ભાઇ મહા બળવાન સૈન્યમાં બૂડેલો પૂર્વે દેખાતો હતો, ને કાન પર્યંત ખેંચેલા ધનુષથી શોભતો હતો, તે કેમ દેખાતો નથી ? " એમ વિચારવા લાગ્યો. પછી સુશર્મા તીક્ષ્ણ બાણોને વારંવાર ફેંકવા લાગ્યો, ને તે મત્સ્ય દેશના સર્વ યોદ્ધાઓ દિવ્ય અસ્ત્રથી ત્રિગર્તના યોદ્ધાઓને મારવા લાગ્યા. પછી પાંડવોને જોઇને, વિરાટનો પુત્ર મ્હોટા ક્રોધથી યુદ્ધ કરવા લાગ્યો. તેટલામાં કુંતીના પુત્ર યુધિષ્ઠિરે હજાર યોદ્ધાઓને મારી નાંખ્યા, ભીમસેને સાત હજારને યમ લોક દેખાડ્યો અને સાતસો યોદ્ધાઓને નકુળે બાણથી માર્યા, તથા ત્રણસો શૂરવીર યોદ્ધાઓને પ્રતાપવાન સહદેવે માર્યા. પછી સહદેવ શસ્ત્ર ઉગામીને સુશર્મા પાસે આવ્યો, તેટલામાં મહારથિ યુધિષ્ઠિર રાજા ઉતાવળથી સુશર્મા પાસે આવ્યા, અને બાણથી તેને અત્યંત મારવા લાગ્યા. ક્રોધથી તપેલા સુશર્માએ પણ ઉતાવળથી યુધિષ્ઠિર રાજાને નવ બાણથી તથા ચાર બાણથી તેના ચાર ઘોડાને વિંધ્યા. તેટલામાં જલદીથી મારનાર કુંતીના પુત્ર ભીમસેને સુશર્મા પાસે આવીને તેના રથના ઘોડાઓને પાડી નાંખ્યા, ને તેની પુંઠના રક્ષકોને પણ બાણથી મારીને ક્રોધથી તેના સારથિને રથ ઉપરથી પાડી નાંખ્યો. તેટલામાં શૂરવીર અતિ વિખ્યાત ચક્રની રક્ષા કરનાર મદિરાક્ષ પણ ત્યાં આવી ત્રિગર્ત રાજાને વિરથ જોઇ મારવા લાગ્યો. ત્યારે વિરાટ પણ સુશર્માના રથમાંથી નીચે કૂદી તેનીજ ગદા લઈ તેને બળથી મારવા દોડ્યા. તે વખતે હાથમાં ગદા લઇ ફરનાર વિરાટ રાજા વૃદ્ધ છે તોપણ તરૂણ સરખા લાગતા હતા. પછી પલાયમાન થતા ત્રિગર્ત દેશના રાજા સુશર્માને જોઇ ભીમસેન કહેવા લાગ્યા કે, હે રાજપુત્ર ! પાછો વળ, તને પલાયમાન થવું લાયક નથી. આવા પરાક્રમથી કેમ તું બળાત્કારે ગાયો લઇ જવાને ઇચ્છે છે ! અને ચાકરોનો ત્યાગ કરી કેમ શત્રુની વચમાં ખેદ પામે છે ! ભીમસેને આમ કહ્યું ત્યારે રથના યૂથને પાળનાર બળવાન સુશર્મા, " ઉભો રહે ઉભો રહે " એમ કહી જલદીથી ભીમસેનની સામે દોડ્યો. જેની ઉપમા કોઇને અપાય નહીં એવો ભીમ પાંડવ, રથથી નીચે ઉતરીને સુશર્માના જીવિતની ઇચ્છાથી, જલદીથી તેની પાસે આવ્યો; અને દોડતા સુશર્માની

પછવાડે, સિંહ જેમ ક્ષુદ્ર મૃગને પકડવા તેની પછવાડે દોડે, તેમ તેને પકડવા માટે પરાક્રમી ભીમસેને, તેના કેશ ઝાલ્યા, ને ક્રોધથી તેને પૃથ્વી ઉપર પાડી તેના માથામાં લાત મારી; તેમ તેના પેટમાં ધુંટણ તથા હાથ માર્યા. એ રીતે ભીમસેનના મારવાથી તે મહારથિ સુશર્મા મોહ પામી ગયો, ને જ્યારે ભીમસેને ગ્રહણ કર્યો, ત્યારે ભયથી આતુર ત્રિગર્તનું બધું સૈન્ય નાસવા લાગ્યું. પછી પોતાના બાહુબળે કરી સંપન્ન, લજ્જાવાન, વ્રત ધારણ કરનાર, મહારથી તથા વિરાટનો કલેશ ટાળનાર મહાત્મા પાંડવો, સર્વ ગાયોને પાછી વાળી સુશર્માને જીતી તથા ચોતરફથી ધન લઇ ઉભા હતા, તેમની સમક્ષ ભીમસેન કહેવા લાગ્યા કે, ખરાબ આચરણવાળો આ સુશર્મા મારાથી જીવવા લાયક નથી, પણ રાજા હંમેશ ક્ષમાળુ છે માટે મારાથી શું કરી શકાય? એમ કહી અચેતન તથા રજથી ભરેલા સુશર્માને ગળેથી ઝાલી, બાંધી રથમાં નાંખીને ભીમસેને, રણસંગ્રામના મધ્ય ભાગમાં જ્યાં યુધિષ્ઠિર રાજા ઉભા હતા, તેની પાસે લઇ જઇ તેને દેખાડ્યો. તે જોઇને હાસ્ય કરી, સંગ્રામમાં શોભતા ભીમસેનને, પુરૂષમાં સિંહરૂપ રાજાએ કહ્યું કે, મનુષ્યમાં અધમ સુશર્માને મૂકી દ્યો. એમ રાજાએ કહ્યું. ભીમસેન તે મહા બળવાન સુશર્માને કહેવા લાગ્યા કે, હે મૂઢ! જીવવાને ઇચ્છતો હોય તો તને જીવવાનો હેતુ કહું તે સાંભળ. તારે ઘરમાં તથા સભામાં "હું દાસ છું" એમ કહેવું. એમ કહે તો તારૂં જીવિત હું આપું. કારણ યુદ્ધમાં જીતનારનો એ વિધિ છે. એ સાંભળી મ્હોટા ભાઇ યુધિષ્ઠિરે ભીમસેનને વિનયથી કહ્યું કે—હે ભીમસેન! અમારૂં કહેવું તારે પ્રમાણ હોય તો, તે ખરાબ આચરણવાળા સુશર્માને મૂકી દે; એ વિરાટ રાજાના દાસપણાને પ્રાપ્ત થયો છે; એમ ભીમસેનને કહી યુધિષ્ઠિરે સુશર્માને કહ્યું કે, જા અમે તને છોડી દીધો છે, તું દાસ નથી, પણ ફરી કયારે પણ આવું કામ કરતો નહીં.

मुंच मुंचाधमां चारं प्रमाणंयदितेवयं
दासभावं गतो ह्येष विराटस्य महीपतेः ॥
अदासो गच्छ मुक्तोसि मैवंकार्षीः कदाचन ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि दक्षिणगोग्रहणेसुशर्मानिग्रहे गुर्जरभाषायां त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

અધ્યાય ૩૪ મો. વિરાટનો વિજય ને પાંડવો પ્રતિ પ્રેમ.

वैशंपायन उवाच—एवमुक्ते तु सव्रीडः सुशर्मासीदधोमुखः
समुक्तोऽभ्येत्यराजानमभिवाद्यप्रतस्थिवान् ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એવી રીતે યુધિષ્ઠિરે કહ્યું, ત્યારે ભીમસેને છોડી દીધેલો સુશર્મા, લજ્જાથી નીચું જોઇ રાજા પાસે જઇ પ્રણામ કરીને ચાલતો થયો. એ રીતે સુશર્માને મૂકીને, બાહુબળે કરી સંપન્ન, લજ્જાવાન, વ્રત ધારણ કરનાર તથા હણાયા છે શત્રુ જેના એવા પાંડવો, તે રાત્રિ ત્યાં સંગ્રામના મધ્યમાં સુખે કરી રહ્યા. પછી વિરાટ રાજા, અમાનુષ પરાક્રમવાળા મહારથિ પાંડવોનો ધન તથા માનથી ઘણોજ સત્કાર કરીને કહેવા લાગ્યો કે, જે મારાં રત્નો છે, તે તમારાંજ છે, માટે જે રીતે સુખ થાય તે રીતે ઇચ્છા પ્રમાણે કાર્ય કરો. હું તમને શોભાયમાન કન્યાઓ તથા નાના પ્રકારનાં ધન આપું;

અને બાકી પણ જે તમારા મનને ઇચ્છા હોય તે માગી લ્યો. કારણ યુદ્ધમાં શત્રુને મારનારા તમો છો. જુઓ ! હાલ તમારા પરાક્રમથી હું કુશળ રહ્યો તથા મુક્ત થયો છું, માટે તમેજ સર્વ મત્સ્ય દેશના રાજાઓ છો. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે બોલતા મત્સ્ય રાજાનાં વચન સાંભળીને, યુધિષ્ઠિર છે મુખ્ય જેમાં એવા સર્વ પાંડવો, જૂદા જૂદા હાથ જોડી કહેવા લાગ્યા કે હે રાજન ! તમારૂં બોલવું યથાર્થ છે, પણ જે હાલ તમે શત્રુથી મુક્ત થયા એથીજ અમે પ્રસન્ન છીએ. એવાં પાંડવોનાં વચન સાંભળી ફરીથી મ્હોટા હાથવાળો રાજાઓમાં શ્રેષ્ઠ મત્સ્ય રાજા યુધિષ્ઠિર પ્રત્યે કહેવા લાગ્યો કે, આવો ! હું તમોને અભિષેક કરૂં; અમારા તો મત્સ્ય રાજા તમે ! અને જે કંઈ તમારા મનનું અભિપ્રેત હોય તે પૃથ્વીમાં દુર્લભ હશે તોપણ તે મારી ઇચ્છા પ્રમાણે હું તમોને આપીશ. આ મારૂં જે કંઇ સર્વ રત્ન, ગાયો, સુવર્ણ, મણિ તથા મૌક્તિક છે, તે તમે ગ્રહણ કરવા લાયક છો. હે વ્યાઘ્રપાત્ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ! હે વિપ્રેંદ્ર કંક ! તમને હું નમસ્કાર કરૂં છું, ને તમારે વાસ્તે રાજ્ય અને સંતાન જોઉં છું. કારણ શત્રુને વશ થયો નહીં તે સાંભળી ફરીથી યુધિષ્ઠિર રાજાએ મત્સ્ય પ્રત્યે કહ્યું કે હે મત્સ્ય ! તમારાં વાક્યની હું પ્રશંસા કરૂં છું. કારણ તમે મનને ગમતું બોલો છો, અને તમમાં ક્રૂરપણું નથી માટે નિરંતર તમે અત્યંત સુખી થાઓ ! હે પૃથ્વીપતિ ! જલદીથી શહેર પ્રત્યે દૂતો મોકલો, જે જઇને સગાંઓને આ પ્રિયવાત કહે અને તમારા જયનો ઘોષ કરાવે. એવાં યુધિષ્ઠિરનાં વચન સાંભળીને, મત્સ્ય રાજાએ દૂતોને આજ્ઞા કરી કે, હે દૂતો ! શેહેરમાં જઇ સંગ્રામમાં મારો જય થયો તે કહો, અને કહો જે કન્યાઓ અલંકાર ધારણ કરી સામી આવે; તેમ સર્વ વાદિત્ર તથા ગણિકાઓ પણ અલંકાર ધારણ કરીને આવે. એ રીતે મત્સ્ય રાજાએ આજ્ઞા કરી તે સાંભળી, મસ્તકપર ચઢાવીને, પ્રસન્ન થયેલા દૂતો શહેર પ્રત્યે જવા લાગ્યા. તે રાત્રિએ શેહેરમાં જઇને, સૂર્યોદય થયો ત્યારે શહેરની પાસે દૂતોએ વિરાટના જયનો શબ્દ કરાવ્યો.

ते गत्वा तत्र तां रात्रिमथ सूर्योदयं प्रति
विराटस्य पुराभ्याशे दूताजयमघोषयन् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि दक्षिणगोग्रहणेविराटजयघोष गुर्जरभाषायां चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥

અધ્યાય ૩૫ મો. કૌરવોનું ચઢી આવવું.

वैशंपायन उवाच—यातो त्रिगर्तान् मत्स्ये तु पशूंस्तान् वै परीप्सति
दुर्योधनः सहामात्यो विराटमुपयादथ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે ત્રિગર્તથી મત્સ્ય રાજા છુટયો કે તરત ગાયોને ઇચ્છતો દુર્યોધન વિરાટના દેશ પ્રત્યે આવ્યો. તેની સાથે ભીષ્મ, દ્રોણ, કર્ણ, પરમાસ્ત્ર જાણનાર કૃપાચાર્ય, અશ્વત્થામા, શકુનિ, દુઃશાસન વિવિંશતિ, વિકર્ણ, પરાક્રમી ચિત્રસેન, દુર્મુખ તથા દુઃશલ, ઇત્યાદિ બીજા પણ મહારથિ સર્વ કૌરવો, વિરાટના મત્સ્ય દેશ પ્રત્યે આવીને વેગથી ગાયોને રહેવાનાં સ્થાનકો ભાગી. પરાક્રમથી સાઠ હજાર ગાયોને મ્હોટા રથના સમૂહથી ચોતરફ વિંટીને લઇ જવા લાગ્યા અને તે મહારથિ કૌરવોએ ગાયો તથા

ગોવાળિયાને ભયંકર સંપ્રહાર કરવા માંડયો, જેથી તેઓ મ્હોટેથી શબ્દ કરવા લાગ્યા, ત્યારે ગોવાળોને અધ્યક્ષ ભયભીત થઇ જલદીથી રથમાં બેસી, રાજાના ઘર પ્રત્યે જઇ રથ ઉપરથી ઉતરી હકીકત કહેવાને અંદર ગયો, ત્યાં ભૂમિંજય નામે વિરાટના માનીતા પુત્રને જોઇને દેશમાંથી પશુનું આકર્ષણ થયું, તે બધી વાત તેને કહેવા લાગ્યો કે, તારી સાઠ હજાર ગાયો કૌરવો લઇ જાય છે, માટે હે દેશને વધારનાર! તેને જીતવા સારૂ ઉભો થા. હે રાજપુત્ર! પોતાનું હિત ચાહતો હોય તો જલદીથી તું પોતે બહાર નીકળ, કારણ રાજા પોતાની ગેરહાજરીમાં તને અહીં રક્ષણ કરનાર કરી ગયો છે, વળી તને સભામાં રાજા દરરોજ વખાણતા હતા જે " આ મારો પુત્ર શૂરવીર, મારા સરખો બાણ તથા અસ્ત્રવિદ્યામાં નિપુણ મ્હોટું યુદ્ધ કરનાર છે." માટે તે રાજાનું બોલવું આ વખતે સત્ય થાઓ! હે પશુવાળાઓમાં શ્રેષ્ઠ! કૌરવોની સેનાને બાળી નાખ, ધનુષમાંથી નિકળ્યા પછી સોનાની મુઠવાળાં તથા નમ્ર છે અગ્રભાગ જેનાં એવાં બાણોથી, યૂથના પતિ હાથીની પેઠે તેઓનાં સૈન્યને ભેદી નાંખ. પ્રત્યંચાના અંત ભાગના બે બંધનરૂપી છે તાર બાંધવાના ખીલા જેમાં તથા પ્રત્યંચારૂપી છે તાર જેમાં એવી, ચાપરૂપી દાંડાવાળી તથા બાણરૂપી શબ્દવાળી ધનુષરૂપી વીણાને શત્રુઓની વચમાં વગાડ. રૂપા સરખા શ્વેત ઘોડા તારા રથમાં જોડાઓ, અને સિંહના સરખા આકારવાળી તારી સુવર્ણની ધ્વજા ઉંચી થાઓ! સોનાની મુઠવાળાં, તીક્ષ્ણ, રાજાઓના માર્ગનો રોધ કરનાર અને તારા દઢ હાથથી મૂકાયલાં બાણો સૂર્યને આચ્છાદન કરો! ઇંદ્ર જેમ અસુરોને જીતે તેમ સંગ્રામમાં સર્વ કૌરવોને જીતી મ્હોટા યશને પામી, શહેરમાં ફરીથી આવો! જેમ જય કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુન પાંડવોની ગતિ છે, તેમ વિરાટનો પુત્ર તું મત્સ્ય દેશની પરમાગતિ છે! તેથી અમે બધા દેશમાં રહેનારા નિશ્ચિંત છીએ. વૈશંપાયન કહેછે—હે જનમેજય! એ રીતે અંતઃપુરમાં સ્ત્રિયોની વચમાં ગોપના અધ્યક્ષે કહ્યું, ત્યારે વિરાટરાજાનો પુત્ર તેનાં વચનને વખાણતો આવાં નિર્ભય વચન બોલવા લાગ્યો.

स्त्रीमध्य उक्तस्तेनासौ तद्वाक्यमभयंकरं
अंतःपुरेश्लाघमान इदं वचनमब्रवीत् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणेगोपवाक्ये गुर्जरभाषायां पंचत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

અધ્યાય ૩૬ મો. બૃહન્નલાનું સારથિ થવું.

उत्तर उवाच—अद्याहमनुगच्छेयं दृढधन्वा गवांपदं
यदि मे सारथिः कश्चिद्भवेदश्वेषु कोविदः ॥

ઉત્તર કહે છે—દઢ ધનુષવાળો હું, હમણાંજ ગાયોના સ્થાનક પ્રત્યે, જો કોઇ મારો સારથિ અશ્વ હાંકવામાં ચતુર હોય તો જાઉં. મારો સારથિ થાય એવા કોઇ પુરૂષને હું જોતો નથી, વાસ્તે સંગ્રામમાં જવા માટે મારા યોગ્ય સારથિને જલદીથી જુઓ. અઠ્ઠાવીસ વા ત્રીસ દિવસ જે મ્હોટું યુદ્ધ થયું હતું તેમાં મારો સારથી હણાયો માટે હવે ઘોડાઓને ચલાવવામાં ચતુર બીજો સારથિ મને મળે તો, ઉતાવળથી ઉંચી જેમાં ધ્વજાઓ છે એવા

તથા હાથી, ઘોડા અને રથથી આકુળ શત્રુના સૈન્યમાં જઇ, શસ્ત્રના પ્રતાપથી કૌરવોને જીતી અહિં આવેલા દુર્યોધન, ભીષ્મ, કર્ણ, વૈકર્તન, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય તથા અશ્વત્થામા ઇત્યાદિ મ્હોટા બાણના ભાથાવાળાઓને સંગ્રામમાં ઇંદ્ર જેમ દૈત્યોને ત્રાસ પમાડે, તેમ ત્રાસ પમાડીને, આજ મુહૂર્તે પશુને પાછા લઇ આવું શૂન્ય સ્થાનકેથી કૌરવો ગાયના ધનને લઇને જાય છે, પણ શું કરૂં જે હું ત્યાં ન હતો. પણ હવે તે આવેલા કૌરવો મારા પરાક્રમને જુઓ. કદી સાક્ષાત્ અર્જુન આવે તોપણ શું અમને બાધ કરી શકે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એવાં રાજાના પુત્રનાં વચન સાભળીને છુપા રહેવાનો સમય પૂરો થઇ રહેવા આવ્યો છે, તેથી સત્ય તથા કોમળતા ઇત્યાદિ ગુણ સંપન્ન, સ્વામીને પ્રિય શ્રી દ્રૌપદીને સર્વ અર્થને જાણનાર અર્જુન પ્રસન્ન થઇ એકાંત વિષે કહેવા લાગ્યા કે, હે કલ્યાણિ ! મારાં વચનથી જલદી ઉત્તર રાજાને આ રીતે કહે કે " આ પાંડવનો માનેલો દઢ સારથિ તથા મહા યુદ્ધમાં જય પામનાર હતો, તે તારો સારથિ થશે. " વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે સ્ત્રિયોને વિષે બોલતા અર્જુનનું વચન દ્રૌપદીથી સહન થયું નહિ તોપણ તેની આજ્ઞા માનવા સારૂ સ્ત્રિઓની વચમાંથી તપસ્વિની દ્રૌપદી, ઉત્તર કુમાર પાસે જઇને, જાણે લજાતી હોય નહીં તેની પેઠે ધીરેથી બોલવા લાગી કે, હે વીર ! જે મ્હોટા હસ્તિ સરખો, યુવાવસ્થાવાળો તથા ધનુષ ધારણ કરવામાં શ્રેષ્ઠ બૃહન્નલા નામથી વિખ્યાત છે, તે મહાત્મા પાંડવનો સારથિ અને શિષ્ય હતો. પૂર્વે જ્યારે હું પાંડવો પાસે રહેતી હતી, ત્યારે મેં ત્યાં જોયો હતો. જ્યારે અગ્નિએ મ્હોટું ખાંડવ વન બાળ્યું, ત્યારે અર્જુનના ઉત્તમ ઘોડા પકડી રાખ્યા હતા. તે સારથિની સહાયતાથી અર્જુન ઇંદ્રપ્રસ્થમાં રહીને સર્વ પ્રાણિઓને જીત્યા હતા, માટે સરખો કોઇ પણ સારથિ નથી. તે સાંભળી ઉત્તરે કહ્યું કે, સૈરંધ્રિ ! હે કલ્યાણિ ? એવો તરૂણ પુરૂષ તું એને જાણે છે, ને એ નપુંસક નથી એમ તું જાણતી હો, તોપણ હું તો " મારા ઘોડાઓનો સારથિ થા," એમ કહેવાને સમર્થ નથી થતો. ત્યારે દ્રૌપદીએ કહ્યું કે–હે વીર ! જે આ રૂડા કટિપશ્ચાદ્ ભાગવાળી તારી નાની બહેન છે, એનું વચન તે માનશે, એમાં સંશય નહીં અને જો તે સારથિ થશે તો સર્વ કૌરવોને જીતી ગાયોને પાછી લઇ આવીને, નિશ્ચય તારૂં શહેરમાં પાછું આવવું થશે. એવાં સૈરંધ્રીનાં વચન સાંભળીને ઉત્તરકુમાર પોતાની નાની બહેન પ્રત્યે કહેવા લાગ્યો કે, હે બહેન ! બૃહન્નલાને બોલાવી લાવ. એ રીતે ભાઇએ મોકલી ત્યારે કન્યા જલદીથી નૃત્યાગાર પ્રત્યે જવા લાગી, જ્યાં મ્હોટા હાથવાળા અર્જુન કપટથી ઢંકાયલા બૃહન્નલાને વેષે હતા.

सा भ्राता प्रेषिताशीघ्रमगच्छन्नर्तनागृहं
यत्रास्ते स महाबाहुश्छन्नःसत्रेण पांडवः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणेबृहन्नलासारथ्यकथने गुर्जरभाषायां षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥

અધ્યાય ૩૭ મો. ઉત્તરાની બૃહન્નલાને વિનંતિ.

वैशंपायन उवाच ॥

सा प्राद्रवत्कांचनमाल्यधारिणी ज्येष्टेन भ्रात्रा प्रहिता यशस्विनी
सुदक्षिणा वेदिविलग्नमध्या सा पद्मपत्राभनिभाशिखंडिनी ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે સુવર્ણ તથા પુષ્પની માળા જેણે ધારણ કરી છે એવી, મ્હોટા ભાઈએ મોકલેલી, રૂડા યશવાળી, ભાઈની ઇચ્છા પ્રમાણે ચાલનારી, વેદી સરખો સૂક્ષ્મ છે મધ્ય ભાગ જેનો એવી, લક્ષ્મિના સરખી કાંતિવાળી અને મોરપીંછનાં ઘરેણાં ધારણ કરનાર ઉત્તરા જલદીથી ચાલવા લાગી. પછી સૂક્ષ્મ અંગવાળી, મણિ જડિત વિચિત્ર પ્રકારની મેખળા જેને શોભે છે તથા શોભતી વાંકી છે નેત્રની પાંપણ જેની એવી, હાથીની સુંઢ સરખા મળેલા સાથળવાળી, પવિત્ર, સુંદર દાંત તથા મધ્ય ભાગવાળી, સ્ત્રિયોમાં રત્નરૂપ, મનને આનંદ દેનારી પ્રશંસા કરવા લાયક, ઇંદ્રની લક્ષ્મિની પેઠે જોવા લાયક તથા વિશાળ નેત્રવાળી વિરાટની કન્યા ઉત્તરા વિજળી જેમ હાથીને પ્રાપ્ત થાય તેમ મળેલા સાથળવાળા તથા સોના સરખી કાંતિવાળા અર્જુનની પાસે જઇ કહેવા લાગી, તેટલામાં અર્જુન તેને પૂછવા લાગ્યો કે હે સુવર્ણ તથા પુષ્પની માળા ધારણ કરનારી ! હે મૃગના સરખાં નેત્રવાળી ! હે ભામિની ! તારે આવવાનું શું કારણ છે ! ને ઉતાવળી કેમ લાગે છે ? હે અંગના ! હે સુંદરી ! તારૂં મુખ પ્રસન્ન કેમ નથી ? તે તું જલદીથી મને કહે. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ રીતે અર્જુને પૂછ્યું ત્યારે સખિયોની વચમાં વિનયથી તે કન્યા કહેવા લાગી કે હે બૃહન્નલા ! અમારા દેશની ગાયો કૌરવો લઇ જાય છે, માટે મારો ભાઇ ધનુષ બાણ ધારણ કરી તેઓને જીતવા જવાનો વિચાર કરે છે; પણ થોડા વખત ઉપર સંગ્રામમાં તેનો સારથિ નાશ પામ્યો છે, અને તેના જેવો હાલ બીજો કોઇ સારથિ નથી, જે તેનું સારથિપણું કરે. હે બૃહન્નલા ! તેથી તે સારથિ સારૂ યત્ન કરતો હતો તેટલામાં સૈરંધ્રીએ અશ્વજ્ઞાનમાં તમારૂં કુશળપણું કહ્યું. જે તમે પૂર્વે અર્જુનના પ્રિય સારથિ હતા, ને તમારી સહાયતાથી અર્જુન પૃથ્વીને પણ જીત્યા હતા. માટે હે બૃહન્નલા ! હજી કૌરવો ગાયોને અતિ દૂર નથી લઇ ગયા, તેની પૂર્વેજ તમે મારા ભાઇનું સારથિપણું રૂડી રીતે કરો. સ્નેહથી મેં તમોને કહ્યું, ને એ પ્રમાણે નહીં કરો તો હું જીવિત ત્યાગ કરીશ. એ રીતે ઉત્તરાએ કહ્યું ત્યારે શત્રુને તપાવનાર અર્જુન, ઘણાક પરાક્રમવાળા રાજપુત્રની પાસે મદોન્મત્ત હસ્તિની પેઠે ગયા. તેની પછવાડે મ્હોટાં નેત્રવાળી તે કન્યા, હસ્તિની જેમ પોતાના બચ્ચા પછવાડે જાય, તેમ જવા લાગી. પછી છેટેથીજ તે રાજપુત્ર બૃહન્નલાને જોઇને કહેવા લાગ્યો કે, તમારા સારથિપણાથી કુંતીપુત્ર અર્જુને ખાંડવ વનને વિષે અગ્નિને તૃપ્ત કર્યો, ને સમગ્ર પૃથ્વીનો પણ જય કર્યો હતો. એ રીતે સૈરંધ્રીએ તમારા ગુણની પ્રશંસા કરી, કારણ પાંડવોને તે પણ જાણે છે માટે હે બૃહન્નલા મારા ઘોડાઓને પણ તેજ રીતે તું નિયમમાં રાખે તો, હું કૌરવો સાથે યુદ્ધ કરી ગાયોને લઇ આવું. એવાં તેનાં વચન સાંભળી બૃહન્નલાએ રાજપુત્ર ઉત્તરને કહ્યું કે, સંગ્રામમાં સારથિપણું કરવામાં મારૂં શું સામર્થ્ય ! હું તો ગીત નૃત્ય વા નાના પ્રકારનું વાહિત્ર વગાડવાનું હોય તો તે કરી શકું; સારથિપણું મને ક્યાંથી આવડે ઉત્તરકુમારે કહ્યું કે, હે બૃહન્નલા ! તું ગાનાર, વાજાં વગાડનાર તથા નૃત્ય કરનાર હો, પણ હાલ તો જલદીથી રથમાં બેસી મારા ઘોડાઓને નિયમમાં રાખ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી શત્રુને દમન કરનાર અર્જુન બધું જાણે છે તોપણ ઉત્તરાની આગળ ઘણુંક હાસ્ય આવે તેમ કરવા લાગ્યા. કવચ હાથમાં લઇ ઉંચું ઉડાડી શરીર ઉપર નાખ્યું તે જોઇ મ્હોટાં નેત્રવાળી કન્યાઓ હસવા લાગી, અને ઉત્તરકુમારે પણ તે બૃહન્નલાને મુંઝાઇ ગયેલો જાણી

તે અમૂલ્ય કવચ પોતે તેને પહેરાવ્યું. પછી પોતે પણ સૂર્ય સરખું કાંતિવાળું ઉત્તમ કવચ ધારણ કરી, સિંહનું છે ધ્વજામાં ચિન્હ જેને એવા રથમાં બેસી બૃહન્નલાને સારથિ કરી, અમૂલ્ય ધનુષો તથા વિચિત્ર પ્રકારનાં બાણો લઇ રણસંગ્રામ પ્રત્યે ચાલવા લાગ્યા. તે વખતે ઉત્તરા તથા બીજી કન્યાઓ પણ બૃહન્નલાને કહેવા લાગી કે, હે બૃહન્નલા ! સંગ્રામમાં આવેલા ભીષ્મ, દ્રોણ જેમાં મુખ્ય છે એવા કૌરવોને જીતીને, અમારા ઢીંગલા ઢીંગલી સારૂ ઝીણાં, કોમળ તથા સુંદર વિચિત્ર પ્રકારનાં વસ્ત્રો લેતા આવજો. ત્યારે એકઠી મળીને કહેનારી તે કન્યાઓને મેઘના સરખા ગંભીર શબ્દે કરી અર્જુન કહેવા લાગ્યા કે, જો આ ઉત્તરકુમાર સંગ્રામમાં મહારથિ કૌરવોને જીતશે, તો સુંદર વિચિત્ર પ્રકારનાં વસ્ત્રો હું લઇ આવીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એમ કહી ત્યાંથી નાના પ્રકારની ધ્વજા પતાકાઓ જેના સૈન્યમાં શોભે છે એવા તે કૌરવોની સન્મુખ શૂરવીર અર્જુને ઘોડાઓને હાંકયા. તે વખતે ઉત્તમ રથમાં બૃહન્નલા સહિત બેઠેલા મ્હોટા હાથવાળા ઉત્તરકુમારને જોઇને, સ્ત્રિયો કન્યાઓ તથા રૂડા વ્રતવાળા બ્રાહ્મણો તેને શુકન વાસ્તે જમણી બાજુ સામા ચાલવા લાગ્યા, અને સ્ત્રિયો અર્જુનને કહેવા લાગી કે, હે બૃહન્નલા ! વૃષભ સરખી ગતિવાળા અર્જુનનું ખાંડવ વનના દાહરૂપી જે મંગળ થયું હતું તે મંગળ આજ ઉત્તરે સહિત તમારાથી સંગ્રામમાં કૌરવને પામીને પણ થાઓ.

यदर्जुनस्यर्षभतुल्यगामिनः पुरा भवत्खांडवदाहमंगलं
कुरून् समासद्य रणे बृहन्नले सहोत्तरेणाद्यतदस्तुमंगलं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहे उत्तरनिर्याणे गुर्जरभाषायां सप्तत्रिंशोऽध्यायः ॥ ૩૭ ॥

અધ્યાય ૩૮ મો. ઉત્તરને થયેલો મુંજારો.

वैशंपायन उवाच—स राजधान्यानिर्याय वैराटिरकुतोभयः
प्रयाहीत्य ब्रवीत्सूतं यत्र ते कुरवो मताः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી ભય રહિત વિરાટનો પુત્ર ઉત્તર રાજધાનીથી બહાર નીકળીને સારથિને કહેવા લાગ્યો કે, જ્યાં કૌરવો હોય ત્યાં રથ લઇ જા. કારણ જીતવાની ઇચ્છાવાળા ભેગા થયેલા સર્વ કૌરવોને જીતીને, જલદીથી ગાયો પાછી વાળી ફરીથી હું શહેર પ્રત્યે જઇશ. તે સાંભળી મનુષ્યમાં સિંહરૂપ અર્જુને, સુવર્ણની માળાથી શોભિતા તથા વાયુ સરખા વેગવાળા જાણે આકાશમાંજ દોડતા હોય નહીં એવા રૂડા ઘોડા દોડાવ્યા. તે કંઇક દૂર ગયા, ત્યાં શત્રુને મારનાર અર્જુન તથા ઉત્તરે બળવાન કૌરવોનું સૈન્ય જોયું. પછી સ્મશાનમાં શમીની પાસે જઇ બેઉ જણે તે શમીને જોઇને, વ્યૂહ રચના કરેલું છે સૈન્ય જેનું એવા કૌરવો પ્રત્યે જવા લાગ્યા. તે વખત સમુદ્રની ઉપમા લાયક મ્હોટું કૌરવનું સૈન્ય, ઘણાક વૃક્ષવાળું વન જાણે આકાશમાં જતું હોય તેમ શોભતું હતું. હે જનમેજય ! તે સૈન્યના ચાલવાથી પૃથ્વીમાંથી એટલી તો રજ ઉડી કે, જેથી પ્રાણિઓની દૃષ્ટિ આચ્છાદન થઇ ગઇ. પછી કર્ણ, દુર્યોધન કૃપાચાર્ય, ભીષ્મ તથા મ્હોટા બાહુના

ભાયાવળા બુદ્ધિવાન્ પુત્ર સહિત દ્રોણાચાર્યે જેની રક્ષા કરી છે એવું તથા હાથી, ઘોડા, રથથી સંકુલ મ્હોટું કૌરવનું સૈન્ય જોઇને, રોમાંચિત થયું છે શરીર જેનું એવો તથા ભયથી ઉદ્વિગ્ન વિરાટનો પુત્ર ઉત્તર અર્જુન પ્રત્યે કહેવા લાગ્યો કે, ઘણાક શૂરવીરો જેમાં છે એવા અતિ ઉગ્ર, દેવતાઓથી પણ જે સહન થાય નહીં તથા અંત જેનો નથી એવા કૌરવના સૈન્ય સાથે યુદ્ધ કરવા વિષે, તથા રથ, હાથી, ઘોડા, અને પાયદળથી સંકુલ ભયંકર ધનુષવાળી સેના પ્રત્યે પ્રવેશ કરવા વિષે પણ હું ઉત્સાહ નથી રાખતો. કારણ સંગ્રામમાં શત્રુઓને જોઇનેજ મારૂં મન વ્યથા પામે છે, અને શરીરમાં રોમાવળી ઉભી થાય છે તે જુઓ! જે સૈન્યમાં ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, વિવિંશતિ, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્ત, બાહ્લિક તથા રથિયોમાં શ્રેષ્ઠ શૂરવાર રાજા દુર્યોધન, એઓ તો મ્હોટા ધનુષવાળા, કાંતિમાન, યુદ્ધમાં ચતુર તથા વ્યૂહ રચનાથી ઉભેલા પ્રહાર કરનારા છે. તેમને જોઇનેજ મારાં રૂંવાટાં ઉભાં થયાં છે અને મૂર્છા આવી જાય છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! મિથ્યા વેષ ધારણ કરનાર અસાધારણ અર્જુનની પાસે, સાધારણ મંદ બુદ્ધિવાળો ઉત્તર, મૂર્ખતાથી શોચ કરતો વળી કહેવા લાગ્યો કે, મારા પિતા વિરાટ મને એકલો મૂકી સર્વ સેના લઇ ત્રિગર્ત પ્રત્યે ગયા, તેથી સૈનિક યોદ્ધાઓ પણ મારી પાસે છે નહીં. માટે હે બૃહન્નલે! અસ્ત્રવિદ્યા શિખેલો નહીં એવો હું એકલો બાળક, શિખેલા ઘણાક સાથે કેમ યુદ્ધ કરી શકું? વાસ્તે પાછો વળ. તે સાંભળી અર્જુને કહ્યું કે. હજી રણસંગ્રામમાં શત્રુઓએ કંઇ કર્મ તો તેવું કર્યું નથી, તેની અગાઉજ તું ભયથી શત્રુઓને હર્ષ વધારનાર દીનરૂપ શું કરવા થાય છે? તેં પોતેજ કૌરવો પ્રત્યે "મને લઇ જા" એમ કહ્યું છે, માટે જ્યાં ઘણી ધ્વજાઓ દેખાય છે ત્યાં, હે મ્હોટા હાથવાળા! માંસને જેમ ગૃધ્ર પક્ષિયો ઇચ્છે તેમ ગાયોના લોભી, ઉઘાડાં શસ્ત્ર ધારણ કરનાર તથા પૃથ્વી નિમિત્ત યુદ્ધ કરતા કૌરવોના મધ્યમાં તને લઇ જઇશ. સ્ત્રીઓ તથા પુરૂષોના મધ્યમાં પ્રતિજ્ઞા કરી પોતાના પરાક્રમને તું વખાણતો હતો, અને હવે શું કરવા યુદ્ધ નથી કરતો? ગાયોને જીત્યા વગર તું ઘર પ્રત્યે જઇશ તો, શૂરવીર પુરૂષો અને બીજાં પણ સ્ત્રીઓ તથા પુરૂષો એકઠાં થઇ તારૂં હાસ્ય કરશે, અને મને પણ સૈરંધ્રીએ "સારથિના કામમાં આ વિખ્યાત છે" એમ કહ્યું છે માટે ગાયોને જીત્યા વગર મારાથી પણ શહેર પ્રત્યે જવાય નહીં. સૈરંધ્રીએ મારી સ્તુતિ કરી છે, ને તેં પણ કહ્યું છે જે "કૌરવોને જીતીને હું ગાયો લઇ આવીશ" માટે હું સર્વ કૌરવો પ્રત્યે કેમ યુદ્ધ ન કરૂં? તું પણ સ્થિર થા. તે સાંભળી ઉત્તર કુમાર કહેવા લાગ્યો કે, હે બૃહન્નલે! ઘણાક કૌરવો મત્સ્યનું ધન ઇચ્છામાં આવે તે રીતે હરણ કરો ને સ્ત્રીઓ વા પુરૂષો ઇચ્છામાં આવે તેમ મારૂં હાસ્ય કરો! મારી ગાયો જાઓ તથા પિતાનું શહેર શૂન્ય થાઓ! પણ હું બીહું છું તેથી સંગ્રામમાં મારૂં કામ નથી. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે કહી કુંડળ જેણે પહેર્યાં છે એવો ઉત્તર, માન તથા ગર્વ મૂકી ધનુષ સહિત બાણ ફેંકી રથમાંથી કૂદી ભાગવા લાગ્યો. તેને જોઇ અર્જુને કહ્યું કે, ક્ષત્રિયોએ સંગ્રામમાંથી ભાગવું, એ કંઇ શૂરવીર પુરૂષોએ ધર્મ કહ્યો નથી માટે યુદ્ધમાં મરવું તે સારૂં પણ બીહીને ભાગવું સારૂં નહીં. વૈશંપાયન કહે છે–હે જનમેજય! એ રીતે કહીને કુંતીના પુત્ર અર્જુન, મ્હોટી વેણી તથા સારી રીતે રંગેલાં રાતાં બે વસ્ત્રને હલાવતા, દોડતા રાજપુત્રની પછવાડે દોડવા લાગ્યા. ત્યારે તેને નથી જાણતા એવા કેટલાક કૌરવના સૈન્યના પુરૂષો તેવા

રૂપને જોઇ હાસ્ય કરવા લાગ્યા. અને કેટલાક કૌરવો તો તેને જલદીથી દોડતો જોઇને કહેવા લાગ્યા કે, ભસ્મથી ઢાંકેલા અગ્નિની પેઠે વેષથી ઢાંકેલો આ કોણ છે ? કંઇક આનું પુરૂષના સરખું ને કંઇક સ્ત્રીના સરખું ચિન્હ છે. તોપણ રૂપ અર્જુનના સરખું લાગે છે. માટે તેણેજ પાવૈયાનો વેષ ધારણ કર્યો હોય એમ લાગે છે જુઓ ! મસ્તક, ગ્રીવા પણ તેજ તથા ભોગળ સરખા હાથ પણ તેજ લાગે છે, પરાક્રમ પણ તેજ, માટે આ અર્જુન વગર બીજો કોઇ નથી. દેવતાઓમાં ઇંદ્ર અને મનુષ્યોમાં અર્જુન વિના કોણ બીજો જગતમાં આપણી સામે એકલો આવે ? આ વિરાટનો પુત્ર શૂન્ય શહેરમાં એકલો હશે. તે આ યુદ્ધ કરવા બાળભાવથી નીકળ્યો હશે, કંઇ પરાક્રમથી નિકળ્યો નહિ હોય. કપટ વેષમાં ઢંકાયલા અર્જુનને સારથિ કરીને ઉત્તર શહેરથી બહાર નીકળ્યો છે, તે આપણને જોઈ ભયભીત થઇ ભાગે છે. તેને અર્જુન પછવાડે ઝાલવા સારૂ દોડે છે, એમ ધારીએ છીએ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે બધા કૌરવો જુદા જુદા વિચાર કરે છે પણ તે ઉત્તર પ્રત્યે કંઇ નિશ્ચય કરી શકતા નથી. ભાગતા ઉત્તર પછવાડે સો પગલાં દોડી અર્જુને તેના કેશ પકડયા. ત્યારે વિરાટનો પુત્ર ઉત્તર પીડિતની પેઠે શોચ કરી દીન વચન બોલવા લાગ્યો કે—હે રૂડા મધ્ય ભાગવાળી ! હે કલ્યાણિ બૃહન્નલા ! હું કહું તે તું સાંભળ—જલદી રથ પાછો વાળ, કારણ જીવતો નર કલ્યાણને પામે છે. બૃહન્નલા તને ચોકખા સોનાની સો મોહોર અને સોનામાં જડેલા મ્હોટી કાંતિવાળા આઠ વૈદુર્યમણિ આપું. તેમ સોનાના દાંડા જેના છે એવા ઓઢાથી ઢાંકેલો અને સારા ઘોડાઓથી જોડેલો રથ તથા મદોન્મત્ત દશ હાથી આપું, પણ મને મૂકી દે. વૈશંપાયન કહે છે-હે જનમેજય ! એ રીતે ઉત્તર બોલવા લાગ્યો અને ભયથી ચેતન રહિત થઇ ગયો, તોપણ પુરૂષમાં સિંહરૂપ અર્જુન રથની પાસે લઇ આવ્યા અને તે પ્રત્યે હસીને કહેવા લાગ્યા કે, હે શત્રુને મારનાર ! શત્રુ સાથે યુદ્ધ કરવાનો ઉત્સાહ તને ન થતો હોય તો સારથિપણું કર, શત્રુ સાથે યુદ્ધ હું કરીશ, અને મારા બાહુબળે રક્ષા કરેલો, તું, શૂરવીર મહારથિએ રક્ષા જેની કરી છે એવા ભયંકર કૌરવના સૈન્ય પ્રત્યે રથને લઇ જા. હે રાજપુત્રમાં અગ્રિણિ ! હે શત્રુને તપાવનાર ! હે પુરૂષમાં સિંહરૂપ ! તું બ્હીશ માં ! ક્ષત્રિય છે ને શત્રુની વચમાં કેમ બીહે છે ? હું દુઃખે કરી અંદર જવાય નહીં એવા ભયંકર કૌરવના સૈન્ય પ્રત્યે પેસાને, કૌરવો સાથે યુદ્ધ કરી તારાં પશુને જીતીશ. હે નરમાં શ્રેષ્ઠ ! તું સારથિ થા. હું કૌરવો સાથે લઢીશ. એમ કહી અર્જુને બે ઘડી સુધી વિરાટના પુત્ર ઉત્તરને સમજાવ્યો, તોપણ ભયથી પીડિત ઉત્તરને તે કામ વિષે ઇચ્છા ન થઇ ત્યારે પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુને જોરાવરીથી તેને રથ ઉપર બેસાડયો.

तत एनं विचेष्टंतमकामंभयपीडितं
रथमारोपयामास पार्थः प्रहरतांवरः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहेउत्तराश्वासने गुर्जरभाषायामष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥

અધ્યાય ૩૯ મો. અર્જુનનો ભણકારો.

વૈશંપાયન उवाच—तं दृष्ट्वा क्लीबवेषेण रथस्थं नरपुंगवं
शमीमभिमुखं यांतं रथमारोप्य चोत्तरं ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે ઉત્તરકુમારને રથમાં બેસાડી, અર્જુનને નપુંસકના વેષથી રથમાં બેઠેલો પુરૂષમાં શ્રેષ્ઠ તથા શમીની સન્મુખ જતો જોઈને, ભીષ્મ તથા દ્રોણુ જેમાં મુખ્ય છે એવા રથિયોમાં શ્રેષ્ઠ સર્વ કૌરવો, અર્જુનના ભયથી ત્રાસ પામેલા મનવાળા નિરૂત્સાહ થઇ ગયા તે જોઇ તથા આશ્ચર્યરૂપ થતા ઉત્પાતોને પણ જોઈને, શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય કહેવા લાગ્યા કે, તીક્ષ્ણ તથા રજ ઉડાડનાર રૂક્ષ વાયુ વાય છે તથા રાખના સરખા પ્રકાશવાળા અંધારાથી આકાશ વિંટાઇ ગયું છે, રૂક્ષ જેનો દેખાવ છે એવાં આશ્ચર્યરૂપ વાદળાં થયાં છે, ને વિવિધ પ્રકારનાં શસ્ત્રો મ્યાનમાંથી નીકળી જાયછે. બળતી દિશાઓમાં ભયંકર શિયાળની સ્ત્રિયો રૂવે છે. ઘોડાઓના નેત્રમાંથી અશ્રુ પડે છે અને રથની ધ્વજાઓ હલાવ્યા વગર કંપે છે, એવા અનેક તરેહના અપશુકનો થાય છે. એમ જણાય છે કે, ભય નજીક આવ્યો, માટે સાવધાન થઇને ઉભા રહો, શરીરનો બચાવ કરો ને સેનાની વ્યૂહ રચના કરો. લઢાઇની વાટ જુઓ ! અને ગાયોના ધણુની પણ રક્ષા કરો ! કારણ હે ભીષ્મ ! શૂરવીર, બાણુના ભાથાવાળો, સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ, સ્ત્રીનો વેષ ધરણ કરનાર, ઇંદ્રનો પુત્ર, તથા હનુમાન જેની ધ્વજામાં છે એવો આ અર્જુન આવે છે, એમાં સંશય નથી, માટે જેને જીતી તમારી ગાયો લઇ જશે તે દુર્યોધનની રક્ષા કરો. કારણ આ શત્રુને તપાવનાર મહા પરાક્રમી અર્જુન સર્વ દેવતાઓ તથા અસુરો સામા આવે તોપણ યુદ્ધ કર્યા વગર પાછો વળે નહીં. હે કૌરવો ! વળી તે હાલ વનમાં કલેશ પમાડેલ હોવાથી ક્રોધથી તપેલો છે, તેમ ઇંદ્ર પાસે શીખેલો તથા યુદ્ધમાં ઇંદ્ર સરખો છે. તેની સાથે યુદ્ધ કરનાર કોઇ પણ યોદ્ધાને હું જોતો નથી. વળી એમ પણ સાંભળ્યું છે કે, હિમાલય પર્વતમાં ભિલના વેષથી છુપેલા મહાદેવજીને પણ યુદ્ધમાં અર્જુને સંતુષ્ટ કર્યા છે. તે સાંભળી કર્ણ કહેવા લાગ્યો કે, તમે હંમેશ અમોને અર્જુનના ગુણુ કહીને સંતાપો છો, પણ તે મારો તથા દુર્યોધનનો બરોબરીઓ નથી, તે સાંભળી દુર્યોધને કહ્યું કે, હે કર્ણ ! જો એ અર્જુન છે એમ નિશ્ચય થાય તો મારૂં તો કાર્ય થયું. કારણ એવો કરાર છે કે, તેરમા વર્ષની અંદર ઓળખાય તો ફરીથી તેઓ બાર વર્ષ વનમાં જાય, અને કદી કોઇ બીજો માણુસ નપુંસકના વેષે કરી હશે, તો મારા તીક્ષ્ણ બાણોએ કરી તેને પૃથ્વીમાં પાડી નાખીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે દુર્યોધને વાક્ય કહ્યાં, ત્યારે ભીષ્મ, દ્રોણુ, કૃપાચાર્ય તથા અશ્વત્થામા દુર્યોધનનું પૌરૂષ વખાણુવા લાગ્યા.

तस्मिन्ब्रुवति तद्वाक्यं धार्तराष्ट्रे परंतप
भीष्मो द्रोणः कृपो द्रौणिः पौरुषंतदपूजयन् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहेअर्जुन प्रशंसायां गुर्जरभाषायामेकोनचत्वारिंशोऽध्यायः ॥ ३९ ॥

અધ્યાય ૪૦ મો. શમીપરથી ગાંડીવ ઉતારવું.

वैशंपायन उवाच—तां शमीमुपसंगम्य पार्थो वैराटिमब्रवीत्
सुकुमारं समाज्ञाय संग्रामेनातिकोविद ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે શમીની પાસે જઇને, અર્જુન વિરાટના પુત્ર ઉત્તરને સુકુમાર તથા સંગ્રામ કરવામાં ગાફેલ જોઇ કહેવા લાગ્યા કે, હે ઉત્તર ! મારી આજ્ઞાથી શમી ઉપરથી ધનુષ ઉતારી લાવ; કારણ આ તારાં ધનુષ મારૂં બળ સહન કરી શકે એમ નથી. તેમ હાથીને મારવા ઘણોક ભાર દઉં તે પણ સહન કરી શકે નહી. તેથી આ ગાઢ પાંદડાંવાળી શમી પ્રત્યે ચડી જા. કારણ યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ અને સહદેવ, એ શૂરવીર પાંચે પાંડવોના ધનુષ, બાણ, ધ્વજાઓ તથા દિવ્ય કવચો આ શમી વિષે રાખેલાં છે તેમાં એક છતે બીજાં લાખ ધનુષ સરખું, યમના દેશને વધારનાર, મહેનતને સહન કરનાર, તાલવૃક્ષ સરખું અતિ મ્હોટું, સર્વ આયુધરૂપ, શત્રુને બાધ કરનારૂં, સુવર્ણથી શોભિતું, દિવ્ય, મનોહર, વિસ્તારવાળું, અખંડીત, ઘણોક ભાર વહે એવું તીક્ષ્ણ તથા સુંદર જેનો દેખાવ છે એવું મહા પરાક્રમી અર્જુનનું ગાંડીવ નામનું ધનુષ પણ છે. તેના સરખાં બળવાન દ્રઢ ધનુષો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ તથા સહદેવનાં પણ છે.

अलंभारं गुरु वोढुं दारुणं चारुदर्शन
तादृशान्येवसर्वाणि बलवंतिदृढानि च ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहे अर्जुनशस्त्रकथने गुर्जरभाषायां चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥

અધ્યાય ૪૧ મો. શસ્ત્ર જોઈ ઉત્તર ચમકયો.

उत्तर उवाच—अस्मिन्वृक्षेकिलोद्बद्धं शरीरमिति नः श्रुतं
तदहं राजपुत्रः सन् स्पर्शयं पाणिना कथं ॥

ઉત્તર કહે છે—આ શમીના વૃક્ષમાં કોઇનું મરેલું શરીર બાંધેલું છે, એમ મે સાંભળ્યું છે; માટે હું રાજપુત્ર થઇ હાથથી એને કેમ અડું ? કારણ ક્ષાત્રયના કુળમાં ઉત્પન્ન થયેલો રાજપુત્ર હું મંત્ર તથા યજ્ઞ જાણનાર છું ! એવા સ્થાનને કેમ અડકું ? હે બૃહન્નલે ! જો હું તે મરેલા શરીરનો સ્પર્શ કરૂં તો, શબ ઉપાડનાર સરખો અપવિત્ર થાઉં તો પછી તું પણ મારી સાથે કેમ વ્યવહાર કરે ? તે સાંભળી અર્જુને કહ્યું કે હે રાજેંદ્ર ! તું ભય નહીં રાખ હવે આ શમીમાં મરેલું શરીર નથી તેથી તું અપવિત્ર તથા વ્યવહાર કરવાને અયોગ્ય નહી થાય માટે તે ધનુષ્યો લઇ આવ. હે રાજપુત્ર ! શૂરવીરના કુળમાં ઉત્પન્ન થયેલ તથા મત્સ્ય રાજાનો પુત્ર તું તેને હું નિંદિત કર્મ કેમ કરાવું ? વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે અર્જુને કહ્યું ત્યારે કુંડળ પહેરેલો વિરાટનો પુત્ર ઉત્તર તે વખત પરાધીનપણાથી શમીના વૃક્ષ ઉપર ચઢયો એટલે નીચેથી રથમાં બેઠેલા અર્જુને તેને કહ્યું કે એને વિટેલું હોય તે છોડીને વૃક્ષના અગ્રભાગ થકી ધનુષ્યો જલદીથી લઇ આવ. તે

સાંભળી ઉત્તર કુમાર મ્હોટા વક્ષસ્થળવાળા પાંડવોના અમૂલ્ય ધનુષ્યો બંધન છોડી નીચે લઇ આવ્યો. અને તે ધનુષ્યોનું પણ બંધન ચોતરફથી તેણે છોડયું, એટલે ચાર બીજા ધનુષ્યો સહિત ગાંડીવ ધનુષ્ય જોયું. તે સૂર્ય સરખા તેજવાળા ધનુષ્યને છોડતાં વેંત જેમ ઉદય વખતે ગ્રહોનો પ્રકાશ નીકળે, તેમ પ્રકાશ નીકળ્યો. ત્યારે ઉત્તર કુમાર, બગાસું ખાતા સર્પોના સરખું તે ધનુષ્યોનું રૂપ જોઇને, ક્ષણ માત્રમાં રોમાંચિત શરીરવાળો તથા ભયથી ઉદ્વિગ્ન થયો. પછી વિરાટ પુત્ર ઉત્તર, તે મ્હોટા તથા કાંતિમાન ધનુષ્યોનો સ્પર્શ કરીને, અર્જુન પ્રત્યે આ રીતે પૂછવા લાગ્યો.

संस्पृश्य तानि चापानि भानुमंति बृहंति च
वैराटिरर्जुनराजन्निदं वचनमब्रवीत् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहे अस्त्रारोपणे गुर्जरभाषायामेकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

અધ્યાય ૪૨ મો. શસ્ત્ર સંબંધી ઉત્તરના પ્રશ્ન.

उत्तर उवाच—बिंदवोजातरूपस्य शतं यस्मिन्निपातिता:
सहस्रकोटिसौवर्णा: कस्यैतद्धनुरुत्तमं ॥

ઉત્તર કહે છે—જેને સુવર્ણના અનેક બિંદુ છે તથા મજબૂત છે બે પ્રાંત ભાગ જેના એવું આ ઉત્તમ ધનુષ કોનું છે ? અને આ સુવર્ણના ચિત્રેલા હસ્તિયો જેના પૃષ્ટ ભાગમાં છે તથા રૂડાં પડખાં તથા મધ્ય ભાગવાળું ધનુષ્ય પણ કોનું છે ? વળી શુદ્ધ સુવર્ણના ચિત્રેલા ઇંદ્રગોપ નામના જંતુ જેના પૃષ્ટ ભાગમાં જુદા જુદા શોભે છે, એવું આ ઉત્તમ ધનુષ્ય તે કોનું છે ? અને આ તેજથી પ્રકાશમાન સુવર્ણના ચિત્રેલા ત્રણ સૂર્ય જેમાં છે એવું ધનુષ્ય કોનું ? તથા મીનાકારી સુવર્ણના પતંગ નામના જંતુ જેને વિષે શોભેછે, એવું ઉત્તમ ધનુષ્ય પણ કોનું છે? તેમ સુવર્ણના ભાથામાં રહેલા, સોનાના અગ્રભાગવળાં પીંછાં બાંધેલા આ બાણો કોનાં છે ? વળી આ જાડી દાંડીવાળા મ્હોટા ગરજ પક્ષિનાં પિછાં બાંધેલાં પાટ ઉપર તીક્ષ્ણ કરેલાં, પીળા વર્ણ વાળાં, સુંદર અગ્રભાગવાળાં, પાણી પાયેલાં તથા દાંડા પણ જેના કાષ્ટના નથી એવાં આ બાણ કોનાં છે ?તેમ વરાહના કાન સરખી આકૃતિવાળા શલ્યથી યુકત દશ બાણને જે ધારણ કરે છે તથા પાંચ વ્યાઘ્રનાં ચિન્હ જેમાં છે એવું કાળા વર્ણવાળું આ ભાથું કોનું છે ? વિસ્તિર્ણ, લાંબા અર્ધ ચંદ્ર સરખી આકૃતિવાળાં, રૂધિરને ખાનારાં, આ સાતસો બાણ કોનાં છે ? પ્રથમ અર્ધ ભાગ જેના પોપટની પાંખ સરખા લીલા છે, અને બીજા ઉત્તર ભાગ પાણા ઉપર તીક્ષ્ણ કરેલા, પાણી પાયેલા, લોઢાના તથા સુવર્ણની મુઠવાળા છે, એવાં આ બાણો કોનાં છે ? વળી ઘણા ભારને સહન કરનાર, દિવ્ય શત્રુને ભય કરનાર, મ્હોટું, દેડકાનાં ચિત્ર જેના પૃષ્ટ ભાગમાં છે એવું, વાઘના ચામડાના મ્યાનમાં રહેલું, સોનાની વિચિત્ર પ્રકારની મુઠવાળું તથા રૂડા અગ્રભાગવાળું આ ખડગ કોનું છે ? તેમ વિચિત્ર પ્રકારના મ્યાનવાળું, ઘુઘરીઓથી શોભતું, મ્હોટો તથા સુવર્ણની મુઠવાળું, આ નિર્મળ ખડગ કોનું છે ? વળી બળદના ચામડાના મ્યાનમાં રાખેલું, સોનાની મુઠવાળું કોઇથી સહન થાય નહીં એવું, નિષધ દેશમાં

બનેલું તથા ભાર સહન કરનાર કોનું આ ખડગ છે ? અને બકરાના ચામડાના મ્યાનમાં રહેલું સુવર્ણથી શોભિતું પ્રમાણ તથા રૂપથી સંપન્ન, પાણી પાયેલા તથા કાળા વર્ણવાળું આ કોનું ખડ્ગ છે ? તેમ તપાવેલા સુવર્ણના અગ્નિ સરખા મ્યાનમાં રહેલું, ત્રીસ આંગુળથી મ્હોટું, શત્રુને પરાભવ પમાડનાર, પાણી પાયેલું, સુવર્ણના બિંદુથી શોભિતું, મ્હોટા ભારને સહન કરનારૂં, શત્રુની કાયાને ભેદનારૂં, તથા સર્પ સરખો છે સ્પર્શ જેનો એવું આ ખડ્ગ કોનું ? હે બૃહન્નલા ! મેં જે પૂછ્યું તેનો યથાર્થ ઉત્તર આપો, કારણ આ બધું જોઈ મને આશ્ચર્ય થાય છે.

निर्दिशस्व यथातत्त्वं मया पृष्टा बृहन्नले
विस्मयो मे परो जातो दृष्ट्वा सर्वमिदं महत् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरवाक्यनामे गुर्जर- भाषायां द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥

અધ્યાય ૪૩ મો. આયુધોનું વર્ણન.

बृहन्नलोवाच—यन्मां पूर्वमिहा पृच्छः शत्रुसेनापहारिणं
गांडीवमेतत्पार्थस्य लोकेषु विदितं धनुः ॥

બૃહન્નલા કહે છે—પ્રથમ તેં મને પૂછ્યું જે “ શત્રુની સેનાને મારનારૂં, સુવર્ણથી શોભિતું, સર્વ આયુધ સરખું, તથા અત્યંત મ્હોટું આ ધનુષ કોનું છે ? ” તો એ લોકમાં વિખ્યાત ગાંડીવ નામનું અર્જુનનું ધનુષ છે. જે એક છતે બીજાં લક્ષ ધનુષ સરખું તથા યમના દેશને વધારનારૂં છે; અને જેથી સંગ્રામમાં દેવતા તથા મનુષ્યોને અર્જુન જીત્યા હતા. જે નાના પ્રકારના વર્ણથી વિચિત્ર પ્રકારનું, મનોહર, અખંડિત, વિસ્તારવાળું, અને દેવ દાનવ, તથા ગંધર્વોએ ઘણાં વર્ષ સુધી પૂજા કરેલું છે. જે પૂર્વે દેવનાં હજાર વર્ષ પર્યંત બ્રહ્માએ ધારણ કર્યાં પછી પાંચસોને ત્રણ વર્ષ પ્રજાપતિએ ધારણ કર્યું હતું. તે પછી દેવનાં પંચાશી વર્ષ ઇંદ્રે ધારણ કર્યું. પાંચસો વર્ષ ચંદ્રમાએ ધારણ કર્યું, ને પછી સો વર્ષ વરૂણે ધારણ કર્યું હતું. પછી વરૂણે મહા પરાક્રમવાળું તથા અત્યંત દિવ્ય ગાંડીવ નામનું ઉત્તમ ધનુષ અર્જુનને આપ્યું. ત્યારે સાડી બત્રીસ વર્ષ સુધી તે અર્જુને ધારણ કર્યું, હવે આ સુંદર પડખાંવાળું તથા સુવર્ણ છે મધ્યભાગમાં જેને એવું ધનુષ જે પૂછ્યું તે ભીમસેનનું છે, જેથી શત્રુને તપાવનાર ભીમસેન, પૂર્વ દિશાને જીત્યા હતા. હે વિરાટના પુત્ર ! જે ઇંદ્રગોપ નામના જંતુના ચિત્ર તથા સુંદર દેખાવવાળું ઉત્તમ ધનુષ તેં પૂછ્યું, તે યુધિષ્ઠર રાજાનું છે અને પ્રકાશમાન સુવર્ણના ચિત્રેલા સૂર્યો જેમાં શોભે છે એ ધનુષ નકુળનું, તથા મીનાકારી સુવર્ણથી શોભિતા પતંગ નામના જંતુઓ જેમાં ચિત્રેલા છે એ સહદેવનું ધનુષ છે. હે વિરાટના પુત્ર ! જે તીક્ષ્ણ કરેલાં પીછાં બાંધેલાં, સર્પ સરખાં હજારો બાણો છે તે અર્જુનનાં જાણવાં; જે જલ્દી ચાલનારાં, પ્રકાશમાન સંગ્રામમાં શત્રુને નાશ કરનારાં બાણો ભીમસેનનાં છે. અને જે હરિદ્રા સરખા વર્ણવાળાં, સોનાની મુંડવાળાં તથા પાષાણ ઉપર ઘસી તિક્ષ્ણ કરેલાં છે તે નકુળનાં તથા પાંચ વાઘના ચિન્હવાળો ભાથો પણ નકુળનો છે; જેથી નકુળ પશ્ચિમ દિશાને સંગ્રામમાં જીત્યો હતો. આ સર્વ પારકા સૈન્યને

ઉદ્યમાર્ક સૂર્ય સરખા વિચિત્ર પ્રકારના બાણો બુદ્ધિમાન સહદેવના છે. અને આ પાણી પાયેલા, સિફ્ણ, બાંખા વિસ્તારવાળા, તથા સોનાના અગ્ર ભાગવાળા બાણો યુધિષ્ઠિર રાજાના છે સંગ્રામમાં ઘણા ભારને સહન કરનાર, દૃઢ તથા દેડકાનાં ચિત્ર છે પૃષ્ઠ ભાગમાં જેને એવું આ મ્હોટું ખડ્ગ અર્જુનનું, અને વાઘના ચામડાના મ્યાનમાં રહેલું, અત્યંત મ્હોટું, ઘણાક ભારને સહન કરનાર, તથા શત્રુને ભય કરનાર આ દિવ્ય ખડ્ગ ભીમસેનનું છે. તેમ આ રૂડા અગ્ર ભાગવાળું, વિચિત્ર પ્રકારનું છે મ્યાન જેનું એવું, સોનાની મુઠવાળું તથા ત્રીસ આંગુળથી મ્હોટું ખડ્ગ બુદ્ધિમાન ધર્મરાજાનું છે. બકરાના ચામડાના મ્યાનમાં રહેલું તથા ઘણાક ભારને સહન કરનાર આ દૃઢ ખડ્ગ નકુળનું તથા બળદના ચામડાના મ્યાનમાં રહેલું દૃઢ, સર્વ ભારને સહન કરનાર આ મ્હેટું ખડ્ગ સહદેવનું જાણ.

यस्त्वयंविपुलःखड्गो गव्ये कोशे समर्पित
सहदेवस्य विद्धयेनं सर्वभारसहंदृढं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उ० गोग्रहणे आयुधवर्णनं नाम गुर्जरभाषायां त्रिचत्वारिंशोऽध्यायः ॥ ४३ ॥

અધ્યાય ૪૪ મો. ઉત્તરને આપેલી ઓળખાણ.

उत्तर उवाच—सुवर्णवि .तानीमान्या ुधानि महात्मनां
रुचिराणि प्रकाशंते पार्थानामा ुकारिणां ॥

ઉત્તર કહે છે—આ સુવર્ણના ચિન્હવાળાં સુંદર આયુધો યુદ્ધમાં કુશળ મહાત્મા પાંડવોને શોભે છે; પણ અર્જુન ક્યાં છે? અને કુરૂવંશમાં થયેલા યુધિષ્ઠિર રાજા, નકુળ, સહદેવ અને ભીમસેન પણ ક્યાં છે? સર્વ શત્રુને નાશ કરનાર તે મહાત્મા પાંડવો, પાસાથી રાજ્ય હારીને ગયા તે પાછા ક્યારે સંભળાયા નથી. અને પંચાલ રાજાની કન્યા દ્રૌપદી સ્ત્રીઓમાં રત્નરૂપ સાંભળી છે, તેપણ પાસાથી હારેલા પોતાના સ્વામિયોની જોડે વનમાં ગઇ, એમ સાંભળ્યું છે. તે સાંભળી અર્જુને કહ્યું કે, હુંજ અર્જુન છું, તમારા સભાસદ એ યુધિષ્ઠિર રાજા, બલ્લવ એ ભીમસેન, ઘોડાઓનું રક્ષણ કરે છે એ નકુળ તથા ગાયો ચારનાર સહદેવ છે; અને સૈરંધ્રીને દ્રૌપદી જાણ! જેનાથી નીચ કીચકો મરણ પામ્યા. તે સાંભળી ઉત્તરે કહ્યું કે, અર્જુનનાં દશ નામ મેં પૂર્વે સાંભળ્યાં છે, તે જો તમે કહી દેખાડો તો મને તમારી વાત ઉપર વિશ્વાસ આવે. તે સાંભળી અર્જુને કહ્યું કે, હે વિરાટના પુત્ર! જે પાર્થનાં નામ પૂર્વે તેં સાંભળ્યાં છે, તે મારાં દશ નામ હું કહું તે સાવધાન થઇ એકાગ્ર મનથી સાંભળ—અર્જુન, ફાલ્ગુન, જિષ્ણુ, કિરીટી, શ્વેતવાહન, બીભત્સુ, વિજય, કૃષ્ણ, સવ્યસાચી અને ધનંજય. એવી રીતે અર્જુને પોતાનાં દશ નામ કહી દેખાડ્યાં. તે સાંભળી ઉત્તરે કહ્યું કે, વિજય નામ શાથી પડ્યું છે? શાથી શ્વેતવાહન તથા કિરીટી કહેવાયા? સવ્યસાચી નામ કેમ પડ્યું તથા અર્જુન, ફાલ્ગુન, જીષ્ણુ, બીભત્સુ, ધનંજય, અને કૃષ્ણ એ બધાં નામો શાથી પડ્યાં છે? તે યથાર્થ મને કહો; કારણ તે શૂરવીરનાં એ બધાં નામનાં કારણો પણ મેં સાંભળ્યાં છે, માટે તે બધું જો તમે મને કહેશો તો મને વિશ્વાસ આવશે,

વાસ્તે જલદીથી કહો. અર્જુને કહ્યું કે, સર્વ દેશોને જીતી કેવળ તેમનું ધન લઈ તેની વચમાં ઉભો રહું તેથી લોકો મને ધનંજય કહે છે. સંગ્રામમાં જઈ યુદ્ધમાં દુર્મદ શત્રુઓને જીત્યા વગર પાછો વળું નહીં તેથી મને વિજય કહે છે. સંગ્રામમાં યુદ્ધ કરવા જાઉં તે વખતે સોનાનાં બખ્તર પહેરેલા શ્વેત ઘોડા મારા રથને જોડાય છે, તેથી શ્વેતવાહન કહેવાઉં છું. ફાલ્ગુનિ નક્ષત્રના ચંદ્રમા હતા તે દિવસે હિમાચળ પર્વત ઉપર ઉત્પન્ન થયો છું, તેથી ફાલ્ગુન એવું મારૂં નામ પડ્યું. પૂર્વે દૈત્યો સાથે હું યુદ્ધ કરતો હતો, ત્યારે ઈંદ્રે મને મસ્તકપર પહેરવા સૂર્ય સરખો મુગટ આપ્યો હતો, તેથી લોકો મારૂં નામ કિરીટી કહે છે. યુદ્ધ કરતાં ક્યારે પણ હું બીભત્સ કર્મ કરૂં નહીં, તેથી દેવતા તથા મનુષ્યોમાં બીભત્સુ, એ નામથી હું વિખ્યાત થયો. મારા બેઉ હાથ ગાંડીવ ધનુષ ખેંચવામાં સમર્થ છે તેથી મારૂં નામ સવ્યસાચી પડ્યું. સમુદ્ર પર્યંત પૃથ્વીમાં દુર્લભ એવો મારો વર્ણ છે, તેમ કર્મ પણ હું શુદ્ધજ કરૂં છું, તેથી લોકો મને અર્જુન કહે છે. હું દુઃખે કરી પ્રાપ્ત થાઉં નહીં, તેમ મને કોઈ સહન કરી શકે નહીં એવો, શત્રુને દમન કરનાર તથા ઈંદ્રનો પુત્ર છું, તેથી દેવતા તથા મનુષ્યોમાં જિષ્ણુ, એ રીતે મારૂં નામ વિખ્યાત છે અને હું બાળક હતો ત્યારથીજ ચિત્તને આકર્ષણ કરે એવું મારૂં સુંદર રૂપ હતું તથા હું મારા પિતાને પ્રિય હતો, તેથી મારા પિતાએ કૃષ્ણ એ રીતે મારૂં નામ પાડ્યું હતું. વૈશંપાયન કહે છે—હે જનમેજય! તે સાંભળી અર્જુનને પ્રણામ કરી વિરાટનો પુત્ર ઉત્તર તેને કહેવા લાગ્યો કે, મારાં પણ ભૂમિંજય તથા ઉત્તર એ બે નામ છે. હે ધનંજય! હે લાલ નેત્રવાળા! હે મહાબાહો! હે હાથીની સૂંઢ સરખા હાથવાળા! ભલે તમે આવ્યા, અને તમોને હું જોઉં છું તે ઘણું સારૂં થયું. તમારા અજ્ઞાનથી જે કંઈ મેં તમને કહ્યું હોય, તે હાલ તમે ક્ષમા કરવા લાયક છો; અને તમે પૂર્વે કોઈથી ન બને એવું દિગ્વિજયાદિ આશ્ચર્યરૂપ કર્મ કરેલું છે, તેથી મારો ભય પણ નિવૃત્ત થયો. તથા તમારે વિષે મને ઘણીક પ્રીતિ થઈ.

यदज्ञानादवोचत्वां क्षंतुमर्हसि तन्मम
यतस्त्वयाकृतं पूर्वं चित्रं कर्मसु दुष्करं ॥

इति श्रीमहाभारते विराटपर्वाणि गोहरणपर्वाणि उत्तरगोग्रहणेअर्जुनपरिचये गुर्जरभाषायां चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४ ॥

અધ્યાય ૪૫ મો. અર્જુન ને ઉત્તરનો સંવાદ.

उत्तर उवाच—आस्थाय रुचिरं वीर रथं सारथिना मया
कतमंयास्य सेनीकमुक्तो यास्याम्य[illegible] त्वया ॥

ઉત્તર કહે છે—હે વીર! સારથિ જે હું, તેને તમે રથમાં બેસીને કહો કે સૈન્યમાં કયે સ્થાનકે જવું છે, તે સ્થાનકે હું રથ હાકું. તે સાંભળી અર્જુને કહ્યું કે, હે સંગ્રામમાં ચતુર! હે પુરૂષમાં સિંહ રૂપ! હું તારી ઉપર પ્રસન્ન થયો છું, તારે ભય રાખવો નહીં, તારા સર્વ શત્રુને હું મારી નાંખીશ, માટે હે મ્હોટા હાથવાળા! તું સ્વસ્થ થા, અને શત્રુ સાથે યુદ્ધ કરતાં હું મ્હોટું ભયંકર કર્મ કરૂં તેને જો! આ બધાં બાણ નાંખવાના ભાથા

ઓને જલદીથી રથમાં બાંધી લે, અને સુવર્ણથી શોભિતું ત્રીસ અંગુળથી મ્હોટું જે ખડ્ગ છે તે પણ સાથે લે. વૈશંપાયન કહે છે—હે જનમેજય! એવાં અર્જુનનાં વચન સાંભળી ઉતાવળો ઉત્તર કુમાર, બીજા પાંડવોનાં આયુધો પાછાં શમી ઉપર રાખી આવી, અર્જુનનાં આયુધ લઇ જલદીથી નીચે ઉતર્યો. તે વખતે અર્જુને કહ્યું કે, હું કૌરવો સાથે યુદ્ધ કરીને તારાં પશુને સહેજમાં જીતી લઇશ. સારી રીતે રચેલાં દઢ ચક્રાદિક અંગરૂપી છે માર્ગની બે બાજુનો વિસ્તાર જેમાં, હાથરૂપી છે કિલ્લાનો બહારનો દરવાજો જેમાં, કાષ્ટનાં ખપાદિ ત્રણ દંડ તથા બાણુના ભાથારૂપી હસ્તિ, ઘોડા ને રથ, એ ત્રણ પ્રકારનાં સૈન્ય તથા તેમના અસ્ત્રથી દુષ્પ્રવેશ, ધ્વજાયુક્ત, પ્રત્યંચારૂપી છે ફેંકવાનાં સાધન જેમાં, ક્રોધીઓએ સેવેલો તથા પૈડાના શબ્દરૂપી નગારાવાળો મેં રક્ષા કરેલો રથનો ઉપલો ભાગ તારા રથની પેઠે તારો રક્ષક થશે. હે વિરાટના પુત્ર! ગાંડીવ ધનુષ ધારણ કરી હું રથમાં બેસીશ, એટલે તે રથને પારકી સેનાવાળા શત્રુ કોઇપણ જીતી નહીં શકે; માટે તારો ભય નિવૃત્ત થાઓ! તે સાંભળી ઉત્તરે કહ્યું કે, હવે હું યુદ્ધમાં વિષ્ણુ અથવા ઇંદ્ર સાથે પણ તમોને સ્થિર જાણી બ્હીતો નથી. તોપણ મોહ પામું છું, પણ નિશ્ચય હવે કયારે ભાગી નહીં જાઉં. સુંદર અંગ, આયુધ તથા શરીરના લક્ષણે કરીને પણ તમે સંપન્ન છો, ત્યારે આ નપુંસકપણું કયા કર્મના વિપાકે કરી તમોને પ્રાપ્ત થયું છે? તમે નપુંસકના વેષે કરી રહો છો, તે પણ હું તો તમને મહાદેવજી અથવા કોઇ ગંધર્વના રાજા વા ઇંદ્ર માનું છું. ત્યારે અર્જુને કહ્યું કે હે મ્હોટા હાથવાળા! હે રાજાના પુત્ર! મ્હોટા ભાઇની આજ્ઞાથી વર્ષ દિવસનું આ વ્રત હતું તે હું આચરૂં છું. હું નપુંસક નથી, ધર્મ સહિત છું, અને તે વ્રત પણ હાલ સમાપ્ત થઇ રહ્યું છે. માટે એ દુઃખથી નિવૃત્ત થયેલો મને જાણ, એ વાત હું સત્ય કહું છું. ઉત્તર કહેવા લાગ્યો કે—હે નરમાં ઉત્તમ! આજ તો મારે માથે તમોએ મ્હોટો અનુગ્રહ કર્યો, કારણ મેં પૂર્વેજ કહેલું હતું જે એવા પુરૂષો નપુંસક હોય નહીં, એ મારો તર્ક સાચો થયો. હાલ તમથી હું સહાયતાવાળો થયો છું, માટે દેવતાઓ સાથે પણ યુદ્ધ કરીશ. મારો ભય જતો રહ્યો, હવે શું કરૂં તે કહો. હે પુરૂષમાં શ્રેષ્ઠ! શત્રુના રથને ભાગનારા તમારા રથના ઘોડા હું હાંકીશ. કારણ ગુરૂ પાસેથી સારથિપણું શીખેલો છું. હે પુરૂષમાં શ્રેષ્ઠ! જેનો શ્રીકૃષ્ણનો દારૂક નામે સારથિ અને ઇંદ્રનો માતલિ સારથિ છે, તેવોજ સારથિપણું શીખેલો મને જાણો. ચાલવામાં જેનાં પૃથ્વી ઉપર મૂકેલાં તથા ઉપાડેલાં પગલાં વેગથી કોઇના જોવામાં આવતાં નથી અને જે જમણી બાજુ જોડેલો છે તે શ્રીકૃષ્ણના સુગ્રીવ નામના ઘોડા સરખો તથા વેગથી તેના સરખીજ ગતિવાળો અને રથની ડાબી બાજુ જોડેલો છે, તે શ્રીકૃષ્ણના મેઘપુષ્પ ઘોડા સરખો જાણવો. તેમ વેગથી તેવોજ બળવાન તથા સોનાના કવચવાળો જે આ આગલા ઘોડાઓની પાછળના ડાબા ભાગને વહેછે, તેને હું ભગવાનના શૈબ્ય નામના ઘોડા સરખો માનું છું અને જે આ આગળ જોડેલાં ઘોડાની પાછળ દક્ષિણ બાજુની ધુંસરીને વહે છે તેને શ્રીકૃષ્ણના બલાહક નામના ઘોડા સરખો જાણવો. આ રથ ગાંડીવ ધનુષ ધારણ કરનાર તમોનેજ વહેવાને યોગ્ય છે; અને આ રથમાં બેસીને યુદ્ધ કરવા પણ તમેજ લાયક છો એમ હું માનું છું. વૈશંપાયન કહે છે—હે જનમેજય! ત્યારે પરાક્રમી અર્જુને હાથમાંથી કંકણ કાઢીને વિચિત્ર પ્રકારના સુવર્ણના ત્રાણ પહેર્યાં. પછી વાંકડિયા કાળા કેશને શ્વેત વસ્ત્રથી બાંધી પૂર્વ દિશા સામે મુખ કરી, ઉત્તમ રથમાં

મ્હોટા હાથવાળા તથા સાવધાન ચિત્તવાળા અર્જુન શુદ્ધ થઇ સર્વ અસ્ત્રનું ધ્યાન ધરવા લાગ્યા, તેટલામાં સર્વ અસ્ત્રો હાથ જોડી અર્જુનને કહેવા લાગ્યાં કે, હે પાંડુનંદન ! તમારા પરમ ઉદાર દાસ અમે આ રહ્યા. તે સાંભળી અર્જુને તેમને પ્રણામ કરી હાથમાં લઇ કહ્યું કે, જે વખતે તમારૂં મને સ્મરણ થાઓ ! એમ કહી તે અસ્ત્રોને સભાં કરી પ્રસન્ન મુખવાળા, અર્જુને, તે ગાંડીવ નામના ધનુષને પ્રત્યંચા બાંધી ધનુષની દોરીનો ટંકાર કર્યો. તે પર્વત સાથે પછડાતા મ્હોટા પર્વતનો જેમ શબ્દ થાય તેમ મ્હોટો શબ્દ થયો. તે સમય ભયંકર શબ્દવાળો તોફાની વાયુ પૃથ્વીને વિદારણ કરતો વાવા લાગ્યો. મ્હોટા ઉબાડીઆં પડવા લાગ્યાં, દિશાઓ પ્રકાશ રહિત થઈ, અને ધ્વજાઓ તથા વૃક્ષ કંપવા લાગ્યાં. એ પ્રમાણે ભય સૂચવનારાં ભયંકર દુશ્ચિન્હ થવા લાગ્યાં અને રથમાં બે હાથે કરી અર્જુને જે ધનુષનો ટંકાર કર્યો, તે કૌરવોને વજ્રપાત સરખો લાગ્યો. પછી ઉત્તરે કહ્યું કે હે પાંડવમાં શ્રેષ્ઠ ! શસ્ત્ર તથા અસ્ત્રના પાર પામેલા આ ઘણાક મહારથિ યોદ્ધાઓને તમે સંગ્રામમાં કેમ જીતશો ? હે મ્હોટા હાથવાળા ! હે કુંતીના પુત્ર ! નથી કોઇની સહાયતા જેને એવા તમે છો, અને કૌરવોને તો સહાયતા કરનાર ઘણા છે, તેથી તમારી પાસે હું ભયભીત થઇ જાઉં છું. તે સાંભળી હાસ્ય કરી અર્જુને કહ્યું કે હે ઉત્તર ! તું ભય માં રાખ, કારણ જ્યારે હું ઘોષયાત્રામાં મહા બળવાન ગંધર્વો સાથે યુદ્ધ કરતો હતો, ત્યારે ત્યાં મારી સહાયતા કરનાર કોણ મારો મિત્ર હતો ? તેમ દેવ દાનવથી સંકુલ તથા ભય દેનાર ખાંડવ વનમાં યુદ્ધ કરવા વખતે પણ મારી સહાયતા કરનાર કોણ હતો ? વળી પૌલોમ તથા નિવાતકવચ નામના મહા બળવાન દૈત્યો સાથે હું ઇંદ્ર વાસ્તે યુદ્ધ કરતો હતો, ત્યારે મને કોણ સહાય હતો ? તેમ હે તાત ! દ્રૌપદીના સ્વયંવરમાં અનેક રાજાઓ સાથે મેં યુદ્ધ કર્યું, તે વખતે પણ કોણ મને સહાય હતો ? ભીષ્મ, દ્રોણ કૃપાચાર્ય, ઇંદ્ર, કુબેર, યમ, વરૂણ, અગ્નિ, શ્રીકૃષ્ણ તથા મહાદેવજીનો આશ્રય કરનાર હું, એમની સાથે કેમ યુદ્ધ ન કરૂં ? માટે જલદીથી મારો રથ ચલાવ અને તારા મનનો તાપ ટળી જાઓ.

पिनाकपाणिनं चैव कथमेतान्नयोधये
रथं वाहय मे शीघ्रं व्येतुतेमानसोज्वरः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणेउत्तरार्जुनयोर्वाक्यं गुर्जरभाषायां पंचचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥

અધ્યાય ૪૬ મો. યુદ્ધનો આરંભ.

वैशंपायन उवाच—उत्तरं सारथिं कृत्वा शमीं कृत्वा प्रदक्षिणं
आयुधं सर्वमादाय प्रययौ पांडवर्षभः

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી પાંડવોમાં શ્રેષ્ઠ અર્જુન, ઉત્તરને સારથિ કરી તથા શમીને પ્રદક્ષિણા કરી, સર્વ આયુધને લઇ, સિંહના સરખા આકારવાળી ધ્વજા રથ ઉપરથી ઉતારી શમીમાં મૂળ પાસે રાખીને જવા લાગ્યા. તેટલામાં સોના સરખા વર્ણવાળો વિશ્વકર્માનો રચેલો, આશ્ચર્યકારક હિંસા કરનાર છે પૂંછડું જેનું, એવા વાનરના ચિન્હવાળો, તથા અગ્નિના પ્રસાદથી મળેલો પોતાનો ધ્વજ અર્જુને મનથી યાદ કર્યો.

ત્યારે અગ્નિએ અર્જુનના મનનો અભિપ્રાય જાણીને ધ્વજને વિષે ભૂતોને જોડયા એટલે પતાકા તથા ભાથાં સહિત, વિચિત્ર પ્રકારનાં અંગવાળો મહા બળવાન, દિવ્ય તથા મનોહર ધ્વજ આકાશમાંથી આવ્યો. તેને જોઇ પ્રદક્ષિણા કરી રથ પ્રત્યે બેસીને, સફેદ ઘોડાવાળા, હાથમાં ચર્મનાં મોજાં પહેરેલા, ધનુષ જેણે ધારણ કર્યું છે તથા હનુમાન છે જેની ધ્વજાને વિષે એવા અને શત્રુને મર્દન કરનાર તે બળવાન અર્જુન, ઉત્તર દિશા પ્રત્યે જવા લાગ્યા. તેણે શત્રુનાં રૂંવાટાં ઉભાં થાય તેવી રીતે બળથી શંખનાદ કીધો તેથી તે રથના ઘોડા વેગવાન તથા બળવાન હતા, તોપણ પૃથ્વી પ્રત્યે ઘુંટણ ભર થઇ ગયા અને ઉત્તરકુમાર પણ ત્રાસ પામતો રથના માંહિલા ભાગમાં બેસી ગયો, ત્યારે કુંતીના પુત્ર અર્જુન, રાશ ખેંચી ઘોડાને ઉભા કરીને, ઉત્તરકુમારને મળી આશ્વાસના કરી કહેવા લાગ્યા કે, હે રાજ-પુત્રમાં મુખ્ય ! હે શત્રુને તપાવનાર ! હે મનુષ્યમાં સિંહ સરખા ! તું ભય નહીં કર, કારણ તું ક્ષત્રિય છે માટે શત્રુની વચમાં કેમ ખેદ પામે છે ? તે શંખ તથા ઢોલના ઘણાક શબ્દ સાંભળ્યા છે, તેમ વ્યૂહ રચનામાં ઉભેલા પોકારતા હસ્તિયોના પણ શબ્દ સાંભળેલા છે, ત્યારે અહિં શંખનાદે કરી તું કેમ બીહે છે ? તથા પ્રાકૃત પુરૂષની પેઠે વિવર્ણ રૂપવાન કેમ થઇ જાય છે ? તે સાંભળી ઉત્તરે કહ્યું કે, મેં શંખ તથા ઢોલના શબ્દો ઘણાક સાંભળ્યા છે, તેમ વ્યૂહ રચનાથી સંગ્રામમાં ઉભેલા હસ્તિયોના પણ શબ્દ સાંભળેલા છે; પણ આવો શંખનો શબ્દ પૂર્વે કોઇ દિવસ પણ જોયું નહોતું, ને આવો ધનુષનો શબ્દ પણ પૂર્વે ક્યારે સાંભળ્યો નથી. શંખ, ધનુષ, રથ અને ધ્વજામાં રહેલા અમાનુષ ભૂતોના શબ્દોથી મારૂં મન અત્યંત મોહ તથા વ્યથા પામે છે. ધ્વજાથી ઢંકાયલી દિશાઓ મારા જોવામાં આવતી નથી. ગાંડીવના શબ્દથી તો મારા કાન બ્હેરા થઇ ગયા. એ રીતે કહી ઉત્તરકુમાર જવા લાગ્યો. તેને ફરીથી અર્જુન કહેવા લાગ્યા કે, હે ઉત્તર ! અત્યંત દૃઢ રથ ઉપર બેસી રથને પગથી દાબી, મજબૂતીથી ઘોડાની રાશોને ગ્રહણ કર, કારણ ફરીથી હું શંખ વગાડું છું. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી જાણે પર્વત, દિશા તથા ગુફાઓને ચીતરતા હોયની તેની પેઠે અર્જુને ફરીથી શંખ વગાડયો. ત્યારે પણ ઉત્તર રથના માંહેલા ભાગમાં બેસી ગયો. એ રીતે શંખ રથની નેમિ તથા ગાંડીવના શબ્દોથી પૃથ્વી કંપવા લાગી, ત્યારે ફરીથી અર્જુને ઉત્તરની આશ્વાસના કરી. તેટલામાં દ્રોણાચાર્ય દુર્યોધન પ્રત્યે કહેવા લાગ્યા કે, જે પ્રમાણે આ રથનો શબ્દ થાય છે, વાદળાં જુદાં થઇ ગયાં છે તથા પૃથ્વીનો કંપ થાય છે, તે પ્રમાણે તો અર્જુન વિના આ બીજો કોઇ નથી. તેમ શસ્ત્રો પ્રકાશ થતાં નથી, ઘોડાઓની આંખમાંથી અશ્રુ પડે છે તથા અગ્નિ પ્રજ્વલિત થતો નથી, એ સારૂં નહીં. તેમ વનમાં જાનવરો સૂર્ય પ્રત્યે આપણને ભય થાય તેમ પોકારે છે, અને ધ્વજાઓ ઉપર કાગડા આવીને બેસે છે, તે પણ સારૂં નહીં. જેટલા શુકન છે તે આપણને ઉલટા થાય છે, અને આ રૂદન કરતો શિયાળ સેનાના મધ્યમાં માર્યા વગર દોડે છે. એ મ્હોટા ભયને જણાવે છે. અને તમારા સર્વનાં શરીર હું રોમાંચિત જોઉં છું, તેથી નિશ્ચય યુદ્ધમાં ક્ષત્રિયોનો નાશ દેખાય છે. તેજસ્વી પદાર્થ યથાર્થ પ્રકાશ થતા નથી, ને મૃગ તથા પક્ષિયો ક્રૂર લાગે છે. એ રીતે ક્ષત્રિયોને નાશ કરનાર જે વિવિધ પ્રકારના ભયંકર ઉત્પાત દેખાય છે, તે વિશેષે કરી આપણા નાશનાં નિમિત્ત લાગે છે. કારણ જે આ પ્રદીપ્ત ઉલ્કાઓ તારી સેનાને બાધ કરે છે. તેમ હે દુર્યોધન ! તારાં વાહન પણ રોતાં હોય

નહીં તેવાં લાગે છે, અને તારા સૈન્યને ગૃધ્ર પક્ષિયો ચોતરફથી સેવે છે માટે અર્જુનના બાણથી પીડાયલી સેનાને જોઇ પણ યુદ્ધ કરવાને ઇચ્છતો નથી. વળી સર્વ યોદ્ધા પણ, વિવર્ણ થયાં છે મુખ જેનાં એવા ઉદાસ ચિતવાળા છે, વાસ્તે પ્રહાર કરનારા આપણે ગાયોને ચાલતી કરીને વ્યૂહ રચનાથી ઉભા રહીએ.

विवर्णमुखभूयिष्ठाः सर्वे योधा विचेतसः
गाः संप्रस्थाप्य तिष्ठामो व्यूढानीकाः प्रहारिणः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणे औत्पत्ति-गुर्जरभाषायां षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६ ॥

અધ્યાય ૪૭ મો. દુર્યોધનને થયેલી ચટપટી.

वैशंपायन उवाच—अथ दुर्योधनो राजा समरे भीष्म म ब्रवीत्
द्रोणं च रथशार्दूलंकृपं च सुमहारथं ॥

વૈશંપાયન કહે છે-હે જનમેજય ! પછી સંગ્રામમાં દુર્યોધન રાજા, ભીષ્મ, રથિમાં સિંહરૂપ દ્રોણાચાર્ય અને મહારથિ કૃપાચાર્ય પ્રત્યે કહેવા લાગ્યો કે, જે સરત મેં તથા કર્ણે વારંવાર કરી છે, તે હું ફરીથી કહું છું, કારણ જે કહેથી હું તૃપ્ત થતો નથી. તે એક, હારેલા પાંડવોએ બાર વર્ષ વનમાં રહેવું અને તેરમું વર્ષ છુપા રહેવું. એવો અમારે તેમની સાથે કરાર છે. માટે તેઓને હજી તેરમું વર્ષ નિવૃત્ત થયું નથી, તેટલામાં તે છુપેલો અર્જુન જો આપણી સાથે યુદ્ધ કરવા આવ્યો, તો ફરીથી પાંડવો બાર વર્ષ વનમાં જાય. કદી લોભથી તેમને વા મોહથી આપણને બરાબર વખત જાણવામાં ન આવ્યો હોય, તો પણ અજ્ઞાત વાસનો વખત પૂરો થઈ રહ્યો હોય, તો પોતાના ભાગ વાસ્તે તેમણે મારી પાસે આવવું જોઇએ. કારણ "ભાગ આપશે કે નહીં" એવો સંશય હોય ત્યાં સુધી અકસ્માત્ યુદ્ધ કરવું, એ અન્યાય છે તેમાં કદી પરાજય થાય તો તો તેમની ઘણીજ ક્ષતિ થાય. વળી ઉત્તરગોગ્રહ કરનાર આપણને અનાદર કરીને આપણા તથા મત્સ્યના યુદ્ધની વચમાં જો અર્જુન આવે, તો વાળી સુગ્રીવના યુદ્ધમાં આવેલા રામચંદ્રજીની પેઠે અપરાધી થાય, ત્રિગર્તે મત્સ્યોના પોતાને વિષે થયેલા ઘણાક અપકારો આપણને કહ્યા ત્યારે ભયથી પરાભવ પામેલા તે ત્રિગર્ત વાસ્તે આપણે અહિં યુદ્ધ કરવા આવ્યા છીએ, કારણ તેને વાસ્તે આપણે મત્સ્ય રાજા સાથે યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી છે. એમ ઠરાવેલું હતું કે, પ્રથમ તે ત્રિગર્તે સપ્તમીને દિવસે પાછલા પહોરે વિરાટની ઘણીક ગાયો હરણ કરવી તે પ્રમાણે તેઓએ કર્યું. અને કરેલા ઠરાવ પ્રમાણે આપણે અષ્ટમીને દિવસે સવારમાં ત્રિગર્તે હરણ કરેલી ગાયોની પછવાડે વિરાટ ગયો, ત્યારે આ ગાયો હરણ કરી. હવે તે ત્રિગર્ત દેશના યોદ્ધા ગાયોને લઇ જાઓ અથવા તેમનો પરાજય થાઓ, વા આપણને દગો કરી મત્સ્યની સાથે મળી જાઓ ! અથવા વિરાટ રાજા, ગાયો સહિત ત્રિગર્તની ઉપેક્ષા કરી સર્વ દેશના મનુષ્યો તથા મ્હોટી ભયંકર સર્વ સેના સહિત પાછો રાત્રિએ ઘેર આવી, સવારમાં આપણી સાથે યુદ્ધ કરવા આવ્યો છે. રાત્રિએ ઘેર આવી, સવારમાં આપણી સાથે યુદ્ધ કરવા આવ્યો હોય, તેનો કોઇ આ મહાપરાક્રમી અગ્રેસર પુરૂષ હોય, વા આપણને

જીતવા સારૂ પોતે મત્સ્ય આવેલો હોય અથવા કદી અર્જુન હોય, પણ આપણે સર્વ એકઠા મળી તેની સાથે યુદ્ધ કરવું એવી આપણે કબુલાત કરેલી છે. માટે રથમાં બેઠેલા ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, વિકર્ણ, તથા અશ્વત્થામા, એ મહારથિ સર્વ યોદ્ધાઓ આ વખતે સંભ્રાંત છે મન જેનું, એવા થઇ કેમ બેઠેલા છે. યુદ્ધ વિના બીજામાં શ્રેય નથી, વાસ્તે તે કરવામાં ચિત્તને સાવધાન કરો અને હવે આ આપણું ગાયોનું ધન સંગ્રામમાં વજ્ર ધારણ કરનાર ઇંદ્ર અથવા યમરાજા હરણ કરે, તોપણ આપણામાંથી કોણ પાછો હસ્તિનાપુર પ્રત્યે જાય ? આ મારા બાણથી નાશ પામતા તથા ગાઢા વનમાં નાસતા પાયદળોમાંથી તો કોઇ જીવશેજ નહીં. કદી ઘોડેસ્વારમાં કોઇ બચે તો ભલે. એવાં દુર્યોધનનાં વચન સાંભળી રાધાનો પુત્ર કર્ણ આવી રીતે કહેવા લાગ્યો કે, સેનાના મુખમાં ઉભેલા દ્રોણાચાર્યને પાછળ ઉભા રાખી યુદ્ધ કરવા વિષે વિચાર કરો, કારણ તે પાંડવોનું મત જાણે તેથી આપણને ત્રાસ પમાડે છે. અર્જુનમાં એની પ્રીતિ પણ મને અધિક જાણવામાં આવે છે; કારણ જુઓ ! સામા આવતા અર્જુનને જોઇને પ્રશંસા કરે છે માટે જે રીતે સેનામાં ભંગાણ ન પડે, તેવી રીતે કરો. અર્જુનના ઘોડાનો ખોંખાર સાંભળીનેજ દ્રોણાચાર્ય ભય પામે, એટલે બધું સૈન્ય ભયભીત થઇ જાય. વળી આપણે પણ સ્વદેશથી ભ્રષ્ટ થઈ ઉષ્ણ ઋતુમાં મ્હોટા અરણ્યમાં શત્રુને પ્રાપ્ત થયા, માટે જે રીતે સેનાની વ્યૂહરચનાનો ભંગ ન થાય, તે રીતે કરો. આ આચાર્યને તો હંમેશ પાંડવો વિશેષ પ્રિય છે. તેથી તે સ્વાર્થી પાંડવોએજ એમને તમારી પાસે રાખેલા છે; તે એમના બોલાવાથીજ જણાય છે. કારણ અર્જુનના ઘોડાનો ખોંખાર સાંભળીનેજ એઓ તેની પ્રશંસા કરે છે પણ ઘોડાનો તો પોતાને સ્થાનકે વા ચાલતાં ખોંખાર કરવા એ સ્વભાવજ છે. વાયુ તો સદા વાયજ છે, ઇંદ્ર વર્ષે છે, તથા મેઘના ઘણા શબ્દો સંભળાયાંજ કરે છે. એમાં અપશુકન શું ? તોપણ આચાર્ય અર્જુનની પ્રશંસા કરે છે તથા તેને અહીં આવવાનો હેતુ કહે છે. તેનું કારણ આપણે વિષે એમને દ્વેષ વા ક્રોધ અને તેના શ્રેયની ઇચ્છા વિના બીજું હોય નહીં, અથવા આચાર્યો પંડિત તથા દયાળુ હોવાથી કોઇ સ્થાને પાપ બુદ્ધિ નહીં રાખતા હોય ? માટે મહા ભય આવે તે વખતે એઓને ક્યારે પૂછવું નહીં. પંડિત જનો તો જ્યાં મહેલ, સભા તથા બગીચાઓમાં વિવિધ પ્રકારની કથાઓ કરવી હોય ત્યાં શોભે. અથવા મનુષ્યોના સમાજમાં નાના પ્રકારની વાર્તાઓ કરે, વા યજ્ઞનાં પાત્ર મૂકવામાં, પ્રોક્ષણ કરવામાં તથા યજ્ઞ કરનારાઓની ચૂક જાણવા વિષે શોભે. વળી પારકું છિદ્ર જાણવામાં, હસ્તિ અશ્વ તથા રથ એ વાહનથી કેવી રીતે ચાલવું તે વિષે ઉંટ, ખર તથા અજા ઇત્યાદિની ચિકિત્સા વિષે, ગાયોને ઓળખવા માટે પરથાર ઉપર બેસવા બહાર આવી બળીદાન આપવું ઇત્યાદિ કર્મોમાં તથા અન્નમાં વૈશ્વદેવ કરવો તે અન્નમાં કીટ પતંગાદિ પડે તો તે અન્ન દુષિત થાય ઇત્યાદિ જાણવામાં પંડિતો શોભે, વાસ્તે પારકા ગુણને વખાણનાર પંડિતોને પાછળ રાખીને જે રીતે શત્રુનો વધ થાય તે રીતે કરો અને તમારી ગાયોને ચાલતી કરી તથા સેનાની વ્યૂહ રચના કરી, ચોતરફ રક્ષકોને રાખો એટલે આપણે શત્રુઓ સાથે યુદ્ધ કરીએ.

गावश्च संप्रतिष्ठाप्य सेनां व्यूह्य समंततः

आरक्षाश्च विधीयंतां यत्र योत्स्यामहे परान् ॥

इति श्रीमहाभारते विराट[प]र्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणे कौरव [illegible] गुर्जरभाषायां सप्तचत्वारिंशोऽध्यायः ॥ ४७ ॥

અધ્યાય ૪૮ મો. અર્જુનને હણવાનો કર્ણનો ઉત્સાહ.

कर्ण उवाच—सर्वानां युष्मनो भीतान् संत्रस्ता विचलक्षये
आयुद्धमनसश्चैव सर्वांश्चैवानवास्थितान् ॥

કર્ણ કહે છે—હું તમોને સર્વને ભયભીત, યુદ્ધનાં મન વિનાના ચંચળ તથા પ્રાણ પડી ગયેલા સરખા જોઉં છું. પણ આ કદી મત્સ્યનો રાજા વિરાટ હો, અથવા અર્જુન આવ્યો હો, તોપણ સમુદ્રને જેમ મર્યાદા વારે છે તેમ હું એને વારીશ. કારણ ધનુષમાં જોડેલાં, નમ્ર છે અગ્ર ભાગ જેનો એવાં તથા ચાલતા સર્પની પેઠે જતાં બાણો, ધારેલા નિશાનને ચૂકતાં નથી. માટે સુવર્ણનો છે પૃષ્ટ ભાગ જેનો એવાં, અત્યંત તીક્ષ્ણ અગ્ર ભાગવાળાં તથા મેં હસ્તલાઘવિથી મૂકેલાં બાણ, તીડ જેમ વૃક્ષને આચ્છાદન કરી લે, તેમ અર્જુનને આચ્છાદન કરો! મળી ગયાં છે પુંખ જેનાં એવાં બાણો મૂકવા માટે અત્યંત ખેંચેલી પ્રત્યંચાથી, વાગતાં બે ઢોલ સરખો હાથમાં બાંધેલા બે ચર્મનો શબ્દ સાંભળો. આ તેર વર્ષ બહાર રહેવાથી અર્જુન સાવધાન થયો હશે, તેમ યુદ્ધમાં પણ પ્રીતિમાન થયો હશે, તેથી એ મારે વિષે સંપ્રહાર કરશે ત્યારે ગુણવાન બ્રાહ્મણની પેઠે પાત્રભૂત અર્જુન, મારા મૂકેલાં હજારો બાણના સમૂહને ગ્રહણ કરો! વળી પુરૂષમાં શ્રેષ્ઠ મોટાં ધનુષવાળો અર્જુન જેમ ત્રણ લોકમાં વિખ્યાત છે, તેમ હું પણ એ થકી ક્યારે ન્યૂન નથી. માટે ચોતરફથી નીકળેલાં, ગૃધ્ર પક્ષિના પીછાંવાળાં તથા સુવર્ણથી શોભિતાં બાણોએ કરીને, આકાશ જેમ પતંગ નામના જંતુથી વિંટાય, તેમ વિંટાઇ ગયેલું જુઓ! પૂર્વે વાણીથી પ્રતિજ્ઞા કરેલું અક્ષયઋણ આજ હું સંગ્રામમાં અર્જુનને મારીને, દુર્યોધનને વાળી આપીશ. આજ વચમાંથી કપાતાં શિથિલ થઇ જતાં પુંખવાળાં બાણોનો, આકાશમાં તીડ જંતુઓના સરખો પ્રચાર જુઓ! હમણાં ઇંદ્રના વજ્ર સરખો છે સ્પર્શ જેનો એવા તથા ઇંદ્ર સરખા તેજવાળા અર્જુનને ઉંબાડીઆંથી જેમ હાથીને પીડે, તેમ હું પીડીશ, અને અતિરથિ, શૂરવીર તથા સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુનને પરવશ કરીને, ગરૂડ જેમ સર્પને ગ્રહણ કરે, તેમ રથમાંથી ગ્રહણ કરી લઇશ. અગ્નિ સરખા દુર્ધર્ષ, ખડ્ગ, શક્તિ તથા બાણરૂપી ઇંધનવાળા, પ્રદીપ્ત તથા શત્રુને બાળનારા પાંડવરૂપી અગ્નિને, અશ્વના વેગરૂપી છે પૂર્વનો વાયુ જેમાં, રથના ઓઘરૂપી વાદળવાળો તથા બાણરૂપી છે ધારા જેની એવો મહા મેઘ રૂપ હું શમાવીશ. મારા ધનુષમાંથી નિકળેલા સર્પની ઉપમા દેવા લાયક બાણો, સર્પો જેમ રાફડા પ્રત્યે જાઓ! સારી રીતે પાણી પાયેલાં, સુવર્ણના પૃષ્ટ ભાગવાળાં, તીક્ષ્ણ કરેલાં તથા નમ્ર છે અગ્ર ભાગ જેનો એવાં બાણોથી વિંટાયલા અર્જુનને, કણેરના વૃક્ષોથી વિંટાયલા પર્વતની પેઠે જુઓ! વળી ઋષિમાં શ્રેષ્ઠ પરશુરામ થકી જે અસ્ત્ર મને પ્રાપ્ત થયું છે, તે અસ્ત્રને ધારણ કરી પરાક્રમથી હું ઇંદ્ર સાથે પણ યુદ્ધ કરૂં, ને ધ્વજાના અગ્ર ભાગમાં રહેલો હનુમાન પણ હાલ મારા ભાલાથી હણાયલો ભયંકર શબ્દ કરતો પૃથ્વી ઉપર પડી જાઓ! શત્રુની ધ્વજામાં વાસ કરનારા અને મેં ત્યાંથી ભ્રષ્ટ કર્યા તેથી

કેશે પ્રત્યે આત્મા જીતેના સ્વર્ગ પ્રત્યે પહોંચે એવો મ્હોટો શબ્દ થાઓ ! આજ હું અર્જુનને પાડીને, ઘણા વખતથી દુર્યોધનના હૃદયમાં રહેલા શલ્યનો મૂળ સહિત ઉદ્ધાર કરીશ, ને હણાયા છે અશ્વ જેના, ભાગેલા રથવાળા, પરાક્રમથી હીન થઇ ગયેલા અર્જુનને, શ્વાસોચ્છ્વાસ લેતા નાગ સરખા કૌરવો જુઓ ! અથવા કેવળ ગાયોના ધણને લઇને ઇચ્છા પ્રમાણે જાઓ વા રથમાં બેસી મારા યુદ્ધને જુઓ.

कामं गच्छंतु कुरवो धनम दाय केवलं
रथेषु चापितिष्ठंतो युद्धं पश्यंतु मामकं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणे कर्णविकत्थने गुर्जरभाषायामष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥

અધ્યાય ૪૯ મો. કૃપાચાર્યે કર્ણને દીધેલી શીખ.

कृप उवाच--सदैव तव राधेय युद्धे क्रूरतरामतिः
नार्थानां प्रकृतिं वेत्सि नानुबंधमवेक्षसे ॥

કૃપાચાર્ય કહે છે—હે રાધાના પુત્ર કર્ણ ! હંમેશ તારી બુદ્ધિ યુદ્ધમાં અતિ ક્રૂર રહે છે, પણ તું પદાર્થોની પ્રાપ્તિ થવાનાં કારણે તે જાણતો નથી, અને પ્રાપ્તિ વિષે ફળ શું છે તે પણ જોતો નથી. શાસ્ત્રનો આશ્રય કરી વિચાર કરેલી નીતિયો ઘણીક છે, જેમાં યુદ્ધને પ્રાચીન પંડિતો પાપિષ્ટ કહે છે. પણ તે દેશકાળ વિચારીને કરેલું હોય તો જયને દેનારૂં થાય છે; તે વગર કર્યું હોય તો ફળતું નથી. તેવા દેશકાળ જોઇનેજ કરેલા પરાક્રમથી કલ્યાણ થાય છે. વાસ્તે જેમ કોઇ રથ કરનાર કારીગર કહે કે " આ મારો બનાવેલો રથ અત્યંત દઢ અંગવાળો છે, જેથી દેવતાઓને પણ જીતશે. " તો તેનાં વચન ઉપર ભાર રાખીને, દેશકાળાદિકની અનુકૂળતા જોયા વગર, કોણ પંડિત યુદ્ધ કરવા વિષે નિશ્ચય કરે ? તેમ તારૂં વચન પણ વૃથા છે. તે ઉપર ભાર રાખી દેશ તથા કાળની અનુકૂળતા વગર અમે કેમ યુદ્ધ કરીએ ? વિચાર કરીએ તો અર્જુન સાથે આપણે યુદ્ધ કરવા યોગ્ય નથી, કારણ જે એકલો કૌરવો પ્રત્યે આવ્યો છે. વળી બીજાની સહાયતા વગર અર્જુને અગ્નિને તૃપ્ત કર્યો. પાંચ વર્ષ બ્રહ્મચર્ય ધારણ કર્યું, તથા સુભદ્રાને રથમાં બેસાડી રથમાં બેઠેલા શ્રીકૃષ્ણને સામા યુદ્ધ કરવા બોલાવ્યા. વળી જેણે એકલે ભીલનો વેષ ધારણ કરેલા મહાદેવજી સાથે યુદ્ધ કર્યું હતું, જે આજ વનમાં હરણ કરેલી દ્રૌપદીને પાછી લઇ આવ્યો હતો, તથા એકલો પાંચ વર્ષ સુધી ઇંદ્ર પાસે અસ્ત્ર વિદ્યા શિખ્યો, જેણે એકલે શત્રુને જીતી કોરવોના યશનો વિસ્તાર કર્યો. જે શત્રુને દમન કરનાર એકલો અર્જુન, દુઃખથી જીતાય નહીં એવા ગંધર્વની સેના પ્રત્યે જઇ, વગથી ગંધર્વના રાજા ચિત્રસેનને જીત્યો હતો. તેમજ દેવતાઓથી મરે નહીં એવા નિવાતકવચ તથા કાલખંજ નામના દૈત્યોને યુદ્ધમાં જેણે એકલાએ પાડ્યા હતા. તેમ હે કર્ણ ! તેં એકલાએ પૂર્વે શું કર્યું છે ? પાંડવોમાંથી તો એક એક જણે રાજાઓને વશ કર્યા હતા, તેથી ઇંદ્ર પણ સંગ્રામમાં અર્જુન સાથે યુદ્ધ કરવા લાયક નથી. જે અર્જુન સાથે યુદ્ધ કરવા ઇચ્છે, તેનું ઔષધ કરવું જોઇએ; એટલે કે તેને રોગી જાણવો. હે કર્ણ !

અર્જુન સાથે તું યુદ્ધ કરવું ઇચ્છે છે. તે એવું છે કે, જમણા હાથથી ક્રોધી સર્પને લઇ તારી તર્જની આંગળીથી તેની દાઢ લેવાને ઇચ્છે છે, વા તું એકલો વનમાં જઇ, અંકુશ વગરના મદોન્મત્ત હસ્તિ ઉપર બેસીને શહેર પ્રત્યે જવા ઇચ્છે છે; અથવા ઘૃત, મેદ તથા ચરબી જેમાં હોમેલાં છે, એવા વૃદ્ધિ પામેલા અગ્નિની વચમાંથી, શરીરે ઘીનો લેપ કરી, ચીર વસ્ત્ર પહેરીને તું જવા ઇચ્છે છે. કારણ પોતાને ગળે દુંપો દઇ અથવા કંઠે મ્હોટી શીલા બાંધીને કોણ બે હાથથી સમુદ્રને તરે ? અને તેમાં પરાક્રમ પણ શું ? હે કર્ણ ! બળવાન તથા અસ્ત્રવિદ્યા શીખેલા અર્જુન પ્રત્યે, અસ્ત્રવિદ્યા શીખેલો નહીં તથા દુર્બળ પુરૂષ જે યુદ્ધ કરવાને ઇચ્છે છે, તે દુર્બુદ્ધિવાળો જાણવો. આપણે એને તેર વર્ષ વનમાં ફસાવ્યો, માટે હવે બંધનથી છુટેલા સિંહની પેઠે એ આપણું કંઇ અવશેષ પણ નહીં બચાવે. કુવામાં રહેલા અગ્નિની પેઠે એકાંતમાં બેઠેલા અર્જુન પ્રત્યે અજાણથી આવીને આપણે મ્હોટા ભયને પ્રાપ્ત થયા છીએ. વાસ્તે હવે યુદ્ધમાં દુર્મદ તે આવેલા અર્જુન સાથે, દ્રોણ, દુર્યોધન, ભીષ્મ, તું તથા અશ્વત્થામા એ આપણે સૌ એકઠા મળી યુદ્ધ કરીએ. વાસ્તે પ્રહાર કરનાર તથા કવચ પેહેરેલા સર્વ સૈનિકો વ્યૂહ રચનાથી ઉભા રહો. અને હે કર્ણ ! સાહસ માં કર ! કારણ યુદ્ધ કરવા વિષે છે નિશ્ચય જેનો તથા ઇંદ્ર સરખા ઉદ્ધત અર્જુન સાથે આપણે છ જણા એકઠા ઉભા થઇ રહીએ તો યુદ્ધ કરી શકીએ. વ્યૂહ રચના કરેલાં સૈન્યો તથા મ્હોટાં ધનુષ્ય ધારણ કરનાર યોદ્ધા સાવધાન થાઓ ! અને આપણે એકઠા થઇ સંગ્રામમાં ઇંદ્ર સાથે જેમ દૈત્યો યુદ્ધ કરે, તેમ અર્જુન સાથે યુદ્ધ કરીએ.

व्यूढानीकानि सैन्यानि यत्ताः परम धन्विनः
युध्याऽमहेर्जुनं संख्ये दानवा इव वासवं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहेकृपवाक्यंनाम गुर्जरभाषायामेकोनपंचाशत्तमोऽध्यायः ॥ ४९ ॥

અધ્યાય ૫૦ મો. અશ્વત્થામાએ દીધેલો ઠપકો.

अश्वत्थामोवाच—न च तावज्जितागावो न च सीमां तरंगताः
न हस्तिनापुरं प्राप्तास्त्वं च कर्ण विकत्थसे ॥

અશ્વત્થામા કહે છે—હે કર્ણ ! હજી ગાયોને જીતી પારકા સીમાડામાં તથા હસ્તિનાપુરમાં તો ગયા પણ નથી. તેની અગાઉજ તું પોતાનાં વખાણ કરે છે. શૂરવીરો તો ઘણાક સંગ્રામોમાં પારકી સેનાઓને જીતી ઘણુંક ધન મેળવીને, કંઇપણ પોતાના પરાક્રમનાં વખાણ કરતા નથી. જો બોલ્યા વગર અગ્નિ બાળે છે, સૂર્ય તપે છે અને પૃથ્વી સચરાચર લોકોને ધારણ કરે છે. વળી ચાર વર્ણનાં કર્મ પણ બ્રહ્માએ કહ્યાં છે, જેથી ધન મેળવીને તેઓ પાપી ન થાય. બ્રાહ્મણોએ ચાર વેદ ભણી પોતે યજન કરવું અને બીજાઓને કરાવવું. ક્ષત્રિયોએ ધનુષ્યનો આશ્રય કરી યજન કરવું, પણ બીજાને કરાવવું નહીં. વૈશ્યોએ કૃષ્યાદિ સાધનોથી ધન મેળવી વૈદિક કર્મ કરવાં અને શૂદ્રોએ નેતરનાં વૃક્ષ સરખી વૃત્તિનો આશ્રય કરી, એટલે કે જેમ જળનું પૂર આવે તે વખતે નેતરનું વૃક્ષ નમ્ર થઇ પોતાના મૂળીઆંનો બચાવ કરે છે, તેમ તેઓએ પણ નમ્ર થઇ સારી રીતે વર્તીને પોતાની વૃત્તિરૂપ મૂળીઆં

કાયમ રહે તે રીતે, ત્રણે વર્ણની હંમેશાં સેવા કરવી. એ રીતે શાસ્ત્ર પ્રમાણે વર્તનારા મ્હોટા ભાગ્યવાળા પુરૂષો, ન્યાયથી પૃથ્વી જીતીને પણ શીખવનાર ગુરૂ ગુણ વગરના હોય, તોપણ તેનો સત્કાર કરે છે; અને તું તો અન્યાયે કરી પાંડવોને જુગટાથી જીતીને, રૂડા ગુરૂને પણ નિંદે છે. ક્રૂર સ્વભાવવાળો તથા લાજ વિનાનો ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન, જુગારથી રાજ્ય પામી જેમ સંતોષ પામે છે તેમ રાજ્ય પામી બીજો કોણ ક્ષત્રિય સંતોષ પામે ? પરાવિની પેઠે શઠતા અને છેતરવાના સાધનથી ધનને પામી, કોણ વિચક્ષણ પુરૂષ પોતાનાં વખાણ કરે ? જેનું તેં ધન હરણ કર્યું છે, તે પાંડવો સાથે રથમાં બેસી તેં કયું યુદ્ધ કર્યું હતું ? કે જેમાં તું, અર્જુન, નકુળ સહદેવને જીત્યો ? કયા યુદ્ધમાં તું, બળવાન ભીમસેન તથા યુધિષ્ઠિરને જીત્યો ? અને કયા સંગ્રામમાં પૂર્વે ઇંદ્રપ્રસ્થને જીત્યો હતો ? વળી હે દુષ્ટ કર્મ કરનાર ! એક વસ્ત્ર પહેરેલી રજસ્વલા દ્રૌપદીને સભામાં લઇ આવ્યા, તે કયું યુદ્ધ કરીને જીત્યા હતા ? વળી પાંડવોનું મ્હોટું ચંદન સરખું શીતલ મૂળ, ધૃતરાષ્ટ્રના પુત્રે કાપી નાંખ્યું, તે એ કે શ્રીકૃષ્ણનું વિરૂદ્ધ કર્યું અને આ વખતે તેં પણ બ્રાહ્મણનો તિરસ્કાર કરી તેમજ કર્યું. વળી ધન વાસ્તે પાંડવો પાસે દ્યૂતાદિક કર્મ કરાવ્યાં, તે વખતે વિદુરે શું કહ્યું છે ? તે યાદ કર. સહન થાય ત્યાં સુધી માણસ શાંતિ રાખે છે, પણ સહન નજ થાય ત્યારે તો બીજાં ક્ષુદ્રજંતુ કીટ તથા પિપીલિકાદિ પણ બનતો ઉપાય કરે છે. ત્યારે અર્જુન દ્રૌપદી સંબંધી ક્લેશને કેમ સહન કરી શકે ? માટે હું તો જાણું છું કે, ધૃતરાષ્ટ્રના પુત્રોના ક્ષય વાસ્તેજ અર્જુન ઉત્પન્ન થયો છે. તું ફોકટ પંડિત થઇને બોલવા ઇચ્છે છે, પણ વૈરને ટાળનાર અર્જુન, આપણામાંથી કંઇપણ શેષ પછવાડે રહેવા દેશે નહીં. કુંતીપુત્ર અર્જુન, દેવ, ગંધર્વ, અસુર, તથા રાક્ષસ. એઓમાંથી કોઇની સાથે પણ ભયથી યુદ્ધ ન કરે એમ નથી. તેમ સંગ્રામમાં ક્રોધથી જેની ઉપર એ આવે, તેને ગરૂડ જેમ વૃક્ષને વેગથી નાશ પમાડે, તેમ નાશ પમાડીને જાય, માટે હે કર્ણ ! પરાક્રમ વિષે પણ તારાથી અધિક, ધનુષ વિદ્યામાં ઇંદ્ર સમાન તથા યુદ્ધમાં શ્રીકૃષ્ણ સરખા અર્જુનની કોણ પ્રશંસા ન કરે ? દેવ સાથે દેવયોગ્ય પરાક્રમથી, તથા મનુષ્ય સાથે મનુષ્ય સરખા પરાક્રમથી, જે યુદ્ધ કરે, અને શત્રુના અસ્ત્રને અસ્ત્રથી નાશ પમાડે, એવો અર્જુન સરખો બીજો કોણ પુરૂષ છે ? વળી શિષ્યને પુત્રથી ઉતરતો જાણવો એમ ધર્મજ્ઞ પુરૂષો કહે છે, એ નિમિત્તથી પણ દ્રોણને અર્જુન પ્રિય હોવોજ જોઇએ. જે રીતે તમે દ્યૂત રમ્યા, ઇંદ્રપ્રસ્થનું હરણ કર્યું, અને જેમ દ્રૌપદીને સભામાં લઇ આવ્યા હતા, તેમજ ઉત્સાહ પૂર્વક અર્જુન સાથે યુદ્ધ પણ કરો, અને આ બુદ્ધિમાન, ક્ષત્રિયના ધર્મમાં નિપુણ તથા પાસાની રમત કરનાર ગાંધાર દેશનો રાજા તમારો મામો શકુનિ પણ અહિં હવે યુદ્ધ કરે. પણ ગાંડીવ ધનુષ કંઇ તમારા કૃત, દ્વાપર નામ ઠરાવેલા જય દેનાર પાસા નહીં ફેંકે. તે તો તિક્ષ્ણ તથા ઉજ્વળ બાણોને ફેંકશે. જે ગાંડીવમાંથી નિકળેલાં, ગૃધ્ર પક્ષિનાં પિંછાવાળાં, સારી રીતે પાણી પાયેલાં તથા પર્વતોને પણ વિદારણ કરનારાં બાણો અંતરમાં પ્રવેશ કર્યા વગર રહેશે નહીં. કાળ, પવન, મૃત્યુ તથા વડવાનળ અગ્નિ ક્રોધ કરે તો ક્યારે કંઇ અવશેષ રાખે; પણ કોપેલો અર્જુન તો કંઇપણ અવશેષ રહેવા દેશે નહીં. માટે જેમ તમે મામા શકુનિ સહિત સભામાં જુગાર રમતા હતા તેમ સંગ્રામમાં પણ તે શકુનિ જેનો રક્ષણ કરનાર છે એવા તમે યુદ્ધ કરો; અને બીજા યોદ્ધાઓ પણ ઇચ્છા પ્રમાણે યુદ્ધ કરો; પણ હું તો અર્જુન સાથે યુદ્ધ નહીં કરૂં. અમારે તો મત્સ્ય-

રાજા સાથે, જો તે ગાયોના સ્થાનક પ્રત્યે આવે તો યુદ્ધ કરવું છે.

युध्यतां कामतो योद्धा नाहं योत्स्ये धनंजयं
मत्स्यो ह्यस्माभिरायोध्यो यद्यागच्छेद्गवांपदं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि द्रौणिवाक्यंनाम गुर्जरभाषाया पंचाशत्तमोऽध्यायः ॥ ५० ॥

અધ્યાય ૫૧ મો. ભીષ્મે સંપ જાળવાવ્યો.

भीष्म उवाच—साधु पश्यति वै द्रौणिः कृपः साध्वनुपश्यति
कर्णस्तु क्षत्रधर्मेण केवलं योद्धुमिच्छति ॥

ભીષ્મ કહે છે—અશ્વત્થામા ઠીક કહેછે, કૃપાચાર્ય પણ સારૂં કહે છે, અને કર્ણ પણ ક્ષત્રિયના ધર્મથી કેવળ યુદ્ધ કરવાને ઇચ્છે છે, પણ વિવેકી પુરૂષોએ આચાર્યનું અપમાન કરવું નહીં, તેમ યુદ્ધ પણ દેશકાળનો વિચાર કરીનેજ કરવું, એમ મારી મતિમાં આવે છે. જે દુર્યોધનના પ્રહાર કરનાર તથા સૂર્ય સરખા પાંચ પાંડવો શત્રુ છે તેમના ઉદય વખતે પંડિત સરખો કેમ મોહ ન પામે ? કારણ સર્વ વિદ્વજ્જનો પણ સ્વાર્થ વખતે મોહને પ્રાપ્ત થાય છે. માટે હે રાજન ! તમને રૂચે તો હું વાકય કહૂં તે સાંભળો. કર્ણ જે તને આચાર્યની નિંદારૂપ વાકય કહ્યાં, તે તેને તેજ ઉત્પન્ન કરવા સારૂ કહ્યાં છે. દૂષવા નહી, માટે આચાર્ય પુત્ર અશ્વત્થામા હાલ ક્ષમા કરો. કારણ હાલ મોટું કામ સમીપ આવ્યું છે. આ વખત વિરોધ કરવાનો નથી, કારણ કુંતીનો પુત્ર અર્જુન સમીપ આવ્યો છે. માટે દ્રોણાચાર્ય, કૃપાચાર્ય તથા તમે સર્વ હાલ ક્ષમા કરો. અને હે દ્રોણ ! જેમ સૂર્યના વિષે રહેલી પ્રભા તથા ચંદ્રને વિષે વસનારી શોભા રહીજ છે, તેમ તમારે વિષે રહેલી અસ્ત્ર વિદ્યા પણ કોઇ રીતે ન્યૂન થાય એમ નથી. તમારે વિષે બ્રાહ્મણ્ય તથા બ્રહ્માસ્ત્ર બેઉ રહ્યા છે માટે ચાર વેદ અને ક્ષત્રિયપણું એ બેઉ સહિત દ્રોણાચાર્ય વગર કોઇ પુરૂષ વિષે અમે સાંભળ્યા પણ નથી. હે રાજા ! વેદાંત, પુરાણ તથા પ્રાચીન ઇતિહાસ વિષે પણ, પરશુરામ વગર બીજો કોઇ દ્રોણથી અધિક નથી. આ વખત ભેદ કરવાનો નથી, માટે આચાર્ય પુત્ર અશ્વત્થામા ક્ષમા કરો. કારણ સૈન્યને નાશ કરનાર ભેદ સમાન બીજો કોઇ દોષ નથી. એમ બુદ્ધમાન પુરૂષોએ કહ્યું છે. માટે હાલ તો આપણે સર્વ એકઠા મળીને આવેલા અર્જુનની સાથે યુદ્ધ કરીએ. તે સાંભળી અશ્વત્થામાએ કહ્યું કે, હે પુરૂષમાં શ્રેષ્ઠ ! અમારૂં તે ન્યાયરૂપ વચન તમારે નિંદવું નહીં. કારણ દુર્યોધનનાં દ્યૂતાદિક કર્મ જોઇ દુષ્ટ થયેલા ગુરૂએ અર્જુનના ગુણની પ્રશંસા કરી. કેમકે શત્રુના પણ ગુણ ગ્રહણ કરવા, ને ગુરૂના દોષ હોય તે કહેવા; અને સર્વ યત્નથી પુત્ર તથા શિષ્યને તેમનું હિત હોય તે બતાવવું એમ કહ્યું છે. તે સાંભળી દુર્યોધને કહ્યું કે, કર્ણનું કહેલું આચાર્ય ક્ષમા કરો, ને જેમ શાંતિ થાય તેમ કરો. જો આચાર્ય ભેદ નહીં પામે તો અર્જુનનાં વખાણ તેમણે ક્રોધથી કર્યાં એમ હું જાણીશ. વૈશંપાયન કહે છે-હે જનમેજય ! એ રીતે ભીષ્મ, મહાત્મા કૃપાચાર્ય તથા કર્ણ સહિત દુર્યોધને દ્રોણાચાર્યને ક્ષમા કરાવી પ્રસન્ન કર્યા. ત્યારે દ્રોણાચાર્ય કહેવા લાગ્યા કે, પ્રથમ શંતનુના પુત્ર ભીષ્મે વાકય કહ્યું જે

" ભેદ ન કરવો અને ક્ષમા કરો, " તેથીજ હું તો પ્રસન્ન થયો છું. માટે હાલ જે પ્રમાણે કરવું હોય તે પ્રમાણે કરો અને સંગ્રામમાં સાહસથી અથવા મોહથી પણ, દુર્યોધનની પાસે અર્જુન ન આવી શકે, તે રીતે કરો. વર્ષ પૂરાં થયા વગર અર્જુન દેખાય નહીં. વાસ્તે ગાયો નહીં મળે ત્યાં સુધી એ ક્ષમા નહીં કરે. માટે ધારાષ્ટ્રના પુત્રોને તે પ્રાપ્ત ન થાય અને જે રીતે સેના પરાજય ન પામે, તે રીતે કરો. પણ હે ગંગાના પુત્ર ભીષ્મ ! પ્રથમ દુર્યોધને જે તમોને " પાંડવોનો અજ્ઞાત વાસ પૂર્ણ થયો કે નથી, " એ રીતે વાક્ય કહ્યું તેને યાદ કરી વિચાર પૂર્વક તેનું પ્રતિ વાક્ય યથાર્થ કહેવા લાયક છે.

उक्तं दुर्योधनेनापि पुरस्ताद्वाक्यमीदृशं
तदनुस्मृत्य गांगेय यथावद्वक्तुमर्हसि ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि द्रोणवाक्ये गुर्जरभाषायामेकपंचाशत्तमोऽध्यायः ॥ ५१ ॥

અધ્યાય પર મો. ભીષ્મે કરેલી વ્યૂહ રચના.

भीष्म उवाच—कला काष्ठाश्च युज्यंते मुहूर्ताश्च दिनानि च
अर्द्धमासाश्च मासाश्च नक्षत्राणि ग्रहास्तथा ॥

ભીષ્મ કહે છે—કળા, કાષ્ઠા, મુહૂર્ત, દિવસ, પક્ષ માસ, નક્ષત્ર, ગ્રહ, ઋતુ તથા સંવત્સર એઓની યોજનાથી થયેલા કાળના વિભાગે કરી કાળચક્ર પ્રવર્તમાન થાય છે, પ્રતિપદથી આરંભીને અમાવાસ્યા પર્યંત ચંદ્રમાની વૃદ્ધિ તથા ક્ષયથી જે ચોવીસ પખવાડિયાંનું વર્ષ ગણાય છે, તે ત્રણસો ચોપન દિવસના ચાંદ્ર સંવત્સર કહેવાય છે. ત્રણસો ને સાઠ દિવસનો સાવન સંવત્સર કહેવાય છે. અને મર્યાદા સંક્રાંતિ ઉપર ગણેલો ત્રણસો પાંસઠ દિવસ પંદર ઘડી, એકત્રીસ પળ તથા ત્રીસ વિપળનો સૌર સંવત્સર કહેવાય છે. તેમાં ગ્રહોની મંદ શીઘ્ર ગતિ છે, માટે ચાંદ્ર સંવત્સરને વિકાયોથી પાંચ પાંચ વર્ષે બે બે માસ અધિક થાય છે. વાસ્તે ચાંદ્ર માસ પ્રમાણે એઓનાં તેર વર્ષોમાં પાંચ માસ તથા બાર દિવસ અધિક થયા. એ રીતે ચાંદ્રવર્ષ પ્રમાણે પ્રતિજ્ઞા કરેલા કાળથી કંઈક અધિક દિવસ થયા એમ મારી બુદ્ધિમાં આવે છે. માટે જે તેઓએ પ્રતિજ્ઞા કરી હતી, તે પ્રમાણે તેમણે કર્યું, કારણ એમ કર્યું ન હોય તો અર્જુન આવે નહીં. જેઓમાં રાજા યુધિષ્ઠિર છે, એવા ધર્મ અર્થને જાણનાર મહાત્મા પાંડવો ધર્મથી વિમુખ થાયજ નહીં. લોભ વિનાના, તથા બીજાઓથી દુઃખે કરી બને નહીં એવા કર્મ કરનાર પાંડવો. વખત આવ્યા વગર કેવળ રાજ્યને ઇચ્છે નહીં. કારણ તેમ ન હોય તો જુગટામાં હાર્યા તે વખતેજ પરાક્રમ કરવાને સમર્થ હતા, પણ ધર્મના પાશથી બંધાયેલા માટે તે ક્ષત્રિયના વ્રતથી ચલાયમાન ન થયા. જે મરણને સ્વીકારે પણ અસત્યતાને ક્યારે પણ સ્વિકારે નહીં, તે અર્જુનને જે ખોટો કહે તે પણ પરાજયને પામે. અને પોતાનો વખત આવે તો તો મનુષ્યમાં શ્રેષ્ઠ પાંડવો, પોતાને ગ્રહણ કરવા યોગ્ય ચીજ ઇંદ્રે રક્ષા કરેલી હોય તોપણ મૂકે નહીં એવા પરાક્રમી છે. તો પણ સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુન સાથે સંગ્રામમાં યુદ્ધ કરીએ. માટે

સત્પુરૂષોએ જે કલ્યાણરૂપ નીતિ કહી હોય તે કરો, અને તમારી સંપત્તિ શત્રુ પ્રત્યે માં જાઓ ! હે કૌરવ ! હે રાજેંદ્ર ! સંગ્રામમાં એકલો અર્જુનજ સિદ્ધિને પ્રાપ્ત થાય એમ હું ક્યારે પણ જાણતો નથી. પણ સંગ્રામ પ્રવૃત્તમાન થાય ત્યારે તો જીવવું મરવું તથા જય પરાજય જરૂર એકને થાય એમાં સંશય નહીં. હે રાજેંદ્ર ! યુદ્ધને ઉચિત તથા ધર્મયુક્ત જે કાર્ય હોય તે જલદીથી કરો, કારણ અર્જુન નજીક આવ્યો. તે સાંભળી દુર્યોધને કહ્યું કે હે પિતામહ ! પાંડવોને હું રાજ્ય નહીં આપું, માટે જે યુદ્ધમાં ઉપયોગી હોય તે જલદી તૈયાર કરો. તે સાંભળી ભીષ્મે કહ્યું કે, હે કુરૂનંદન ! આ વખતે મારી બુદ્ધિમાં જે આવે છે તે જો તને રૂચે તો સાંભળ. જરૂર જે શ્રેય હોય તે મારે કહેવું. જલદીથી સેનાનો ચોથો ભાગ લઇને તું શહેર પ્રત્યે જા, તથા બીજો ચોથો ભાગ ગાયોને લઇને જાઓ; અને અમે અર્ધ સૈન્યથી અર્જુન સાથે યુદ્ધ કરશું. હું, દ્રોણાચાર્ય, કર્ણ, અશ્વત્થામા, કૃપાચાર્ય એ બધા નિશ્ચય કરી આવેલા અર્જુન સાથે યુદ્ધ કરશું. વા ફરીથી મત્સ્ય રાજા આવશે વા ઇંદ્ર આવશે, તોપણ મર્યાદા જેમ સમુદ્રને વારે, તેમ હું તેમને વારીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે મહાત્મા ભીષ્મે વાક્ય કહ્યાં તે સર્વને રૂચ્યાં. અને તેજ રીતે જલદીથી દુર્યોધને સેનાના ચાર ભાગ કર્યા. પછી એક ભાગ સેના લઇ દુર્યોધન રવાના થયો, અને બીજો ભાગ ગાયનું ધણ લઇ ચાલતો થયો. ત્યારે મુખ્ય સૈનિકોને વ્યૂહ રચના કરવા વાસ્તે ભીષ્મ કહેવા લાગ્યા કે, હે દ્રોણાચાર્ય ! તમે સેનાના મધ્ય ભાગમાં રહો, અશ્વત્થામા ડાબી બાજુ રહો તથા બુદ્ધિમાન શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય દક્ષિણ બાજુની રક્ષા કરો. અને અગ્રભાગમાં કવચ પહેરેલો સૂતપુત્ર કર્ણ ઉભો રહે, તથા હું સર્વ સૈન્યની પાછળ રહી રક્ષા કરીશ.

> अग्रत: सूतपुत्रस्तु कर्णस्तिष्ठतु दंशित:
> अहं सर्वस्य सैन्यस्य पश्चात् स्थास्यामि पालयन् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि भीष्मसैन्यव्यूहे गुर्जरभाषायां द्विपंचाशत्तमोऽध्याय: ॥ ५२ ॥

અધ્યાય ૫૩ મો. અર્જુને ગાયો વાળી.

> वैशंपायन उवाच--तथा व्यूढेष्वनीकेषु कौरवेषु भारत
> उपायादर्जुनस्तूर्णं रथघोषेण नादयन् ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે કૌરવનું સૈન્ય વ્યૂહ રચનાથી ઉભું રહ્યું તેટલામાં રથનો શબ્દ કરતા અર્જુન જલદીથી પાસે આવ્યા. ત્યારે કૌરવોએ તેના ધ્વજનો અગ્ર ભાગ જોયો, રથનો શબ્દ સાંભળ્યો તથા સજ્જ કરેલા ધનુષનો પણ શબ્દ સાંભળ્યો. એ રીતે બધું જોઇ અને મોટા રથ પ્રત્યે બેસી આવેલા અર્જુનને પણ જોઇને, દ્રોણાચાર્ય આવી રીતે વચન કહેવા લાગ્યા કે, આ અર્જુનના ધ્વજનો અગ્રભાગ દૂરથી પ્રકાશે છે. આ શબ્દ એના રથનો છે. ધ્વજનો વાનર પોકારે છે, અને આ ઉત્તમ રથમાં રથિમાં શ્રેષ્ઠ અર્જુન બેઠેલા છે. જે વજ્ર સરખા શબ્દવાળા ગાંડીવને ખેંચે છે. આ બે બાણ મારા પગ પાસે આવી ઉભાં રહ્યાં, અને બે બાણ મારા કાનને સ્પર્શ કરીને ગયાં, એટલે કે

વનવાસ કરી અતિ માનુષ કર્મ કરીને અર્જુન મને પ્રણામ કરે છે, તથા કાનમાં પૂછે છે. બાંધવ જેને પ્રિય છે, બુદ્ધિમાન તથા અત્યંત શોભાથી પ્રકાશમાન પાંડુ રાજાના પુત્ર આ અર્જુનને અમે ઘણેક કાળે જોયો. રથમાં બેઠેલો, બાણુ જેણે ધારણ કર્યાં છે, સુંદર હાથમાં ચર્મનાં મોજાં જેણે પહેરી લીધાં છે, ધનુષ ધારણ કરનાર અને શંખ, પતાકા, કવચ તથા મુકુટ જેણે ધારણ કર્યાં છે, એવો ખડ્ગધારી અર્જુન, ઘીથી સિંચન કરેલો જ્વાલત અગ્નિ શુચશર્વાથી જેમ શોભે, તેમ શોભે છે. પછી અર્જુન પોતાના સારથિ ઉત્તર પ્રત્યે કહેવા લાગ્યા કે—હે સારથિ ! જે સ્થાનથી કૌરવોની સેના પ્રત્યે બાણુ પહોંચે તે સ્થાને ઘોડાને પકડી રાખ. જ્યાંથી કુરૂકુળમાં અધમ દુર્યોધન આ સૈન્યમાં ક્યાં છે ? તે હું જોઇ લઉં; કારણુ આ બધાનો અનાદર કરી અભિમાની દુર્યોધનને જોઇને, તેનાજ મસ્તક ઉપર પડું, એટલે એ બધા પરાજય પામેલાજ છે. જો ! આ દ્રોણુ ગુરૂ, તે પછી આ અશ્વત્થામા, ભીષ્મ, કૃપાચાર્ય અને કર્ણ, એ બધા મોટા ધનુષવાળા સામા આવેલા છે, એમાં દુર્યોધન રાજાને તો હું દેખતો નથી. માટે તે દક્ષિણુ માર્ગ પ્રત્યે જીવના બચાવ વાસ્તે ગાયોને લઇને જતો હશે, એમ મને શંકા થાય છે. વાસ્તે આ રથના સમુદાયને મૂકીને, જ્યાં દુર્યોધન હોય ત્યાં મારા રથને લઇ જા. હે વિરાટના પુત્ર ! ત્યાં હું યુદ્ધ કરીશ, કારણુ ગાયો વગર યુદ્ધ હોય નહીં; માટે તેને જીતી ગાયોને લઇ પાછો વળીશ. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે અર્જુને કહ્યું ત્યારે વિરાટના પુત્ર ઉત્તરે, યત્નથી ઘોડાને નિયમમાં રાખી કર્ણને ભીષ્માદિક તરફથી રાશ ખેંચી જ્યાં દુર્યોધન જતો હતો તે તરફ ચલાવ્યા. એ રીતે ભીષ્માદિને મૂકી અર્જુન દુર્યોધન તરફ ગયો. ત્યારે તેનો અભિપ્રાય જાણી કૃપાચાર્ય કહેવા લાગ્યા કે, આ અર્જુન દુર્યોધન વિના ઉભો રહેવાને ઇચ્છતો નથી, માટે ક્રોધ પામેલા અર્જુનની સામે ઇંદ્ર વા દેવકીના પુત્ર કૃષ્ણુ અથવા પુત્ર સહિત મહારથિ દ્રોણાચાર્ય વગર કોણુ બીજો એકલો યુદ્ધ કરે ? ગાયોને શું કરશું ? ઘણા ધનથી શું ? આ પાર્થરૂપી જળમાં નાવની પેઠે દુર્યોધન ડૂબી જાય છે. હવે તેટલામાં અર્જુને, ત્યાં જઈ પોતાનું નામ સંભળાવીને જલદી તે સેનાને, તીડથી જેમ આકાશ ઢંકાઇ જાય તેમ બાણુથી ઢાંકી દીધી. તે સમયે સર્વ યોદ્ધા, અર્જુનનાં મોકલેલાં પીંછવાળાં બાણુના સમૂહથી ઢંકાઇ ગયેલી પૃથ્વી તથા આકાશને જોવા લાગ્યા, અને યુદ્ધમાંથી બીજે ઠેકાણે જવાની મતિ ન કરીને અર્જુનની શીઘ્રતા મનથી વખાણુવા લાગ્યા. એટલામાં અર્જુને ઉત્તમ ધનુષનો ટંકાર કરીને શત્રુના શરીરને રોમાંચિત કરનાર શંખ વગાડ્યો, અને ધ્વજમાં ભૂતોને પ્રેરણા કરી. તે શંખના, રથના પાટાના, ગાંડીવના તથા અમાનુષ ધ્વજવાસી ભૂતોના શબ્દોથી પૃથ્વી કંપવા લાગી, અને પૂંછડાં ઉંચાં કરી હલાવતી ગાયો, "હંભાં" એવો શબ્દ કરતી ચોતરફથી દક્ષિણુ દિશા પ્રત્યે પાછી ભાગવા લાગી.

अमानुषाणां भूतानां तेषां च ध्वजवासिनां
ऊर्ध्वं पुच्छान्विधुन्वाना रेभमाणाःसमंततः ॥
गावःप्रतिन्यवर्तंत दिशमास्थाय दक्षिणां ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि गोनिवर्तने गुर्जरभाषायां त्रिपंचाशत्तमोऽध्यायः ॥ ५३ ॥

અધ્યાય ૫૪ મો. અર્જુન કૌરવોનું યુદ્ધ.

વૈશંપાયન ઉવાચ—સ શત્રુસેનાં તરસા પ્રણુદ્ય ગાસ્તા વિજિત્યાથ ધનુર્ધરાગ્ર્યઃ
દુર્યોધનાયાભિમુખં પ્રયાતો ભૂયોરણં સોભિચિકીર્ષમાણઃ ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે ધનુષ્ય ધારણ કરનારાઓમાં અગ્રણી અર્જુન, વેગથી શત્રુના સેનાને જીતી ગાયોને મોકલી, ફરીથી યુદ્ધ કરવાની ઇચ્છા કરીને દુર્યોધનની સામા આવ્યા. એ રીતે વેગથી ગાયો મત્સ્યદેશ પ્રત્યે ગઇ, ત્યારે અર્જુનને કૃતકાર્ય થયેલો માનીને, કૌરવોમાં શ્રેષ્ઠ તે બધા, દુર્યોધનની સન્મુખ જતા અર્જુનની સામા આવી જલદી ઉભા રહ્યા. ત્યારે વ્યૂહ રચનાથી ઉભેલા ઘણીક ધ્વજાવાળા તેઓની સેનાના જુદા જુદા ભાગ જોઇને, શત્રુઓને મારનાર અર્જુન, મત્સ્યના પુત્ર ઉત્તરને વિનયથી સમજાવીને કહેવા લાગ્યા કે, આ માર્ગે જલદીથી સુવર્ણમય છે રાશ તથા જોતર જેનાં, એવા શ્વેત ઘોડાને યત્ને કરી ચલાવ, જેથી દુર્યોધનના મુખ્ય યોદ્ધા પ્રત્યે હું પ્રાપ્ત થઉં. વળી સૂતપુત્ર દુરાત્મા કર્ણ, હસ્તિ સાથે હસ્તિ જેમ યુદ્ધ કરવા ઇચ્છે, તેમ મારી સાથે યુદ્ધ કરવાને ઇચ્છે છે. માટે હે રાજપુત્ર ! દુર્યોધનના આશ્રયથી થયો છે ગર્વ જેને, એવા કર્ણ પ્રત્યે મને લઇ જા ! તે સાંભળી વિરાટનો પુત્ર ઉત્તર, વાયુ સરખા વેગવાન, મ્હોટા તથા સુવર્ણમય છે પલાણના પાછલા વસ્ત્રનો છેડે જેનો, એવા ઘોડાથી શત્રુના સૈન્યને નાશ કરતો, અર્જુનને સેનાની વચમાં લઇ જવા લાગ્યો. તેટલામાં કર્ણના જીવતને ઇચ્છનાર મહારથિ ચિત્રસેન, સંગ્રામજીત, શત્રુસહ તથા જય, એ સર્વે સ્થૂળ દાંડીવાળા બાણો સહિત, અર્જુનની સામે આવ્યા. ત્યારે ધનુષરૂપી છે જ્વાળા જેની, તથા બાણોના વેગરૂપ છે તાપ જેનો, એવા સક્રોધ અને પુરૂષમા શ્રેષ્ઠ અર્જુન તેઓના રથના સમુદાયને, જેમ અગ્નિ વનને બાળે, તેમ બાળવા લાગ્યા એ રીતે ગર્જના સહિત યુદ્ધ પ્રવર્તમાન થયું, ત્યારે કૌરવોમા શ્રેષ્ઠ વિકર્ણ, રથમાંથી સ્થૂળ દાંડાવાળા બાણોના ભયંકર વર્ષાદ કરતે. અતિરથ અર્જુનની સામે આવ્યો. તેટલામાં અર્જુને દૃઢ પ્રત્યંચાવાળું તથા ઉત્તમ સુવર્ણથી શોભિતું વિકર્ણનું ધનુષ કાપી, તેના પ્રસિદ્ધ ધ્વજને મંથન કરી પાડી નાંખ્યો; એટલે તે વેગથી ભાગી ગયો. પછી શત્રુના ગણને બાધ કરનાર તથા અમાનુષ કર્મ કરનાર અર્જુનને સહન ન કરતો શત્રુનપ નામનો કૌરવોનો યોદ્ધો બાણના વરસાદથી તેને પીડવા લાગ્યો. તોપણ કૌરવની સેનાને વહેનાર અર્જુનને જલદીથી તે શત્રુજયને બાણથી વિંધીને, દશ બાણથી તેના સારથિને માર્યો એવી રીતે નરતકુળમાં શ્રેષ્ઠ અર્જુનના, કવચ ભેદી અંદર જનાર બાણથી વિંધાયલો તે રાજા સંગ્રામમાં પ્રાણ રહિત થઇને જેમ વાયુથી ભાગેલો વૃક્ષ પર્વત ઉપરથી નીચે પડે, તેમ રથમાંથી પૃથ્વી ઉપર પડ્યો, તે સમય મનુષ્યમાં શ્રેષ્ઠ તથા અત્યંત શૂરવીર અર્જુને માર્યો, એવા કૌરવના સૈનિકો વાયુથી મ્હોટાં વન કંપાયમાન થાય, તેમ કંપવા લાગ્યા. વળી અર્જુને સંગ્રામમાં પરાજય તથા નાશ પમાડેલા, સુંદર છે વેષ જેનો, ઘણુંક ધન આપનારા, ઇંદ્ર સરખા પરાક્રમી, સુવર્ણ તથા લોહનાં કવચ પહેરેલા, હિમાલય પર્વતના મોટા હાથી સરખા તથા મનુષ્યમા શ્રેષ્ઠ કૌરવના સૈનિકો પ્રાણ રહિત થઇ રણભૂમિમાં સુઇ ગયા. એ રીતે યુદ્ધમાં અત્યંત શૂરવીર ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુન, સંગ્રામમાં શત્રુને મારતા ચોતરફ દિશાઓમાં જેમ ગ્રીષ્મ ઋતુમાં વનને દાહ કરતો અગ્નિ ફરે, તેમ ફરવા લાગ્યા. પછી વસંત ઋતુમાં જેમ પવન, વૃક્ષ ઉપરથી પાડેલાં પાંદડાંઓને તથા વાદળાઓને ચોતરફ ઉડાડે

તેમ અતિરથ અર્જુન રથથી ચોતરફ પડેલા શત્રુને ઉડાડતા સંગ્રામમાં ફરતા હતા. તે પછી ઘણા બળવાન મહાબાહુ અર્જુને, લાલ ઘોડા જેના રથમાં જોડેલા હતા એવા તથા કર્ણના ભાઇ સંગ્રામજીતના ઘોડાઓને મારીને, એક બાણથી તેનું મસ્તક કાપી નાંખ્યું. એ રીતે અર્જુને પોતાના ભાઇને મરણ પમાડયો, ત્યારે સૂતના પુત્ર કર્ણે પરાક્રમને ગ્રહણ કરતાં, દાંત આગળ કરી જેમ મ્હોટો હસ્તિ હસ્તિ પ્રત્યે તથા જેમ શીંગડાં આગળ રાખી બળદ વ્યાઘ્ર પ્રત્યે દોડે, તેમ અર્જુન સામે દોડી જલદીથી બાર બાણ તેની ઉપર નાંખી તેના ઘોડાનાં શરીર વિંધ્યાં; અને વિરાટના પુત્ર ઉત્તરના હાથમાં બાણ માર્યું. મહાત્મા અર્જુન, આવતા કર્ણ પ્રત્યે વેગથી પાસે આવીને, વિચિત્ર પ્રકારની પાંખવાળો ગરૂડ જેમ વેગથી સર્પની ઉપર પડે, તેમ તેની ઉપર પડ્યા. પછી ધનુષ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ, મહા બળવાન તથા સર્વ શત્રુનો સંહાર કરનાર તે બેઉ જણનું યુદ્ધ જોઇ, યુદ્ધથી વિરામ પામી સર્વ કૌરવો યુદ્ધ જોવા ઉભા રહ્યા. તેટલામા ક્રોધાવિષ્ટ થયેલા અર્જુને, કર્યો છે અપરાધ જેણે, એવા કર્ણને જોઇને, હર્ષથી ક્ષણ માત્રમાં, ઘોડા, રથ તથા સારથિ સહિત તેને ભયંકર બાણના વર્ષાદથી ઢાંકી દીધો. પછી રથ, ઘોડા તથા હસ્તિ સહિત સારી રીતે વિંધાયલા, શિથિલ થયા છે રથ જેના તથા ભીષ્મ છે પ્રમુખ જેમાં, એવા કૌરવની સેનાના યોદ્ધા પણ અર્જુનના બાણથી ઢંકાઇ ગયા, અને શબ્દ કરવા લાગ્યા. શૂરવીર મહાત્મા કર્ણ, અર્જુનના હાથથી મૂકાયલાં બાણોને બાણના સમૂહથી જલદી હણીને, ધનુષ બાણ સહિત તણખાવાળા અગ્નિની પેઠે સામે ઉભો રહ્યો, તે વખતે કર્યો છે પ્રત્યંચાના તલનો શબ્દ જેણે એવા કર્ણના વખાણ કરતા કૌરવોની તાળીનો શબ્દ, શંખ ઢોલ તથા પણવ નામના વાજીત્ર સાથે થવા લાગ્યો. પછી ઉંચા કરેલાં મ્હોટાં પૂંછડારૂપી છે મ્હોટા છેડા જેનો, એવા ધ્વજની ઉપર અડી રહેલા લાકડીના બે ભાગને વિષે વ્યગ્ર અને ભયંકર ભૂતાદિક છે સમીપ જેને, તથા ગાંડીવના શબ્દ સાથે કર્યો છે શબ્દ જેણે એવા અર્જુનને જોઇને, કર્ણ ગર્જના કરવા લાગ્યો. ત્યારે અર્જુન, ઘોડા, સારથિ તથા રથો સહિત કર્ણને બાણથી પીડી ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યને જોઇ, ફરીથી તેમની ઉપર બાણનો વર્ષાદ કરવા લાગ્યો, એટલે કર્ણ પણ ઘણાંક બાણથી અર્જુન પ્રત્યે મેઘની પેઠે વર્ષવા લાગ્યો, તેમજ ફરી અર્જુને પણ કર્ણને તીક્ષ્ણ બાણોથી ઢાંકી દીધો. એ પ્રમાણે મ્હોટાં બાણ તથા શસ્ત્રના ઓઘથી છે નાશ જેમાં એવા સંગ્રામને વિષે, અત્યંત તીક્ષ્ણ બાણના ઓઘને નાંખતા, તથા રથમાં બેઠેલા તે બે જણને લોકોએ મેઘની વચમાં પાસે રહેલા સૂર્ય ચંદ્રમાની પેઠે જોયા. એટલામાં જલદીથી બાણ ફેંકનાર કર્ણે, અસહનતાથી તીક્ષ્ણ બાણે કરી અર્જુનના ચાર ઘોડાને વિંધ્યા, અને ત્રણ ત્રણ બાણથી તેના સારથિ તથા ધ્વજને વિંધ્યા. એ રીતે સંગ્રામને મર્દન કરનાર અર્જુનને કર્ણે વિંધ્યો ત્યારે સારી રીતે સુતેલો સિંહ જેમ ઉઠે, તેમ જાગૃત થઇ કૌરવોમાં શ્રેષ્ઠ ગાંડીવ ધનુષ ધારણ કરનાર અર્જુન સરળ બાણ નાખતાં કર્ણની સામે ગયા અને બાણ તથા અસ્ત્રની વૃષ્ટિથી હણાયલા એવા મહાત્મા અર્જુન મનુષ્યથી ન બને એવાં કર્મ કરવા લાગ્યા. જેમ પોતાનાં કિરણોના સમુદાયથી આ લોકને સૂર્ય આચ્છાદાન કરે છે, તેમ તેમણે બાણના સમુદાયથી કર્ણનો રથ આચ્છાદન કરી દીધો, અને હાથી જેમ હાથીને મારે, તેમ તીક્ષ્ણ અગ્રભાગવાળા ભલ્લ બાણને ગ્રહણ કરી, કાન પર્યંત ધનુષ ખેંચીને, સૂતના પુત્ર કર્ણનું શરીર વિંધ્યું. વળી શત્રુને મર્દન કરનાર અર્જુને

સંગ્રામમાં ગાંડીવ ધનુષમાંથી નીકળેલા વજ્ર સરખા તીક્ષ્ણ બાણોથી, કર્ણના હાથ, સાથળ મસ્તક, લલાટ તથા ગ્રીવા ઈત્યાદિ શ્રેષ્ઠ અંગો ભેદ્યાં ત્યારે હાથી જેમ હાથીને કંપાવે, તેમ બાણથી અર્જુને કંપાવેલો કર્ણ, અર્જુનના બાણથી સંતપ્ત થઈને, સંગ્રામના મોહને મૂકી પાછળ જતો રહ્યો.

स पार्थमुक्तैरिषुभिः प्रणुन्नो गजो गजेनेव जितस्तरस्वी
विहाय संग्रामशिरःप्रयातो वैकर्तनः पांडवबाणतप्तः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरगोग्रहणे कर्णापयाने गुर्जरभाषायां चतुःपंचाशत्तमोऽध्यायः ॥ ५४ ॥

અધ્યાય ૫૫ મો. અર્જુન અને કૃપનું યુદ્ધ.

वैशंपायन उवाच—अपयाते तु राधेये दुर्योधनपुरोगमाः
अनीकेन यथास्वेन [illegible]तपांडवं ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે રાધાનો પુત્ર કર્ણ ભાગી ગયો, ત્યારે દુર્યોધન છે મુખ્ય જેમાં એવા કૌરવો પોતાના સૈન્ય સહિત ધીરેથી અર્જુન પ્રત્યે આવ્યા. તે વ્યૂહ રચના કરી બહુધા પ્રકારથી આવતા કૌરવના સૈન્યના વેગના, જેમ સમુદ્રના વેગને મર્યાદા વારી રાખે તેમ અર્જુને બાણથી વારી રાખ્યો. પછી ધોળા ઘોડાવાળા કુંતીના પુત્ર અર્જુને હાસ્ય કરી દિવ્ય અસ્ત્ર સજ્જ કરી સામા આવીને કિરણોથી સૂર્ય જેમ પૃથ્વીને આચ્છાદાન કરે, તેમ ગાંડીવમાંથી નીકળેલાં બાણોએ કરી દશે દિશાઓને આચ્છાદન કરી દીધી. તીક્ષ્ણ બાણોથી રથ, ઘોડા, હાથી તથા જબરાં કવચો એવી રીતે વિંધ્યાં કે, તેમાં બે આંગુલનો પણ ખાલી પ્રદેશ રહ્યો નહીં. એ રીતે દિવ્ય અસ્ત્રના યોગથી, અશ્વશિક્ષામાં ઉત્તરની ચાતુરીથી તથા ક્રમથી અસ્ત્ર નાખવામાં અર્જુનના પરાક્રમને જોઈને શત્રુઓ પણ તેના વેગને વખાણવા લાગ્યા. તે સમયે કાળાગ્નિ સરખા ભયંકર તથા પ્રજાને બાળતા હોય નહીં જાણે એવા પ્રજ્વલિત અગ્નિ સરખા અર્જુનને જોવાને પણ શત્રુઓ સમર્થ થતા નહીં હે જનમેજય! પર્વતની સમીપ સૂર્યનાં કિરણોથી વ્યાપ્ત થયેલાં વાદળાં જેમ શોભે, તેમ અર્જુનનાં બાણોથી વ્યાપ્ત કૌરવોનાં સૈન્યો શોભતાં ને ઘણા ફુલથી ઢંકાયલા આસોપાલવના વનની પેઠે રળિયામણાં લાગતાં હતાં. વળી ચંપાની માળામાંથી ખરી ગયેલું સુકું પુષ્પ જેમ વાયુના આશ્રયથી આકાશમાં રહે, તેમ શત્રુનાં છત્ર તથા પતાકા પણ અવિચ્છિન્ન ચાલતા અર્જુનના બાણોથી આકાશમાં રહેતાં હતાં. અર્જુને ભાગી નાખ્યો છે ધોસરિનો વચલો ભાગ જેનો એવા કૌરવના રથના ઘોડા ભાગેલા ભાગ સહિત ત્રાસ પામેલી પોતાની સેનાથી ભયભીત થઈને, દશે દિશામાં દોડતા હતા. તે વખતે કૌરવની સેનામાં આગળ ચાલનારા હસ્તિયોને પણ કર્ણ, દાંત, ઓઠ તથા કાખ ઇત્યાદિક મર્મસ્થાનમાં બાણ મારી અર્જુન સંગ્રામમાં પાડતા હતા, તેથી વાદળાંઓથી જેમ આકાશ વિંટાઈ જાય, તેમ તેઓનાં શરીરથી ક્ષણ માત્રમાં પૃથ્વી વિંટાઈ ગઈ. વળી પ્રલય સમયે તીક્ષ્ણ શિખાવાળો અગ્નિ જેમ સ્થાવર જંગમાત્મક સમગ્ર જગતને બાળી નાખે, તેમ હે મહારાજ! અર્જુન સંગ્રામમાં શત્રુઓને બાળતા હતા. વળી શત્રુને મર્દન કરનાર

અર્જુન, સર્વ અસ્ત્રના તેજે કરી, અને ધ્વજામાં રહેલા અમાનુષ ભૂતોના, વાનરના, ધનુષના તથા શંખના શબ્દથી દુર્યોધનના સૈન્ય વિષે ભય ઉત્પન્ન કરતા હતા. હે જનમેજય ! જો કે શત્રુઓના શરીરની શક્તિ તો અર્જુનને જોતાંજ હણી થઇ હતી, તોપણ છુટકો નહી વાસ્તે સાહસથી અર્જુન તેઓ સાથે યુદ્ધ કરતા હતા. વળી અર્જુને, અત્યંત તીક્ષ્ણ જેના અગ્રભાગ છે. રૂધિરને પીનાર તથા ગાંડીવમાંથી નીકળેલા બાણના સમુદાયથી આકાશને પક્ષિયોની પેઠે વિંટી લીધું. પછી પાત્રમાં સૂર્યનાં કિરણો જેમ સંકોચથી રહે તેમ તે અસંખ્ય બાણો દિશાઓમાં સંકોચથી રહેતાં હતાં. વળી પાસે આવેલા અર્જુનના રથને શત્રુઓ એકજવાર જોઇ શકતા, બીજી વાર જોઇ શકતા નહીં. કારણ તેટલામાં તો અર્જુન ઘોડા સહિત તેમને રથમાંથી પરલોકમાં મોકલતો હતો. હે જનમેજય ! જેમ અર્જુનના બાણ શત્રુઓના શરીરમાં અટકયા વગર શરીરને ભેદી બહાર નીકળી જતા હતા, તેમ તેના રથો પણ શત્રુના સૈન્યમાં અટકયા વગર ચાલ્યો જતો હતો. એ રીતે જાણે ઘણીક ફણાવાળો શેષનાગ મહા સમુદ્રમાં ક્રિડા કરતો હોયની તેની પેઠે, શત્રુના સૈન્યને મહેનત વગર અર્જુન ક્ષોભ પમાડતો હતો. એ પ્રમાણે બાણને ફેંકતા અર્જુનના ધનુષનો, સર્વના શબ્દને અતિક્રમણ કરનાર તથા પૂર્વે નહીં સાભળેલો મ્હોટો શબ્દ લોકો સાંભળતા હતા. રણભૂમિમાં થોડે થોડે અંતરે બાણથી વિંધાયલા તથા વિસ્તારમાં પડેલા હસ્તિયો સૂર્યના કિરણોથી વિંટાયલા મેઘ સરખા લાગતા હતા, અને સર્વ દિશાઓમાં ફરતા અને ડાબી જમણી બાજુ બાણને ફેંકતા અર્જુનના ધનુષનું મંડળ દેખાતું હતું, જેમ ચક્ષુ, રૂપ વિનાના પદાર્થમાં કયારે પડે નહીં, તેમ અર્જુનના બાણ પણ લક્ષ્ય વગર બીજે પડતા ન હતા. અને જેમ હજાર હાથી એકજ વખતે વનમાં જતા હોય ને તેનો જેમ માર્ગ થતો હોય તેમ અર્જુને મારેલા એવા તે શત્રુ “ જરૂર અર્જુનના જયને ઇચ્છનારા ઇંદ્ર દેવતાઓ સહિત આપણને મારે છે ! ” અથવા શું “ આ અર્જુનરૂપે પ્રજાનો સંહાર કરનાર કાળ છે ” એમ ધારતા હતા. રણક્ષેત્રમાં બીજાથી નાશ ન પામે એવા અર્જુને નાશ પમાડેલ કૌરવના સૈનિકોનાં શરીરો વિખરાઇ ગયાં હતાં. એ રીતે અનુક્રમથી ધાન્યના દંડાની પેઠે શત્રુઓનાં મસ્તકો તથા અર્જુનના ભયથી કૌરવોનાં પરાક્રમ પણ નાશ પામ્યાં. એ પ્રમાણે અર્જુનરૂપિ વાયુએ ભેદેલાં શત્રુનાં શરીરરૂપી વનોએ, રૂધિરની ધારાથી રણસંગ્રામની પૃથ્વીને અત્યંત રાતી કરી. પવનથી ઉડતી લોહીથી લાલ થયેલી રજે કરી સૂર્યના કિરણો પણ અત્યંત લાલ થઇ ગયાં. તેમજ સૂર્ય સહિત આકાશ પણ ક્ષણમાત્રમાં સંધ્યા વખત સરખું લાલ થઇ ગયું. અસ્ત થયા પછી સૂર્ય પણ નિવૃત્ત થાય છે, પણ અર્જુન નિવૃત્ત થયા નહીં. પણ સંગ્રામમાં શૂરવીર તથા જાણવામાં ન આવે એવા હૃદયવાળા અર્જુન, દિવ્ય અસ્ત્ર સજ્જ કરી પરાક્રમી તથા ધનુષ્યબાણ ધારણ કરનાર સર્વે કૌરવો પ્રત્યે ફરીથી ગયા અને ક્ષુરપ્ર નામના તોતેર બાણ દ્રોણાચાર્ય ઉપર નાંખ્યા, તથા દુઃશાસન ઉપર બાર શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય ઉપર ત્રણ, શંતનુના પુત્ર ભીષ્મ ઉપર આઠ તથા દુર્યોધન ઉપર સો બાણ નાંખ્યાં, અને કર્ણિ નામના બાણથી કર્ણના કાનનો પ્રાંત ભાગ વિંધ્યો એ રીતે સર્વ અસ્ત્રને જાણનાર તથા મ્હોટા ધનુષવાળા કર્ણને અર્જુને વિંધ્યો, તથા અશ્વ, સારથિ અને રથ પણ હણ્યો, ત્યારે સૈન્યમાં ભંગાણ પડયું તે જોઇ સંગ્રામમાં ઉભેલા અર્જુન પ્રત્યે તેનો અભિપ્રાય જાણીને વિરાટનો પુત્ર ઉત્તર કહેવા લાગ્યો કે, હે અર્જુન ! રથમાં

બેઠેલા તમે મને આજ્ઞા કરો કે સૈન્યમાં કયે સ્થાનકે જવાને આપ ઇચ્છો છો ? એટલે તમારો સારથિ હું તે સ્થાનકે રથને લઇ જાઉં. તે સાંભળી અર્જુને કહ્યું કે, ઉત્તર ! તું લાલ ઘોડા વાળા, શુભ તથા વ્યાઘ્રના ચમથી વિંટાયલા જેને જૂવે છે, લીલી પતાકાવાળા રથમાં બેઠેલા કૃપાચાર્યના મુખ્ય સૈન્ય પ્રત્યે મને લઇ જા; એટલે દૃઢ ધનુષવાળા કૃપાચાર્યને મારૂં પરાક્રમ દેખાડું ! જો આ સુવર્ણના સુંદર કમંડળનું ચિન્હ તેની ધ્વજામાં છે, એવા સર્વ ધનુષ ધારણ કરનારાએ.માં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય ! જે હંમેશાં મારે માન્ય છે, તેમ સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓને પણ માન્ય છે. એ અત્યંત પ્રસન્ન તથા મહા શૂરવીર આચાર્યને પ્રદક્ષિણા કર, અને પ્રથમ એમને માન આપ; પછી યુદ્ધ કરવા સજ્જ થા, એમ કરવું એ સનાતન ધર્મ છે. જો પ્રથમ દ્રોણાચાર્ય મારા શરીરમાં પ્રહાર કરશે, તો પછી હું પણ એમને પ્રહાર કરીશ, જેથી એમને ક્રોધ નહીં થાય. વળી એમની પાસેજ જેના ધ્વજના અગ્ર ભાગ વિષે ધનુષનું ચિન્હ દેખાય છે, તે એનો પુત્ર મહારથિ અશ્વત્થામા છે તે પણ ગુરૂનો પુત્ર હોવાથી મારે હંમેશ માન્ય છે, બીજા શસ્ત્ર ધારણ કરનારાઓને પણ માન્ય છે માટે એના રથને પામી વારંવાર પાછો હઠજે. આ રથીના સૈન્યમાં જે સુવર્ણનું કવચ પહેરેલું થાકયા વગરના સેનાના ત્રીજા ભાગ સહિત ઉભેલો છે, તથા જેની ધ્વજાના અગ્રભાગ વિષે સુવર્ણના ચિન્હવાળો હસ્તિ છે, તે ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન રાજા છે. હે વીર ! તે યુદ્ધમાં દુર્મદ, વિરોધી તથા દ્રોણના શિષ્યોમાં શીઘ્રાસ્ત્ર જાણવામાં પ્રથમ ગણાય છે માટે પારકા રથને નાશ કરનાર મારા રથને એની સન્મુખ લઇ જા, એટલે સંગ્રામમાં ઘણુંક શીઘ્રાસ્ત્રપણું એને દેખાડું ! વળી જેના ધ્વજના અગ્ર ભાગમાં હાસ્તિની સાંકળનું ચિન્હ છે, એ આ સૂર્યનો પુત્ર કર્ણ જે પૂર્વે તેં જોયેલો છે. એ દુરાત્મા રાધાના પુત્ર કર્ણના એના રથ પાસે સંગ્રામ વિષે તું સાવધાન રહેજે; કારણ એ હંમેશ મારી સાથે સ્પર્ધા કરે છે. વળી આ પાંચ સુવર્ણના ચિન્હવાળા લીલી પતાકાયુકત રથમાં જે મ્હોટા ધનુષવાળા હાથમાં મોજા પહેરી પરાક્રમથી બેઠા છે, જેના ઉત્તમ રથ વિષે તારા તથા સૂર્યના ચિન્હવાળો વિચિત્ર પ્રકારનો ધ્વજ છે, જેના મસ્તક ઉપર નિર્મળ શ્વેત છત્ર છે, જે મેઘની આગળ સૂર્યની પેઠે નાના પ્રકારના ધ્વજ અને પતાકાવાળા મ્હોટા રથના સમુદાયની આગળ ઉભેલો છે, અને જેનું સુવર્ણનું સૂર્યચંદ્ર સરખું કવચ દેખાય છે તથા મારા મનને તપાવતી હોય નહીં જાણે એવી જેની સુવર્ણની ટોપી છે, એવા શંતનુના પુત્ર ભીષ્મ અમારા સર્વના પિતામહ છે. પણ દુર્યોધનને વશ તથા રાજલક્ષ્મીથી વૃદ્ધ પામેલા છે, એમની પાસે પછી જવું, હાલ એ મને વિઘ્ન નહીં કરે. પણ એમની સાથે જ્યારે હું યુદ્ધ કરૂં ત્યારે સાવધાન થઇ ઘોડાને પકડી રાખજે. હે જનમેજય ! પછી વ્યગ્ર નહીં થયેલો વિરાટનો પુત્ર ઉત્તર, જ્યાં અર્જુન પ્રત્યે યુદ્ધ કરવા ઇચ્છતા કૃપાચાર્ય હતા તે સ્થાનકે રથને લઇ ગયો.

ततोऽभ्यवहदव्यग्रो वैराटिः सव्यसाचिनं
यत्रातिष्ठत्कृपो राजन्योत्स्यमानो धनंजयं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि अर्जुनकृपसंग्रामे गुर्जर-भाषायां पंचपंचाशत्तमोऽध्यायः ॥ ५५ ॥

અધ્યાય ૫૬ મો. યુદ્ધ જોતા દેવતાઓ.

વૈશંપાયન उवाच—तान्यनीकान्यदृश्यंत कुरूणामुग्रधन्विनां
संसर्पंते यथा मेघा घर्मांते मंदमारुता: ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! ઉગ્ર ધનુષ્યવાળા કૌરવોનાં સૈન્યો, વર્ષા ઋતુમાં મંદ વાયુથી ચાલતા મેઘના પેઠે દેખાતાં હતાં, તેમાં પ્રહાર કરનાર યોદ્ધા જેના ઉપર બેઠા હતા એવા ઘોડા અને મ્હોટા માવતલોક જેની ઉપર બેઠેલા હતા એવા વિચિત્ર પ્રકારનાં કવચોથી ઉજ્વળ, ભયંકર રૂપવાળા તથા ગુરંજ અને અંકુશથી પ્રેરેલા હસ્તિયો પાસે પાસે ઉભા હતા. હે જનમેજય! વિશ્વદેવ, અશ્વિનિકુમાર તથા સાયુ ઇત્યાદિ દેવગણોએ સહિત, ઇંદ્ર વિમાનમાં બેશી શત્રુનો સમાગમ જોવા સારૂ આવ્યા હતા. દેવમંડળ વાદળાં વગરનું ગ્રહમંડળ શોભે તેમ શોભતું હતું વળી ત્યાં અર્જુન તથા કૃપાચાર્યના સમાગમ વિષે, મનુષ્યોમાં યોજેલા દિવ્ય અસ્ત્રનું બળ તથા તે બેકેનું મ્હોટું યુદ્ધ જોવા સારૂ, બીજા પણ સર્વે દેવતા પોતપોતાનાં જૂદાં જૂદાં વિમાનોમાં બેશીને આવ્યા હતા, તે સમયે સુવર્ણના કરોડ થાંભલા અને એક મ્હોટા રત્ન તથા મણિથી જડેલો સ્તંભ છે જેમાં એવા ધરવાળું ઇચ્છા પ્રમાણે ચાલનાર દિવ્ય, સર્વ રત્નથી શોભિતું તથા આકાશમાં રહેનારૂં ઇંદ્રનું વિમાન શોભતું હતું. તેમાં આઠ વસુ, અગિયાર રૂદ્ર, બાર સૂર્ય, પ્રજાપતિ તથા વષટ્કાર, એ તેત્રિશ દેવતા પણ ઇંદ્ર સાથે બેઠેલા હતા. વળી ગંધર્વ, રાક્ષસ, સર્પ, મહર્ષિ સહિત પિતૃદેવતા તથા વસુમના, બલાક્ષ, સુપ્રતર્દન, અષ્ટક, શિબિ, યયાતિ, નહુષ, ગય, મનુ, પુરૂ, રઘુ, ભાનુ, કૃશાશ્વ, સગર તથા નળ, એ સર્વ રૂડી કર્તિવાળા રાજા પણ ઇંદ્રના વિમાનમાં દેખાતા હતા. અગ્નિ, મહાદેવ, ચંદ્ર વરૂણ, પ્રજાપતિ, ધાતા, વિધાતા, કુબેર તથા યમન અને આલંબુશ ઉગ્રસેન તથા તુંબરૂ ઇત્યાદિ ગંધર્વનાં વિમાનો પણ શોભતાં હતાં. એ રીતે સર્વ દેવતાના સમૂહ, સિદ્ધ તથા મહર્ષિયો પણ અર્જુન અને કૌરવોનું યુદ્ધ જોવા સારૂ આવ્યા હતા. હે જનમેજય! તે વખતે ચોતરફથી સર્વ દેવતાઓએ પહેરેલી માળાનો પવિત્ર સુગંધ, વસંતના આરંભમાં જેમ વનમાં પ્રસરે, તેમ પ્રસરતો હતો. વિમાનમાં બેઠેલા દેવતાના રત્ન, છત્ર, વસ્ત્ર, માળા તથા વીંજણા સારી રીતે દેખાતાં હતાં. પૃથ્વીની ઉડતી રજ પણ શાંત થઇ, દેવતાઓનાં ભૂષણાદિકનાં કિરણોથી સર્વ વ્યાપ્ત થઇ ગયું, અને દેવોના સંપર્કથી યોદ્ધા પ્રત્યે સુગંધી વાયુ આવવા લાગ્યો. વળી આકાશ પણ ત્યાં નાના પ્રકારના રત્નથી શોભાયમાન આવતાં તથા ઉભેલાં વિચિત્ર પ્રકારનાં વિમાનોથી અનેક તરેહથી શણગારેલું હોય નહીં જાણે એવું લાગતું હતું. વિમાનમાં બેઠેલા દેવતાઓથી વિંટાયલા ઇંદ્ર પણ શોભતા હતા. એ રીતે અનેક તરેહનાં કમળોની માળા જેણે પહેરી છે એવા મ્હોટા તેજવાળા ઇંદ્ર અર્જુનનું ઘણાક સાથે મ્હોટું યુદ્ધ જોતાં પણ તૃપ્ત થતા ન હતા.

बिभ्रन्मालां महातेजा: पद्मोत्पलसमायुतां
विप्रेक्ष्यमाणो बहुभिर्नातृप्यत्सुमहाहवं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि देवागमने गुर्जरभाषायां षट्पंचाशत्तमोऽध्याय: ॥ ५६ ॥

અધ્યાય ૫૭ મો. કૃપાચાર્ય ને અર્જુન વચ્ચે યુદ્ધ.

वैशंपायन उवाच—दृष्ट्वाव्यूढानीकानि कुरूणां कुरुनंदनः
तत्र वैराटिमामंत्र्य पार्थो वचनमब्रवीत् ॥

વૈશંપાયન કહે છે—હે કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા વીર ! વ્યૂહ રચનાથી ઉભેલાં કૌરવોનાં સૈન્ય જોઇને અર્જુન વિરાટના પુત્ર ઉત્તરને વિનયપૂર્વક સમજાવી કહેવા લાગ્યા કે, સુવર્ણ સરખી વેદીનું ચિન્હ જેના ધ્વજ વિષે દેખાય છે, તેની દક્ષિણ બાજુ તું ચલાવ, કારણ ત્યાં શરદ્વાનનો પુત્ર કૃપાચાર્ય છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એવાં અર્જુનનાં વચન સાંભળીને ઘોડા હાંકવામાં ચતુર, નિર્ભય તથા બળવાન વિરાટનો પુત્ર ઉત્તર, જલદીથી સુવર્ણના અલંકાર જેણે પહેર્યા છે એવા, ચંદ્ર સરખા શ્વેત અને કોપેલા ઘોડાને તેના કહેવા પ્રમાણે હાંકવા લાગ્યો. કૌરવોની સેના પાસે જઇ, વાયુ સરખા વેગવાળા ઘોડાને પાછા વાળી રથને ડાબા તથા જમણા મંડળ પ્રત્યે ફેરવીને કૌરવોને મોહ પમાડી કૃપના રથ પાસે જઇ તેને પ્રદક્ષિણા કરી તેની આગળ ઉભો રહ્યો. અર્જુને પોતાનું નામ સંભળાવી, મ્હોટા શબ્દવાળો પોતાનો દેવદત્ત નામનો ઉત્તમ શંખ જોરથી વગાડ્યો તેથી પર્વતને ચીરવાથી જેવો શબ્દ થાય તેવો શબ્દ થયો. કૌરવો પણ સૈનિકો સહિત તેના શંખનાં વખાણ કરવા લાગ્યા કે, અર્જુને એવી રીતે શંખ વગાડ્યો કે તેના સો કડકા થઇને પડ્યા ! ને તેના શબ્દનો આકાશમાંથી પ્રતિધ્વનિ થયો. ઇંદ્ર પર્વત ઉપર વજ્ર નાંખે તેના શબ્દ સરખો સંભળાયો ! તેટલામાં બળ તથા પરાક્રમવાળા શૂરવીર અર્જુન પ્રત્યે ક્રોધથી તપેલા રથિઓમાં શ્રેષ્ઠ, અત્યંત દુર્જય, પરાક્રમી, યુદ્ધને ઇચ્છના તથા તે શબ્દને સહન ન કરી શકતા મહારથી શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય શંખ હાથમાં લઇ વેગથી વગાડવા લાગ્યા, તે શંખના શબ્દથી ત્રણ લોકને વિંટી મ્હોટું ધનુષ હાથમાં લઇ પ્રત્યંચાનો શબ્દ કર્યો. સૂર્ય સરખા તેજસ્વી, યુદ્ધ કરવાને ઇચ્છતા તથા મહાબળવાન રથમાં બેઠેલા તે બેઉ જણા, શરદ ઋતુના મેઘની પેઠે શોભતા હતા. પછી શરદ્વાનના પુત્ર કૃપાચાર્યે, જલદી ચાલનારા તથા મર્મસ્થાન ભેદનારા તીક્ષ્ણ દશ બાણોથી પારકા સૈન્યને હણનાર અર્જુનને વિંધ્યો. ત્યારે અર્જુને પણ, લોકમાં વિખ્યાત પરમ આયુધ ગાંડીવને ખેંચી મર્મસ્થાન ભેદનાર લોખંડના ઘણાક બાણ તેની ઉપર ફેંકયા. તે રૂધિરને પીનાર લોખંડના બાણ નજીક ન્હોતા આવ્યા, તેટલામાંજ કૃપાચાર્યે પોતાના તીક્ષ્ણ બાણ સામા નાંખી, તેના હજારો કડકા કરી નાંખ્યા. પછી અત્યંત કોપાયમાન થયેલા, મહારથિ સમર્થ અર્જુન વિચિત્ર પ્રકારની બાણ નાખવાની રીત દેખાડતા તથા બાણોથી દશ દિશાને આચ્છાદન કરતા આકાશને ચોતરફથી જાણે એક છાયાવાળું હોય નહીં એવું કરવા લાગ્યા. સેંકડો બાણોથી કૃપાચાર્યને પણ આચ્છાદન કરી લીધા. અગ્નિની શિખાની જેને ઉપમા અપાય, એવા તેના તીક્ષ્ણ બાણોથી પીડાયલા કૃપાચાર્ય ક્રોધાવિષ્ટ થઇ જલદીથી, જેના પરાક્રમની બીજાને ઉપમા અપાય નહીં એવા મહાત્મા અર્જુનને, દશ હજાર બાણથી પીડિત કરી સંગ્રામમાં શબ્દ કરવા લાગ્યા. એટલે શૂરવીર અર્જુને જલદીથી સુવર્ણના છે પર્વના અગ્રભાગ જેમાં, અત્યંત નમેલા અગ્રભાગવાળા ક્રોધી સર્પ સરખા તથા ગાંડીવથી મૂકાયલા ચાર બાણોથી તેના ચાર ઘોડાને વિંધ્યા. તે ઘોડા ઊંચે કૂદ્યા તેથી કરીને કૃપાચાર્ય સ્થાનક ઉપરથી પડી ગયા. શત્રુને

મારનાર અર્જુને, સ્થાનકથી પડી ગએલા કૃપાચાર્યને જોઇ, તેમને વડીલ માનીને વિંધ્યા નહીં. પછી ફરીથી પોતાને સ્થાનકે બેશી કૃપાચાર્યે તરત કંકના પીછવાળા દશ બાણે કરી અર્જુનને વિંધ્યો. કુંતીપુત્ર અર્જુને તીક્ષ્ણ એવા ભલ્લ બાણથી તેમનું ધનુષ કાપી નાખ્યું. ફરી બીજા એક બાણથી તેના મોજા કાપી નાંખ્યા, અને મર્મસ્થાન ભેદનાર તીક્ષ્ણ બાણોથી તેનું કવચ પણ ભેદ્યું, પણ તેના શરીરમાં પીડા કરી નહીં. તે સમયે કવચથી મૂકાયલું તેનું શરીર વખતસર કાંચળી મૂકેલા સર્પનું શરીર જેવું શોભે તેવું શોભતું હતું. એ રીતે અર્જુને પોતાનું ધનુષ ભાગ્યું ત્યારે કૃપાચાર્ય બીજું ધનુષ લઇ તેની પણછ સજ્જ કરવા લાગ્યા, જે આશ્ચર્ય સરખું લાગતું હતું. પણ તે બીજું ધનુષ પણ અર્જુને, નમેલા છે અગ્રભાગ જેના એવા બાણથી કાપી નાંખ્યું. એ પ્રમાણે અર્જુને હાથ ચાલાકીથી કૃપાચાર્યના ઘણાક ધનુષો કાપી નાંખ્યા ત્યારે પ્રતાપવાન કૃપાચાર્યે, પ્રદીપ્ત વજ્ર સરખી શક્તિ ગ્રહણ કરીને, પાંડુના પુત્ર અર્જુન પ્રત્યે નાખી. તે મ્હોટા ઉંબાડીયાં સરખી તથા સુવર્ણથી શોભતી સામે આવતી શક્તિને, બુદ્ધિમાન અર્જુને આકાશમાં દશ બાણ નાંખીને કાપી નાંખી. જેથી તે દશ કડકા થઇ પૃથ્વી ઉપર પડી. ત્યારે સજ્જ કર્યું છે ધનુષ જેણે એવા કૃપાચાર્યે, એકજ વખતે જલદીથી લોખંડના તીક્ષ્ણ બાણે કરી અર્જુનને ભેદ્યો. એટલે મ્હોટા તેજવાળા ક્રોધાવિષ્ટ અર્જુને, પાટ ઉપર તીક્ષ્ણ કરેલા અગ્નિ સરખા તેજવાળા તેર બાણ ફેંકયા. તે એવી રીતે કે, એક બાણ રથના યુપ ઉપર, ચાર બાણ ચાર ઘોડા ઉપર, એક બાણ સારથિ ઉપર, ત્રણ બાણ રથના ત્રણ દંડ ઉપર બે બાણ રથના બે અક્ષ ઉપર, ને બારમો ભલ્લ બાણ ધ્વજ ઉપર ફેંકયો. અને તેરમા વજ્ર સરખા બાણે કરી, હસતા હોય નહીં તેની પેઠે ઇંદ્ર સરખા અર્જુને, કૃપાચાર્યનું વક્ષ:સ્થળ વિંધ્યું, ત્યારે કપાઇ ગયેલું છે ધનુષ જેનું અને હણાયા છે અશ્વ તથા સારથિ જેના એવા કૃપાચાર્યે રથમાંથી નીચે કૂદી હાથમાં ગદા લઇ અર્જુન ઉપર ફેંકી. સામે આવતી ગદા વચમાંથીજ અર્જુને બાણથી ભાગી એટલે આડે રસ્તે ચાલી ગઇ. ત્યારે તે ક્રોધી કૃપાચાર્યના જીવિતને ઇચ્છનાર બીજા યોદ્ધાઓ, સંગ્રામમાં ચોતરફથી અર્જુન ઉપર બાણોનો વર્ષાદ કરવા લાગ્યા. એટલે વિરાટના પુત્ર ઉત્તરે, પ્રદક્ષિણા કર્યા વગર શત્રુનો રોધ થાય તે રીતે રથને ફેરવીને, યોદ્ધાઓને વારી રાખ્યા. પછી પુરૂષમાં શ્રેષ્ઠ મ્હોટા વેગવાળા કૌરવો કુંતીના પુત્ર અર્જુનથી વિરથ થયેલા કૃપાચાર્યને ઉપાડી લઇ ગયા.

ततः कृपमुपादाय विरथं ते नरर्षभाः
अपजह्रुर्महावेगाः कुंतिपुत्राद्धनंजयात् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि कृपापयाने गुर्जरभाषायां सप्तपंचाशत्तमोऽध्यायः ॥ ५७ ॥

અધ્યાય ૫૮ મો. દ્રોણગુરૂ ને અર્જુનનું યુદ્ધ.

वैशंपायन उवाच—कृपापनीते द्रोणस्तु प्रगृह्य सशरं धनुः
अभ्यद्रवदनाधृष्यः शोणाश्वः श्वेतवाहनं ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! એ રીતે કૃપાચાર્યને લઇ આવ્યા, ત્યારે ક્રોધથી

સહન ન થાય તથા લાલ જેના ઘોડા છે એવા દ્રોણાચાર્ય, બાણ સહિત ધનુષ ગ્રહણ કરીને, અર્જુનની સામા આવવા લગ્યા. સુવર્ણથી શોભતા રથવાળા પોતાની સામે આવતા ગુરૂને જોઇને, જય કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુન, ઉત્તર પ્રત્યે આવી રીતે વાક્ય કહેવા લાગ્યા કે, હે સારથિ! જેના ધ્વજના શ્રેષ્ઠ દાંડામાં પતકાથી શોભાયમાન સુવર્ણની વેદિ શોભે છે. એવા દ્રોણાચાર્યના સૈન્ય પ્રત્યે મને લઇ જા, તારૂં કલ્યાણ થાઓ! હે ઉત્તર! જેના ઉત્તમ રથ વિષે મ્હોટા, વેગવાળા, સુંદર વિદ્રુમમણિ, સરખા, તામ્ર સરખા મુખવાળા, પ્રિય દર્શનવાળા તથા તેજવાળા, તથા રૂપે કરી સંપન્ન, સર્વ લોકમાં વિખ્યાત, શુક્રાચાર્ય જેવા બુદ્ધિમાન, ન્યાયમાં બૃહસ્પતિ સરખા, ચાર વેદ ભણેલા, બ્રહ્મચર્યવાન અને ઉપસંહાર સહિત સર્વ દિવ્ય અસ્ત્ર, સમગ્ર ધનુર્વેદ, તથા ક્ષમા, દમ, સત્ય, અક્રૂરપણું, કોમળતા, અને બીજા પણ ઘણાક ગુણો જેને વિષે નિરંતર રહ્યા છે, એવા મ્હોટા ભાગ્યવાળા પ્રતાપવાન દ્રોણાચાર્ય સાથે સંગ્રામમાં હું યુદ્ધ કરવા ઇચ્છું છું. હે ઉત્તર! જલદીથી તે આચાર્ય પાસે મને લઇ જા. વૈશંપાન કહે છે—હે જનમેજય! એ રીતે અર્જુને કહ્યું ત્યારે વિરાટનો પુત્ર ઉત્તર સુવર્ણના ભૂષણથી શોભિતા ઘોડાને દ્રોણાચાર્યના રથ સામે હાંકવા લાગ્યો. રથિયોમાં શ્રેષ્ઠ વેગથી આવતા અર્જુન પ્રત્યે, મદોન્મત્ત હસ્તિ પ્રત્યે મદોન્મત્ત હસ્તિ જાય તેમ દ્રોણાચાર્ય સામા આવવા લાગ્યા, અને સો ઢોલના શબ્દ સરખા શબ્દવાળા શંખને વગાડ્યો. તોફાન થયેલા સમુદ્રની પેઠે બધું સૈન્ય ક્ષોભને પ્રાપ્ત થયું, પછી તે લાલ ઘોડા સાથે મળી ગયેલા જોઇને, મનુષ્યો આશ્ચર્ય પામવા લાગ્યા. અને સંગ્રામના મુખ વિષે, અસ્ત્રવિદ્યા સંપાદન કરેલા શૂરવીર તથા કોઇથી પરાજય પામેલા નહીં એવા બળવાન દ્રોણાચાર્ય તથા અર્જુન, રથમાં બેઠેલાજ પરસ્પર મળ્યા, તેને જોઇ કૌરવોનું સૈન્ય વારંવાર કંપવા લાગ્યું. પછી શત્રુને હણનાર, પરાક્રમી, મહાબાહુ તથા મહારથિ કુંતીપુત્ર અર્જુન, જાણે અત્યંત હાસ્ય કરતો હોયની તેની પેઠે હર્ષ યુક્ત થઇ, રથથી દ્રોણના રથ પ્રત્યે જઇ તેમને પ્રણામ કરી, મનોહર વાણિથી સામ પૂર્વક આવી રીતે વચન કહેવા લાગ્યો કે, શત્રુને અપકાર કરવાને ઇચ્છતા અમે વનમાં રહ્યા, માટે હે સંગ્રામમાં દુર્જય, અમારી ઉપર આપ કોપ કરવા લાયક નથી. હે નિષ્પાપ! મારે વિષે પ્રથમ આપ પ્રહાર કરશો, તે પછી હું આપને પ્રહાર કરીશ, એવી મારી મતિ છે. માટે તે રીતે તમે કરવાને લાયક છો. તે સાંભળી દ્રોણાચાર્ય અર્જુન પ્રત્યે વાશથી અધિક બાણો નાખ્યા. તે હજી પાસે ન્હોતા આવ્યા તેટલામાં અર્જુને હસ્તલાઘવીથી કાપી નાખ્યા. પોતાનું શીઘ્રાસ્ત્રપણું દેખાડતાં પરાક્રમી દ્રોણાચાર્યે, અર્જુનને કોપાવતા હોયની તેમ હજાર બાણોથી તેના રથને વિંટી લીધો; અને પથ્થર ઉપર તીક્ષ્ણ કરેલાં કંક પક્ષીના પીંછાવાળાં બાણોથી તેના રૌપ્ય સરખા શ્વેત ઘોડાને ફેંકતા દ્રોણાચાર્ય તથા અર્જુનનું યુદ્ધ પ્રવર્ત્તમાન થયું. તે સમયે વિખ્યાત છે કર્મ જેનાં, વેગમાં વાયુ સરખા, દિવ્ય અસ્ત્ર જાણનારા, ઉત્તમ તેજવાળા તથા બાણના સમૂહને પરસ્પર ફેંકતા તે બેઉ જણા રાજાઓને મોહ કરતા હતા. જે જે યોદ્ધાઓ ત્યાં આવેલા હતા તેઓ પણ, પરસ્પર જલદીથી બાણ ફેંકતા તે બેઉને, આશ્ચર્યથી "સાધુ સાધુ" કહીને આવી રીતે વખાણતા હતા કે, સંગ્રામમાં દ્રોણ સાથે અર્જુન વિના બીજો કોણ યુદ્ધ કરવા લાયક છે! જે આ ભયંકર ક્ષત્રિયના ધર્મને પાળનાર ગુરૂ સાથે યુદ્ધ કરે છે! એ રીતે સંગ્રામના મુખ વિષે ઉભેલા મનુષ્યો કહેતા હતા. કોઇથી પરાજય પામેલા

નહીં શૂરવીર કવચ પહેરી સાવધાન થયેલા તથા મ્હોટા હાથવાળા સમીપે ઉભેલા તે બેઉ જણા, પરસ્પર બાણના સમુદાયથી એક બીજાને આચ્છાદાન કરતા હતા. તેટલામાં મહાબાહુ તથા મહારથિ કોપેલા દ્રોણાચાર્ય, સોનાના પૃષ્ટ ભાગવાળા તથા દુ:ખથી ધારણ થાય નહીં એવા અત્યંત મ્હોટા ધનુષ્યને ખેંચીને પથ્થર ઉપર તીક્ષ્ણ કરેલી પ્રકાશમાન બાણમય જાળથી, અર્જુનના રથ પ્રત્યે સૂર્યની કાંતિને આચ્છાદન કરી મેઘ જેમ વૃષ્ટિથી પર્વતને ઢાંકે તેમ મહા વેગવાન તીક્ષ્ણ બાણોથી અર્જુનને ઢાંકવા લાગ્યા. વેગવાન અર્જુને પણ પ્રસન્ન થઇ, ભારને સહન કરનાર ઉત્તમ તથા શત્રુને મારનાર દિવ્ય ગાંડીવ ધનુષને લઇ સુવર્ણથી શોભિતાં વિચિત્ર પ્રકારનાં ઘણાંક બાણ નાંખ્યાં, એટલે ગાંડીવમાંથી નિકળેલાં તે બાણોથી દ્રોણાચાર્યે કરેલી બાણની વૃષ્ટિ નાશ પામી, જે આશ્ચર્ય સરખું થયું. પછી રથમાં બેસી ફરતા જોવા લાયક અર્જુને એકજ વખતે સર્વ દિશાઓમાં ચોતરફ અસ્ત્રો નાંખ્યાં, અને એવી રીતે જલદીથી બાણ મૂકયાં કે આકાશ જાણે એકજ છાયાવાળું હોયની એવું થઇ ગયું, ત્યારે દ્રોણાચાર્ય ઝાકળથી ઢંકાઇ ગયેલાની પેઠે દેખાતા ન હતા. તે વખતે ચોતરફથી બાણોએ કરી વિંટાઇ ગયેલા દ્રોણનું રૂપ ચોતરફથી સળગતા પર્વતના સરખું લાગતું હતું. પછી સંગ્રામમાં શોભાયમાન દ્રોણાચાર્ય, અર્જુનના બાણથી વિંટાઇ ગયેલા પોતાના રથને જોઇને, મેઘની ગર્જના જેવા શબ્દવાળા, અગ્નિના ચક્રની ઉપમા જેને અપાય એવા, ભયંકર પરમાયુધ દ્રોણે ધનુષને ખેંચી અર્જુનના બાણને નાશ પમાડયા. જેથી બળતા વાંસોના સરખો મ્હોટો શબ્દ થયો. એ રીતે જેના સુવર્ણના પૃષ્ઠ ભાગ છે એવાં તથા વિચિત્ર પ્રકારના ધનુષમાંથી નિકળેલાં બાણોથી, મહા બળવાન દ્રોણાચાર્યે દિશા તથા સૂર્યની કાંતિ આચ્છાદન કરી દીધી. તે સમયે આકાશમાં સુવર્ણના પૃષ્ટ ભાગ તથા નમેલા અગ્રભાગવાળા બાણના ઘણાક સમુદાયો ફરતા દેખાતા હતા. ગુરુ દ્રોણના ધનુષમાંથી નીકળતાં એક બીજાના પૃષ્ટ ભાગમાં લાગેલાં બાણ, જાણે લાંબું મળેલું એકજ બાણ હોયની તેમ આકાશમાં દેખાતાં હતાં. એ રીતે સુવર્ણથી શોભિતાં મોટાં બાણોને મૂકતા શૂરવીર તે બેઉ જણા, આકાશને જાણે ઊંબાડિયાંથી વિંટાયું હોયની તેમ બાણોથી વિંટતા હતા. તે બેઉના ગૃધ્ર પક્ષિનાં પીંછવાળાં બાણ, શરદઋતુને વિષે આકાશમાં ફરતા હંસોની પંક્તિયોની પેઠે શોભતાં હતાં. એ પ્રમાણે મહાત્મા દ્રોણ તથા અર્જુનનું મ્હોટું યુદ્ધ એક સરખું ભયંકર થતું હતું. દાંત આગળ કરી પાસે આવી બે હાથિયો જેમ પરસ્પર એક બીજાને મારે, તેમ સારી રીતે ધનુષ ખેંચી મૂકેલાં બાણથી તે બેઉ પરસ્પર મારતા હતા. વળી યુદ્ધમાં સાવધાન, શોભિતા તથા ધર્મયુદ્ધ કરતા તે બેઉજણા, ક્રમથી પરસ્પર દિવ્ય અસ્ત્રો નાંખતા હતા. પછી આચાર્યમાં મુખ્ય દ્રોણાચાર્યે મોકલેલાં તથા પાષાણ ઉપર તીક્ષ્ણ કરેલાં બાણોને, જય કરનારમાં શ્રેષ્ઠ પરાક્રમી અર્જુને પોતાનાં તીક્ષ્ણ બાણથી વાર્યાં; અને જોનારાઓને પોતાનું અસ્ત્રપણું દેખાડતાં જલદીથી ઘણાંક બાણોએ કરી આકાશને વિંટી લીધું. ત્યારે મારવાને ઇચ્છતા, મનુષ્યમાં સિંહરૂપ તથા તીક્ષ્ણ તેજવાળા અર્જુન પ્રત્યે, આચાર્યમાં મુખ્ય તથા શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય, નમેલા છે અગ્રભાગ જેના એવાં બાણોને નાંખતાં તેની સાથે ક્રીડા કરવા લાગ્યા. તે એમ કે મ્હોટા સંગ્રામમાં દિવ્ય અસ્ત્રનો વર્ષાદ કરનાર અર્જુનના અસ્ત્રોને અસ્ત્રથી વારી તેને યુદ્ધ કરાવતા હતા. તે સમયે મનુષ્યમાં સિંહરૂપ તે બેઉ જણાનો પરસ્પર સંપ્રહાર દેવ દૈત્યના સંપ્રહાર સરખો થતો હતો. ઇંદ્ર, વાયુ વા

અગ્નિનું જે અસ્ત્ર દ્રોણાચાર્ય મૂકતા તે અસ્ત્રને અસ્ત્રથી અર્જુન વારંવાર ખેંચી લેતા હતા. એ રીતે શૂરવીર, મ્હોટાં ધનુષવાળા તથા તીક્ષ્ણ બાણોને પરસ્પર મૂકતા તે બેઉ જણા, બાણના વર્ષાદથી આકાશને એકજ છાયાવાળું કરતા હતા. તે સંગ્રામમાં અર્જુને મૂકેલાં પ્રાણિઓનાં શરીરોને વિષે પડતાં બાણોનો, પર્વતોને વિષે પડતા વજ્રોના જેવો શબ્દ સંભળાતો હતો. હે જનમેજય! ત્યાં રૂધિરથી ખરડાયલા હસ્તિ, રથ, ઘોડા, પુષ્પવાળા ખાખરાનાં વૃક્ષો સરખા દેખાતા હતા. અર્જુનના બાણથી પડેલા બાજુબંધ સહિત હાથ, વિચિત્ર પ્રકારના મ્હોટા રથ અને તરેહવાર કવચ તથા ધ્વજાઓથી તેમજ પડેલા યોદ્ધાઓથી બધું સૈન્ય ભયભીત થઇ ગયું હતું. વળી ભાર સહન કરનાર ધનુષને ખેંચતા તે બેઉ જણા બાણોથી એક બીજાને આચ્છાદન કરતા ને મારતા હતા. હે જનમેજય! એ પ્રમાણે દ્રોણાચાર્ય તથા અર્જુનનું બલિરાજા અને ઇંદ્રના સરખું મ્હોટું ભયંકર યુદ્ધ થતું હતું. તેમાં તે બેઉ, નમેલા છે અગ્રભાગ જેના એવાં તથા કર્ણ પર્યંત ધનુષ ખેંચીને મૂકેલાં બાણોથી પ્રાણનો જુગાર રમતા હતા. તે વખતે અંતરિક્ષમાં દ્રોણાચાર્યની પ્રશંસા કરતા દેવતાઓનો આવો શબ્દ થયો કે, "દ્રોણાચાર્યે કોઇથી ન બને એવું કર્મ કર્યું! કેમકે શત્રુને મંથન કરનાર, દૃઢ મુષ્ટિવાળા, કોઇથી સહન થાય નહીં એવા, દેવો તથા દૈત્યોને જીતનાર, મહારથિ તથા પરાક્રમી અર્જુનને યુદ્ધ કરાવ્યું." હવે સંગ્રામમાં અર્જુનનું વિભ્રમરહિતપણું, શિક્ષા, લાઘવ તથા દૂર પાડવાપણું જોઇ, દ્રોણાચાર્યને પણ વિસ્મય થયો. હે જનમેજય! વળી ક્રોધી અર્જુને દિવ્ય ગાંડીવ ધનુષને ઉપાડી સંગ્રામમાં બે હાથથી ખેંચ્યું, જેથી નીકળેલાં તીડ જંતુના સરખાં બાણના વર્ષાદને જોઇ, બધા યોદ્ધા વિસ્મય થઇ "સાધુ સાધુ" એ રીતે બોલવા લાગ્યા. તે સમયે નિરંતર ધનુષને સાંધી બાણને ફેંકતા અર્જુનના બાણની વચમાં વાયુ પણ જવાને સમર્થ થતો નહીં! એ રીતે અત્યંત દારૂણ શીઘ્રાસ્ત્રનું યુદ્ધ થતું હતું, ત્યારે અર્જુન બાણને કયારે ગ્રહણ કરે છે, તે કોઇના જોવામાં આવતું નહોતું. વળી અર્જુને અત્યંત જલદીથી એકજ વખતે લક્ષ બાણ દ્રોણના રથ ઉપર મૂક્યાં, જેથી તે ઢંકાઇ ગયા. ત્યારે હે જનમેજય! કૌરવના સૈન્યમાં મ્હોટો હાહાકાર થવા લાગ્યો. તે વખતે અર્જુનના શીઘ્રાસ્ત્રપણાને ઇંદ્ર, ગંધર્વ, અપ્સરા તથા બાકી પણ જે ત્યાં આવ્યા હતા, તે બધા વખાણવા લાગ્યા. તેટલામાં યૂથને પાળનાર આચાર્યનો પુત્ર અશ્વત્થામા, મ્હોટા રથના વૃંદે સહિત જલદીથી અર્જુનને વારવા લાગ્યો. પરંતુ તે પણ મહાત્મા અર્જુનનું કર્મ મનથી વખણાતો હતો; પણ ઉપરથી અત્યંત ક્રોધ કરી સંગ્રામમાં વૃષ્ટિમાન મેઘની પેઠે હજારો બાણનો વર્ષાદ કરતો અર્જુનની સામે દોડ્યો. ત્યારે અર્જુને જ્યાં મહાબાહુ અશ્વત્થામા આવ્યા તે તરફ ઘોડાને વાળી દ્રોણાચાર્યને જવાનો અવકાશ આપ્યો. તેટલામાં કપાઇ ગયાં છે કવચ તથા ધ્વજા જેનાં અને ઉત્કૃષ્ટ બાણોથી હણાયલા દ્રોણાચાર્ય, અવકાશ પામી જલદીથી વેગવાન ઘોડાથી જવા લાગ્યા.

स तु लब्ध्वांतरं तूर्णमपायाज्जवनैर्हयैः
छिन्नवर्मध्वजः शूरो निकृत्तः परमेषुभिः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि द्रोणापयाने गुर्जरभाषायामष्टपंचाशत्तमोऽध्यायः ॥ ५८ ॥

અધ્યાય ૫૯ મો. અર્જુન ને અશ્વત્થામા.

वैशंपायन उवाच—ततो द्रौणिर्महाराज प्रययावर्जुनं रणे
तं पार्थं प्रतिजग्राह वायुवेगमिवोद्धतं ॥
शरजालेन महता वर्षमाणमिवांबुदं

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે અશ્વત્થામા સંગ્રામમાં અર્જુન પ્રત્યે આવ્યા, ત્યારે મેઘની પેઠે બાણના સમુદાયથી વર્ષતા તથા વાયુના વેગ સરખા ઉદ્ધત અશ્વત્થામાને અર્જુને વારી રાખ્યા. તે સમયે પરસ્પર બાણોના સમુદાયને ફેંકતા તે બેઉ જણાનો સંપ્રહાર, દેવ અને દૈત્ય તથા ઇંદ્ર અને વૃત્રાસુરના યુદ્ધ સરખો ભયંકર થવા લાગ્યો. ત્યાં બાણના સમુદાયથી વિંટાઇ ગયેલા આકાશમાં ચોતરફ છાયા થઇ ગઇ, તેથી સૂર્યનો પ્રકાશ દેખાતો ન હતો, તેમ વાયુ પણ વાતો નહીં. હે શત્રુના બળનો જય કરનાર જનમેજય ! એ રીતે પરસ્પર મારતા તે બે યોદ્ધાનો બળતા વાંસોના સરખો “ ચટચટ ” શબ્દ થતો હતો. હે રાજન ! પછી અર્જુને તેના સર્વ ઘોડાને શિથિલ કરી નાંખ્યા, જેથી તે મોહ પામેલા ઘોડા કોઇ પણ દિશાને જાણતા નહીં. ત્યારે મહા પરાક્રમી અશ્વત્થામાએ, સંગ્રામમાં ફરતા અર્જુનનું સૂક્ષ્મ છિદ્ર જોઇ, ક્ષુરપ્ર નામના બાણથી તેના ધનુષની પ્રત્યંચા કાપી નાંખી. એવું અતિ માનુષ કર્મ જોઇ સર્વ દેવતા, દ્રોણાચાર્ય, ભીષ્મ, કર્ણ તથા કૃપાચાર્ય, ઈત્યાદિ મહારથિયો પણ “ સાધુ સાધુ ” કહેતા તેના કર્મનાં વખાણ કરવા લાગ્યા. પછી અશ્વત્થામાએ ઉત્તમ ધનુષ ખેંચી ફરીથી કંક પક્ષીનાં પીંછાવાળાં બાણે કરી અર્જુનના હૃદયને વિંધ્યું. ત્યારે મ્હોટા હાથવાળા અર્જુને, મ્હોટેથી હાસ્ય કરી પરાક્રમથી બીજી નવી પ્રત્યંચા ગાંડીવને બાંધી. પછી અર્ધ ચંદ્રાકૃતિ ધનુષને ખેંચી અર્જુન, મદોન્મત્ત હસ્તિ પ્રત્યે યૂથનો પતિ હસ્તિ આવે તેમ આવ્યા. ત્યારે રણસંગ્રામના મધ્યમાં, પૃથ્વીમાં બીજાને જેની ઉપમા અપાય નહીં એવા તે બેઉનું, રોમાંચિત શરીર થાય એવું મ્હોટું યુદ્ધ થવા લાગ્યું. તે યૂથના પતિ હસ્તિ સરખા, સામ સામે ઉભેલા, મહા પરાક્રમી તથા શૂરવીર યુદ્ધ કરતા બેઉ જણાને કૌરવો આશ્ચર્યથી જોતા હતા. એ રીતે પુરૂષમાં શ્રેષ્ઠ તે બેઉ જણા, સર્પ સરખા આકારવાળાં તથા ક્રોધી સર્પ જેવાં બાણોથી પરસ્પર એક બીજાને મારતા હતા. તેમાં મહાત્મા અર્જુનના બાણના બે ભાથા અક્ષય હતા. તેથી તે શૂરવીર અર્જુન પર્વતની પેઠે સંગ્રામમાંથી ચલાયમાન થયા નહીં. પણ સંગ્રામમાં જલદીથી બાણને ફેંકતા અશ્વત્થામાનાં તો બાણ ખૂટી ગયાં. જેથી તે વખતે અર્જુન અશ્વત્થામાથી અધિક થયા, ત્યારે કર્ણે પોતાનું મ્હોટું ધનુષ ખેંચી શબ્દ કર્યો. જેથી મ્હોટો હાહાકાર થયો. એટલે તે તરફ અર્જુને જોયું, તો કર્ણ દીઠામાં આવ્યો, જેથી તેને બહુ ક્રોધ ચડયો. માટે તેનેજ મારવાની ઇચ્છા સારૂ અર્જુને નેત્ર ખુલ્લાં કરી જોયું. એ રીતે અશ્વત્થામા અર્જુનના બાણથી વિમુખ થયો. ત્યારે હજારો પુરૂષો જલદીથી ત્યાં આવી ઉભા રહ્યા. પછી મ્હોટા હાથવાળા તથા શત્રુને જીતનાર અર્જુન, અશ્વત્થામાને મૂકી જલદીથી કર્ણ પાસે જવા લાગ્યા. કર્ણ સાથે રથમાં બેસી પરસ્પર યુદ્ધ કરવા ઇચ્છતા અને ક્રોધથી રાતાં થયાં છે નેત્ર જેનાં એવા કુંતીના પુત્ર અર્જુન, કર્ણ પાસે જઇને આ રીતે વચન કહેવા લાગ્યા.

तमभिप्रेक्ष्य कौंतेयः क्रोधसंरक्तलोचनः
कामयन्द्वैरथं तेन युद्धं वचनमब्रवीत् ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि अर्जुनाश्वत्थामयुद्धे गुर्जर-
भाषायामेकोनषष्ठितमोऽध्यायः ॥ ५९ ॥

અધ્યાય ૬૦ મો. અર્જુને કર્ણને નસાડયો.

अर्जुन उवाच—कर्णयत्ते सभामध्ये बहुवाचा विकत्थितं
न मे युधि समोस्तीति तदिदं समुपस्थितं ॥

અર્જુન કહે છે—હે કર્ણ ! પૂર્વે તેં સભામાં વાણીથી ઘણું કહ્યું હતું જે "યુદ્ધમાં મારા સરખો કોઇ નથી." તે હાલ નજીક આવ્યું. તે તું આજ મહા સંગ્રામમાં મારી સાથે યુદ્ધ કરી તારા આત્માને નિર્બળ જાણીશ તેથી બીજાને તિરસ્કાર કરવાનું છોડી દઇશ. તું ધર્મ મૂકી જે કઠોર વાણી બોલ્યો છે તે પ્રમાણે તારૂં ઇચ્છિત થવું હું દુર્લભ માનું છું. હે રાધાના પુત્ર ! મને પ્રાપ્ત થયા વગર પૂર્વે જે કંઇ તેં કહ્યું છે, તે આજ કૌરવોની વચમાં મારી સાથે કરી દેખાડ, અને દુરાત્મા દુઃશાસનાદિકથી ક્લેશ પામતી દ્રૌપદીને સભામાં તું જોતો હતો, તેનું ફળ આજ તને મળશે. હે રાધાના પુત્ર કર્ણ ! ધર્મના નિયમે બંધાયલા મેં પૂર્વે જે ક્રોધ સહન કર્યો છે, તે ક્રોધનો હાલ સંગ્રામમાં જય થાય તે જો. હે દુર્મતિવાળા ! બાર વર્ષ વનમાં જે ક્રોધ સહન કર્યો, તે સહન કરેલા કોપના ફળને તું આજ પ્રાપ્ત થઇશ. હે કર્ણ ! આવ ! સંગ્રામમાં મારી, સાથે યુદ્ધ કર ! જે તારા સૈનિક સર્વ કૌરવો જુએ. તે સાંભળી કર્ણ બોલ્યો કે હે અર્જુન ! વાણીથી જે તું બોલે છે, તે પ્રમાણે કરી દેખાડ. મને તો એમ લાગે છે કે, તારૂં વાક્ય કર્મને અતિક્રમણ કરે છે, એટલે બોલવું ઘણું અને કરવું થોડું. પૂર્વે જે તેં સહન કર્યું તે તો તું પહોંચવાને સમર્થ નહીં તેથી કર્યું. હે પાર્થ ! તારા પરાક્રમની તો હવે ખબર પડશે. વળી ધર્મના પાસથી બંધાયલા તેં પૂર્વે સહન કર્યું, તેમજ તું હજી બંધાયલો છે, પણ બંધાયલો ન હોય તેમ પોતાને માને છે. હે પાર્થ ! જો વાયદા પ્રમાણે તેં વનવાસ કર્યો હોય, તો ધર્મ અર્થને જાણનાર ક્લેશ પામેલો તું મારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છા રાખ. હે અર્જુન ! તારે વાસ્તે કદી ઇંદ્ર પોતે યુદ્ધ કરવા આવે, તો પણ પરાક્રમ કરતો હું તેને કંઇપણ વ્યથા થાય નહીં. હે કુંતીના પુત્ર ! આ યુદ્ધ તને મારી સાથે પ્રાપ્ત થયું, તે કરીશ એટલે તું મારા બળને જોઇશ. તે સાંભળી અર્જુને કહ્યું કે–હે રાધાના પુત્ર ! હમણાંજ તું મારી સાથે સંગ્રામમાંથી ભાગી ગયો હતો, અને તારા કનિષ્ઠ બંધુને મેં મારી નાંખ્યો તોપણ તું જીવે છે. માટે ભાઇને મરાવી, રણસંગ્રામ મૂકી ભાગેલો તારા વિના બીજો કયો પુરૂષ, સારા માણસો આગળ પોતાનાં વખાણ કરે ? વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ રીતે કર્ણને કહી, કોઇ સ્થાનકે પરાજય જેનો થયો નથી એવા અર્જુને, પાસે જઇ તે પ્રત્યે કવચને ભેદે એવાં બાણ ફેંક્યાં. ત્યારે વર્ષતા મેઘની પેઠે મ્હોટાં બાણને વર્ષાવતા અર્જુનને, મહારથિ કર્ણે પ્રસન્નતાથી વારી રાખ્યો, અને ભયંકર બાણોના સમુદાય કર્ણના ધનુષમાંથી પડવા લાગ્યા. તેથી અર્જુનના હાથ, ઘોડા તથા મોજાં જુદાં જુદાં વિધાયાં, તે સહન ન કરી અર્જુને, તીક્ષ્ણ તથા નમ્ર છે અગ્રભાગ જેનો એવા બાણથી કર્ણના ભાથાની દોરી કાપી નાંખી. ત્યારે કર્ણે ભાથામાંથી બીજાં બાણો લઇને અર્જુનનો હાથ વિંધ્યો, તેથી તેની મુઠી શિથિલ થઇ ગઈ. મહાબાહુ

અર્જુને કર્ણનું ધનુષ કાપી નાંખ્યું. ત્યારે કર્ણે તેની ઉપર શક્તિ નામે શસ્ત્ર નાંખ્યું, તે પણ અર્જુને બાણથી કાપી નાંખ્યું. પછી રાધાના પુત્ર કર્ણની પછવાડે ચાલનારા ઘણાક યોદ્ધા આવી પહોંચ્યા. તેમને પણ ગાંડીવમાંથી નીકળેલાં બાણોથી, અર્જુને યમપુરી પ્રત્યે મોકલી દીધા. પછી અર્જુને ભાર સહન કરનાર ધનુષને કર્ણ પર્યંત ખેંચી, તેમાંથી મૂકેલા તીક્ષ્ણ બાણોથી કર્ણના ઘોડાને માર્યા જેથી તે પૃથ્વી ઉપર પડી ગયા. તેટલામાંજ વળી પરાક્રમી અર્જુને, બીજું મ્હોટું તથા પ્રકાશમાન તીક્ષ્ણ બાણ કર્ણની છાતીમાં માર્યું, જે તેનું કવચ ભેદી કાયાની અંદર ગયું, તેથી તેની આંખે અંધારાં આવી ગયાં, ને તે બેભાન થઇ ગયો. પછી અત્યંત છે વેદના જેને એવો કર્ણ, સંગ્રામ મૂકી ઉત્તર દિશા સામે મુખ રાખી નાઠો, ત્યારે મહારથી અર્જુન તથા ઉત્તરે મ્હોટેથી જયઘોષ કર્યો.

स गाढवेदनो हित्वा रणं प्रायादुदङ्मुखः
ततोर्जुन उदक्रोशदुत्तरश्चमहारथः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि कर्णापयाने गुर्जरभाषायां षष्ठितमोऽध्यायः ॥ ६० ॥

અધ્યાય ૬૧ મો. ધૃતરાષ્ટ્રના પુત્રો અને અર્જુન.

वैशंपायन उवाच—ततोवैकर्तनं जित्वा पार्थो वैराटिमब्रवीत्
एतन्मां प्रापयानीकं यत्र तालो हिरण्मयः ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી અર્જુન કર્ણને જીતી વિરાટના પુત્ર ઉત્તર પ્રત્યે કહેવા લાગ્યા કે, જ્યાં સુવર્ણની ટોપી પહેરેલા ભીષ્મ છે તે સૈન્ય પ્રત્યે મને લઇ જા, કારણ ત્યાં શંતનુના પુત્ર, દેવસરખું છે દર્શન જેનું તથા મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છતા એવા અમારા પિતામહ ભીષ્મ રથમાં બેઠેલા છે. એવાં અર્જુનનાં વચન સાંભળીને અત્યંત બાણથી વિંધાયલો ઉત્તર, રથ, હાથી તથા ઘોડાથી સંકુલ મ્હોટું સૈન્ય જોઇ અર્જુન પ્રત્યે કહેવા લાગ્યો કે, હે વીર ! તમારા ઉત્તમ ઘોડાને નિયમમાં રાખવા હું સમર્થ નથી. કારણ મારા પ્રાણ અકળાય છે, ને મારૂં મન પણ વિહ્વળ થતું હોય નહીં એમ લાગે છે, માટે હવે તો દિવ્ય અસ્ત્રોના પ્રભાવથી યુદ્ધ કરો. કારણ તમે તથા કૌરવોથી જાણે દશે દિશા ભાગતી હોય નહીં એમ લાગે છે, અને હું વસા, મેદ તથા રૂધિરની ગંધથી મૂર્છિત થઇ ગયો છું. હમણાં તમારી પાસે છું તોપણ મારૂં મન જવા વિષે સંશયવાળું થાય છે, કારણ સંગ્રામમાં આવો શૂરવીરનો સમાગમ પૂર્વે મેં જોયો નથી. વળી હે વીર ! ગદાના પડવાથી, શંખોના શબ્દથી અને શૂરવીર પુરૂષોના સિંહ નાદથી, તમે હાથિયોના બોલવાથી તથા વજ્રની જેને ઉપમા અપાય એવા અત્યંત ગાંડીવ ધનુષના શબ્દથી મારા કાન બ્હેરા થઇ ગયા તથા સ્મૃતિ પણ ભ્રષ્ટ થઇ ગઇ છે. હે વીર ! તમે હંમેશ ગાંડીવ ધનુષને ખેંચી જ્વલાયમાન ચક્રની જેને ઉપમા અપાય એવાં મંડલ કરો છો તેથી મારી દૃષ્ટિ ચલાયમાન થાય છે. મારૂં હૃદય ચીરાતું હોય નહીં તેમ થાય છે. વળી સંગ્રામમાં તમારૂં શરીર પણ કોપેલા મહાદેવજીના સરખું અતિ ઉગ્ર દેખાય છે, તેથી બાણ નાંખવા વખતે તમારો હાથ જોઇને મને ભય થાય છે. તમોને ઉત્તમ બાણો ગ્રહણ

કરતા, સાંધતા તથા મૂકતા હું જોતાંજ અચેતન થઇ જાઉં છું તેથી નથી દેખાતો. મારા પ્રાણ આકુળ થાય છે, ને પૃથ્વી ચલાયમાન થતી હોય નહીં તેમ લાગે છે. માટે હવે ઘોડાની રાશ તથા ચાબુક ઝાલવાની મને શક્તિ નથી. તે સાંભળી અર્જુને કહ્યું કે હે પુરૂષમાં શ્રેષ્ઠ ! તું ભય મા પામ ! તારા આત્માને સ્થિર કર. કારણ તેં પણ રણસંગ્રામના મુખમાં આશ્ચર્યરૂપ કર્મ કર્યાં છે, તારૂં કલ્યાણ થાઓ. તું રાજપુત્ર છે, તેમ શત્રુને દમન કરનાર વિખ્યાત મત્સ્યના કુળમાં ઉત્પન્ન થયો છે તેથી ખેદ પામવા લાયક નથી. હે રાજપુત્ર ! હે શત્રુને હણનાર ! મ્હોટું ધૈર્ય રાખી સંગ્રામમાં રથ વિષે સાવધાન થઇ ઘોડાને નિયમમાં રાખ. એટલે હું યુદ્ધ કરવા માંડું. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ રીતે કહી, પુરૂષમાં ઉત્તમ તથા રથિયોમાં શ્રેષ્ઠ મહાબાહુ અર્જુન, ઉત્તરને ફરી કહેવા લાગ્યા કે, હે ઉત્તર ! જલદીથી સેનાના અગ્રભાગ પ્રત્યે ભીષ્મ પાસે મને લઇ જા, હું સંગ્રામમાં એનું ધનુષ તથા પ્રત્યંચા કાપીશ. આ આકાશમાં મેઘ થકી આવતી વિજળી સરખાં, મારાં નાંખેલા વિચિત્ર પ્રકારનાં દિવ્ય અસ્ત્રોને જો ! હમણાં સુવર્ણનો છે પૃષ્ઠ ભાગ જેનો એવા ગાંડીવને એકઠા થયેલા કૌરવો જોશે, ને “ અર્જુન વામ અથવા દક્ષિણમાંથી કયે હાથે બાણો ફેંકશે ? ” એ રીતે મારે વિષે તર્ક કરશે, હમણાંજ રૂધિરરૂપી છે પાણી જેમાં, હય-રૂપી આવર્તવાળી, હાથીરૂપી છે ઝુંડ જેમાં, તથા કોઇથી તરાય નહીં એવી પરલોક પ્રત્યે પ્રવાહવાળી નદી હું વહેવરાવીશ. અને હાથ, પગ. મસ્તક પૃષ્ઠ ભાગ, તથા બાહુરૂપી શાખા-ઓથી ગાઢા કૌરવના વનને, નમ્ર છે. અગ્રભાગ જેના એવાં બાણોથી કાપી નાંખીશ. કૌરવની સેનાને જય કરનાર તથા ધનુષ ધારણ કરનાર જે હું, તેને તે સેના પ્રત્યે, અગ્નિને વન વિષે જેમ માર્ગો મળે, તેમ સેંકડો માર્ગ મળશે. મેં ચક્રની પેઠે ભમાવેલા કૌરવના સૈન્યને તું જોઇશ, અને બાણ તથા અસ્ત્રવિદ્યા વિષે જે હું શીખેલો છું, તે તને આશ્ચર્ય થાય તે રીતે દેખાડીશ. તું સમ વા વિષમ ઠેકાણે પણ નિર્ભય થઇ રથમાં બેઠો રહે. કારણ હું સ્વર્ગને પહોંચે એવડા મ્હોટા પર્વતને પણ મારા બાણથી ભેદી નાંખું. મેં પૂર્વે સંગ્રામ વિષે ઇંદ્રના વચનથી પૌલોમ તથા કાલખંજ નામના હજારો દૈત્યોને માર્યા હતા, હું ઇંદ્ર થકી દૃઢ મુષ્ટિપાણું, બ્રહ્મા પાસેથી હસ્તલાઘવી, અને પ્રજાપતિ થકી સંકટ સ્થાન વિષે નાના પ્રકારનું યુદ્ધ કરતું શીખેલો છું, એમ તું જાણ, અને હું સમુદ્રને પેલે પાર ઉગ્ર ધનુષવાળા તથા રથમાં બેસનારો સાઠ હજાર હિરણ્યપુરવાસી દૈત્યોને જીત્યો હતો. હમણાં અત્યંત વધેલા પાણીથી જેમ નદીના કાંઠા પડી જાય, તેમ કૌરવના વૃંદોને હું પાડું તે તું જો ! ધ્વજરૂપીછે વૃક્ષ જેનાં, પાયદળરૂપી તૃણવાળાં તથા રથરૂપી સિંહના ગુણથી યુક્ત કૌરવોની સેનારૂપી વનને અસ્ત્રના તેજથી હું બાળી નાંખીશ: અને સાવધાન, અતિ બળવાન, યુદ્ધ કરવાને ઇચ્છતા તે સર્વ કૌરવોને, રથમાંથી હું એકલો, નમેલા છે અગ્રભાગ જેના એવાં બાણોથી ઇંદ્ર જેમ દૈત્યોને મારે, તેમ મારી નાંખીશ. મને રૌદ્ર નામનું અસ્ત્ર રૂદ્ર થકી, વારૂણાસ્ત્ર વરૂણથી, અગ્ન્યાસ્ત્ર અગ્નિ થકી, વાયવ્યાસ્ત્ર વાયુથી, તથા વજ્રાદિક અસ્ત્રો ઇંદ્ર થકી પ્રાપ્ત થયાં છે. માટે હે વિરાટના પુત્ર ! મનુષ્યરૂપી સિંહોએ રક્ષા કરેલા ધૃતરાષ્ટ્રના પુત્રરૂપી ભયંકર વનને હું ઉખેડી નાંખીશ; વાસ્તે તારો ભય જાઓ ! વૈશંપાયન કહે છે— હે જનમેજય ! એ રીતે અર્જુને આશ્વાસના કરી ત્યારે વિરાટના પુત્ર ઉત્તરે, ભીષ્મે જેની રક્ષા કરીછે એવા ભયંકર સૈન્ય પ્રત્યે રથને ચલાવ્યો. ત્યારે સંગ્રામમાં કૌરવોને જીતવાને

ઇચ્છતા મ્હોટા હાથવાળા આવતા અર્જુનને, અવ્યગ્ર તથા ક્રૂર કર્મવાળા ભીષ્મે વાર્યા. એટલે અર્જુને સામા ઉભા રહી સુવર્ણના છે અગ્રભાગ જેના એવાં બાણોથી, ભીષ્મના રથના ધ્વજનું મૂળ કાપી નાંખ્યું, જેથી તે પૃથ્વી ઉપર પડી ગયો. ત્યારે વિચિત્ર પ્રકારનાં માલતિના ફુલની માળા તથા આભરણ જેમણે ધારણ કર્યાં છે, અસ્ત્રવિદ્યા શીખેલા તથા શૂરવીર મહાબળવાન દુઃશાસન, વિકર્ણ, દુઃસહ તથા વિવિંશતિ, એ ચાર જણ અર્જુન પ્રત્યે આવ્યા ને તેને ચોતરફથી વારવા લાગ્યા. તેમાં શૂરવીર દુઃશાસને તો બીજા બાણથી વિરાટના પુત્ર ઉત્તરને વિંધીને, એક બીજા બાણથી સ્તનની વચમાં અર્જુનને વિંધ્યો; એટલે સન્મુખ આવી અર્જુને, ગૃધ્ર પક્ષીનાં પીંછવાળાં તથા મ્હોટી ધારવાળાં બાણથી, સુવર્ણથી શોભિતું તેનું ધનુષ કાપી નાંખ્યું, ને તેને પાંચ બાણથી સ્તનની વચમાં વિંધ્યો. ત્યારે અર્જુનનાં બાણથી પીડાયલો તે સંગ્રામ મૂકીને જતો રહ્યો. પછી ધૃતરાષ્ટ્રના પુત્ર વિકર્ણે, ગૃધ્રનાં પીંછવાળાં, તીક્ષ્ણ તથા ઘસેલાં બાણોથી પારકા શૂરવીરને હણનાર અર્જુનને વિંધ્યો. ત્યારે તેને પણ કુંતીના પુત્ર અર્જુને, નમ્ર છે અગ્રભાગ જેનો એવાં બાણો મૂકી જલદીથી લલાટ વિષે હણ્યો. તેથી વિંધાયલો તે રથ ઉપરથી નીચે પડી ગયો, તેટલામાં વિવિંશતિએ સહિત દુઃસહે અર્જુનની સામે દોડી સંગ્રામમાં પોતાના ભાઇની રક્ષા વાસ્તે તીક્ષ્ણ બાણો તેની ઉપર નાંખ્યાં. ત્યારે અવ્યગ્ર અર્જુને ગૃધ્ર પક્ષીનાં પીંછવાળાં બે બાણથી, એકજ વખતે તે બેઉને વિંધી તેમના ઘોડાને પણ માર્યા. એટલે ભેદાયાં છે અંગ તથા ઘોડા જેમના એવા તે ધૃતરાષ્ટ્રના બેઉ પુત્ર, પોતાની પછવાડે ચાલનાર બીજાઓના રથ ઉપર બેસી ભાગી ગયા. એ પ્રમાણે સંગ્રામમાં નિશાન ચૂકે નહીં તથા કોઇથી પરાજય પામે નહીં એવા મહા બળવાન કુંતીના પુત્ર અર્જુન સર્વ દિશામાં વિજયી હતા.

सर्वादिशश्चाभ्यपत द्बीभत्सुरपराजितः
किरीटमालीकौंतेयो लब्धलक्षो महाबलः ॥

इति श्रीमहाभारते विराटपर्वाणि गोहरणपर्वाणि अर्जुनदुःशासनादिकयुद्धे गुर्जरभाषायामेकषष्टितमोऽध्यायः ॥ ६१ ॥

અધ્યાય ૬૨ મો. અર્જુન સામે આખું કૌરવ સૈન્ય.

वैशंपायन उवाच—अथ संगम्य सर्वे ते कौरवाणां महारथाः
अर्जुनं सहितायत्ताः प्रत्ययुध्यंत भारत ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી કૌરવોના મહારથિ સર્વ યોદ્ધા, એકઠા મળી સાવધાન થઇને અર્જુન પ્રત્યે યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે મહા બળવાન અર્જુને તેમને બાણરૂપી જાળે કરી ચોતરફથી, ઝાકળ જેમ પર્વતને આચ્છાદન કરે, તેમ આચ્છાદન કરી દીધા. તે સમયે હાથી, ઘોડા, ઢોલ તથા શંખ ઇત્યાદિનો એકઠો મળેલો મ્હોટો ભયંકર શબ્દ થવા લાગ્યો. વળી અર્જુનના હજારો બાણના સમુદાય મનુષ્ય, ઘોડા તથા લોહનાં કવચોને ભેદીને પડવા લાગ્યા. તે વખતે સંગ્રામમાં જલદીથી બાણ ફેંકતો અર્જુન, શરદ ઋતુમાં મધ્યાન્હ વખતનો સૂર્ય શોભે, તેમ શોભતો હતો. ત્રાસ પામેલા રથિયો રથ ઉપરથી અને ઘોડેસ્વાર ઘોડા ઉપરથી પડતા, તથા પાયદળો પૃથ્વી ઉપર પડી જતા હતા.

અને બાણોથી ભેદાતા મહાત્મા પુરૂષોનાં ત્રાંબા, રૂપા તથા લોઢાનાં કવચોનો મ્હોટો શબ્દ થતો હતો. એ રીતે તીક્ષ્ણ બાણોથી નાશ પામી ઘોડા, હાથી તથા રથ ઉપરથી નીચે પડતા યોદ્ધાઓનાં શરીરથી બધી રણભૂમિ ઢંકાઇ ગઇ ત્યારે હાથમાં ધનુષ લઇને ઉભેલો અર્જુન, સંગ્રામમાં નૃત્ય કરતો હોય નહીં તેમ લાગતો હતો. તે સમયે વજ્રના શબ્દ સરખો તેના ગાંડીવનો શબ્દ સાંભળી સર્વ સૈનિકો ત્રાસ પામી તે મહાસંગ્રામ થકી ભાગતા હતા. અને તે રણભૂમિમાં પડેલાં કુંડળ તથા શીરપેચ સહિત સુવર્ણની માળા પહેરેલાં મસ્તકો દેખાતાં હતાં. હે જનમેજય! એ શિવાય હાથમાં મોટું ધનુષ તથા આભરણ છે એવા બીજા પણ યોદ્ધાઓનાં શરીરથી ઢંકાઇ ગયેલી રણભૂમિ શોભતી હતી, અને આકાશમાંથી પાષાણ પડે, તેમ રણભૂમિની વચમાં મસ્તકો પડતાં હતાં. એ રીતે ચોતરફ ફરતા, ભયંકર પરાક્રમવાળા શૂરવીર અર્જુને, પોતાનું ભયંકરપણું દેખાડી, તેર વર્ષ વનમાં રૂંધાઇને એકઠા થયેલા ક્રોધાગ્નિને, ધૃતરાષ્ટ્રના પુત્રોને વિષે વિસ્તાર્યો. ત્યારે સૈન્યને બાળતા અર્જુનનું પરાક્રમ જોઇને, દુર્યોધનના દેખતાં સર્વ યોદ્ધા શાંત થઇ ઉભા રહ્યા. એ રીતે કૌરવના સૈન્યને ત્રાસ પમાડી તેમના મહારથિયોને ભગાડી જય કરનારાઓમાં શ્રેષ્ઠ અર્જુને રૂધિરરૂપી પાણી તથા અસ્થિરૂપી કાંકરાવાળી, પ્રલય સમયકાળે નિર્માણ કરી હોય તેવી, ધનુષ તથા બાણરૂપી હોડકાંવાળી, ભયંકર કેશરૂપી શેવાળથી લીલા વર્ણવાળી, કવચ અને શીરપેચથી સંકુલ, હાથીરૂપી છે કાચબા તથા જળહાથી જેમાં એવી, મેદ, વસા તથા રૂધિરરૂપી પ્રવાહવાળી, ભયને વધારનારી, ભયંકર, ચોપગાં જનાવરો જેમાં શબ્દ કરે છે તથા તીક્ષ્ણ શસ્ત્રરૂપી છે મ્હોટા મગરમચ્છ જેમાં એવી રાક્ષસોએ સેવેલી, મોતીના હારરૂપી લ્હેરોવાળી, વિચિત્ર પ્રકારનાં આભરણરૂપી છે પરપોટા જેમાં એવી, બાણના સમુદાયરૂપી ધુમરીવાળી, મ્હોટા હાથીરૂપી મગરવાળી, મ્હોટા રથરૂપી બેટવાળી અને શંખ તથા દુંદુભિના શબ્દ જેમાં થાય છે, એવી ભયંકર નદી રણભૂમિ વિષે ચલાવી. તે સમયે અર્જુન, બાણોનો ભાથો ગ્રહણ કરી ગાંડીવ ધનુષને ખેંચી તેમાં સધાન કરી બાણો મૂકતા હતા, પણ તેની શીઘ્રતાને લીધે તે મનુષ્યના જોવામાં આવતું ન હતું.

आददानस्य हि शरान् संधाय च विमुंचतः
विकर्षतश्च गांडीवं न कश्चिद्ददृशे जनः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि अर्जुनसंकुलयुद्धे गुर्जरभाषायां द्विषष्टितमोऽध्यायः ॥ ६२ ॥

અધ્યાય ૬૩ મો. સંકુલ યુદ્ધ.

वैशंपायन उवाच—ततो दुर्योधनः कर्णो दुःशासन विविंशतीं
द्रोणश्च सहपुत्रेण कृपश्चापि महारथः ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય! પછી અત્યંત ક્રોધથી તપેલા દુર્યોધન, કર્ણ, દુઃશાસન, વિવિંશતિ, પુત્ર સહિત દ્રોણાચાર્ય તથા મહારથિ કૃપાચાર્ય, એ સર્વ અર્જુનને મારવાની ઇચ્છાથી મ્હોટાં દૃઢ ધનુષોનો શબ્દ કરતા ફરીથી આવ્યા. ત્યારે વિસ્તીર્ણ છે ધ્વજાનો છેડો જેનો એવા સૂર્ય સરખા તેજવાળા રથે કરીને, વાનર છે જેની ધ્વજાને વિષે

એવા અર્જુન તેમની સામા આવ્યા. મહાત્મા કૃપાચાર્ય, કર્ણ તથા રથિયોમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્ય, મહા પરાક્રમી અર્જુનને મ્હોટાં અસ્ત્રોથી વિંટી, વર્ષા ઋતુના મેઘની પેઠે પીડતા તેની ઉપર બાણોનો વર્ષાદ કરવા લાગ્યા. ગૃધ્ર પક્ષીના પીંછવાળાં ઘણાંક બાણોથી તથા દિવ્ય અસ્ત્રોથી અર્જુનને સ્તબ્ધ કરી એવી રીતે વિંટી લીધો કે, તેનાં અંગમાં બે અંગુળનો પણ ખાલી અવકાશ રહ્યો નહીં. ત્યારે મ્હોટેથી હાસ્ય કરી મહારથિ કુંતીપુત્ર અર્જુને, સૂર્ય સરખા પ્રકાશવાળું ઐંદ્રાસ્ત્ર નામે દિવ્ય અસ્ત્ર ગાંડીવ વિષે જોડયું, ને સંગ્રામમાં સૂર્યની પેઠે બાણરૂપી કિરણોથી સર્વ કૌરવોને આચ્છાદન કરી દીધા. તે સમયે જેમ મેઘને વિષે વિજળી તથા પર્વતને વિષે અગ્નિ થાય તેમ નમાવેલું ગાંડીવ પણ વજ્ર સરખું થતું હતું. અને જેમ વર્ષાદ વરસે ત્યારે ચોતરફથી દશે દિશા તથા પૃથ્વીને પ્રકાશ કરતી વિજળી આકાશમાં શોભે, તેમ ગાંડીવથી મૂકેલું ઐંદ્રાસ્ત્ર પણ દશે દિશાને વિંટી શોભતું હતું. વળી હે જનમેજય ! રથમાં બેસનારા તથા હસ્તિયોવાળા સર્વ મોહ પામી ગયા, અને હણાયું છે ચિત્ત જેનું એવા સર્વ યોદ્ધા પણ શાંત થઇ સંગ્રામથી વિમુખ થયા. હે ભરતકુળમાં શ્રેષ્ઠ જનમેજય ! એ રીતે ભાગ્યું છે ચિત્ત જેનું એવા સૈનિકો પોતાના જીવિતની આશા ટળી ત્યારે દિશાઓ પ્રત્યે ભાગવા લાગ્યા.

एवं सर्वाणि सैन्यानि भग्नानि भरतर्षभ
व्यद्रवंत दिशः सर्वा निराशानि स्वजीविते

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि अर्जुनसंकुलयुद्धे गुर्जरभाषायां त्रिशष्टितमोऽध्यायः ॥ ६३ ॥

અધ્યાય ૬૪ મો. ભીષ્મ અર્જુનનું યુદ્ધ.

વૈશંપાયન ઉવાચ—ततः शांतनवो भीष्मो भारतानां पितामहः
वध्यमानेषु योद्धेषु धनंजयमुपाद्रवत् ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે યોદ્ધાઓ હણાયા, ત્યારે કૌરવ તથા પાંડવોના પિતામહ, શંતનુના પુત્ર ભીષ્મ અર્જુનની સામા આવ્યા. મનુષ્યમાં વ્યાઘ્રરૂપ ભીષ્મ, સુવર્ણથી શોભિતું શ્રેષ્ઠ ધનુષ લઈ તથા મર્મસ્થાનને ભેદનાર, મંથન કરનાર તથા તીક્ષ્ણ અગ્રભાગવાળાં બાણોને ગ્રહણ કરી, મસ્તક ઉપર ધરેલા શ્વેત છત્રથી, સૂર્યોદય વખતે પર્વત શોભે તેમ શોભતા હતા. પછી ગંગાના પુત્ર ભીષ્મ, શંખ વગાડી ધૃતરાષ્ટ્રના પુત્રોને હર્ષ પમાડતા દક્ષિણ બાજુ જઇ અર્જુનને વારવા લાગ્યા ત્યારે પારકા શૂરવીરને હણનાર કુંતી પુત્ર અર્જુને, પ્રસન્નતાથી આવતા ભીષ્મને, પર્વત જેમ મેઘને ગ્રહણ કરે તેમ ગ્રહણ કર્યા. પછી પરાક્રમી ભીષ્મે અર્જુનની ધ્વજા ઉપર મ્હોટા વેગવાળા તથા શ્વાસોશ્વાસ લેતા સર્પ સરખાં આઠ બાણ નાંખ્યાં, જે ધ્વજવાસી ઉગ્ર તેજવાળા હનૂમાન તથા ભૂતોને વાગ્યાં તેટલામાં મ્હોટી ધારવાળાં ભલ્લ નામનાં બાણોથી અર્જુને ભીષ્મનું છત્ર કાપી નાંખ્યું, જે પૃથ્વી ઉપર પડી ગયું. વળી કુંતીના પુત્ર અર્જુને, જલદીથી બાણે કરી તેમના રથના ઘોડા, પડખે ઉભા રહેનાર, અને સારથી, એ સર્વને માર્યા. તે સહન ન કરીને ભીષ્મ, અર્જુનને જાણે છે તોપણ તેની ઉપર મ્હોટું દિવ્ય અસ્ત્ર નાંખ્યું. પછી અર્જુને પણ તે

ઉપર દિવ્ય અસ્ત્ર નાંખી પર્વત જેમ મેઘને ગ્રહણ કરે તેમ બેઉ અસ્ત્ર ગ્રહણ કરી લીધાં. એ રીતે ભીષ્મ તથા અર્જુનનું, બલિરાજા અને ઇંદ્રના સરખું તથા રૂંવાં ઉભાં થાય એવું મ્હોટું ભયંકર યુદ્ધ થતું હતું, તેને સર્વ સૈનિક યોદ્ધા તથા કૌરવો જોતા હતા. તે સમયે હે જનમેજય ! યુદ્ધમાં ભીષ્મ તથા અર્જુનના ભલ્લ બાણ સાથે મળી જઇ આકાશમાં વર્ષા ઋતુ વિષે જેમ આગિયા માફક શોભતા હતા. ડાબી તથા જમણી બાજુ બાણ ફેંકતા અર્જુનનું ગાંડીવ ધનુષ, ભ્રમણ કરેલા અગ્નિચક્ર સરખું લાગતું હતું. પછી જળની ધારાથી મેઘ જેમ પર્વતને આચ્છાદન કરે, તેમ અર્જુને તીક્ષ્ણ એવાં સો બાણથી ભીષ્મને આચ્છાદન કરી દીધા. ત્યારે ભીષ્મે, વૃદ્ધિ પામેલી સમુદ્રની ભરતી સરખી આવતી અર્જુનના બાણની વૃષ્ટિને પોતાના બાણથી વિંધી ભાગી અને અર્જુનને પણ વાર્યા. એટલે સંગ્રામમાં ભીષ્મે વિંધેલા અર્જુનના બાણના સમુદાયો વિભાગથી અર્જુનના રથ પ્રત્યે વિખરાઇને પડવા લાગ્યા. ત્યારે ફરીથી અર્જુને, રથમાંથી સુવર્ણના પૃષ્ટ ભાગવાળાં બાણોની તીડ નામના જંતુ સરખી વૃષ્ટિ કરી, જેને ભીષ્મે તીક્ષ્ણ અગ્રભાગવાળાં સો બાણથી વિંધી એટલે સર્વ કૌરવો " સાધુ સાધુ " એમ કહેવા લાગ્યા ભીષ્મે કોઇથી ન બને એવું કર્મ કર્યું, કેમકે તેણે અર્જુનને યુદ્ધ કરાવ્યું, જે બળવાન, યુવાવસ્થાવાળો, ચતુર તથા જલદીથી બાણ ફેંકનારો હતો. સંગ્રામમાં એ સમર્થ અર્જુનના વેગને ધારણ કરવાને, શંતનુના પુત્ર ભીષ્મ, દેવકીના પુત્ર કૃષ્ણ તથા મહા બળવાન દ્રોણાચાર્ય વિના બીજો કોણ સમર્થ થાય ? હે જનમેજય ! એ રીતે અસ્ત્રે કરી અસ્ત્રોને વારી મહા બળવાન ભરતકુળમાં શ્રેષ્ઠ તે બેઉ જણા, સર્વ પ્રાણિયોનાં નેત્રોને મોહ પમાડતા હતા, પ્રાજાપત્યાસ્ત્ર, ઐંદ્રાસ્ત્ર, અગ્ન્યાસ્ત્ર, ભયંકર રૌદ્રાસ્ત્ર, યામ્યાસ્ત્ર, તથા પવનાસ્ત્ર ઇત્યાદિ દિવ્યાસ્ત્રની પરસ્પર યોજના કરતા સંગ્રામમાં ફરતા ને મારતા તેમને જોઇ વિસ્મય પામેલા ભૂતો, કહેવા લાગ્યા કે હે ભીષ્મ ! તથા અર્જુન ! સાધુ ! સાધુ ! આ સંગ્રામમાં જે મ્હોટો મહા અસ્ત્રોનો પ્રયોગ દેખાય છે, તે મનુષ્યોને વિષે યોગ્ય નથી. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ત્યારે સર્વ અસ્ત્ર જાણનાર તે બેઉનું અસ્ત્રયુદ્ધ નિવૃત્ત થયું, એટલે ફરીથી બાણ યુદ્ધ થવા લાગ્યું. અર્જુને પાસે આવી સુવર્ણથી શોભિતું ભીષ્મનું ધનુષ, સજાઇયાની ધાર સરખા બાણે કરી કાપી નાંખ્યું. એટલે નિમિષ માત્રમાં મ્હોટા હાથવાળા મહારથી ભીષ્મે, બીજું ધનુષ લઇ તેને સજ્જ કરી ક્રોધથી ઘણાંક બાણ અર્જુન ઉપર નાંખ્યાં. મ્હોટા તેજવાળા અર્જુને પણ ઘણાંક તીક્ષ્ણ બાણો ભીષ્મ ઉપર નાંખ્યાં. જેથી પાછાં ભીષ્મે અર્જુન ઉપર ઘણાંક બાણ નાંખ્યાં. હે જનમેજય ! તે સમયે દિવ્ય અસ્ત્રને જાણનાર તથા પરસ્પર તીક્ષ્ણ બાણોને ફેંકનાર મહાત્મા તે બેઉ જણામાં કોઇની વિશેષતા જણાતી ન હતી. હે રાજન્ ! અતિરથિ કુંતીના પુત્ર અર્જુને જેમ અસ્ત્રથી દશેદિશા વિંટી લીધી, તેમ શૂરવીર શંતનુના પુત્ર ભીષ્મે પણ વિંટી લીધી. તેમાં કોઇ વખતે ભીષ્મથી અર્જુન વધતો હતો, ને કોઇ વખતે અર્જુનથી ભીષ્મ વધતા હતા, તે જોઇ સંગ્રામમાં સર્વ લોકોને આશ્ચર્ય લાગતું હતું. ત્યાં ભીષ્મના રથની રક્ષા કરનાર શૂરવીર પુરૂષો, અર્જુનથી મરણ પામી તેના રથની ચોતરફ સૂઇ જતા હતા. તે સમયે ગાંડીવમાંથી નિકળેલાં, શત્રુ વગરની રણભૂમિ કરવા ઇચ્છતાં, મળેલા પૃષ્ટ ભાગવાળાં, અર્જુનના રથમાંથી આવતાં, પાણી પાયેલાં, તથા સુવર્ણનાં પીંછવાળાં અર્જુનનાં બાણો, આકાશમાં ઉડતા હંસોની પંક્તિયો સરખાં દેખાતાં હતાં. તે દિવ્ય અસ્રોને

ફેંકતા અર્જુનના અત્યંત આશ્ચર્યરૂપ કર્મને, અંતરિક્ષમાં રહેલા ઈંદ્ર સહિત સર્વ દેવતાઓ જોતા હતા; અને એવું આશ્ચર્ય જોઇ અત્યંત પ્રસન્ન થયેલો પ્રતાપવાન ચિત્રરથ નામનો ગંધર્વ તો, અર્જુનને ઈંદ્ર પાસે આ રીતે વખાણવા લાગ્યો. હે ઈંદ્ર ! આ અર્જુનનાં મૂકેલાં તથા એક બીજાને મળી ગયાં હોય નહીં એ રીતે જતાં બાણોને તમે જુઓ ! અને આ દિવ્ય અસ્ત્ર મૂકતા અર્જુનનું વિચિત્ર પ્રકારનું રૂપ જુઓ ! આ વિચિત્ર પ્રકારનાં મ્હોટાં અસ્ત્રોનો સમાગમ છે, જે મનુષ્યો સાંધી શકે નહીં, તેમ તેઓમાં હોય પણ નહીં. અર્જુન બાણોને ગ્રહણ કરી સાંધી ગાંડીવમાંથી ખેંચીને મૂકે છે, પણ તેની શીઘ્રતાને લીધે તે જોવામાં આવતું નથી. વળી જેમ આકાશમાં રહેલા અત્યંત તપતા મધ્યાન્હના સૂર્યને જોવાને કોઇ સમર્થ થતો નથી. તેમજ સંગ્રામમાં અર્જુનની સામે જોવાને સૈન્યો પણ સમર્થ નથી થતાં, તેમજ ગંગાના પુત્ર ભીષ્મને પણ મનુષ્યો જોવા સમર્થ નથી થતાં. માટે એ બેઉ, વિખ્યાત છે કર્મ જેનાં, તીવ્ર પરાક્રમવાળા, સરખાં કર્મ કરનાર તથા યુદ્ધમાં જીતાય નહીં એવા છે. હે જનમેજય ! એ રીતે તેણે કહ્યું ત્યારે ઇંદ્રે, ભીષ્મ તથા અર્જુનના સમાગમની દિવ્ય પુષ્પના વર્ષાદથી પૂજા કરી. તેટલામાં શંતનુના પુત્ર ભીષ્મે બાણ સાંધી, અર્જુન જુએ છે તે રીતે તેના ડાબા પડખામાં માર્યું. ત્યારે હાસ્ય કરી કુંતી પુત્ર અર્જુને, મ્હોટી ધાર તથા ગૃધ્ર પક્ષીના પીંછાવાળા બાણે કરી, સૂર્ય સરખા તેજવાળા ભીષ્મનું ધનુષ કાપી નાખ્યું, અને પ્રયત્નથી પરાક્રમ કરતા તેના સ્તનનો વચલો ભાગ દશ બાણે કરી વિંધ્યો. પછી યુદ્ધમાં કોઇથી સહન થાય નહીં એવા મહાબાહુ ગંગાના પુત્ર ભીષ્મ, પીડિત થઇ રથના અગ્રભાગને ઝાલી ઘણાક વખત સુધી પડી રહ્યા એટલે રથના ઘોડાને નિયમમાં રાખનાર સારથિ, પોતાનો ધર્મ સંભારી સંજ્ઞા રહિત થઇ ગયેલા ભીષ્મની રક્ષા કરતો રથને બાજુએ લઇ ગયો.

तं विसंज्ञमपोवाह संयंता रथवाजिनां
उपदेशमनुस्मृत्य रक्षमाणो महारथं ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि भीष्मापयाने गुर्जरभाषायां चतुःषष्टितमोऽध्यायः ॥ ६४ ॥

અધ્યાય ૬૫ મો. દુર્યોધન ને અર્જુનનું યુદ્ધ.

वैशंपायन उवाच—भीष्मं तु संग्रामशिरो विहाय पलायनाने धृतराष्ट्रपुत्रः
उत्सृज्य केतुं विनदन्महात्मा धनुर्विगृह्यार्जुनमाससाद ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ રીતે સંગ્રામનો મોખરો મૂકી ભીષ્મ ગયા, ત્યારે ધૃતરાષ્ટ્રનો પુત્ર મહાત્મા દુર્યોધન, પતાકા ચઢાવી ધનુષ ગ્રહણ કરી, શબ્દ કરતો અર્જુનની સામે આવ્યો અને તે ભયંકર ધનુષ તથા ઉગ્ર પરાક્રમવાળા, શત્રુના ગણમાં ફરતા અર્જુનને, તેણે કાન પર્યંત ધનુષ ખેંચી ભલ્લ નામના બાણથી લલાટ વિષે વિંધ્યો. પછી દુર્યોધને મારેલું તે સુવર્ણના અગ્રભાગવાળું તથા સારી રીતે વળેલા એકજ વાંસના બાણથી, અર્જુન જેમ એક શિખરવાળો પર્વત શોભે, તેમ શોભવા લાગ્યા, ને એ ભલ્લ બાણે વિદારણ કરેલા તેના લલાટમાંથી એકદમ ઉષ્ણ રૂધિરની ધાર વહેવા લાગી; અને તે સુવર્ણના પૃષ્ટ ભાગવાળું વિચિત્ર પ્રકારનું બાણ લલાટને ભેદી શોભવા લાગ્યું. પછી ઉગ્ર

તેજવાળા દુર્યોધન અર્જુન પ્રત્યે અને એકજ શૂરવીર અર્જુન દુર્યોધન પ્રત્યે આવવા લાગ્યા. એ રીતે પુરૂષમાં શ્રેષ્ઠ તથા અજમીઢ વંશમાં ઉત્પન્ન થયેલા તે બેઉજણા સંગ્રામ વિષે પરસ્પર સામા આવ્યા. તેટલામાં મદ જેને ઝરે છે એવા પર્વત સરખા મ્હોટા હાથી ઉપર બેસી, તેના ચાર પગની રક્ષા કરનાર ચારે બાજુ ચાર રથ સહિત, ફરીથી વિકર્ણ કુંતીના પુત્ર અર્જુન પ્રત્યે દોડી સામો આવ્યો. ત્યારે જલદીથી આવતા તે હાથીને, અર્જુને કર્ણ પર્યંત ધનુષ ખેંચી મોટા ફણાવાળા બાણથી, અત્યંત વેગે કરી કુંભસ્થળની વચમાં ભેદ્યો. ગૃધ્ર પક્ષીનાં પીંછવાળું તેનું મોકલેલું બાણ, ઇંદ્રે મોકલેલું વજ્ર જેમ પ્રકાશમાન ઉત્તમ પર્વતને વિદારણ કરી તેના શરીરમાં પેસે, તેમ પુંઠ પર્યંત હસ્તિનું શરીર ભેદી અંદર પેઠું, ત્યારે બાણથી અત્યંત તપ્ત તથા કંપવા લાગ્યું છે શરીર જેનું એવો તે અંતરમાં થયેલી વેદનાવાળો હસ્તિરાજ, અત્યંત ખેદ પામતો વજ્રથી હણાયલું જેમ પર્વતનું શિખર પડે તેમ, પૃથ્વી ઉપર પડી ગયો. એ રીતે અર્જુને ઉત્તમ હસ્તિને પાડ્યો, ત્યારે ત્રાસથી વિકર્ણ, પૃથ્વી ઉપર ઉતરતાં વેંતજ જલદીથી એકસો ને આઠ પગલાં ભાગીને, વિવિંશતિના રથ ઉપર ચઢી બેઠો. પછી અર્જુને, વજ્ર સરખા બાણથી તે પર્વત સરખા હાથીને માર્યો, તેવાજ બાણે કરી દુર્યોધનને વક્ષસ્થળમાં ભેદ્યો. એ રીતે હાથી તથા દુર્યોધનને ભેદ્યા અને પાદ રક્ષક સહિત વિકર્ણ ભાગ્યો ત્યારે ગાંડીવમાંથી નિકળેલા બાણે કરી કંપવા લાગ્યાં છે શરીર જેમનાં એવા મુખ્ય યોદ્ધાઓ પણ જલદીથી ભાગવા લાગ્યા. એટલે દુર્યોધન પણ અર્જુને હાથીને માર્યો તથા યોદ્ધાઓ ભાગ્યા, તે જોઇ રથને વાળી, જ્યાં અર્જુન નહોતો તે રસ્તે સંગ્રામમાંથી ભાગવા લાગ્યો. ભયંકર થઇ ગયું છે જેનું રૂપ એવા પરાભવથી જલદી દોડતા, બાણથી વિંધાયલા તથા રૂધિરને વમન કરતા તે દુર્યોધનને, શત્રુને સહન કરનાર અર્જુન યુદ્ધ કરવાની ઇચ્છાથી બાહુનો શબ્દ કરી કહેવા લાગ્યા કે, મ્હોટી કીર્તિ તથા એક નિર્મળ જે યશ, તેને પણ મૂકી પાછો વળી યુદ્ધમાંથી કેમ પલાયન કરે છે ? હજી તારા જયનાં વાજાં તો વાગ્યાં નથી, તેમ વળી રાજ્યથી ભ્રષ્ટ થયેલા યુધિષ્ઠિરની આજ્ઞા પાળનાર હું ત્રીજો પાંડવ યુદ્ધમાં ઉભો છું. હે ધૃતરાષ્ટ્રના પુત્ર ! પાછો વળ ને મુખ સામું કર ! હે રાજેંદ્ર ! દ્યૂતાદિકને વિષે કરેલા અધર્મને તો સંભાળ. પૂર્વે પૃથ્વીમાં તારૂં દુર્યોધન એવું જે નામ પડેલું છે, તે ફોકટ થાય છે, કારણ તું સંગ્રામ મૂકી હાલ યુદ્ધમાંથી પલાયન કરે છે, તેથી તારે વિષે દુર્યોધનપણું નથી. જો તું યુદ્ધથી પલાયન ન થાય તો તે નામ તારૂં સફળ થાય. હે દુર્યોધન ! તારી આગળ વા પાછળ કોઇ રક્ષણ કરનાર યોદ્ધાને હું જોતો નથી. હે પુરૂષમાં શ્રેષ્ઠ ! તું યુદ્ધથી પલાયન કર, ને આજ પાંડવ થકી તારા પ્રિય પ્રાણની રક્ષા કર.

न ते पुरस्तादथ पृष्ठतो वा पश्यामि दुर्योधन रक्षितारं
अपेहि युद्धात्पुरुषप्रवीर प्राणान् प्रियान्पांडवतोद्य रक्ष ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि दुर्योधनापयाने गुर्जरभाषायां पंचषष्ठित्तमोऽध्यायः ॥ ६५ ॥

અધ્યાય ६६ મો. કૌરવોનું નાસવું.

वैशंपायन उवाच—आहूयमानश्च स तेन संख्ये महात्मना वै धृतराष्ट्रपुत्रः निवर्तितस्तस्य गिरांकुशेन महागजोमत्त इवांकुशेन ॥

વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ રીતે સંગ્રામમાં મહાત્મા અર્જુને સાદ કર્યો ત્યારે ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન, તેની વાણીરૂપી અંકુશથી, જેમ મ્હોટો મદમત્ત હસ્તિ અંકુશથી પાછો વળે, તેમ પાછો વળ્યો અને મહારથિ અર્જુને જે વાણીથી સ્પર્શ કર્યા, તે સહન ન કરી શક્યો, તેથી તે વેગવાન, અતિરથ તથા શૂરવીર દુર્યોધન, પગનાં તળાથી કચરાયલો સર્પ જેમ પાછો આવે, તેમ રથમાં બેસી પાછો આવ્યો. ત્યારે દુર્યોધનને પાછો વળેલો તથા વિંધેલા શરીરને સ્તંભન કરી અર્જુનને યુદ્ધમાં ઉભેલો જોઇ, સુવર્ણની માળા પહેરેલો મનુષ્યમાં શ્રેષ્ઠ કર્ણ પણ દુર્યોધનની પછવાડે નાસવા લાગ્યો. એટલે સજ્જ કર્યું છે ધનુષ જેણે, શત્રુને પરાજય કરવામાં સમર્થ, તથા સુવર્ણના છે પતાકાના છેડા જેના, એવા મહાબાહુ શંતનુના પુત્ર ભીષ્મ, પાછા વળી અર્જુનથી દુર્યોધનની પાછલી બાજુ રક્ષા કરવા લાગ્યા. તેટલામાં મ્હોટા ધનુષવાળા દ્રોણ, કૃપાચાર્ય, વિવિંશતિ અને દુઃશાસન, એ સર્વ જલદીથી પાછા વળી દુર્યોધન વાસ્તે આગળ આવ્યા. ત્યારે તે પાછા આવેલા પાણીના પૂરના ઓઘ સરખા કૌરવના સૈન્યને જોઇને, અર્જુન આવતા મેઘને જેમ સૂર્ય તપાવે, તેમ વેગથી તેને તપાવવા લાગ્યા. પછી દિવ્યઅસ્ત્ર જેમણે ધારણ કર્યા છે એવા સર્વ કૌરવો, ચોતરફથી અર્જુનને વિંટી પાસે આવી, મેઘ જેમ જળના સમુદાયથી પર્વત પ્રત્યે વરસે, તેમ બાણોથી અર્જુન પ્રત્યે વરસવા લાગ્યા. ત્યારે ગાંડીવ ધનુષવાળા તથા શત્રુને સહન કરનાર ઇંદ્રના પુત્ર બળવાન અર્જુને, કૌરવોનાં અસ્ત્રોને અસ્ત્રથી નિવારણ કરી, કોઇથી પાછું વળે નહીં એવું સંમોહનાસ્ત્ર મૂક્યું; અને રૂડાં પીંછવાળાં તીક્ષ્ણ બાણથી દશે દિશાને વિંટી, ગાંડીવના શબ્દે કરી તેઓનાં મન વ્યથાયુક્ત કર્યાં. પછી ભયંકર શબ્દવાળા મ્હોટા શંખને બે હાથથી ગ્રહણ કરી શત્રુને મારનાર અર્જુને તેનો નાદ કર્યો, જેથી દિશા, આકાશ તથા પૃથ્વી પ્રત્યે સામો અવાજ થયો. કુરૂકુળમાં શ્રેષ્ઠ તે સર્વ યોદ્ધા, અત્યંત મોહિત થઇ દુઃખે કરી ગ્રહણ થાય નહીં એવાં ધનુષ નાંખી દઇને, અચેત થઇ ગયા. એ રીતે કૌરવો સંજ્ઞા રહિત થયા, ત્યારે અર્જુન ઉત્તરાનાં વચન સંભારી મત્સ્યના પુત્ર ઉત્તર પ્રત્યે કહેવા લાગ્યા કે હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! જ્યાં સુધી કૌરવો બેભાન છે. ત્યાંસુધી તેઓની વચમાં જા, ને દ્રોણ તથા કૃપાચાર્યનાં ધોળાં વસ્ત્ર, કર્ણનું સુંદર પીતવસ્ત્ર અને અશ્વત્થામા તથા દુર્યોધનનાં લીલાં વસ્ત્ર, લઇ આવ. પણ ભીષ્મને તો હું સાવધાન માનું છું કારણ તેઓ તો એ અસ્ત્રને ટાળવાનું જાણે છે: માટે તારે એમને તથા એમના ઘોડાને ડાબી બાજુ રાખીને જવું. એવાં અર્જુનનાં વચન સાંભળી મહાત્મા વિરાટનો પુત્ર ઉત્તર, રાશ મૂકી રથથી નીચે ઉતરી, મહારથિયોનાં વસ્ત્રો લેવા ગયો, જે જલદીથી લાવી પાછો પોતાના રથ પ્રત્યે ચઢી બેઠો; પાછા સુવર્ણના સાજવાળા ચાર ઘોડાને હાંકવા લાગ્યો. ત્યારે તે શ્વેત ઘોડા કૌરવના સૈન્યને અતિક્રમણ કરી સૈન્યમાંથી નિકળી જવા લાગ્યા. એટલે પુરૂષમાં સિંહરૂપ શૂરવીર અર્જુનને જોઇ, ભીષ્મે તેની ઉપર બાણ નાંખ્યાં ત્યારે ઉત્તમ ધનુષવાળા અર્જુને પણ, દશ બાણથી તેમના ઘોડાને વિંધી તેમને પણ વિંધ્યા, ને આઠ બાણથી તેમના સારથિને વિંધ્યો. પછી

વેગને વિદારણ કરી જેમ સૂર્ય રહે, તેમ રથના સમુદાયના મધ્યથી વિરક્ત થઇ અર્જુન ઉભા રહ્યા, તેટલામાં કૌરવોના શ્રેષ્ઠ યોદ્ધા સંજ્ઞા પામી, રણસંગ્રામમાં છુટા થઈ એકલા ઉભેલા ઇંદ્ર સરખા અર્જુનને જોઈ ઉભા થઇ રહ્યા, તેમને ધૃતરાષ્ટ્રનો પુત્ર જલદીથી પૂછ્વા લાગ્યો કે, આ અર્જુને સંજ્ઞા સહિત થયેલા તમોને, પાછા છુટા ન થાઓ તે રીતે કેમ મર્દન ન કર્યા ? તે સાંભળી શંતનુના પુત્ર ભીષ્મે મ્હોટેથી હાસ્ય કરીને કહ્યું કે, તારી બુદ્ધિ તથા પરાક્રમ ક્યાં ગયાં છે, જે તું એમ બોલે છે. કારણ જો તું પણ બેભાન થઇ વિચિત્ર પ્રકારનાં બાણ તથા ધનુષ ફેંકી પડેલો હતો, પણ એણે તને માર્યો નહીં કેમકે એ બેભાન થઇ પડેલાને મારવા યોગ્ય નથી. કારણ એનું મન શ્રેષ્ઠ છે. જેથી પાપ વિષે જતુંજ નથી. ત્રૈલોક્યના રાજ્ય વાસ્તે પણ એ અધર્મ કરે નહીં માટેજ આપણને આ સંગ્રામ વિષે પડેલા જોઇ એણે માર્યા નહીં. હે કુરૂકુળમાં શૂરવીર ! જલદીથી કુરૂ-દેશ પ્રત્યે જા અને ભલે ગાયોને જીતી અર્જુન પાછો જાઓ ! પણ ઉલટું તારૂં ધન મોહથી મા જાઓ ! માટે જે કલ્યાણરૂપ કામ કરવાનું હોય તે જલદીથી કરો. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એ પ્રમાણે પોતાના પિતામહનું હિતરૂપ વચન સાંભળી, મનોરથ જેનો ભંગ થયો છે એવો, યુદ્ધમાં અસંત ક્રોધી દુર્યોધન, નિશ્વાસ મૂકી ચૂપ થઇ ગયો; એટલે બીજા કૌરવો પણ, ભીષ્મનાં હિતરૂપ વચન સાંભળી અને વૃદ્ધિ પામેલા અર્જુનરૂપી અગ્નિને જોઇ, દુર્યોધનની રક્ષા કરતાં પલાયન કરવાનો મનસુબો કરી જવા લાગ્યાં. પછી શ્રેષ્ઠ કૌરવોને જતા જોઇને, અર્જુને કિંચિત્કાળ વિનયથી બોલી ઉભા રહીને, શંતનુના પુત્ર પિતામહ ભીષ્મને તથા વૃદ્ધ દ્રોણગુરૂને મસ્તકથી પ્રણામ કર્યા, અને અશ્વત્થામા, કૃપાચાર્ય અને બીજા પણ માન્ય કૌરવોને તેમના ચરણ પ્રત્યે બાણ ફેંકવારૂપ પ્રણામ કરીને ઉત્તમ રત્નથી જડેલો વિચિત્ર પ્રકારનો દુર્યોધનનો મુકુટ કાપી નાંખ્યો. પછી માન્ય શૂરવીરોની રજા લઇ, ગાંડીવના શબ્દથી લોકોને વિષે પ્રતિધ્વનિ કરી, દેવદત્ત નામનો શંખ વગાડી તે ચાલ્યો. તેણે ઉત્તરને કહ્યું કે, શત્રુઓ ગયા વાસ્તે પ્રસન્ન થઇ શહેર પ્રત્યે ચાલ. હે ત્યાં આવેલા જનમેજય ! પછી પ્રખ્યાત દેવતાઓ પણ કૌરવો સાથે અર્જુનનું અત્યંત મ્હોટું યુદ્ધ જોઇને, આશ્ચર્યરૂપ તેના કર્મને વખાણતા વખાણતા પોતપોતાના ઘર પ્રત્યે ગયા.

देवास्तु दृष्ट्वामहददद्भुतंत युद्धंकुरूणां सहफाल्गुनेन
जग्मुर्यथास्वं भवनं प्रतीताः पार्थस्य कर्माणि विचिंतयंतः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि समस्तकौरवपलायाने गुर्जर-भाषायां षट्षष्ठित्तमोऽध्यायः ६६ ॥

અધ્યાય ૬૭ મો. ગાયોવાળી ઉત્તરનું પાછા ફરવું.

वैशंपायन उवाच—ततो विजित्य संग्रामे कुरून्सवृषभेक्षणः
समानयामास्त तदा विराटस्य धनं महत् ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે સુંદર નેત્રવાળા અર્જુન, સંગ્રામમાં શત્રુને જીતીને વિરાટની ગાયોનું ધણ લઇ પાછા વળ્યા, ને ધૃતરાષ્ટ્રના પુત્ર ચોતરફથી ભાગી ગયા.

ત્યારે ગાઢા વનમાંથી નીકળી, ત્રાસયુક્ત છે મન જેનાં, એવા બ્રણુાક કૌરવના સૈનિકો, અર્જુનની પાસે આવી છૂટા કેશે હાથ જોડીને ઉભા રહ્યા. પછી ક્ષુધા તથા તૃષાથી પીડાયલા તથા વિદેશ વાસથી દુઃખિત મનવાળા તેઓ સંભ્રાંત થઇ કહેવા લાગ્યા કે, હે પાર્થ ! અમે તમારૂં શું કામ કરીએ ? તે સાંભળી અર્જુને તેઓને કહ્યું કે, તમે સારી રીતે જાઓ, ને તમારૂં કલ્યાણુ થાઓ ! તમે કયારે બ્હીશો નહીં, કારણુ હું પિડાયલાઓને મારતો નથી, માટે અત્યંત તમારૂં આશ્વાસન કરૂં છું. વૈશંપાયન કહે છે હે જનમેજય ! અર્જુનની એવી અભય વાણી સાંભળી, આવેલા યોદ્ધા, "તમારૂં આયુષ તથા યશ વૃદ્ધિ પામો." એ રીતે અર્જુનને આશીષ આપીને ગયા. એ પ્રમાણે મદ ઝરતા હસ્તિની પેઠે, શત્રુને જીતી વિરાટના દેશ પ્રત્યે જતા અર્જુનની પાછળ જવાને કૌરવો સમર્થ ગયા નહીં. પછી અર્જુન મત્સ્ય રાજાના પુત્ર ઉત્તરને કહેવા લાગ્યા કે હે તાત ! તારા પિતા પાસે સર્વ પાંડવો વસે છે, એ તુંજ જાણે છે માટે શહેરમાં જઇ પાંડવોની પ્રશંસા મા કરજે, નહીં તો વિરાટ રાજા ભયથી બીહી જશે. માટે શહેર પ્રત્યે જઇ "કૌરવોની સેના તથા ગાયોને હું જીતી આવ્યો," એમ તારા પિતા પાસે, જાણે તારૂં પોતાનું કરેલું કર્મ હોય તેમ કહેજે, તે સાંભળી ઉત્તર બોલ્યો કે, તમોએ જે અત્યંત કર્મ કર્યું, તે કરવાની મને શક્તિ નથી. તોપણુ હે અર્જુન ! જ્યાં સુધી તમે મને નહીં કહો ત્યાં સુધી હું પિતા પાસે તમારૂં નામ નહીં લઉં. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! પછી બાણુથી ક્ષત થયું છે અંગ જેનું એવા અર્જુન, શત્રુની સેનાને જીતી કૌરવોનું બધું ધન લઇ, સ્મશાન પ્રત્યે તે શમીના વૃક્ષ પાસે આવ્યા. ત્યારે અગ્નિની જેને ઉપમા અપાય એવો તે ધ્વજ મ્હોટા વાનર તથા તેમાં રહેનાર ભૂતો સહિત આકાશમાં ઉડી ગયો. પછી જે ઉત્તરના રથનો સિંહના ચિન્હવાળો ધ્વજ પૂર્વે ત્યાં ઉતારી મૂકેલો હતો, તેની પાછી રથ ઉપર યોજના કરીને, શત્રુને નાશ કરનારાં આયુધ, ભાથા તથા બાણો જ્યાં પૂર્વે હતાં ત્યાં પાછાં મૂકી, મહાત્મા અર્જુન પાછા સારથિ થયા, ને ઉત્તર પ્રસન્ન થઇ શહેર પ્રત્યે જવા લાગ્યો. ત્યારે શત્રુને મારી પરમ આશ્ચર્યરૂપ કર્મ કરનાર અર્જુને, પ્રથમની પેઠે કેશની વેણી કરીને, ઉત્તરના રથના ઘોડાની રાશ ગ્રહણુ કરી. હે જનમેજય ! એ રીતે બૃહન્નલાનું રૂપ ધારણુ કરીને મહાત્મા અર્જુન સારથિ થઇ પ્રસન્નતાથી શહેર પ્રત્યે જવા લાગ્યા. અને પરાધીન થયેલા ત્યાંથી ભાગેલા દીન કૌરવો પાસેથી પાછાં આણેલાં ગાયોનાં કુળોને આણી તથા ઘોડાની ચાકરી કરાવી તેમને પાણી પાઇ તેમની આશ્વાસના કરીને અપરાન્હ વખતે વિરાટના શહેર પ્રત્યે ગયા. શહેરમાં આ પ્રિય વાત કહેવા સારૂ ઉત્તરની આજ્ઞાથી આ ગોવાળીઆ જલદીથી જાય અને તારા જયનો ઘોષ કરાવે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! ત્યારે ઉત્તર અર્જુનના વચનથી જલદીથી દૂતોને આજ્ઞા કરવા લાગ્યો કે, જાઓ ! રાજાને જઇને કહો કે—શત્રુઓ ભાગી ગયા, ગાયોને જીતી અને આપણો જય થયો. હે જનમેજય ! એ રીતે ભરત તથા મત્સ્ય કુળમાં શૂરવીર તથા વિજયથી તૃપ્ત નહીં થયેલા તે બેઉ જણાએ, વિચાર કરી ફરી તે શમી પ્રત્યે જઇને, પૂર્વે ત્યાં મૂકેલું જે આભરણાદિક હતું તે પાછું ધારણુ કરી લીધું. પછી અત્યંત શૂરવીર તથા બૃહન્નલા જેનો સારથિ છે એવો વિરાટનો પુત્ર ઉત્તર, શત્રુની સેનાને પરાભવ પમાડી કૌરવો પાસેથી કેટલુંક ધન લઇ પોતાના શહેર પ્રત્યે આવ્યો.

स शत्रुसेनामभिभूय सर्वामाच्छिद्य सर्वं च धनं कुरुभ्यः
वैराटिरायान्नगरं प्रतीतो बृहन्नला सारथिमांप्रवीरः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गोहरणपर्वणि उत्तरागमने गुर्जरभाषायां सप्तषष्टितमोऽध्यायः ॥ ६७ ॥

અધ્યાય ૬૮ મો. વિરાટરાજાને પડેલી પુત્રની ફીકર.

वैशंपायन उवाच—धनंचापिविजित्याशु विराटोवाहिनीपतिः
विवेशनगरंहृष्ट श्चतुर्भिःपांडवैःसह ॥

વૈશંપાયન કહે છે—હે જનમેજય ! હવે સેનાના પતિ વિરાટ રાજા ગાયોના ધણને જીતી પ્રસન્ન થઇ ચાર પાંડવો સહિત શહેરમાં આવ્યા. તે સમયે સંગ્રામમાં ત્રિગર્તોને જીતી ચોતરફથી ગાયોને પાછી લઇ આવનાર વિરાટરાજા, પાંડવો સહિત રાજ્યશ્રીથી વિંટાઇને શોભતા હતા. પછી સંબંધિયોને હર્ષ વધારનાર શૂરવીર રાજા આસન ઉપર બેઠા, ત્યારે પાંડવો સહિત સર્વ યોદ્ધાઓ તથા બ્રાહ્મણો સહિત સર્વ કારભારીઓ, તેની પાસે બેઠા અને સૈન્ય સહિત તેનાં વખાણ કરવા લાગ્યા. ત્યારે પોતાના પતિ મત્સ્ય રાજાએ, બ્રાહ્મણો તથા કારભારીઓને તેમનાં વખાણ કરી જવાની આજ્ઞા આપી, અને પૂછ્યું કે ઉત્તર ક્યાં ગયો છે ? તે સાંભળી અંતઃપુરના ચાકર, સ્ત્રિયો તથા કન્યાઓએ, બનેલું વૃત્તાંત કહેવા માંડ્યું કે, કૌરવોએ ગાયોનું ધણ હરણ કર્યું, ત્યારે તે રથમાં બેસી આવેલા અતિરથિ જેવા શંતનુના પુત્ર ભીષ્મ, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, દ્રોણાચાર્ય તથા અશ્વત્થામા, એ છ જણ જેમાં મુખ્ય છે એવા કૌરવના સૈન્યને જીતવા સારૂ, ક્રોધથી તપેલો ભૂમિંજય અતિ સાહસથી બૃહન્નલાને સારથિ કરીને એકલો ગયો છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! તે વાત સાંભળી અત્યંત તપેલો વિરાટ રાજા, પોતાના મુખ્ય મંત્રિયો પ્રત્યે કહેવા લાગ્યો કે, જરૂર કૌરવો અને બીજા પણ રાજાઓ, ત્રિગર્તને જીતી આવેલા આપણને સાંભળી ક્યારે પણ ઉભા નહીં રહે. માટે ત્રિગર્તના યુદ્ધમાં જેનાં અંગ ક્ષત થયાં ન હોય, એવા મારા યોદ્ધાઓ મ્હોટું સૈન્ય લઇ ઉત્તરના પ્રાણની રક્ષા વાસ્તે જાઓ ! એમ કહી તેણે વિચિત્ર પ્રકારનાં શસ્ત્ર તથા આભરણથી શોભિતા ઘોડા, હસ્તિ, રથ તથા શૂરવીર છે પાયદળ જેમાં, એવી ચતુરંગિણી સેના તૈયાર કરાવી, અને કહ્યું કે જાઓ ! જલદીથી ઉત્તરકુમારની ખબર કાઢો કે તે જીવે છે કે નથી જીવતો. પણ તે જીવતો નહીંજ હોય, એમ હું માનું છું, કારણ તેનું સારથિપણું કરવા ષંઢ ગયો છે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! તે સાંભળી હાસ્ય કરી ધર્મરાજાએ અત્યંત તપેલા વિરાટરાજા પ્રત્યે કહ્યું કે હે નરેંદ્ર ! બૃહન્નલા જો સારથિ છે, તો તે ગાયોને શત્રુઓ લઇ જઇ નહીં શકે, કારણ તે સારથિએ કરી તારો પુત્ર, સર્વ રાજાઓ સહિત કૌરવોને અને દેવ, અસુર, સિદ્ધ તથા યક્ષોને પણ જીતવાને સમર્થ થઇ શકશે. વૈશંપાયન કહે છે—હે જનમેજય ! તેટલામાં ઉત્તરકુમારે મોકલેલા જલદીથી ચાલનાર તે દૂતોએ વિરાટના શહેર પ્રત્યે આવી તેના જયના સમાચાર કહ્યા. તે સાંભળી મંત્રિએ વિરાટરાજા પાસે જઇ કહ્યું કે, ઉત્તમ જય અને કૌરવોનો પરાજય થયો છે. સર્વ ગાયો જીત્યા અને સારથિ સહિત ભૂમિંજય કુશળ

છે. તે સાંભળી વળી યુધિષ્ઠિર રાજા બોલ્યા કે, ગાયો વાળી લાવ્યા તથા કૌરવો પલાયન કરી ગયા, એ ઘણું સારૂં થયું, પણ હે વિરાટરાજન ! તારો પુત્ર જે કૌરવોને જીત્યો, એમાં હું અત્યંત આશ્ચર્ય માનતો નથી, કારણ જેનો બૃહન્નલા સારથિ હોય, તેનો જય થયા વિના રહેજ નહીં. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી હર્ષથી શરીરે ઉભાં થયાં છે રૂંવાં જેને એવો વિરાટરાજા, ઘણાક પરાક્રમવાળા પોતાના પુત્રનો વિજય સાંભળી, ત્યાં આવેલા દુતોને પોશાક આપીને, મંત્રિ પ્રત્યે કહેવા લાગ્યો કે, રાજમાર્ગોમાં ધ્વજા પતાકા ચઢાવો, ને પુષ્પ તથા બલિદાનથી દેવતાઓની પૂજા કરાવો. વળી બાળક, મુખ્ય યોદ્ધા, શણગારેલી ગણિકાઓ તથા સર્વ પ્રકારનાં વાદિત્રો સહિત મારા પુત્રની સામા જાઓ. મોટા ઘંટા ધારણ કરનાર મદોન્મત્ત હસ્તિ ઉપર બેસી સર્વ માણસ જલદીથી ચૌટાઓમાં મારો વિજય જાહેર કરો. ઉત્તરા પણ શણગરાઇને વણીક કુમારિકાઓ સહિત મારા પૂત્રની સામી જાઓ ! વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ પ્રમાણે વિરાટનાં વચન સાંભળી શહેરનાં બધાં મનુષ્યોએ શણગરાઈ હાથમાં મંગળ દ્રવ્ય લીધાં; અને ઢોલ, તુરિ આદિ વાદિત્ર, શંખ અતિ ઉત્તમ વેષથી શોભાયમાન સ્ત્રિયો, સૂત માગધ જયનાં વાદિત્ર તથા પણુવ નામનાં વાદિત્ર સહિત તેઓ શહેરમાંથી નીકળી મહા ચતુર વિરાટરાજા સેના, કન્યાઓ, તથા શણગારેલી ગણિકાઓને પુત્રની સામે મોકલી, પ્રસન્ન થઇ આવી રીતે કહેવા લાગ્યો કે હે સૈરંધ્રિ ! પાસા લઇ આવ ને હે કંક ! તમે દ્યૂત પ્રવર્તાવો. તે સાંભળી યુધિષ્ઠિરે કહ્યું કે, હર્ષ પામેલા મનુષ્યે છળ કરનાર કપટી સાથે પાસે રમવું નહીં, એમ મેં સાંભળ્યું છે. માટે તમે આજ હર્ષયુક્ત થયેલા છો તેથી તમારી સાથે પાસે રમવાનો હું ઉત્સાહ રાખતો નથી, તોપણ તમોને ખુશી કરવાને ઇચ્છું છું, માટે તમારે આગ્રહ હોય તો રમું. તે સાંભળી વિરાટે કહ્યું કે, સ્ત્રિયો, ગાયો, સુવર્ણ અને બાકી પણ જે કંઇ ધન છે, તે દ્યૂત વિનાપણ તમારાથી મારે કંઇ સંતાડવાનું નથી. ત્યારે કંકે કહ્યું કે હે માનદ ! દોષયુક્ત દ્યૂતનું તમારે શું પ્રયોજન છે ? તે રમવામાં ઘણાક દોષ છે, માટે તેને ત્યાગ કરવું જોઇએ. હે રાજન ! પાંડવ યુધિષ્ઠિર રાજાને તમે દીઠા વા સાંભળ્યા હશે. જે પોતાનો સમૃદ્ધિવાન દેશ, દેવ સરખા ભાઇયો અને સર્વ રાજ્ય પણ હારી ગયા હતા. તેથી મને દ્યૂત રૂચતું નથી, એમ છતાં પણ જો તમને રૂચતું હોય તો રમીએ. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી વિરાટની ઇચ્છાથી દ્યૂત પ્રવર્તમાન થયું, ત્યારે તેણે રમતાં રમતાં યુધિષ્ઠિર પ્રત્યે કહ્યું કે, જો ! મારા પુત્રે યુદ્ધમાં કેવા પરાક્રમી કૌરવોને જીત્યા ! તે સાંભળી મહાત્મા યુધિષ્ઠિરે કહ્યું કે, બૃહન્નલા જેનો સારથિ હોય તે સંગ્રામમાં કેમ જીતે નહીં ! તે સાંભળી ક્રોધાવિષ્ટ થયેલા વિરાટે યુધિષ્ઠિર પ્રત્યે કહ્યું કે, હે બ્રાહ્મણમાં અધમ ! મારા પુત્ર સાથે નપુંસકને કેમ વખાણે છે ? શું બોલવું યોગ્ય અને શું અયોગ્ય છે તે તો તું જાણતોજ નથી. તું નિશ્ચય મારૂં અપમાન કરે છે, કારણ ભીષ્મ તથા દ્રોણ છે મુખ્ય જેમાં, એવા કૌરવોને મારો પુત્ર શું કરવા ન જીતે ? પણ હે બ્રાહ્મણ ! તું અવસ્થાએ કરી મારા સમાન છે, તેથી તારો અપરાધ ક્ષમા કરૂં છું. પણ જો જીવવાને ઇચ્છતો હોય, તો ફરીને એવું બોલીશ નહીં. તે સાંભળી યુધિષ્ઠિર બોલ્યા કે, જેની સાથે દ્રોણ, ભીષ્મ, અશ્વત્થામા, કર્ણ, કૃપાચાર્ય, દુર્યોધન, તથા બીજા મહારથિયો છે, એવા એકઠા થયેલા કૌરવો પ્રત્યે બૃહન્નલા વગર બીજો કોણ યુદ્ધ કરે ? કારણ વાયુ સહિત ઇંદ્ર આવે તોપણ કૌરવોને પહોંચે નહીં. વળી બાહુબળ વિષે જે સરખો કોઇ થયો નથી ને થશે પણ નહીં, જેને સંગ્રામ જોઇ અત્યંત હર્ષ થાય, ને જેણે એકઠા થયેલા દેવ અસુર

તથા મનુષ્યોને જીત્યા હતા, તેની સહાયતાથી શું કરવા ઉત્તર જીતે નહીં ? તે સાંભળી વિરાટે કહ્યું કે, તને ઘણીવાર વાર્યો, તોપણ તું તારી વાણી નિયમમાં રાખતો નથી, માટે તારે માથે કોઇપણ નિયમ રખાવનાર જોઇએ. કારણ નિયમમાં રખાવનાર ન હોય તો, કોઇપણ ધર્માચરણ કરે નહીં. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી ક્રોધાવિષ્ટ થયેલા વિરાટે યુધિષ્ઠિરને, " તારે એમ બોલવું નહીં " એમ કહી તિરસ્કાર કરી જોરથી તેના મ્હોઢા ઉપર પાસો માર્યો, જે નાસિકા ઉપર વાગ્યો, તેથી નાસિકામાંથી રૂધિર વહેવા લાગ્યું, જે પૃથ્વીપર પડયું નહોતું, તેટલામાં ધર્માત્મા યુધિષ્ઠિરે પોતાના બંને હાથમાં ઝીલી લીધું, ને પાસે ઉભેલી દ્રૌપદીની સામું જોયું. ત્યારે સ્વામિના ચિત્તને અનુસરનારી પવિત્ર દ્રૌપદીએ, તેમનો અભિપ્રાય જાણી પાણીથી ભરેલું સુવર્ણનું પાત્ર લઇ આવીને, તેમાં તે રૂધિર ગ્રહણ કર્યું. તેટલામાં નાના પ્રકારનાં સુંદર માલ્યાદિ પુષ્પોનો વર્ષાદ જેની ઉપર થઇ રહ્યો છે એવો ઉત્તરકુમાર પ્રસન્નતાથી પોતાના શહેર પ્રત્યે આવ્યો. શહેરનાં મનુષ્યો, સ્રિયો તથા દેશનાં મનુષ્યોથી સત્કાર પામી, તેણે ઘરના દરવાજા પાસે આવી પિતાને કહેવરાવ્યું ત્યારે દ્વારપાળે અંદર જઇ વિરાટ પ્રત્યે કહ્યું કે, બૃહન્નલા સહિત તમારા પુત્ર ઉત્તર દરવાજા પાસે ઉભા છે. તે સાંભળી પ્રસન્ન થયેલા વિરાટે દ્વારપાળને કહ્યું કે, તે બેઉને કહે કે જલદીથી આવે. હું તેઓને જોવાની ઇચ્છા સારૂ ઉભો છું. તેટલામાં યુધિષ્ઠિરે, દ્વારપાળને કોઇ સાંભળે નહીં તેમ કાનમાં કહ્યું કે, એકલા ઉત્તરને અંદર આવવાનું કહે, હાલ બૃહન્નલાને અંદર લાવીશ નહીં. કારણ હે મહાબાહો ! એને એવું વ્રત છે જે, મારા અંગમાં સંગ્રામ વગર કોઇ ક્ષત કરે વા લોહી કાઢે, તો તેને માર્યા વિના મૂકે નહીં માટે અહીં મને રૂધિર સહિત દેખી તે સહન કરી શકશે નહીં, ક્રોધથી કારભારી, સૈન્ય તથા વાહન સહિત વિરાટને તે મારી નાંખશે. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી રાજાના મ્હોટા પુત્ર ભૂમિંજયે, એકલો ઘરમાં આવી પિતાના ચરણમાં પ્રણામ કરી, યુધિષ્ઠિરને પણ પ્રણામ કર્યા. પછી તે જમીન ઉપર એકાંતમાં બેઠેલા તથા સૈરંધ્રી જેની સેવા કરે છે, એવા નિરપરાધી યુધિષ્ઠિરને વ્યગ્ર તથા રૂધિર સહિત જોઇને જલદીથી પોતાના પિતાને પૂછવા લાગ્યો કે હે રાજન્ ! આમને કોણે માર્યા ? આ પાપ કોણે કર્યું ? વિરાટે કહ્યું કે એ માર ખાવા યોગ્ય નથી, તોપણ એણે કપટ કર્યું તેથી મેં માર્યો. કારણ શૂરવીર એવા તને હું વખાણતો હતો, ત્યાં એણે પંઢનાં વખાણ કર્યાં. તે સાંભળી ઉત્તરે કહ્યું કે હે રાજન્ ! તમે ન કરવાનું કામ કર્યું, માટે એને જલદીથી પ્રસન્ન કરો. બ્રાહ્મણ રૂપી ભયંકર વિષ તમોને માં બાળો ! વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એવાં પુત્રનાં વચન સાંભળી દેશને વધારનાર વિરાટરાજા રાખથી ઢંકાઇ ગયેલા અગ્નિ સરખા યુધિષ્ઠિરની ક્ષમા માગવા લાગ્યા. ત્યારે યુધિષ્ઠિરે વિરાટને કહ્યું કે હે રાજન્ ! મેં તો ઘણી વારથી ક્ષમા કર્યું છે, મને તે નિમિત્ત ક્રોધ છે નથી; પણ હે મહારાજ ! આ રૂધિર જો મારા નાકમાંથી પૃથ્વી ઉપર પડયું હોત તો દેશ સહિત તારો નાશ થાત, એમાં સંશય નહીં. હે રાજન ! પારકી નિંદા ન કરનારને મારવો, એ તારૂં કર્મ દોષ દેવા લાયક છે, તોપણ હું તને દોષ દેતો નથી. કારણ બળવાન રાજા કોઇ વખત દારૂણ કર્મ કરેજ છે. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! પછી વહેતું રૂધિર બંધ થયું, ત્યારે બૃહન્નલાએ અંદર આવી વિરાટને પ્રણામ કરી, કંકને પણ પ્રણામ કર્યા. તે સમયે યુધિષ્ઠિરને જેણે ક્ષમા આપેલી છે એવા વિરાટ રાજા, અર્જુન સાંભળે તેવી રીતે સંગ્રામમાંથી આવેલા ઉત્તરની

પ્રશંસા કરવા લાગ્યા કે, હે કૈકેયિને આનંદ વધારનાર ! તારાથી હું પુત્રવાન છું, તારા જેવો પુત્ર મને પ્રાપ્ત થયો પણ નથી, ને હવે પછી થશે પણ નહીં. હે પુત્ર ! જે હજાર નિશાનો વિંધવાના હોય તો તે બાણોથી વિંધે, પણ તેમાંથી એક ચૂકે નહીં, એવા કર્ણ સાથે તારે કેવી રીતે યુદ્ધ થયું ? અને સમસ્ત મનુષ્ય લોકમાં જેના સરખો બીજો કોઇ મળે નહીં એવા ભીષ્મ સાથે, ને એ સર્વ કૌરવ, પાંડવ તથા સર્વ ક્ષત્રિયોના પણ આચાર્ય તથા સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ તથા શૂરવીર જે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા વિખ્યાત છે તેની સાથે, અને સંગ્રામમાં જેને જોઇને, ધન ગયેલા વૈશ્યની પેઠે શત્રુ ખેદ પામે છે, તે કૃપાચાર્ય સાથે તારે કેવી રીતે યુદ્ધ થયું ? તથા હે પુત્ર ! જે મ્હોટા બાણોથી પર્વતને વિંધે તે રાજપુત્ર દુર્યોધન સાથે તારે કેવી રીતે સંગ્રામ થયો ? તે સર્વ મને વિસ્તારથી કહે. મારા શત્રુઓ પરાભવ પામ્યા, ને મને વાયુ પણ ઘણા સુખરૂપ વાય છે. કારણ તું કૌરવોએ હરેલા ધણને સંગ્રામમાં જીત્યો. હે મનુષ્યમાં શ્રેષ્ઠ ! તે સર્વ બળવાન કૌરવો ભયભીત થયા ત્યારે તેઓને સંગ્રામમાં જીતી, સિંહ જેમ માંસને ગ્રહણ કરે, તેમ તેં સર્વ ગોધન ગ્રહણ કર્યું.

तषां भयाभिपन्नानां, सर्वेषां बलशालिनां
नूनं प्रकाल्यतान्सर्वास्त्वया युधि नरर्षभ ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गुर्जरभाषायामष्टषष्ठितमोऽध्यायः ॥६८॥

અધ્યાય ૬૯ મો. મારૂં નહિ પણ દેવપુત્રનું પરાક્રમ. છે.

उत्तर उवाच—न मया निर्जिता गावो, न मया निर्जिताः परे
कृतं तत्सकलं तेन देवपुत्रेण केनचित् ॥

ઉત્તર કહે છે—મેં ગાયો જીતી નથી, તેમ શત્રુને પણ જીત્યા નથી, એ સર્વ કાર્ય તો દેવપુત્રે કર્યું છે. ભયભીત થઇને ભાગેલા મને તે દેવપુત્રે વારી રાખ્યો. તે વજ્ર સરખાં સહનશીલ અંગવાળો, યુવાન, રથના મધ્યમાં બેઠેલો હતો. હે પિતા ! ગાયો તેણે જીતી અને શત્રુને પરાભવ પણ તેણેજ પમાડયા માટે એ સર્વ કર્મ તે શૂરવીર દેવપુત્રનું છે મારૂં કરેલું નથી. વળી રથમાં બેઠેલા શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, અશ્વત્થામા, કર્ણ, ભીષ્મ, તથા દુર્યોધન, એ સર્વને પણ બાણોથી તેણે વિમુખ કર્યા. અને યૂથના પતિ હસ્તિની પેઠે હાથી ઉપર બેસીને આવેલા વિકર્ણને પણ તેણેજ વિમુખ કર્યો. તથા સંગ્રામથી ભાગેલા રાજપુત્ર દુર્યોધનને, મહા બળવાન તે દેવપુત્રેજ કહ્યું કે, " ત્યાં હસ્તિનાપુરમાં પણ તારા કોઇ રક્ષણ કરનારને હું જોતો નથી; માટે હે કૌરવના પુત્ર ! યુદ્ધથી જીવિતની ઇચ્છા કર. હે રાજન્ ! કદી તું ભાગીશ તોપણ બચીશ નહીં, વાસ્તે યુદ્ધ વિષે મન કર જેથી જીતીશ તો પૃથ્વીને ભોગવીશ, અને હણાઇશ તો સ્વર્ગને પામીશ. " તે સાંભળી રથમાં બેસી કારભારીયો સહિત, સર્પની પેઠે શ્વાસોચ્છ્વાસ લેતો મનુષ્યમાં સિંહરૂપ દુર્યોધન, વજ્ર સરખાં બાણ ફેંકતો પાછો વળ્યો. હે શ્રેષ્ઠ પિતા ! તેને જોઇ મારાં રોમ ઉભાં થયાં અને સાથળ કંપવા લાગ્યા. પછી તે શૂરવીર, સિંહ સરખા દૃઢ શરીર તથા યુવાવસ્થાવાળા એકલા દેવપુત્રે, તે સિંહ સરખા પરાક્રમી દુર્યોધનના સૈન્યને બાણથી વિંધ્યું, ને મ્હોટેથી હાસ્ય કરી મોહ પામેલા કૌરવોના વસ્ત્ર હરણ કરી લીધાં અને ભીષ્માદિક છ રથિયોને પણ, મદોન્મત્ત વ્યાઘ્ર

જેમ વનચર મૃગોને જીતે તેમ જીતી લીધા. તે સાંભળી વિરાટે પૂછ્યું કે, જેણે સંગ્રામને વિષે કૌરવોએ હરેલું મારૂં ગોધન જીત્યું, તે શૂરવીર, મ્હોટા યશ તથા બાહુવાળો દેવપુત્ર ક્યાં છે ? તે મહા બળવાનને હું જોવા તથા પૂજા કરવાને ઇચ્છું છું, કારણ જેણે મારી ગાયોની તથા તારી રક્ષા કરી ! તે સાંભળી ઉત્તરે કહ્યું કે, તે મહા બળવાન દેવપુત્ર ત્યાંજ અંતર્ધાન થઇ ગયો, પણ તે કાલ વા પરમ દહાડે પાછો દેખાશે એમ હું માનું છું. વૈશંપાયન કહે છે— હે જનમેજય ! એ રીતે ઉત્તરે કહેલા કપટથી ઢંકાયલા અર્જુનને, પોતાની પાસે વસે છે તોપણ સેનાપતિ વિરાટે ઓળખ્યા નહીં. પછી મહાત્મા વિરાટે આજ્ઞા કરી ત્યારે અર્જુને, તે લઇ આવેલા કૌરવનાં વસ્ત્ર ઉત્તરાકુંવરીને આપ્યાં. ત્યારે તે નવાં તથા અમૂલ્ય નાના પ્રકારનાં વસ્ત્રો લઇ ઉત્તરા પ્રસન્ન થઇ. હે જનમેજય ! પછી કુંતીના પુત્ર અર્જુને, મહાત્મા ઉત્તર સાથે યુધિષ્ઠિર વિષે જે સર્વ કર્તવ્યતા હતી તે વિષે વિચાર કર્યો હતો તે રીતે મત્સ્યના પુત્ર ઉત્તર સહિત તે પ્રસન્ન થયેલા ભરતકુળમાં શ્રેષ્ઠ પાંડવોએ કર્યું.

ततस्तथा तद्व्यवधाद् यथावत् पुरुषर्षभ
सहपुत्रेण मत्स्यस्य प्रहृष्टा भरतर्षभाः ॥

इति श्रीमहाभारते विराटपर्वणि गुर्जरभाषायामेकोनसप्ततितमोऽध्यायः ॥६९॥

અધ્યાય ૭૦ મો. વૈવાહિક પર્વ–પાંડવોનું પ્રગટ થવું.

**वैशंपायन उवाच--ततस्तृतीये दिवसे भ्रातरः पंचपांडवाः
स्नाताः शुक्लांबरधराः समये चरित व्रताः ॥**

વૈશંપાયન કહે છે કે, હે જનમેજય ! પછી તે દિનથી ત્રીજે દિવસે કર્યાં છે વ્રત જેણે, એવા પાંચે પાંડવ ભાઇયોએ, વખત આવ્યો ત્યારે સ્નાન કરી શુક્લ વસ્ત્ર ધારણ કર્યાં. પછી તે સુંદર આભરણથી શોભિતા, દ્વાર વિષે મ્હોટા હાથી હોય નહીં તે સરખા શોભાયમાન, તથા અગ્નિની જેને ઉપમા અપાય એવા મહારથિ પાંડવો, યુધિષ્ઠિરને આગળ કરી વિરાટની સભામાં જઇને, રાજાના આસનો ઉપર બેઠા, ને જેમ કુંડમાં અગ્નિ શોભે તે પ્રમાણે શોભવા લાગ્યા. તેટલામાં પૃથ્વીનો પતિ વિરાટ રાજા રાજકીય કામ કરવા સારૂ સભા પ્રત્યે આવ્યો, ત્યાં પ્રજ્વલિત અગ્નિ સરખા શોભાયમાન પાંડવોને બેઠેલા જોઇ, કિંચિત્કાળ મનમાં વિચાર કરી ક્રોધયુક્ત થઇને, મત્સ્ય રાજા, વાયુના ગણે સેવેલા ઇંદ્રની પેઠે બેઠેલા દેવ સરખા રૂપવાળા કંકને કહેવા લાગ્યા કે, મેં તને પાસા ફેંકવા માટે સભાસદ કરી રાખેલ છે, ને તું રાજ્યાસન ઉપર શણગરાઇને કેમ બેઠો છે ? વૈશંપાયન કહે છે—હે જનમેજય ! એવું હાસ્ય સરખું વિરાટનું વાક્ય સાંભળી, આશ્ચર્ય પામતા અર્જુન આવી રીતે વચન કહેવા લાગ્યા કે હે રાજન ! આ ઇંદ્રના અર્ધાસન પર બેસવાને યોગ્ય છે. કારણ આ બ્રાહ્મણ જેને વ્હાલા છે એવા, શાસ્ત્ર સંપન્ન, દાની, યજ્ઞશીલ તથા દઢ વ્રતવાળા મૂર્તિમાન ધર્મ છે, જે પરાક્રમિયોમાં શ્રેષ્ઠ, લોકમાં બુદ્ધિમાન, તપશ્ચર્યાનું સ્થાન અને સચરાચર ત્રૈલોક્યમાં વિવિધ પ્રકારની અસ્ત્રવિદ્યા જાણનાર છે. એના જેવો બીજો કોઇ પુરૂષ હું જાણતો, પણ નથી, અને હવે પછી જાણીશ પણ નહીં. તેમ દેવતા, મનુષ્ય, અસુર, રાક્ષસ, ગંધર્વ, યક્ષ, કિન્નર તથા મહા સર્પ, એમાંથી કોઇપણ એની મહત્તાને ન પામે. જે દીર્ઘ દૃષ્ટિવાળા,

મ્હોટા તેજસ્વી, શહેર તથા દેશનાં મનુષ્યો છે પ્રિય જેને એવા, પાંડવોમાં અતિરથિ, ધર્મ- માં તત્પર, પોતાને વશ, મ્હોટા ઋષિ સરખા, સર્વ લોકમાં વિખ્યાત, બળવાન, ધૈર્યવાન, ચતુર, જીતેંદ્રિય અને ધન તથા સંચયથી ઇંદ્ર તથા કુબેર સરખા છે. અને જેમ મ્હોટા તેજ- વાળો મનુષ્ય લોકની રક્ષા કરે, તેમ એ મહાત્મા પ્રજાને અનુગ્રહ કરનાર છે, એવા આ કૌરવોમાં શ્રેષ્ઠ ધર્મરાજા યુધિષ્ઠિરની ઉદય થયેલા સૂર્યની પ્રભા સરખી કીર્તિ છે, અને ઉદય થયેલા સૂર્યની પાછળ જેમ તેનાં કિરણો પ્રસરે છે, તેમ આના યશનાં કિરણો પણ દિશાઓ પ્રત્યે પ્રસરે છે. હે રાજન્! જ્યાં સુધી એ કુરૂદેશમાં વસતા હતા, ત્યાંસુધી વેગવાન દશ હજાર હાથી તથા સુવર્ણથી શોભિતા સુંદર ઘોડા જોડેલા ત્રીસ હજાર રથ, એની પાછળ ચાલતા હતા; અને સ્વર્ગમાં ઇંદ્રની જેમ ઋષિઓ સ્તુતિ કરે, તેમ સુંદર મણિ- નાં કુંડળથી શણગારેલા માગધો સહિત આઠસો સૂત એમની સ્તુતિ કરતા હતા. હે રાજ- ન્! કૌરવો તથા સર્વ બીજા રાજા તેમને ચાકરની પેઠે, દેવતા જેમ કુબેરને સેવે તેમ સેવતા હતા. વળી આ મહા ભાગ્યવાન રાજાએ, સ્વતંત્ર પૃથ્વીપતિ રાજાઓને, વૈશ્યોની પેઠે વેરો આપનાર તથા પોતાને વશ કર્યા હતા. આ રૂડા વ્રતવાળા રાજાની પછવાડે બ્રહ્મચર્ય પાળી ગૃહસ્થાશ્રમી થયેલા અઠયાશી હજાર બ્રાહ્મણ પળાતા હતા, ને એ સમર્થ રાજા વૃદ્ધ, અનાથ, પાંગળા તથા અંધ મનુષ્યોને પણ પ્રજા ધર્મથી પુત્રની પેઠે પાળતા હતા. વળી આ ક્રોધ તથા ઈંદ્રિયોને જીતેલા, ધર્મ તથા વ્રતમાં તત્પર, મ્હોટા પ્રમાદવાળા સત્યવાદી તથા બ્રાહ્મ- ણ જેને પ્રિય છે એવા રાજા છે. જેના તાપથી કર્ણ તથા શકુનિ આદિ લઇ પોતાના મિત્રો સહિત દુર્યોધન તપે છે માટે હે નરેશ્વર! એના ગુણની ગણના થઇ શકે તેમ નથી. હે પૃથ્વીપતિ મહારાજ! એ રીતે યોગ્ય તથા રાજાઓમાં શ્રેષ્ઠ મહારાજા યુધિષ્ઠિર, રાજ્ય યોગ્ય આસન ઉપર બેસવા લાયક છે.

एवं युक्तो महाराजः पांडवः पार्थिवर्षभः
कथं नार्हतिराजार्हमासनं पृथिवीपते ॥

इति श्रीमहाभारते विराटपर्वणि वैवाहिकपर्वणि पांडवप्रकाशे गुर्जरभाषायां सप्ततितमोऽध्यायः ॥ ७० ॥

અધ્યાય ૭૧ મો. વિરાટનો પ્રત્યુપકાર.

विराट उवाच—यद्येषराजाकौरव्यः कुंतिपुत्रो युधिष्ठिरः
कतमोस्यार्जुनोभ्राता भीमश्चकतमो बली ॥

વિરાટ કહે છે—જ્યારે આ કુરૂકુળમાં ઉત્પન્ન થયેલા કુંતીના પુત્ર યુધિષ્ઠિર રાજા છે, ત્યારે એનો ભાઇ અર્જુન કોણ? તથા બળવાન ભીમસેન કોણ છે? અને નકુળ, સહદેવ તથા યશસ્વિની દ્રૌપદી ક્યાં? પાંડવો તો જ્યારથી દ્યૂતમાં પરાજય પામ્યા છે ત્યારથી ક્યારે પણ જાણવામાં આવ્યા નથી. તે સાંભળી અર્જુને કહ્યું કે, હે નરાધિપ! હે મહા- રાજ! જે આ તમારી રસોઇ કરનાર "હું બલ્લવ છું" એમ કહે છે, તે ભયંકર વેગ તથા પરાક્રમવાળા ભીમસેન જાણવા. જે ક્રોધવશ નામના દૈત્યગણને મારીને, ગંધમાદન પર્વતને વિષે દ્રૌપદી વાસ્તે સૌગંધિક દિવ્ય કમળો લઇ આવ્યા હતા. વળી દુરાત્મા કીચકને માર- નાર ગંધર્વ પણ આ. જે તમારા અંતઃપુરમાં વાઘ, રીંછ તથા વરાહોની સાથે વઢતા હતા;

અને જે તમારો ચાબુકસ્વાર હતો તે શત્રુને તપાવનાર નકુળ, ને જે ગાયોનો રક્ષક હતો તે આ સહદેવ. એ બેઉ જણા રૂડા શૃંગાર, વેષ તથા આભરણવાળા, યશસ્વી, ઉત્તમ રૂપવાન, હજારો મહારથિયોમાં સમર્થ તથા ભરતકુળમાં શ્રેષ્ઠ માદ્રિના પુત્રો છે. હે રાજન્! આ કમળપત્ર સરખાં નેત્રવાળી તથા રૂડો છે મધ્યભાગ જેનો એવી સુંદર હાસ્યવાળી સૈરંધ્રી દ્રૌપદી છે, જે વાસ્તે કીચકો હણાયા. હે મહારાજ! તેં જે અર્જુન સાંભળેલો છે, તે આ ભીમથી નાનો અને નકુળ સહદેવથી મ્હોટો હું, હે પોતે. હે રાજન! તારા રાજ્યમાં અમે સુખે કરી રહ્યા, ને ગર્ભમાં જેમ પ્રજા રહે, તેમ અજ્ઞાત વાસ પણ કર્યો. વૈશંપાયન કહે છે-- હે જનમેજય! એ રીતે અર્જુને તે શૂરવીર પાંચે પાંડવોને ઓળખાવ્યા, ત્યારે વિરાટનો પુત્ર ઉત્તર, અર્જુનનું પરાક્રમ કહેવા સારૂ ફરીથી પાંડવોને ઓળખાવતો પિતાને કહેવા લાગ્યો કે, આ સુવર્ણ સરખા, શુદ્ધ ગૌર શરીરવાળા, મ્હોટા સિંહ સરખા પરાક્રમી, મ્હોટી નાસિકાવાળા અને વિસ્તીર્ણ તથા લાલ છે નેત્ર જેનાં એવા યુધિષ્ઠિર, ને આ હસ્તિ સરખી ગાતવાળા, તપાવેલા સુવર્ણ સરખા, ગૌર વર્ણવાળા, અને વિસ્તીર્ણ ખભા તથા લાંબા હાથવાળા ભીમસેન છે, તેને જુઓ! વળી એનીજ પાસે ઉભેલા આ મ્હોટા ધનુષવાળા, યુવાવસ્થાવાન, મ્હોટા હસ્તિની જેને ઉપમા અપાય એવા, સિંહના સરખા ઉન્મત્ત ખભાવાળા તથા કમળ સરખાં વિસ્તીર્ણ છે નેત્ર જેનાં એવા શૂરવીર અર્જુન છે. રાજાની પાસે ઇંદ્ર તથા વિષ્ણુ સરખા, પુરૂષમાં ઉત્તમ, અને સમગ્ર લોકમા રૂપ, બળ તથા શીલ વિષે જેના જેવા બીજા કોઈ નથી, એવા આ નકુળ અને સહદેવ છે, તથા એ બેઉની પાસે સુવર્ણ સરખા ઉત્તમ અંગવાળી, ગૌર છે વર્ણ જેનો, જાણે મૂર્તિમાન કાંતિ તથા લક્ષ્મી હોયના એવી, નીલ કમળ સરખી કાંતિવાળી તથા જાણે દેવની દેવતા હોય નહીં એવી આ દ્રૌપદી છે. વૈશંપાયન કહે છે--હે જનમેજય! એ રીતે ઉત્તરકુમાર, રાજા પાસે પાંચે પાંડવોને ઓળખાવી અર્જુનનું પરાક્રમ કહેવા લાગ્યો કે, હે પિતા! મૃગોને સિંહ મારે, તેમ શત્રુને મારનાર આ અર્જુન, શ્રેષ્ઠ રથીઓનો નાશ કરતા રથોના વૃંદમાં ફરતા હતા. એમણે સંગ્રામને વિષે એક બાણથી વિંધેલો સુવર્ણની ઝુલવાળો હસ્તિ દાંતભર પૃથ્વી ઉપર પડી ગયો, ને યુદ્ધમાં ગાયો તથા કૌરવોને પણ એજ જીત્યા. એના શંખના શબ્દથી મારા કાન બ્હેરા થઇ ગયા હતા. વૈશંપાયન કહે છે-- હે જનમેજય! એવાં ઉત્તરનાં વચન સાંભળી યુધિષ્ઠિરને વિષે કર્યો છે અપરાધ જેણે એવા પ્રતાપવાન વિરાટરાજા, ઉત્તર પ્રત્યે કહેવા લાગ્યા કે આ વખત યુધિષ્ઠિરને પ્રસન્ન કરવાનો છે એમ મને લાગે છે, માટે તારી ઇચ્છા હોય તો અર્જુનને ઉત્તરા આપું. તે સાંભળી ઉત્તરે કહ્યું કે, પાંડવો આર્ય, પૂજ્ય, તથા માન્ય છે, ને આ વખત એમને પ્રસન્ન કરવાનો છે એમ હું પણ માનું છું. માટે મ્હોટા ભાગ્યવાળા તથા પૂજા કરવા લાયક પાંડવોની પૂજા કરો. તે સાંભળી વિરાટે કહ્યું કે, હું પણ સંગ્રામને વિષે શત્રુને વશ થયો હતો, પણ ભીમસેને મને મૂકાવ્યો. ગાયો પણ એણે જીતી માટે એઓના મ્હોટા પરાક્રમથીજ આપણો સંગ્રામમાં જય થયો. વાસ્તે હે પુત્ર! આપણે સર્વ કારભારીયો સહિત પાંડવોમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરને ભાઇયો સહિત પ્રસન્ન કરીએ, તારૂં કલ્યાણ થાઓ! ધર્માત્મા યુધિષ્ઠિર, અજાણથી આપણે કંઇ કહ્યું હશે, તે બધું ક્ષમા કરવા યોગ્ય છે. વૈશંપાયન કહે છે-હે જનમેજય! એ રીતે પ્રસન્ન થયેલા મહાત્મા મત્સ્ય રાજાએ પુત્ર સાથે નિશ્ચય કર્યો, ને પછી અર્જુનને મુખ્ય કરી સર્વ પાંડવો પ્રત્યે ભંડાર તથા દંડ સહિત રાજ્ય અર્પણ કર્યું, અને પાંચ ભાઇયોને મળી તેઓનું મસ્તક સુંધી "બહુ સારૂં બહુ સારૂં

એમ કહી જેમને જોઇને તૃપ્તિ જેને થતી નથી એવા વિરાટ રાજા, પ્રસન્ન થઇ યુધિષ્ઠિર પ્રત્યે કહેવા લાગ્યા કે: તમે સર્વ ભાઇઓ વનમાંથી કુશળ આવ્યા, એ બહુ સારૂં થયું, અને દુરાત્મા દુર્યોધનાદિક ન જાણે તે રીતે કષ્ટરૂપ અજ્ઞાતવાસ કર્યો, તે પણ ઘણું સારૂં થયું. હવે પાંડવ યુધિષ્ઠિર વાસ્તે આ રાજ્ય તથા બીજું પણ જે કંઇ હોય તે બધું બેશક પોતાનું ગણી ગ્રહણ કરો ! અને જયરૂપી જેને ધન છે એવા અર્જુન ઉત્તરાને ગ્રહણ કરો ! કારણ પુરૂષમાં શ્રેષ્ઠ આ અર્જુન ઉત્તરાને યોગ્ય ભર્તા છે. એમ વિરાટે કહ્યું ત્યારે યુધિષ્ઠિરે અર્જુન સામું જોયું એટલે અર્જુને વિરાટ પ્રત્યે આવી રીતે કહ્યું કે, હે રાજન્ ! તારી કન્યાને હું મારા પુત્રની સ્ત્રી કરવા વાસ્તે ગ્રહણ કરૂં છું. કારણ આપણો મત્સ્ય તથા ભરતકુળનો સંબંધ થવા યોગ્ય છે.

प्रतिगृह्णाम्यहं राजन् स्नुषां दुहितरं तव
युक्तश्चावांहि संबंधो मत्स्य भारतयोरपि ॥

इति श्रीमहाभारते विराटपर्वणि वैवाहिकपर्वणि उत्तराप्रदाने गुर्जरभाषायां मेकसप्ततितमोऽध्यायः ॥७१॥

અધ્યાય ૭૨ મો. ઉત્તરાભિમન્યુ વિવાહ.

विराट उवाच—किमर्थं पांडवश्रेष्ठ भार्यां दुहितरं मम
प्रतिग्रहितुं नेमां त्वं मयादत्तामिहेच्छसि ॥

વિરાટ કહે છે–હે પાંડવમાં શ્રેષ્ઠ ! મેં આપેલી મારી પુત્રીને, તમે સ્ત્રીપણાને વિષે ગ્રહણ કરવાને શું કરવા નથી ઇચ્છતા ? તે સાંભળી અર્જુને કહ્યું કે, હું હમેશ તારી દુહિતાને જોતો અંતઃપુરમાં રહ્યો હતો, તેથી તેનું રહસ્ય વા પ્રકાશ પણ મારૂં જોયેલું હોય. કારણ પિતાની પેઠે મારે વિષે તેનો વિશ્વાસ છે, અને હે રાજન ! નૃત્ય શીખવનાર તથા ગીતમાં ચતુર હું તેને અત્યંત પ્રિય છું કારણ તે નિરંતર આચાર્યની પેઠે મને માને છે. તેમ અવસ્થા પ્રાપ્ત થયેલી તારી કન્યા સાથે હું વર્ષ દિવસ રહ્યો, તેથી હે સમર્થ ? હે અનુજ્ઞાધિપ ! તને વા લોકોને જે કેકાણે શંકા થાય તે યોગ્ય નહીં. વાસ્તે તારી દુહિતાને, શુદ્ધ, જીતેંદ્રિય તથા દાન્ત એવો હું સ્નુષા તરીકે યાચના કરૂં છું; જેથી તેની પણ શુદ્ધિ થશે. કન્યા તથા પુત્રવધૂમાં અને પુત્ર તથા પોતામાં કંઇપણ ભેદ જોતો નથી. હે શત્રુને તપાવનાર ! હું અભિશાપ તથા મિથ્યાપવાદથી બીહું છું. માટે હે રાજન્ ! તારી કન્યા ઉત્તરાને મારા પુત્ર વાસ્તે ગ્રહણ કરૂં છું. તે વાસુદેવ ભગવાનનો ભ.ણેજ, સાક્ષાત્ દેવકુમાર સરખો, શ્રીકૃષ્ણને ઘણોજ પ્રિય તથા સર્વ અસ્ત્ર વિષે ચતુર અભિમન્યુ નામે મારો પુત્ર તમારો જામાત્ર તથા તમારી કન્યાનો ભર્તા થવા યોગ્ય છે. તે સાંભળી વિરાટે કહ્યું કે, કૌરવમાં શ્રેષ્ઠ કુંતી પુત્ર અર્જુન કહે છે તે બધું યોગ્ય છે, કારણ કે તે સર્વ રીતે ધર્મમાં તત્પર તથા જ્ઞાન સંપન્ન છે માટે હે યુધિષ્ઠિર ! હવે જે કૃત્ય હોય તે કરો, મારા તો સર્વ મનોરથ સંપૂર્ણ થયા, કારણ અર્જુન મારા સંબંધી થયા. વૈશંપાયન કહે છે–હે જનમેજય ! એ પ્રમાણે વિરાટે કહ્યું ત્યારે કુંતીના પુત્ર યુધિષ્ઠિરે, વખતસર મત્સ્ય તથા પાર્થનો સંબંધ થવાની આજ્ઞા આપી. પછી સર્વ મિત્રો તથા વાસુદેવ ભગવાન પ્રત્યે અર્જુને તથા વિરાટ રાજાએ દૂતો મોકલ્યા. પછી તેર વર્ષ પૂરાં થયાં ત્યારે પાંચે પાંડવો વિરાટના શહેર પાસે ઉપપ્લવ્ય નામે બીજા શહેર પ્રત્યે ગયા. ત્યાં અર્જુને અભિમન્યુને

તેડાવ્યો, અને આનર્ત દેશથી શ્રીકૃષ્ણ તથા યાદવોને પણ તેડાવ્યા. ત્યાં યુધિષ્ઠિરમાં જેને પ્રીતિ છે એવા પૃથ્વીપતિ કાશીરાજ તથા શૈબ્યરાજા અક્ષૌહિણી સેના સહિત આવ્યા. તેમજ અક્ષૌહિણી સેના સહિત મહા બળવાન દ્રુપદરાજા, કોઇથી પરાજય પામેલો નહીં એવો શિખંડી તથા સર્વ શસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ન શૂરવીર પુત્રો સહિત આવ્યો. તે સમસ્ત અક્ષૌહિણીને પાળનાર, યજ્ઞ કરનાર, ઘણીક દક્ષિણા દેનારા તથા વેદ ભણેલા સર્વ શૂરવીરોને આવેલા જોઇ ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ મત્સ્ય રાજાએ, ચાકર, સૈન્ય તથા વાહનો સહિત તેમનો વિધિથી સત્કાર કર્યો. એ રીતે ચોતરફથી રાજા આવવા લાગ્યા ત્યારે અભિમન્યુને પોતાની કન્યા દેનાર વિરાટરાજા પ્રસન્ન થયા. ત્યાં અભિમન્યુના વિવાહ વાસ્તે શત્રુને તપાવનાર વાસુદેવ ભગવાન, બળરામ, કૃતવર્મા, હાર્દિક્ય, યુયુધાન, સાત્યકિ, અનાધૃષ્ટિ, અક્રૂર, સાંબ તથા નીશઠ, એ સર્વ સુભદ્રા સહિત અભિમન્યુને તેડીને આવ્યાં, અને ઇંદ્રસેનાદિક પણ ઉત્તમ રથો સહિત વર્ષ દિવસ દ્વારકામાં રહીને આવ્યા, અને યાદવોમાં સિંહરૂપ મહા તેજસ્વી શ્રીકૃષ્ણની પાછળ દશ હજાર હાથી, લક્ષ ઘોડા, અર્બુદ રથ, નિખર્વ પાયદળ, ને વૃષ્ણિ અંધક તથા ભોજકુળનાં મહાપરાક્રમી યાદવો પણ આવ્યા. પછી શ્રીકૃષ્ણે મહાત્મા પાંડવોને સ્ત્રિયો, રથ તથા નાના પ્રકારનાં વસ્ત્ર ઇત્યાદિ ઘણીક પહેરામણી જુદી જુદી રીતે આપી. પછી મત્સ્ય તથા પાર્થને ઘેર વિધિયુક્ત વિવાહમાં શંખ, ભેરી, ગોમુખ તથા આડંબર ઇત્યાદિ વાદિત્ર વાગતાં હતાં. પવિત્ર મૃગાદિક હજારો પશુ માર્યાં અને અનેક તરેહની મદિરાનાં પાન કર્યાં. ત્યાં સૂત માગધાદિ તેઓના યશ ગાતા હતા, અને ગાયન તથા વાર્તા કરવાનો જેનો ધંધો છે એવા વૈતાલિક તથા નટ તેમની સ્તુતિ કરતા હતા. પછી ત્યાં સુંદર અંગવાળી, ઉજ્વળ, મણિનાં કુંડળ પહેરેલી, વર્ણ તથા રૂપે કરી સંપન્ન, તથા અત્યંત શોભાયમાન મત્સ્યોની શ્રેષ્ઠ સ્ત્રિયો સુદેષ્ણાને આગળ કરીને આવી, પણ તે સર્વ સ્ત્રિયો દ્રૌપદીનાં રૂપ યશ તથા શોભાથી પરાભવ પામી. પછી તે સ્ત્રિયો ઇંદ્ર કન્યા સરખી શણગારેલી રાજકન્યા ઉત્તરાને વિંટીને ઉભી. ત્યારે તે સુંદર અંગવાળી વિરાટની કન્યાને કુંતીના પુત્ર અર્જુને પોતાના પુત્ર અભિમન્યુ વાસ્તે ગ્રહણ કરી. અને ત્યાં ઉભેલા ઇંદ્રના સરખું રૂપ ધારણ કરનાર મહારાજ યુધિષ્ઠિરે પણ તે પુત્ર વધૂને ગ્રહણ કરી. શ્રીકૃષ્ણને આગળ કરીને મહાત્મા અભિમન્યુનો ઉત્તરા સાથે વિવાહ કરાવ્યો. જ્યારે અગ્નિમાં હોમ કરી બ્રાહ્મણોની પૂજા કરીને વિરાટે તેમને વાયુ સરખા વેગવાળા સાત હજાર ઘોડા, મુખ્ય મુખ્ય બસો હાથી, ઘણુંક ધન, રાજ્ય, સૈન્ય તથા ભંડાર જે કંઇ હતું તે આપ્યું, અને પોતાનો આત્મા પણ તેમને અર્પણ કર્યો. એ રીતે વિવાહ થયા ત્યારે ધર્મ પુત્ર યુધિષ્ઠિરે, જેટલું શ્રીકૃષ્ણે પહેરામણીમાં ધન આપ્યુ હતું તેટલું બ્રાહ્મણોને આપી દીધું. અને હજારો ગાય, રથ, વિવિધ પ્રકારનાં વસ્ત્ર, મુખ્ય મુખ્ય આભૂષણ, વાહન, શયનો, મનોહર ભોજન તથા વિવિધ પ્રકારના પીવાના પદાર્થો પણ બ્રાહ્મણોને આપ્યા. હે ભરતર્ષભ ! તે સમયે મ્હોટા ઉત્સવથી શોભતું હૃષ્ટપુષ્ટ મનુષ્યયુક્ત મત્સ્ય રાજાનું શહેર શોભતું હતું.

तन्महोत्सव संकाशं हृष्टपुष्ट जनायुतं
नगरं मत्स्यराजस्य शशुभे भरतर्षभ ॥

इति श्रीमहाभारते विराटपर्वणि उत्तराविवाहे गुर्जरभाषायां द्विसप्ततितमोऽध्यायः ॥७२॥

समाप्तं चेदंविराटपर्वम्.

એક અમુલ્ય તક.

ઘણીજ થોડી નકલો બાકી છે.

ભારતાર્થ પ્રકાશ અથવા મહાભારત.

પર્વ ૧ લું આદિ પર્વ ...	...	૪	૦	૦
,, ૨ જુ સભા ,, ...	...	૨	૦	૦
,, ૩ જું વન ,, ...	...	૫	૦	૦
,, ૪ થું વિરાટ ,, ...	...	૩	૦	૦
,, ૫ મું ઉદ્યોગ ,, ...	...	૨	૦	૦
,, ૬ ઠું ભીષ્મ ,, ...	...	૩	૦	૦
,, ૭ મું દ્રોણ ,, ...	...	૫	૦	૦
,, ૮ મું કર્ણ ,, ...	...	૩	૦	૦
,, ૯, ૧૦, ૧૧ શલ્ય, સોપ્તિક અને સ્ત્રી પર્વ		૨	૧૨	૦
,, ૧૨ મું શાંતિ પર્વ ભાગ ૧ લો	...	૫	૦	૦
,, ૧૨ મું શાંતિ પર્વ ભાગ ૨ જો	...	૬	૮	૦
,, ૧૩ મું અનુશાસન પર્વ ...	...	૪	૦	૦
,, ૧૪ મુ આશ્વમેધિક, ,, ...	...	૨	૦	૦
,, ૧૫ થી ૧૮ આશ્રમવાસિક, મહાપ્રસ્થાનિક, મોક્ષ અને સ્વર્ગારોહણ	...	૨	૦	૦

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

કાલબાદેવી રોડ, મુંબઈ.